
કુમાર

તંત્રી · બચુભાઈ રાવત
સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૩૯મું અંક ૧૨મો

ડિસેમ્બર ઈ. ૧૯૬૨



જગતની સર્વતોભદ્ર પ્રતિભા ગણાતા કલાકાર
લીઓનાર્દો દ વિન્ચીની આ 'રચના' (ડિઝાઇન) જગવિખ્યાત છે. 'નૉટ' નામથી ઓળખાતી આ
ગૂંથણી જેવી બીજી ઘણી 'નૉટ' ત્યાર પછી સર્જાઈ છે. જર્મન કલાકાર આલ્બર્ટ ડ્યુરરની એવી કૃતિઓ કોઇ વાર.
આપણાં પ્રાચીન મંદિરશિલ્પોમાંની કોઈ કોઈ દેવ-મૂર્તિની આજુબાજુ નાગના દેહવલયોની અદ્ભુત ગૂંથણીનું આ પરથી સહજે સ્મરણ થશે.

શસ્ત્રસરંજામ માટે સોનું આપો

આજે દેશમાં સોનાની ખરી ભીડ છે. સોનાને ખાતર દેશને મારશે એનું સોનું ય નથી રહેવાનું, ને એ પણ નથી રહેવાનો: અને સોનાના પ્રતાપે આ દેશ જીવશે તો માણસ સોનાથી મઢાશે.

રાષ્ટ્રીય સંરક્ષણફંડમાં ઉદારતાપૂર્વક ફાળો આપો

કુમાર

ડિસેમ્બર ૧૯૬૨ · અંક ૪૬૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧·૨૫



મારા એક કલાકાર મિત્રે ચીતરેલું નૂતન વર્ષનું કાર્ડ મોકલું છું. અંદરના લખાણ પરથી



કઇ તરફથી ચિત્ર જોવું એની તો ખબર પડી, પરંતુ ચિત્ર શાનું છે એ સમજાયું નહિ. 'મૉડર્ન આર્ટ' જાણનારા 'કુમાર'ના વાચકોનો અભિપ્રાય જાણવા મોકલું છું. શાનું ચિત્ર છે?
(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

૪૬૬મા અંકની 'છેલ્લાપાના'ની શ્રી હ. વ્યા.ની ગણિતગમ્મત વિષે, From Simple Number to Calculus નામના પુસ્તકમાંથી ત્રણેક વર્ષ પર નોંધેલું, ગુજરાતીમાં નીચે પ્રમાણે ઉતારી શકાય:

'જે સંખ્યાના બધા નિઃશેષ ભાજકોનો સરવાળો એ સંખ્યા બરાબર જ આવે તે સંખ્યાને ગણિતમાં 'સંપૂર્ણ સંખ્યા' કહે છે.

આ રીતે ૬=૧+૨+૩; ૧, ૨ અને ૩ એ ૬ના નિઃશેષભાજકો છે. પછીની સંપૂર્ણ સંખ્યા ૨૮ છે. ત્રીજી ૪૯૬ અને ચોથી ૮,૧૨૮ છે. ત્યાર બાદ છેક ૩,૩૫,૫૦,૩૩૬ સુધી પહોંચતાં વચ્ચે એકે એવી સંખ્યા મળતી નથી. ત્યાર બાદ ૮,૫૮,૯૮,૬૯,૦૫૬, ૧,૩૭,૪૩-૮૬,૯૧,૩૨૮ અને પછી છેક ૨૩,૦૫,૮૪,-૩૦,૦૮,૧૩,૯૯,૫૨,૧૨૮ આવેછે. આ છેલ્લી અત્યાર સુધીમાં શોધાએલી સૌથી મોટી છે.

'આવી સંખ્યાઓને છેડે ૬ કે ૨૮ જ આવે છે તે ધ્યાન ખેંચે છે. એકી સંખ્યા આવી સંપૂર્ણ સંખ્યા હોઈ શકે કે નહિ એ જાણ્યામાં નથી–ઉપરની સંખ્યાઓ જોતાં તો જણાય છે કે એકી સંખ્યા કદાચ ન પણ હોય.

'ઉપરની સંખ્યાઓ પારી(સ)માં પ્રકાશિત અને પછી ૧૭૫૦માં અંગ્રેજીમાં ભાષાંતરિત થએલા Ozanamના પુસ્તક Recreation in Mathematicsમાંથી લીધેલી છે.'
(જૂનાગઢ) —કનુ રા. ડાભી

ઑક્ટોબર અંકના છેલ્લા પાને ગણિતગમ્મતમાં ૨૮ અને ૪૯૬ વિષે એક ખૂબી આપીને એવી ખૂબીવાળા બીજા આંકડા માટે માગણી કરી છે. એવા બીજા થોડા આંકડા આપું છું.

એવો સૌથી પહેલો આંકડો ૧ ગણી શકાય. તેને ફક્ત ૧ વડે ભાગી શકાય છે અને તેથી તે એક સંપૂર્ણ આંકડો કહેવાય.

બીજા ત્રીજા અને ચોથા આંકડા અનુક્રમે ૬, ૨૮ અને ૪૯૬ પછી બે વધુ આંકડા મેં શોધ્યા છે અને તે છે ૮,૧૨૮ અને ૩,૩૫,-૫૦,૩૩૬. ૮,૧૨૮ને ભાગી શકાય છે ૧; ૨; ૪; ૮; ૧૬; ૩૨; ૬૪; ૧૨૭; ૨૫૪; ૫૦૮; ૧,૦૧૬; ૨,૦૩૨; અને ૪,૦૬૪ વડે. અને આ રકમોનો સરવાળો પણ ૮,૧૨૮ થાય છે.

તેવી જ રીતે ૩,૩૫,૫૦,૩૩૬ને ભાગી શકાય. ૧; ૨; ૪; ૮; ૧૬; ૩૨; ૬૪; ૧૨૮; ૨૫૬; ૫૧૨; ૧,૦૨૪; ૨,૦૪૮; ૪,૦૯૬; ૮,૧૯૧; ૧૬,૩૮૨; ૩૨,૭૬૪; ૬૫,૫૨૮; ૧,૩૧,૦૫૬; ૨,૬૨,૧૧૨; ૫,૨૪,૨૨૪; ૧૦,-૪૮,૪૪૮; ૨૦,૯૬,૮૯૬; ૪૧,૯૨,૭૯૨; ૮૩,૮૭,૫૮૪; અને ૧,૬૭,૭૫,૧૬૮ વડે; અને આ બધી રકમોનો સરવાળો પણ થાય છે ૩,૩૫,૫૦,૩૩૬.

આ રીતને એક ફૉર્મ્યુલામાં સમાવી શકાય: $૨^{(n-૧)}(૨^n-૧)$. દા.ત. $૨^{(૫-૧)}(૨^૫-૧)$= ૧૬×૩૧=૪૯૬. પણ $૨^{n-૧}(૨^n-૧)$ એ ફૉર્મ્યુલાને સંતોષતી બધી રકમો આવી ખૂબી ધરાવતી નથી. તેમ થવા માટે કૌંસવાળી રકમ અવિભાજ્ય હોવી જરૂરી છે. દા.ત. n બરાબર ૪ મૂકતાં રકમ આવે છે: ૮×૧૫=૧૨૦. પણ ૧૫ અવિભાજ્ય નથી તેથી આ રકમમાં ઉપર મુજબની ખૂબી જોવા મળતી નથી.

હવે આ રકમ શોધવાનું કામ સહેલું થઈ ગયું. nની જુદીજુદી કિંમત ધારીને $(૨^n-૧)$ની કિંમત શોધો. એ અવિભાજ્ય આવે ત્યાં તેને $૨^{(n-૧)}$થી ગુણો. આ રીતે મેં પાંચમી અને છઠ્ઠી રકમ શોધી છે. સાતમી રકમ આના કરતાં ઘણી જ મોટી આવશે એમાં શંકા નથી.
(મુંબાઇ) —સુરેશ મોદી

૪૬૬મા અંકના છેલ્લા પાનામાંની 'ગણિતગમ્મત'ના અંકોને ગ્રીક ગણિતશાસ્ત્રીઓ 'Perfect Numbers' તરીકે ઓળખતા અને Mystic તરીકે પૂજતા! તેઓને આવા પાંચ જ આંકડાઓની ખબર હતી.

તેવા પહેલા સાત આંકડાઓ આ પ્રમાણે છે,-૧; ૬; ૨૮; ૪૯૬; ૮,૧૨૮; ૩,૩૫,૫૦,-૩૩૬; અને ૮,૫૮,૯૮,૬૯,૦૫૬.

મારા જાણવા પ્રમાણે આથી આગળ બે જ સંખ્યાઓ જાણમાં છે. તો પણ તેવા આંકડા બનાવવાની રીત ઘણી જ સહેલી છે. આમાં ૨^nની series વપરાય છે. દા.ત. ૨૮=૧+૨+૪+૭+૧૪ [આમાં ૭=(૮-૧)=(૧+૨+૪) + [(૭×૧) + (૭×૨)]=(૭×૪) વગેરે.
(કલ્યાણ) —ઉન્મેષ મશરૂવાલા

અંક ૪૬૭માં શ્રી શરદિન્દુ વંદ્યોપાધ્યાયની વાર્તા, 'સતી' વાંચતાં વર્ષો પહેલાં આવેલી આ જ લેખકની અદ્ભુત વાર્તાઓ યાદ આવી. કોણ કહેશે કે આપણા સાહિત્યમાં વિજ્ઞાન વિષે વાર્તાઓ લખાય નથી? એ વિચાર સાથે જ શ્રી કાલિદાસ જાદવ તથા અશોક હર્ષ દ્વારા લખાએલી કલ્પનારંગી વૈજ્ઞાનિક વાર્તાઓ 'કુમાર'માં આવેલી તે પણ યાદ આવે છે. એવી વાર્તાઓ 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગમાં આપતા હો તો? એ બધી જ વાર્તાઓનો સંગ્રહ કરી પુસ્તકાકારે પ્રસિદ્ધ કરશો તો ઘણું જ આવકારપાત્ર ગણાશે. આ ઉપરાંત સાહસની કેટલીક વાર્તાઓ તો ચલચિત્ર પણ ઉતારી શકાય તેવી સુંદર છે. ગુજરાતીમાં એવા સાહિત્યની ખોટ(થોડા અપવાદો બાદ કરતાં)રહી જ છે. આ ઉપરાંત પણ આવી બીજી વાર્તાઓનું પ્રકાશન ઘણો જ આવકાર પામશે. શ્રી હેમેન્દ્ર મિત્ર તથા શ્રી વિજયગુપ્ત મૌર્યની પણ બીજી વાર્તાઓ આપો તો?
(અમદાવાદ) —સુશ્રુત પટેલ

[*આ સહૃદયી ને ઉત્સાહી મિત્રે પત્ર સાથે ૧૮ વાર્તાઓની યાદી પણ મોકલી છે. બીજા વાચકો પોતાના વિચારો (અને સહમત હોય તો યાદીઓ) મોકલશે તો આભાર થશે.]

ઘણાં વર્ષો પછી 'આપમેળે પ્રકટી ઊઠતા સતીના દીવા'ની સાથે શરદિન્દુ વંદ્યોપાધ્યાય પણ 'કુમાર'માં ઘણાં વર્ષે દેખા દે છે. (છેલ્લા એ અંક ૩૦૪માં 'સંધિ ને વિગ્રહ'માં દેખાયા હતા?)

'વાર્તા કહેવાની એની રીત નાટકી નહિ મનનો પૂરો કબજો લઇ લે.' એ વાક્યો કદાચ શરદિન્દુને માટે પણ કહી શકાય.
(અમદાવાદ) —સિદ્ધાર્થ ન. ત્રિવેદી

અમારી કૉલેજના (એમ. પી. શાહ મેડિકલ કૉલેજ જામનગર)ના છેલ્લા વાર્ષિક મૅગેઝીનમાં ભારત તેમજ જગતના એક વિખ્યાત કાર્ડીઓલાજિસ્ટ ડૉ. રુસ્તમ જાલ વકીલનો અંગ્રેજી લેખ આવ્યો છે. 'કુમાર'ના ઑક્ટો૦ અંકમાં 'વનસ્પતિ ઘી' વિષેની ચર્ચાના જે જવાબો ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીએ આપ્યા છે તેની તરફેણમાં ડૉ. વકીલ Arteriosclerosis (ધમનીઓની અસ્થિતિસ્થાપકતા)નાં કારણોની છણાવટ કરતાં, ખાસ કરીને હૃદયની ધમનીઓના રોગ (coronary artery disease) વિષે લખે છે કે સંતૃપ્ત કુદરતી ચરબીઓ થોડીઘણી atherogenetic (અસ્થિતિસ્થાપકતા કરનાર) છે પણ અસંતૃપ્ત તેલો—જેવાં કે મગફળીનું તેલ, તલનું તેલ વગેરે જરા પણ atherogenetic નથી.
(જામનગર) —અશોક પટેલ

નવેમ્બર અંકમાં 'વિશ્વવિજેતા મુક્કાબાજ'ની નોંધમાં એક વિગતદોષ છે. સૉની લિસ્ટન જ્યારે મંચ પર આવ્યો ત્યારે 'એ હબસી હોવાથી લોકોએ તેનો હુરિયો બોલાવ્યો' એમ લખવામાં આવ્યું છે. પણ, લિસ્ટનના હુરિયોનું કારણ 'એ હબસી' હતો તે નહોતું. એના પૂર્વાવસ્થાના ગુંડા જીવનને કારણે, તોછડા અને અવિવેકી સ્વભાવને કારણે, તથા 'મુક્કાબાજી'ની રમતમાંય ક્રૂરતાભર્યા દાવપેચને કારણે એ બદનામ છે, માટે લોકોને આનંદ થવાને બદલે એના તરફ નફરત હતી. બાકી, એનો હરીફ ફ્લૉઇડ પૅટરસન પણ હબસી જ હતો. એની શિષ્ટતા, મૃદુતા અને સજ્જનતાને કારણે લોકોમાં એ ખૂબ પ્રિય છે. એની હાર તથા એના હરીફની જીત, એ એક અણધાર્યો અને ચોંકાવનારો બનાવ હતો.
(વલ્લભવિદ્યાનગર) જશવંત શેખડીવાળા

ઑક્ટોબર અંકમાં 'તમારું ભાષા જ્ઞાન કેટલું?' તેમાં જે ઉત્તરો આપ્યા છે તેમાં અતાઇનો અર્થ 'શિખાઉ ગવૈયા' બરાબર નથી. સંગીતની ભાષામાં તેનો અર્થ 'અભણ ગવૈયો' થાય છે. જેમકે એક સંગીતશાસ્ત્રી આવા અતાઇ ગાયકને તોડી અને મુલતાની અગર તો આશાવરી ને જોનપુરીના ભેદ સમજાવવાનું કહે ત્યારે આવા અભણ ગાયકો માત્ર 'અમારા ગુરુએ આમ શીખવ્યું છે' એમ કહીને જ રાગોના ગૂઢ સંબંધોની ચર્ચા ટાળતા હોય છે.
(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

'કુમાર'ના સંવત ૧૯૮૮ના ચૈત્ર અંકમાં 'મૉરલ કરેજ' માટેનો ગુજરાતી પર્યાય 'નીડરસત્યવર્તન' યોજાયાની વાત છે, અને તે 'નૈતિક હિંમત' કરતાં સારો ગણ્યો છે. પરંતુ એ બંને પર્યાયો કરતાં શુમારે સાડાપાંચ દાયકા પહેલાં ૧૯૦૩માં ફિલસૂફ પત્રકાર વા. મો. શાહે યોજેલો 'જાહેર હિંમત' શબ્દ પૂરેપૂરો સૂચક લાગે છે. એવો જ એક બીજો શબ્દ (ઇન્ડિવિડ્યુઆલિટી માટે) 'વ્યક્તિત્વ' સુયોગ્યરીતે વપરાય છે; પરંતુ હમણાં ૪૫૯મા અંકમાં ચાલ્સ ડિકન્સના ચરિત્રમાં 'વ્યક્તિમત્વ' વપરાએલો દેખાય છે. તેની જરૂર રહે છે ખરી?
(મુંબાઇ) —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

ઑક્ટોબર અંકના પૂઠા ઉપર સૌરાષ્ટ્રના લોકભરતના કેટલાક નમૂના આપ્યા છે. તેમાં નીચેના ચાર નમૂનામાં પહેલા અને છેલ્લામાં ભૂલ થઇ લાગે છે. 'પોપટવેલની ભાત' છે તે ખરેખર 'નાગણીની ભાત છે. અને 'નાગણીની ભાત' છે ત્યાં 'પોપટવેલની ભાત' જોઇએ.
(માલપરા) —દેવજી ચાવડા

૪૬૬મા અંકમાં જણાવ્યું છે કે દૂધ તથા લસણની કળી ઘૂંટી લેવાથી બ્લડપ્રેશર તથા સંધીવામાં ફાયદો થાય છે, પણ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના મંતવ્ય મુજબ બ્લડપ્રેશરમાં દૂધ અપથ્ય છે. વળી દૂધ તથા લસણ એ વિરુદ્ધ ખાનપાન હોઇ આયુર્વેદદૃષ્ટિએ રોગકર્તા છે. તેને બદલે ખોરાકની સાથે રોજ લસણ આદાની ચટણી ફાયદો કરશે.
(મુંબાઇ) —કાન્તિલાલ શેઠ

હું દરરોજ ચાલીસેક દંડ, ચાલીસેક બેઠક તથા શીર્ષાસન કરું છું છતાં મારું ગળું સાફ રહેતું નથી. કફ વળે છે, અને બોલું છું ત્યારે થૂંક પણ વધારે વળે છે. પરિણામે સ્પષ્ટ ઉચ્ચાર થઇ શકતા નથી, અને વધારે બોલવા જતાં લોચા પણ પડે છે. કોઇ રસ્તો બતાવશો.
(અમદાવાદ) —પ્રભુભાઈ પટેલ

મારા પગના બંને અંગૂઠાને ઠોકર લાગવાથી મરડાઇ ગયા હતા. તેની સારવારથી બેસી તો ગયા, પણ બે પગના અંગૂઠા પર લોહી જામી ગયું છે તેથી ચંપલ પહેરતાં નડે છે. વળી મારા મોં પર ખીલને લીધે જાડાં જાડાં ચરબીનાં ચકામાં બાઝી ગયાં છે. કોઇ ઉપાય બતાવશો?
(પેટલાદ) —પૂનમ પટેલ

અથાણું



શેઠ: એમાં મોઢું શાનો બગાડે છે? તને આ બધો સામાન લાવતાં એક મિનિટ લાગી છે તેનો એક આનો તો આપ્યો! મિનિટનો આનો એટલે કલાકના પોણા ચાર રૂપિયા થયા, સમજ્યો?

રમણ: મારા પિતાજી ગુજરી ગયા ત્યારે પાંચ લાખ રૂપિયા મૂકી ગએલા, દોસ્ત! અમે કંઈ હાલીમવાલી નથી.

મગન: પણ મારા પિતાજી તો આખું જગત મૂકીને મૃત્યુ પામ્યા હતા એની તને ખબર છે?

દર્દી: દાક્તર સાહેબ, જલદી કરો ભાઈસાબ, પેટમાં સખત દુખે છે. હું અઢી શેર ચણા ખાઈ ગયો છું.

દાક્તર: માફ કરજો! આ તો માણસોનું દવાખાનું છે, જાનવરોનું દવાખાનું જરા આગળ છે.

પત્ની: આપણો બાબો નગારું વગાડે છે તે જોડેવાળા ભાઈને ગમતું નથી લાગતું.

પતિ: તેં કેમ જાણ્યું?

પત્ની: તેણે બાબાને છરી આપી નગારાનું ચામડું ચીરીને અંદર શું છે તે જોવાનું કહ્યું, એટલે.

માએ પૂછયું, 'મનુ, નાનો શાથી રડે છે?'
'એ તો હું મારી બરફી ખાઉં છું ને, તેથી.'
'એના ભાગની બરફી શું પૂરી થઈ ગઈ?'
'હા મા; હું એ ખાતો'તો ત્યારે ય એ તો આમ રડયા કરતો'તો.'

દરજી પાસે બંડી સીવડાવવા ગએલા ગ્રાહકને તેણે પંદર દિવસનો વાયદો આપતાં ગ્રાહકે કહ્યું, 'અરે ભાઈ, ભગવાને તો છ દિવસમાં આખી દુનિયા બનાવી દીધી હતી, અને તને એક બંડી બનાવતાં પંદર દિવસ થશે?'

'એટલે જ તો કહ્યું, સાહેબ, કે ઉતાવળે કંઈ કામ કરવામાં સાર નહિ. જુઓને દુનિયાના શા હાલ થયા છે?'

વિજયનાં રૂ. ૫૦૦૦નાં ભવ્ય ઇનામો જીતો

પહેલું ઈનામ	બીજું ઈનામ	ત્રીજું ઈનામ	આશ્વાસન ઈનામો
રૂ. ૨૫૦૦/-	રૂ. ૧૦૦૦/-	રૂ. ૫૦૦/-	રૂ. ૧૦૦૦/-

કોઇ પણ એક કે વધુ મેગેઝીનોનાં લવાજમો ભરી લવાજમ દીઠ ભેટ કુપન અને પ્રવેશપત્ર મફત મેળવો અને વિજયની પસંદગી હરીફાઇમાં ભાગ લો.

ચાંદની	૬-૦૦
મહેંદી	૬-૦૦
શ્રીજીવન	૭-૦૦
નવચેતન	૭-૫૦
આરામ	૬-૦૦
રસરંજન	૧૦-૦૦
ચિત્રલેખા	૧૫-૦૦
રમકડું	૧૨-૦૦
બીજ	૬-૦૦
શ્રીરંગ	૮-૦૦
રંગતરંગ	૮-૦૦
નવનીત	૧૦-૦૦
સમર્પણ	૫-૦૦
સંસાર	૫-૦૦
સબરસ	૮-૫૦
ચિત્રલોક	૮-૫૦
ચિત્રજ્યોત	૮-૫૦
જી	૮-૦૦
જીવનમાધુરી	૭-૫૦
વર્ષા	૫-૦૦
મિલાપ	૧૦-૦૦
કુમાર	૧૦-૦૦
અખંડઆનંદ	૮-૫૦
તંદુરસ્તી	૫-૫૦
નૂતનગુજરાત	૧૦-૦૦
અદ્ભુત	૫-૦૦
વ્યાપાર	૨૦-૦૦
ઝગમગ	૮-૫૦
જન્મભૂમિ પ્રવાસી	૧૦-૦૦
પ્રજાબંધુ	૮-૫૦

મુંબઈ સમાચાર	૫૦-૦૦
જનસત્તા	૪૩-૫૦
જયહિન્દ	૩૫-૦૦
ગુજરાત સમાચાર	૪૩-૫૦
પરીચય પુસ્તિકા	૧૦-૦૦
સુકાની	૧૨-૦૦
સ્ત્રી	૧૦-૦૦

— હિન્દી —

ધર્મયુગ	૨૮-૦૦
નવનીત	૧૦-૦૦
નીહારીકા	૭-૦૦
જ્ઞાનોદય	૧૦-૦૦
સારીકા	૭-૫૦
વિજ્ઞાનલોક	૯-૦૦
હિન્દી શિક્ષક	૫-૦૦
નારી સમાજ	૧૨-૦૦
આરોગ્ય	૫-૦૦
નવભારત ટાઇમ્સ	૪૪-૮૫
કહાની	૬-૦૦
પરાગ	૫-૦૦
સંધ્યા	૬-૦૦
વાસંતી	૧૦-૦૦
કાદમ્બીની	૧૨-૦૦
સચિત્ર આયુર્વેદ	૫-૦૦
સરિતા	૧૨-૦૦
નવ.ચિત્રપટ	૬-૦૦
ઉદ્યમ	૭-૦૦
સાપ્તાહિકહિન્દુસ્તાન	૨૦-૦૦
બ્લીટઝ	૧૪-૫૦

— અંગ્રેજી —

જનરલ નોલેજ	૧૨-૦૦
ઈલસ્ટ્રેટેડ વીકલી	૪૧-૦૦
કરન્ટ સાયન્સ	૧૨-૦૦
કેરીઅર્સ એન્ડ કોર્સીસ	૯-૦૦
બ્લીટઝ	૧૪-૫૦
સનસાઇન	૬-૦૦
ઈમ્પ્રીન્ટ	૧૫-૦૦
કેરેવાન	૧૦-૦૦
કરન્ટ	૧૨-૦૦
મોડર્ન રીવ્યુ	૧૫-૦૦
ફેમીના	૧૪-૦૦
ફિલ્મફેર	૨૦-૩૦
ડીઝાઈન	૮-૦૦
માર્ગ	૨૦-૦૦
પીકચર પોસ્ટ	૯-૦૦
લીન્ક	૨૫-૦૦
શંકર્સ વીકલી	૨૫-૦૦
ટોપીક	૬-૦૦
કોમર્સ	૬૫-૦૦
સ્ટુડન્ટ ગાઈડ	૬-૦૦
કેપીટલ	૬૪-૦૦
સ્ક્રીન	૧૩-૦૦
પ્લેફેર ક્રીકેટ	૨૨-૦૦
રીડર્સ મેગેઝીન	૫-૦૦
સ્પોર્ટસ પાસ્ટાઇમ	૧૯-૭૬
આકાશવાણી	૧૫-૬૦
સેમીનર	૧૦-૦૦
અર્થ વિજ્ઞાન	૧૫-૦૦
મુવીલેન્ડ	૧૦-૫૦

મધર ઇન્ડીયા	૩૫-૦૦
ઇસ્ટર્ન ઇકોનોમીસ્ટ	૬૫-૦૦
ટેક્ષેસન	૨૪-૦૦
[illegible] માર્કેટ	૪૨-૦૦
કરન્ટ ઇવેન્ટસ	૧૨-૦૦
બીઝનેસ ડાઇજેસ્ટ	૨૪-૦૦
ઇન્ડીયન ટ્રેડજર્નલ	૯૬-૦૦
ઇન્ડીયન બીલ્ડર	૨૦-૦૦
કલરએજ	૨૦-૦૦
સ્ટીલ હિન્દુસ્તાન	૧૫-૦૦
ઇકોનોમીક વીકલી	૨૪-૦૦
,, રીવ્યુ	૮-૦૦
,, ટાઈમ્સ	૮૦-૫૦
ટાઈમ્સ ઑફ ઇન્ડીયા	૬૫-૭૦
પીટમેન્ટ શોર્ટહેન્ડ	૧૦-૦૦
રીસર્ચ એન્ડ ઈન્ડસ્ટ્રી	૨૪-૦૦
ઓટો સ્પાર્ક	૮-૦૦
આયર્ન પાથ	૬-૦૦
ફ્રી પ્રેસજર્નલ	૩૬-૦૦
એક્ષપોર્ટ ઇન્ડીયા	૧૨-૦૦
ફીનીશ	૧૦-૦૦
ઈન્ડીયન એક્સપ્રેસ	૪૫-૦૦
મોટર ટ્રાન્સપોર્ટ	૮-૦૦
નાટ્ય	૮-૦૦
રીધમ	૧૦-૦૦
થોટ	૧૩-૦૦
યુનાઇટેડએશીયા	૧૦-૦૦
વિશ્વભારતી	૧૫-૦૦

કુટુંબના સર્વપ્રિય મેગેઝીનો

ડીસ્કવરી	૨૪-૩૫	વુમન એન્ડ હોમ	૨૦-૨૫	જીડીઆર રીવ્યુ	૪-૫૦	મેન ઓન્લી	૨૧-૬૦
એમ્બસેડર	૪૪-૦૦	વુમ-સવીકલી	૨૩-૬૫	સોવિયેટ સંઘ	૬-૭૫	ફોટોપ્લે	૨૪-૦૦
એન્કાઉન્ટર	૧૨-૦૦	સ્ટીચક્રાફ્ટ	૧૪-૯૦	સોવિયેટ ફીલ્મ	૬-૭૫	ડાન્સ	૩૩-૬૦
પંચ	૫૦-૭૦	હાઉસ એન્ડ ગાર્ડન	૩૨-૧૫	રીડર્સ ડાયજેસ્ટ	૧૫-૦૦	વર્લ્ડ સ્પોર્ટસ	૧૮-૦૦
નોલેજ	૭૦-૨૫	વુમન	૩૦-૭૫	સ્પાન	૪-૦૦	જેન એન્ડ જીલ	૨૪-૦૦
નેશનલ જ્યોગ્રોફીક	૪૫-૭૦	સોવિયેટનારી	૪-૨૫	સ્ટેમ્પકલેકટીંગ	૨૪-૦૦	ફોટોગ્રાફી	૨૩-૬૫
ટીટબીટસ	૨૨-૦૦	વુમન્સ ઓન	૩૦-૫૦	સોવિયેટ દેશ	૪-૦૦	ઈન્ગ્લીંશ ડાનજેસ્ટ	૧૩-૫૦

આજે જ લવાજમ મોકલો—બુદ્ધિ કસો અને ઇનામો જીતો

વિજય સ્ટોર્સ

ભારતની પ્રમુખ લવાજમ એજન્સી

૬૨, કલ્યાણ ભુવન	ગોપાલ ટોકીઝ પાસે	૩૮૧, એ. કાલબાદેવી
રિલીફરોડ બીજે માળે	સ્ટેશન રોડ	રોડ ત્રીજે માળે
અમદાવાદ-૧	**આણંદ**	**મુંબઇ-૨**
		Call on : 23172

આ ઓફર ફક્ત ભારતના વ્યક્તિગત ગ્રાહકો માટે જ મર્યાદિત છે. આ યાદી સિવાયના અન્ય તથા ટેક્નિકલ મેગેઝીનો (અમુક સિવાય) ઉપર ભેટ અપાશે. વિસ્તૃત લિસ્ટ મંગાવો.

કવિતા

· મિશ્ર ·

ધરિત્રીના
હૈયા વિષે જે છલકાય માધુરી
લીલોતરી થૈ ફૂટતી, શી કંપતી
પ્રસન્ન મૂગી પવને! અશી જ આ
હૈયા થકી રે ફૂટતી કવિતા.
માધુર્ય મારા ઉરનું વિલોલ એ.

પ્રાકટ્ય તારું કવિતે અરે મને
આનંદની આકુલ બાથમાં મૂકી
કંપાવતું આંતરબાહ્ય.

કયારની
ઘેઘૂર વર્ષા ઘનઘોર ત્રાટકી
સૃષ્ટિ પરે હોય અને પછી જરા
ધીમી પડી બંધ થતી, ખસી જતાં
આકાશથી મેઘથરો, હસી લસી
કૂદી પડે કૈં તડકો રૂપેરી
અહીંતહીં રમ્ય ભીનાશમાં બધે;
ડોકાય પંખી નીડથી, જરાજરા
સંચાર પાંખો મહિં થાય, કંઠથી
પ્રસન્નતાનો પ્રગટે ધ્વનિ અને
વીંઝાય પાંખો નભમાં; અશું કશું
પ્રાકટ્ય તારે થતું નિત્યનંદિની!

પડી અહીં આ હિયમાં હમેશ
અંધારઘેરા પરિવેશમાં, મૃદુ
ઊંડે છતાં ઉત્પલ જેમ ફૂટતી
મને અરે મારું જ રૂપદર્શન
કરાવતી તું કવિતા.

તું સત્ય છે.
પ્રાકટ્ય તારે મુજ રોમરોમની
બજી ઊઠે ઝાલર, સૌગંધ્ય મારાં
ચક્ષુ વિષે જે વસતું નિરંતર
તું એહની છે જનની.

સુધામયી!
આ ક્ષુદ્ર મારા અધરોષ્ઠ જ્યારે
જાયે બની શુષ્ક શિથિલ, ત્યારે
—ત્યારે ય તું મંજુલ ઘોષ તારા
નેપૂરને નિત્ય બજાવતી મને
કંપાવજે રોમ વિષે મનોરમે!

અનંત ખીચોખીચ વાસનાઓ
પડી અહીં અંતરમાં, બધીયમાં
આ માહરી અંતિમ તીવ્ર વાસના:
હુ તાહરો મંજુલ ઘોષ સૂક્ષ્મ
છેલ્લી ક્ષણે શ્રોત વિષે ભરું અને
નિમેષમાં નેન મીંચાય તન્મય.

લાભશંકર ઠાકર

પાવાને સૂર

· ગાન ·

વીંધીને વનરાઝની ઘાડી ઘટા
આવતા પાવાસૂરમાં મારા સાહ્યબાની કઇ રમતી બાળું છટા.
હરખનો હેલાર લેતી ને હાથનો વાજે ઘુઘરીઆળો ચૂડો,
બાજુની અમરાઇથી એમાં, પાંખ પછાડી ઊડતો લીલો સૂડો;
રંગના જાણે રેલાય ચટાપટા—આવતા૦
ભર બપોરે કેડીએ ભૂરી છાંય, પ્રાણને ઠેકે દૂરની ઓરી ભોંય,
આવરીને અંકાશ મારું આ સૂરનો જાણે વરસે મીઠો મેહ,
ચડતાં જતાં પૂરની હાલક છોળમાં મારો ઊછળે ઘેલો નેહ.
અંગના બાંધ્યા બંધ વછૂટતા—આવતા૦

રાજેન્દ્ર શાહ

ઝીલ

· ગાન ·

મેલ્ય ઘડીકને કામ, આમ કાં નાહક અંગ નિતારે?
કાંઇ ભર્યુંભર્યું ભાદરવાનું ઝીલ ઝગારા મારે!
શેં સ્હેવાયે કહે આવડા ઘોમ ધખંત અકારા?
છલછલ થાતાં જળને ઝંખે રૂંવેરૂંવાં આ મારાં,
ઝાઝું ના રે'વાય થાય અવ લઉં ઝબોળો કયારે!—કાંઇ૦
આજ ભલે થાતો મનસૂબો હિયે કર્યો કે'દૂનો,
જાઇ કેવડો ગહન પણેનો ધુમ્મરિયાળો ધૂનો!
બૂડી જઉં તો કાઢીશ ને 'લ્યા બાંય ઝાલીને બારે?—કાંઇ૦
કાળા ભમ્મર કેશ સમારી આ અંબોડો લીધો,
ને તસતસતો હીર ભરેલો કંચવો અળગો કીધો,
વાદળ શી સરતી ચાલી લે ચુંદડ સમીરણ હારે!—કાંઇ૦
બાઘા સરખો અરે હજી શું તાકે મારી સામે?
કાંઠે બેઠાં રિયે કદી ઇ કમળફૂલ નો પામે!
આવ્ય, ઊભી છું સાવ અડોઅડ, સીધી ભેખડધારે!—કાંઇ૦

પ્રદ્યુમ્ન તન્ના

જોઇએ

· ગઝલ ·

જેટલું આપે તને એથી વધારે જોઇએ,
એવી મુશ્કિલને ખુદા કયારે નિવારે, જોઇએ.

કયાં શશીના ડાઘ, ને કયાં માનવી તારાં કલંક?
કયાં સુધી ચેતન ઠગાશે જડસહારે, જાઇએ.

પ્હાડથી વહેતું સરિતાનીર મેં જોયું તો છે,
કયારે આ પથ્થર-હૃદય તું અશ્રુ સારે, જોઇએ.

નાખુદાથી દુશ્મની મઝધારમાં કરતાં કરી,
જાય છે નૈયા હવે કેવી કિનારે, જાઇએ.

છોને દુનિયા મોતી લૈ ખાલી છિપોલી ફેંકી દે,
મન લઇ મારું શું કરવું છે તમારે, જાઇએ.

દર બ દર આ જોઇ દુનિયા પ્યાર આદર ના મળ્યાં,
થાય છે સત્કાર કેવો સ્વર્ગદ્વારે, જોઇએ.

એમ તો તોફાન સૌ મઝધારનાં સમજી ગયાં,
થાય છે 'મોમિન' હવે શું શું કિનારે, જાઇએ.

'મોમિન'

?

બટકણા કો વૃક્ષની
ભાંગેલ ડાળીના ઉપર
ખાલી લટકતા પર્ણના
જેવો હતો મૃતઃપ્રાય
મુજ ભૂતકાળ.

હલાવી પુચ્છ વેગે
યાળને ફંગોળતો
હીંકારતો
અવકાશમારગના ઉપર
વેગે વહેતા સૂર્યરથનાં
જોતરાં તોડી છૂટેલા
અશ્વના જેવો જ
તે સાંપ્રત.

બતક—
(સેવે ઘણાં ઈંડાં,
પરંતુ કોકમાંથી જ
જીવનું પ્રાકટ્ય
થાયે શકય)
—પેઠે હજી ય હું
સેવ્યા કરું
મારા અનાગતને.
કદાચિત્……
પાકું બ્હાનુ
જીવવાને એક હું.


બિરેન રાય

અજાણ્યા આ શ્હેરે

· શિખરિણી ·

અજાણ્યા આ શ્હેરે પરિચિત ન કોઇ…
ટીખળથી
ખણી લેતાં ચૂંટી ગુલબી ગુલબી ગાલ ફૂટડા
થતા જેના, એવી લઘુક વયની બ્હેન સરખી
ઉષા.
વ્હેલો આવી કિરણકર લાંબા કરી બથે
લઈ લે છે વ્હાલે સમવય સખો સૂર્ય મુજને.
અનાયાસે પંથે નિત મળી જતી કોક યુવતી
સમી લાગી સંધ્યા ચિરપરિચિતા…
નભ વિષે
(જૂની, ઝાઝાં જાળે સભર, મુજ બારીથકી સદા
નિહાળ્યું એને એ નીલિમ) નિતના મારગ પરે
ભરીછાબે જાતી તિમિરતનયા માલણ કદી
કદી મોજે વેરે મબલખ ફૂલો શ્વેત નમણાં.
પરોઢે પોઢીને પલકભર, એ પાંપણ પરે
જતાં સ્વપ્નાં જેવાં પણ અહીંવસે લોક; મુજનું
અજાણ્યા આ શ્હેરે પરિચિત ન કોઇ…

ચિનુભાઈ મોદી



રાષ્ટ્રીય આપત્તિના આ પ્રસંગે પ્રકટ થએલા આપણા સર્વ નકશાઓ કરતાં આક્રમણના વિસ્તાર અને લાગતાવળગતા દેશોનું દર્શન વધારે વિશદ અને સચોટરીતે કરાવતો આ નકશો લંડનના સનડે ટાઇમ્સના સૌજન્યથી અહીં આપીએ છીએ.

આજની ઘડીનું પરમ કર્તવ્ય

જનરલ કરીઅપ્પા

આપણા રાષ્ટ્રની સલામતી માટે ગંભીર ભય ઊભો થયો છે એ ટાણે, આપણામાંની પ્રત્યેક વ્યક્તિ—યુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ કિશોર કે કિશોરી, સૌ, દેશ પરનો ભય નિવારવાના મહાન કાર્યમાં પોતપોતાના ગજા અનુસાર કામે લાગી જાય, એ જ આજની ઘડીનું સૌનું પરમ કર્તવ્ય છે.

જેઓ વિદ્યાર્થી છે એમનું મુખ્ય કાર્ય પોતાનો અભ્યાસ ગંભીર ભાવે ચાલુ રાખવાનું જ છે. પરંતુ માભોમની રક્ષાર્થે સક્રિય ભાગ લેવાનો આવે ત્યારે તે પણ મોકૂફ રાખજો.

આપણાં સંરક્ષણ દળો—પ્રાદેશિક સેના, ગૃહરક્ષક દળ, પોલીસ દળ, નાગરિક સ્વયંસેવક દળ—માટે સશક્ત અને સહનશક્તિ ધરાવતા યુવાનો હજારોની સંખ્યામાં જોઇશે. આથી રોજગારી વિનાના તમામ યુવકોએ આ વ્યવસ્થિત દળોમાં ભરતી થવા માટે પોતાનાં નામ નોંધાવી દેવાં જોઇએ.

વિદ્યાર્થીઓ વ્યવસ્થિત પણે વ્યાયામ કરે. આજુબાજુ ડુંગર હોય તો એ ચઢે, ગીચ ઝાડીઝાંખરાંમાં અને જંગલમાં ચાલતાં શીખે, નદી-તળાવમાં તરતાં શીખે, ખોદતાં અને માથે ભારે બોજ ઉપાડીને ચાલતાં શીખે.

વરસાદ, તાપ કે ટાઢથી કામ બંધ પડવા ન દેતા, કારણ કે આમાંના કોઈ કારણથી લડાયક પ્રવૃત્તિ અટકતી નથી. આહાર વિના, ઊંઘ વિના, આરામ વિના કે નાગરિક જીવનમાં થોડી થોડી વારે જોઇતી 'તાજગી' વિના ચલાવી લેવાની ટેવ પાડો. લડાઈમાં તો એમના વિના ચલાવી લેવાના જ પ્રસંગ આવશે.

યુવતીઓ એક જગ્યાએ બેસીને કે હરતાં-ફરતાં કરવાનાં કામ એકધારા લાંબા ગાળા સુધી કરવાની તાલીમ મેળવે, જેથી સશક્ત યુવાનોને દળોમાં જોડાવા માટે ફરજ્યા કરી શકાય. બીમાર અને ઘવાએલા સૈનિકોની સારવાર માટે પરિચારિકાઓ પણ ખૂબ જોઇશે.

આક્રમણને વખોડી કાઢતા ઠરાવો પાછળ અને તમારા લોહીથી કરેલી સહીઓ પ્રધાન મંત્રીને મોકલવા પાછળ સમય અને શક્તિ વેડફી દેશો નહિ. એ રીતે રોષ દર્શાવવાની હવે કશી જ જરૂર નથી. લોહીનું પ્રત્યેક ટીપું જરૂર પડશે ત્યારે ઘવાએલા સૈનિકો માટે કિમતી બની રહેશે; અને શત્રુના નેતાઓનાં પૂતળાં બનાવીને બાળવાં એ તો દેશના ગૌરવને કોઈ રીતે છાજતું નથી.

મીઠાઈ, ફરસાણ, સિગારેટ, ભભકા, સામાજિકપ્રસંગોએમોભાનાદેખાડા, લિપસ્ટિક,

(અનુસંધાન પૃષ્ઠ ૫૨૧)



પં. મદનમોહન માલવીય

જે મહામના અને ઓજસ્વી દેશભક્તની ૧૦૧મી જયંતી આ મહિને આવે છે

કુ૦ રત્નાં પટવારી

આજથી ચોરાણું વર્ષ ઉપર પ્રયાગના ત્રિવેણીસંગમ પર પ્રભાતના નિરંભ્ર, મધુર અને પવિત્ર વાતાવરણમાં સાત વર્ષનો એક દિવ્ય કાંતિ ધરાવતો નાનો કુમાર આસપાસની અસંખ્ય આંખોને આકર્ષી રહ્યો છે. સેંકડો લોકો તેને સાંભળી રહ્યાં છે. ને એ રૂપોજ્જ્વલ કુમાર શુચિ સ્વસ્થ ગંભીરતાપૂર્વક શ્રીમદ્ ભાગવતના શ્લોકોનું પઠન કરી રહ્યો છે. કેટલીક આંખો અર્થસૂચક પ્રશ્ન કરે છે: 'કોણ છે આ બાળ?'—જવાબ મળે છે: 'મદનમોહન.'

માત્ર સાત વર્ષની વયે હિંદી અને સંસ્કૃત પર આટલો અજબ કાબૂ ધરાવનાર ને પછી શ્રીમદ્ ભાગવત, રામાયણ ને મહાભારતને કંઠસ્થ કરી લેનાર તેજસ્વી બાળકમાંથી ભવિષ્યે નિસ્વાર્થતા અને નિર્ભયતાને જીવનમાં તાણાવાણાની માફક વણી લઇને દેશદાઝ અને સ્વાતંત્ર્યની ભાવનાથી પ્રોજ્જ્વલ એવા રાષ્ટ્રના સર્વમાન્ય નેતા થનાર પંડિત મદનમોહન માલવીયનો જન્મ ઈ. ૧૮૬૧ની નાતાલના સુપ્રભાતે પ્રયાગના તીર્થધામમાં વસતા એક ઉચ્ચ વર્ણના, સનાતની ને કૃષ્ણભક્ત પરંતુ અકિંચન બ્રાહ્મણ કુટુંબમાં થએલો. પિતા વ્રજનાથ માલવીય અત્યંત ધર્મનિષ્ઠ ને સત્યનિષ્ઠ, તથા નિર્લોભી ને સંતોષી વિદ્વાન શાસ્ત્રી હતા અને પૂજાપાઠ કરી જીવનનિર્વાહ-ચલાવતા. આવા પરમ ભાગવત પિતા અને પ્રભુભક્ત માતા પાસેથી પાર્થિવ દરિદ્રના સ્થાને સાત્ત્વિક, સંતોષમય, પવિત્ર અને ધર્મનિષ્ઠ ગૃહસ્થીના અપાર્થિવ ગુણો વારસામાં મેળવી મદનમોહને ઉદાત્ત ભૂમિકાએ પોતાનું ઘડતર કર્યું. દાદા પ્રેમધર માલવીય પણ એક પ્રજ્ઞાપુરુષ હતા ને પરંપરાગત સનાતન હિંદુ ધર્મ તેમના વ્યકતિત્વના પાયાના ચણતરમાં જ હતો.

'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ ઉક્તિ અનુસાર બાળવયથી જ તેમણે સિદ્ધિઓ મેળવવા માંડેલી. દસમે વર્ષે પ્રયાગની ધર્મજ્ઞાનોપદેશ પાઠશાળામાં (જે આજે પણ ચાલુ છે) ભાગવતનું અને ઘેર પિતા પાસેથી પુરાણનું જ્ઞાન મેળવીને મદનમોહને પોતાના વિચારોનું ઘડતર કર્યું. અને ત્રિવેણીસંગમ ઉપર પિતાના વ્યવસાયને અનુસરી તીર્થયાત્રીઓની સમક્ષ પુરાણપઠન કરતાંકરતાં બાર વર્ષની ઉંમરે તો સંસ્કૃત ભાષા પર અદ્ભુત પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. અઢાર વર્ષની ઉંમરે જિલ્લાની હાઇસ્કૂલમાંથી મૅટ્રિકયુલેટ થઈ ઈ. ૧૮૮૦માં અલ્લાહાબાદની મ્યોર સેન્ટ્રલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો, જ્યાં પંડિત મોતીલાલ નેહરુ એમના સહાધ્યાયી થયા. સૌષ્ઠવભરી દેહકાંતિ ધરાવતા આ બંને કિશોરોએ તુર્ત જ અંગ્રેજી ભાષા પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો. એમના આ પ્રભુત્વથી ખુશ થએલા કૉલેજના પ્રિન્સિપલ શ્રી હૅરિસન એ બંનેને યુવાન પંડિતો જ માનતા. ભાષાવૈભવ એ માલવીયજીને નિસર્ગદત્ત બક્ષિશ હતી ને વધારામાં તે ચિત્તાકર્ષક રૂપ ધરાવતા હોવાથી કૉલેજની નાટ્યમંડળીઓમાં તે મોટા ભાગે સ્ત્રી-પાત્રો જ ભજવતા, ત્યારે 'શકુંતલા' કે 'વેનિસનો વેપારી'માંની 'પોર્શિયા'ની આદાકારીમાં તે રમણીહૃદયનાં પ્રેમ, કુમાશ અને માધુર્યની મહેક પ્રેક્ષકગણમાં પ્રસરાવી દેતા. એક વેળા તો અલ્લાહાબાદના ન્યાયમૂર્તિએ રંગમંચ પર ચડી જઇને તેમને અભિનંદન આપેલાં. આ મનોહર વાણીપ્રવાહ તથા ઊર્મિ અને તર્કનું સુસંકલન કરવાની તેમની અગાધ શક્તિ વડે આગળ જતાં તે એક એવા મહાન વક્તા તરીકે સિદ્ધ થયા કે રાજકીય લડત વખતે શ્રોતાઓનાં માનસ પર તે મનધારી અસર જમાવી શકતા.

પંદરમે વર્ષે એમનાં લગ્ન તો થઈ ગએલાં, પરંતુ અભ્યાસકાળ દરમિયાન વિદ્યા, ધર્મ ને રાષ્ટ્રમુક્તિના ત્રિવેણીસંગમના જાગેલા પ્રબળ નાદે તેઓ લગભગ યોગસાધનામાં જ મસ્ત રહેતા. તેમની અભ્યાસપટુતાથી ખુશ થએલા આચાર્ય હૅરિસન પાસેથી મળતી પાંચ રૂપિયાની માસિક શિષ્યવૃત્તિમાંથી ત્રણ રૂપિયા ગૃહસંસાર ચલાવવા માતાને મોકલી આપી બાકીના બેમાંથી ચણા ખાઇને અને ગંગાજળ પીને તે નભાવતા. અભ્યાસ દરમિયાન 'ફક્કડસિંહ' નામથી તેઓ કાવ્યો પણ લખતા, જેમાંનાં મોટા ભાગનાં ધાર્મિક અને ઇશ્વરભક્તિનાં જ હતાં. 'સદ્ગૃહસ્થ' (જેન્ટલમૅન) નામનું એક નાટક પણ તેમણે રચેલું.

અભ્યાસનો સમય ભલે દારિદ્રયમાં શિષ્યવૃત્તિઓ મેળવીને પૂરા કર્યો, પણ સરસ્વતીના તેમના પર ચારે હાથ હતા. અર્થશાસ્ત્ર, ઇતિહાસ તથા ભાષાઓમાં તેઓ અગાધ નૈપુણ્ય ધરાવતા. સ્નાતક થયા બાદ ગરીબીનો સામનો કરવા માતાની સલાહ સ્વીકારી માસિક સાઠ રૂપિયાના વેતનવાળી શિક્ષકની નોકરી લઈ પોતાની કારકિર્દી આરંભી અને એમાં જ સંતુષ્ટ રહી દેશકાર્ય શરૂ કયુ. તાજેતરમાં શરૂ થએલી રાષ્ટ્રીય કૉંગ્રેસના સ્થાપક શ્રી ઍલન ઓ. હ્યૂમને પણ તે મળેલા, અને સ્થાનિક કૉંગ્રેસ સમિતિના મંત્રી પણ બનેલા.

પરંતુ આ સિતારો જાહેરમાં તો ઝળકી ઊઠયો ઈ. ૧૮૮૬માં, પુણ્યશ્લોક દાદાભાઇ નવરોજીના અધ્યક્ષપદે કલકત્તા ખાતે યોજાએલા કૉંગ્રેસના દ્વિતીય અધિવેશનમાં. ધારાસભાઓમાં સુધારા વિષે ચર્ચા ચાલી રહી છે ત્યાં પોતાના સાથી પંડિત આદિત્યરામ ભટ્ટાચાર્યે પૂરેલા ઉત્સાહના પીઠબળથી એ નવલોહિયો મનમોહક યુવાન સભામંચ પર આવી બોલવાની અનુમતિ માગતો જણાય છે. હજુ તો પચ્ચીસીમાં પ્રવેશ પણ નથી કર્યો જણાતો. વામણા કદને લીધે સભાને સંબોધવા તેને ખુરશી પર ઊભા રહેવું પડે છે. એ જોઇ સભામાં હાસ્યનું મોજું ફરી વળે છે. પરંતુ બીજી જ ક્ષણે એ ગજબ સ્તબ્ધતામાં પલટાઈ જાય છે. સ્વર્ગમાંથી શુભ્ર જાહનવીજળનો પ્રવાહ જાણે કે ધસમસ્યો અવરોહણ

કરી રહ્યો હોય, રૂપાની અનેક ઘંટડીઓ જાણે કે એકસાથે રણકી ઊઠી હોય તેવો આ નાજુક પણ તેજસ્વી યુવાનનો અસ્ખલિત વાણીપ્રવાહ શ્રોતાજનોને મંત્રમુગ્ધ બનાવી મૂકે છે. તેની મોહક અદા, તેની શુદ્ધ તર્કપૂર્ણ તથા લલિતમધુર ભાષા સૌને પ્રભાવિત કરી મૂકે છે. અને તે શુભ દિને ભારતમાતાના નભોમંડળમાં એક નવોદિત સિતારો ઝળકી ઊઠે છે. એના ભાષાવૈભવથી ખુશ થએલા શ્રી હ્યૂમે પોતાના અહેવાલમાં ટાંકયું : 'પરંતુ કદાચ દરેક વ્યક્તિ પર માત્ર એક જ વક્તવ્યનો સૌથી વધુ પ્રભાવ પડયો, જે કોમળ આકૃતિવાળા, બૌદ્ધિકતા અને સહજ પ્રેરણાથી યુક્ત, ગૌર વર્ણના ઉચ્ચ કુળના બ્રાહ્મણ પંડિત મદનમોહને આપ્યું હતું; અને જેણે અનાયાસે જ સભાધ્યક્ષની બાજુની ખુરશી પર ઊભા રહીને પોતાના સુમધુર સ્વરમાં ધારાપ્રવાહ બોલવું શરૂ કર્યું હતું. તે યુવકની ઓજસ્વિતા અને વાક્પટુતાએ સારી સભાને તન્મય બનાવી દીધી હતી.'

આ પ્રસંગ એમની ઉજ્જ્વલ તવારીખનો પાયો બન્યો. ઈંગ્લંડથી તાજા જ પાછા ફરેલા, દેશ અને સમાજના કલ્યાણની ભાવના સેવતા અવધ (કાલાકાંકર)ના રામપાલસિંહે 'હિંદુસ્તાન' નામે દૈનિક શરૂ કર્યું તેનું તંત્રીપદ તેમણે મદનમોહન માલવીયને સોંપ્યું, અને પત્રકાર તરીકે પણ એ તુરત જ ઝળકી ઊઠયા. અને પછી તો વૃત્તપત્રોની તેમણે આખી શ્રેણી ઉજાળી નાખી. હિંદી ભાષામાં તેમણે 'હિંદુસ્તાન' ઉપરાંત 'પ્રયાગ સમાચાર' 'હિંદી પ્રતાપ' અને 'અભ્યુદય'નું સંપાદન કર્યું. તે ઉપરાંત 'ઈન્ડિયન યૂનિયન', 'ઇન્ડિયન પીપલ' અને 'લીડર' નામનાં અંગ્રેજી દૈનિકો પણ તેમના જ પુરુષાર્થથી ફાલ્યાં–ફૂલ્યાં. પાછળથી દિલ્હી ખાતે 'હિંદુસ્તાન ટાઈમ્સ' પણ તેમણે શરૂ કરેલું. ઇતિહાસે તો તેમને 'હિંદી પત્રકારત્વના પિતા' ગણ્યા છે.



રાજકારી કારકિર્દીના મધ્યાહ્ને : કોંગ્રેસનાં ત્રણ અધિવેશનોના અધ્યક્ષસ્થાને

ઈ. ૧૮૯૧માં એમણે હાઇકોર્ટની સનદ મેળવી વકાલત આદરી કુશાગ્ર બુદ્ધિ, પોતાનો કેસ સચોટ રીતે રજૂ કરવાની નિરૂપણશક્તિ, પ્રતિપક્ષીઓ તરફનું પણ ઉમદા વલણ, આ સર્વ ગુણોથી તેઓ થોડાં જ વર્ષોમાં ઝળહળતી કારકિર્દીને શિખરે પહોંચી ગયા અને અલ્લાહાબાદના અગ્રગણ્ય ધારાશાસ્ત્રીઓમાં તેમની ગણના થવા માંડી.

આ જ વર્ષોમાં દેશસેવાની ઉત્કટ લગની તેમના અંતરમાં પોકાર કરવા માંડી અને એમનું ધ્યાન વકાલતને બદલે હિંદુ સમાજના સંગઠન અને સ્વાતંત્ર્ય તરફ જ ઢળવા માંડયું. હિંદી ભાષાની પણ ત્યારે ઉર્દૂને મુકાબલે દીન-હીન દશા હતી. એ દુર્દશા દૂર કરવા તેમણે અથાગ પ્રયાસો આદર્યા, અને ત્રણત્રણ વર્ષની સતત રજૂઆત બાદ તેઓ આખરે ૧૮૯૮માં યુક્ત પ્રાંતના તત્કાલીન ગવર્નર સર ઍન્થની મૅકડોનલ પાસે હિંદીને ઉર્દૂભાષાની સમકક્ષ બનાવડાવવામાં સફળ થયા.

અલ્લાહાબાદ યુનિવર્સિટીના તેઓ ફેલો તરીકે હતા તે દરમિયાન હિંદુ વિદ્યાર્થીગૃહ ઊભું કરવાની તેમની યોજના એ જ સર ઍન્થની મૅકડોનલના નામ સાથે જોડાઈને ઈ. ૧૯૦૧માં મૂર્ત બની.

ઇ. ૧૮૯૮માં અલ્લાહાબાદ નગરપાલિકાના નાયબ નગરપતિપદે નિયુક્ત થયા બાદ તેમણે આરોગ્યકેન્દ્રો, સ્વદેશી ભંડાર વગેરે અનેક નગરકલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા સેવાકાર્ય આરંભ્યું અને તે ભાવનાનો હુતાશન સમય જતાં વધુ ને વધુ પ્રજ્વલિત થતો ચાલ્યો. સમાજસેવા અને દેશપ્રેમ એ તેમનો અગ્રિમ ધર્મ બની રહ્યાં. સ્ત્રીઓની પડદાપ્રથા તથા બાળલગ્ન વિરોધી ઝુંબેશ પણ તેમણે સફળતાપૂર્વક પાર પાડી. આ જાહેરસેવાઓએ ઇ. ૧૯૦૨માં તેમને ઉત્તર પ્રદેશની વિધાનસભામાં સ્થાન અપાવ્યું.

છતાં પોતાની કલ્પનામાં રહેલા દેશપ્રેમને મૂર્ત સ્વરૂપ આપવાનો યોગ્ય માર્ગ હજી તેમને મળ્યો ન હતો. ઈ. ૧૯૦૫ના એક સુપ્રભાતે તેમને એ અનુપમ પ્રકાશ લાધ્યો. તેમના મત અનુસાર દેશની ગુલામીનું જવાબદાર કારણ હિંદુઓના ચારિત્ર્યની થઈ રહેલી અધોગતિ હતું; એટલે હિંદુ ધર્મના પુનરુત્થાન દ્વારા પ્રજાનું ચારિત્ર્યઘડતર કરવાથી જ દેશને ગુલામીની બેડીમાંથી છોડાવી શકાય એવું તેઓ માનતા થયા હતા. આ માટેનું ઉત્તમ સાધન તેમને એક ઉચ્ચ કક્ષાની શિક્ષણસંસ્થા જ લાગી. વિદ્યાપ્રદાનની એક ઉત્તમ સંસ્થા રચી, તેનાં અનેક વિદ્યાર્થીઓને દેશની પ્રાચીન સંસ્કૃતિનાં પાન કરાવી, તેમાંથી ઓજસ્વી ચારિત્ર્યવાન ઉત્તમ નાગરિકોના જૂથ દેશને ચરણે ધરવાનું સ્વપ્ન તેમના મનોરાજ્યમાં રચાવા લાગ્યું. એવામાં બંગભંગ ચળવળને સમયે સર સૈયદ અહમદના પ્રયત્નોથી અલીગઢની મુસ્લિમ વિદ્યાપીઠ શરૂ થઇ તેથી વિદ્યા દ્વારા હિંદુ સમાજને શક્તિશાળી બનાવવાની તેમની મહેચ્છા દૃઢસંકલ્પ બની, અને બનારસ ખાતે યોજાએલા કોંગ્રેસ અધિવેશનમાં તેમણે તે રજૂ પણ કરી. જોકે ઘણાએ તે અવાસ્તવિક ગણી કાઢી, અને તેને મૂર્તિમંત કરવાની જવાબદારી છેવટે એમના પર જ આવી પડી. એ બાદ તેઓ એ કાર્યમાં રતપ્રયત્ન થઇ ગયા અને હાથમાં ભિક્ષાપાત્ર લઇ સમગ્ર દેશમાં ઘૂમી વળ્યા.

અને દસ વર્ષનાં એ દિશામાંનાં તેમનાં અપૂર્વ ખંત ને ધીરજ તથા અવિશ્રાંત પુરુષાર્થ આખરે સફળ પણ નીવડયાં. તેમનાં નિષ્ઠા, ત્યાગ



યુવાન જવાહરલાલ અને કૃપાલાની સાથે મુંબઈની સંગ્રામસભામાં

ને તપસ્યા પ્રત્યેના સમ્માનને લીધે તથા પૈસા મેળવવાની તેમની અજબ કુનેહને લીધે ઘણીવાર તો માગ્યા કરતાં અનેકગણું તેમના હાથમાં આવી પડતું. કાશ્મીર નરેશ પાસેથી ત્યાંની પ્રણાલિ મુજબ રક્ષાબંધનના દિવસે પહેલા બ્રાહ્મણ ભિક્ષુક તરીકે તેમણે દસ લાખ રૂપિયા મેળવેલા. એક બીજો દાખલો પણ ટાંકવા જેવો છે. ઉત્તર પ્રદેશના એક નવાબે તેમની માગણી દરમિયાન ગુસ્સે થઇ તેમના પર જોડો ફેંકેલો, તો માલવીયજીએ એ જૂતાનું લીલામ જાહેર કરીને નવાબને એ માટે મોટી રકમ આપવાની ફરજ પાડેલી. મહાત્માજીએ તો એમને 'ભિક્ષુઓના રાજવી' (પ્રિન્સ ઑવ બેગર્સ) કહી બિરદાવેલા. એક કરોડ રૂપિયા તો તેમણે રમતવાતમાં એકઠા કર્યા. દેશના અનેક વિદ્વાનો અને સત્તાધીશ અંગ્રેજોનો પણ તેમને સહકાર મળ્યો. અંતે ઈ. ૧૯૧૬માં વસંતપંચમીના સુપ્રભાતે કાશી વિશ્વવિદ્યાલય–બનારસ હિંદુ યુનિવર્સિટી–નો પાયો નંખાયો ને ઈ. ૧૯૨૧માં ત્યારના પ્રિન્સ ઑવ વેલ્સે (પાછળથી આઠમા એડવર્ડ અને હાલના ડ્યૂક ઑવ વિન્ડસરે) તેનું ઉદ્ઘાટન કર્યું. ગાંધીજીના શબ્દોમાં તે માલવીયજીનું 'મહાન સર્જન' બની રહ્યું છે.

ઈ. ૧૯૦૯માં લાહોર કૅાંગ્રેસના પ્રમુખપદનો મુકુટ તેમના શિરે મૂકવામાં આવ્યો. એ પછી પણ ઈ. ૧૯૧૮ અને ૧૯૩૨માં દિલ્હી ખાતેની તથા ઈ. ૧૯૩૩ની કલકત્તા ખાતેની કૅાંગ્રેસના અધ્યક્ષ પણ તે નિમાએલા. એમની પ્રતિભા, ઈમાનદારી, નિષ્ઠા ને ધ્યેયસાધનાથી પ્રભાવિત થએલા લૉર્ડ હાર્ડિંજે પોતાના આગમન સાથે જ ઈ. ૧૯૧૦માં તેમને મધ્યસ્થ સરકારની ઍસેમ્બ્લીના સભ્ય તરીકે લીધા અને ત્યાંથી ઇ. ૧૯૧૧માં ઇમ્પીરીઅલ લેજિસ્લેટિવ કાઉન્સિલમાં લેવાયા. છતાં સરકારની જ્યાં જ્યાં ગેરવ્યાજબી નીતિ લાગી ત્યાં ત્યા તેની વિરુદ્ધ તેજીલાં પ્રવચનો કરી તેમણે ખળભળાટ મચાવેલો.

આજે સ્વાતંત્ર્ય મળ્યા પછી ભારત એક મહાન ઔદ્યોગિક રાષ્ટ્ર તરીકે પુનર્નિર્મિત થવાની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યું છે, પરંતુ માલવીયજીએ તો વર્ષો પહેલાં આધુનિક માનવીની બધી જ જરૂરતોનું ઉત્પાદન ભારતમાં જ કરવાનું સ્વપ્ન સેવેલું. ઇ. ૧૯૧૬-૧૮માં ઔદ્યોગિક પંચના સભ્ય તરીકે તેમની કામગીરીના અહેવાલમાં તેમણે જે નોંધો મૂકી છે તે આજે પણ ઔદ્યોગિક ભારતના નિર્માણ માટે એક શાસ્ત્રની ગરજ સારે તેવી બહુમૂલી બની રહી છે.

ચન્દ્રની કળાની પેઠે વૃદ્ધિગત થતી રહેલી તેમની પ્રવૃત્તિ ને પ્રતિભાની પૂર્ણિમા ઈ. ૧૯૧૯માં પ્રકાશી ઊઠી. ઈ. ૧૯૧૮માં મૉંટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારાએ એમને નિરાશ બનાવ્યા હતા, ત્યાં સરકારે ઈ. ૧૯૧૯માં 'કાળા કાયદા' તરીકે જાણીતા થએલા 'રૌલેટ ઍક્ટ'ને ધારાકીય સ્વરૂપ આપ્યું. તેના વિરોધમાં દેશ આખો એક પ્રચંડ જ્વાળામુખીની પેઠે ભભૂકી ઊઠ્યો. ઈ. ૧૯૧૯ની એપ્રિલની ૧૩મીએ અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં ભરાએલી એવી એક વિરોધ સભા ઉપર પંજાબના ગવર્નર ઑડવાયરના હુકમથી જનરલ ડાયરે હત્યાકાંડની લીલા ખેલી. આના પડઘા ઘેરા પડ્યા, અને ઠેઠ ઈંગ્લંડ લગી પહોંચેલો એનો પ્રતિધ્વનિ 'હંટર કમિટી'ની રચનામાં પરિણમ્યો. પંજાબના મુખ્ય નેતાઓની ગેરહાજરી જણાવા ન દેતાં માલવીયજી, પં. મોતીલાલ નેહરુ અને સ્વ. સ્વામી શ્રદ્ધાનંદે એ જવાબદારી ઉપાડી લીધી. સરકારપક્ષી 'હંટર કમિટી'નો વિરોધ જાહેર કરી તેમણે ગાંધીજીના અધ્યક્ષપદે પં. મોતીલાલ નેહરુ, દેશબંધુ ચિત્તરંજન દાસ, અબ્બાસ તૈયબજી અને બૅરિસ્ટર એમ. આર. જયકરની બનેલી એક તપાસ-સમિતિ નીમી.

બીજી બાજુ વિનીતમાર્ગી માલવીયજીને અસહકારને બદલે કાઉન્સિલમાં જ રહી સરકારને યુદ્ધ આપવામાં વધુ યોગ્યતા લાગતી. ગ્લૅડસ્ટનની નીતિના એ હિમાયતી ને ચુસ્ત પાર્લામેન્ટરી અને વાઈસરૉય લૉર્ડ ચેમ્સફર્ડના અધ્યક્ષપદે મળેલી વિધાનસભામાં પોતાના પંજાબ ભ્રમણ દરમિયાન જોએલા જુલ્મો ને સરકારી અરાજકતા અંગેના અનુભવો પાંચપાંચ કલાક લગી સતત અને મુદ્દાસર ભાષણ દ્વારા જે રજૂ કર્યા તેથી બ્રિટિશ કાર્યવાહકો પણ મૂંઝાઇ ગયા. પંજાબના ગવર્નર સર માઇકેલ ઑડવાયરની તો તેમણે ૯૩ પ્રશ્નો મૂકીને ધૂળ ખખેરી નાખી. મહાત્મા ગાંધીજીએ આ વેળાએ એમને 'ધર્માત્મા' તરીકે બિરદાવ્યા.

આ પછી એમની રાજકીય પ્રવૃત્તિ ઘણી વધી ગઈ. છેવટે ગાંધીજીના અસહકાર અને સવિનય અનાદરના સત્યાગ્રહમાં પણ તેમણે મન મૂકીને ઝંપલાવ્યું, એટલું જ નહિ પણ ગાંધીજીના જેલવાસ દરમ્યાન તેમણે એમની ગેરહાજરી જણાવા ન દીધી. પછી તો બનાવોની પરંપરા સર્જાઈ. ૧૯૨૨ની ૪થી ફેબ્રુઆરીએ મુંબાઈમાં ભયંકર તોફાન ફાટી નીકળ્યાં, અને તા. ૧૩મી માર્ચે ગાંધીજીની ધરપકડ થઈ. પણ અન્ય નેતાઓની જેમ નાહિંમત થવાને બદલે એમણે દેશનું પરિભ્રમણ શરૂ કર્યું.

અસહકાર અને સવિનય અનાદરના આંદોલનની આંશિક નિષ્ફળતાએ સરકારને નવી સૂઝ આપી: કોમી ભેદનીતિની! કૅાંગ્રેસમાં પણ એ નીતિના પડઘા પડ્યા હતા અને એમાં ફાટ પડવા લાગી હતી. ષષ્ઠિએ પહોંચેલા માલવીયજી આ બધું વિક્ષુબ્ધ ભાવે અને ચીરાતે હૃદયે જોઈ રહ્યા હતા. છતાં તેમનામાં હજુ પણ યુવાનનો તરવરાટ હતો. સરકારે એ ભેદનીતિમાં અસ્પૃશ્યતાને પણ આણી. મહાત્માજીએ આ નીતિને રોકવા જે ભીષણ પ્રયત્ન કર્યા તેમાં માલવીયજીએ એમાં સંપૂર્ણ સાથ પૂરી એમાં ખરું ચેતન આણ્યું. ઈ. ૧૯૨૪માં કુંભમેળાના

પ્રસંગે ત્યાં સંગમમાં સ્નાન કરવા માટે યાત્રાળુઓ પર સરકારે નિયંત્રણ મૂક્યું. યુવાન પં૦ જવાહરલાલનો સાથ મેળવી તેમણે એ નિયંત્રણનો ભંગ કર્યો અને એ લડતમાં અંતે તેમનો વિજય થયો. પોતે ચુસ્ત સનાતની હોવા છતાં ઈ. ૧૯૨૭માં મહાશિવરાત્રીના પવિત્ર દિવસે એમણે કાશીના દશાશ્વમેધ ઘાટ પર અસ્પૃશ્યોને મંત્રદીક્ષા આપી અને ૧૯૨૯માં પ્રજાનો પ્રચંડ કોપ વહોરીને પણ એમણે પ્રયાગ-તીરે અછૂતોને 'પંચાક્ષર મંત્ર'ની દીક્ષા આપી. આ પ્રસંગને નિહાળી રહેલા એક અંગ્રેજ આર્નોલ્ડ વૉર્ડ તો બોલી ઊઠેલો: 'ત્રીસ કરોડ લોકોનો એક સર્વમાન્ય નેતા હોવો એ ય આશ્ચર્યજનક બીના છે.' એ વેળાએ તેમણે હરિજનોને પણ પ્રભુસંદેશ સાંભળવાનો તથા કોઈ પણ શાસ્ત્રમાં તેમનો જુદો વર્ગ નહિ હોવાની વાતનો જોરદાર ઉલ્લેખ કરેલો. આ પ્રસંગ દર્શાવે છે કે તેમની ધર્મબુદ્ધિ જડ ન હોતી.

પણ આ સમય તેમના હૃદયમાં ઊંડા સંઘર્ષની શરૂઆતનો હતો. ગુલામી સામે લડવાની મહાસભાની સક્રિયતા તથા મહાન ભાવના તેમને આકર્ષતી. તેને માટે તેમને જૂની મમતા પણ હતી. પણ કટ્ટર અસહકારનો માર્ગ તેમના રૂઢિચુસ્ત માનસને ખૂંચતો. વળી તે પ્રાચીન સમાજવ્યવસ્થા ને અર્થવ્યવસ્થાના પ્રેમી હતા, જ્યારે મહાસભાની વિચારદૃષ્ટિ દેશવ્યાપી સામાજિક તેમજ આર્થિક ક્રાન્તિની હતી. આ વિરોધી ભાવનાઓએ તેમના અંતરમાં તુમુલ સંગ્રામ મચાવ્યો. આથી જ જ્યારે પંડિત મોતીલાલે અસહકારના ઉદ્દામ માર્ગ પરથી ઊતરી ધારાસભાઓ દ્વારા જ લડત આપવા માટે જુદો 'સ્વરાજ પક્ષ' રચ્યો ત્યારે માલવીયજી તથા લાલા લજપતરાયે 'રાષ્ટ્રવાદી પક્ષ' સ્થાપ્યો, જે હિંદુ ધર્મીઓનો હતો અને તેની નીતિ વિનીત હતી. આમ તત્કાલીન રાજકીય આંદોલનના મહાપ્રવાહથી ભિન્ન માર્ગ પકડવા છતાં તેમની લોકપ્રિયતાને લેશમાત્ર ઓટ ન આવી, કે ન કોઈ કૉંગ્રેસ સભ્યોનું તેમને માટેનું સમ્માન ઘટ્યું. તેનું કારણ તેમના અનોખા ને ઉદાત્ત ગુણો હતાં. વિરોધો દરમિયાનાં પણ તેમનાં આત્મનિયમનનો આત્મવિશ્વાસ, સર્વહિત બુદ્ધિ તથા ચારિત્ર્યશુદ્ધિ, અત્યંત સાદાઈ અને દયાળુ હૃદય-આ બધાને લીધે તેમને લોકહૃદયમાં માનભર્યું સ્થાન હતું. તે છતાં પોતે તેનાથી નિર્લિપ્ત અને સ્થિતપ્રજ્ઞ રહી જાણતા.

ઈ. ૧૯૨૮માં સાઈમન કમિશનની વિરુદ્ધ નિકળેલા સરઘસની નેતાગીરી પણ તેમણે સંભાળેલી. ઈ. ૧૯૩૦ની પહેલી ઑગસ્ટે મુંબાઇમાં મીઠાના કાયદાનો ભંગ કરવા સત્યાગ્રહ કરી તેમણે સરકારી દમન વહોરી લીધું. ફરી તા. ૨૭ ઑગસ્ટે દિલ્હીમાં ડૉ. અનસારી તથા અન્ય નેતાઓ સાથે તેમની ધરપકડ કરવામાં આવી. આ સમયે તેમણે દેશને 'નિર્ભયતા એ જ એકમાત્ર મુક્તિમાર્ગ'નો મંત્ર આપ્યો. સિત્તેરમી વર્ષગાંઠ એમણે નૈની જેલમાં પંડિત જવાહરલાલ જોડે ઊજવી.

ઈ. ૧૯૩૦ના આ આંદોલનના જે પડઘા લંડનમાં પડ્યા તેના પરિણામે ત્યાં ગોળમેજી પરિષદ યોજાઈ અને ૧૯૩૧માં બ્રિટિશ વડા પ્રધાન રામ્સે મૅકડોનલ્ડ અને પાર્લામેન્ટના સભ્યોની હાજરીમાં તેમણે ભારતનો કેસ એટલી તો સચોટ રીતે રજૂ કર્યો કે પરિષદના પ્રમુખ લૉર્ડ સૅન્કી તેમના ભાષાવૈભવ અને અભિવ્યક્તિ પર ખુશ થઈ ગયા.

ત્યાર બાદ સત્યાગ્રહ આંદોલનમાં માલવીયજીએ કૉંગ્રેસની સરદારી સંભાળી. પરંતુ પોતાની જિંદગીની પોણી સદી વટાવી ગએલા એ વૃદ્ધને માટે તે અશક્ય નહિ તો સામર્થ્ય બહારનું તો હતું જ. ઈ. ૧૯૩૫માં કૉંગ્રેસની સુવર્ણજયંતી પ્રસંગે તેમણે મુંબાઈમાં કૉંગ્રેસની સ્મૃતિ-શિલાનું સ્થાપન કર્યું અને ઈ. ૧૯૩૬માં તેઓ છેલ્લી વાર કૉંગ્રેસના ફૈઝપુર સંમેલનમાં ગયા.

એ પછી એમની પ્રવૃત્તિનું કેન્દ્રસ્થાન બન્યું બનારસ અને એમની દૃષ્ટિ સ્થિર થઈ હિંદુ વિશ્વવિદ્યાલય પર. પણ ઈ. ૧૯૩૮માં તેમણે તેનું ઉપકુલપતિપદ પણ છોડયું અને ઈ. ૧૯૪૧માં ડૉ. સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રમુખપદે ઊજવાએલી તેની રજતજયંતી પ્રસંગે તેમણે છેલ્લી વાર પ્રજા સમક્ષ જાહેર દર્શન આપ્યાં. એ બાદ એમનું જીવન વિલીન થતું ચાલ્યું અને ઈ. ૧૯૪૬ના નવેમ્બરની ૧૨મીની વહેલી સવારે એમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી.

દેશદાઝ અને સ્વાતંત્ર્યની ભાવનાને વરેલો એમનો આત્મા ચુસ્ત હિંદુધર્મી હતો; તો સાચા હિંદુ અને સાચા બ્રાહ્મણ તરીકે એમને ભારતીય સંસ્કૃતિની સનાતનતામાં અપૂર્વ વિશ્વાસ અને શ્રદ્ધા હતાં. ઈ. ૧૯૩૯માં કલકત્તામાં રામચંદ્ર નામનો એક યુવાન કાલીમાતાના મંદિર પાસે પશુવધ થતો અટકાવવા આમરણાંત ઉપવાસ પર ઊતર્યો હતો. તેના ઉપવાસનો પાંત્રીસમો દિવસ હતો અને તેનો દેહ ઉત્તરોત્તર વિલીન થતો જતો હતો. ત્યારે માલવીયજીએ ત્યાં પહોંચીએ યુવાનની પાસે બેસી 'દુર્ગા સપ્તશતી'ના મંત્રોચાર કરવા માંડ્યા અને પાઠ પૂર્ણ થતાં જ તેમણે યુવાનના મુખ પર ગંગાજળ છાંટ્યું યુવાન બચી ગયો. આ સમાચાર ગુરુદેવ ટાગોરને કાને પહોંચતાંવેંત તે દોડતા માલવીયજી પાસે પહોંચ્યા. માલવીયજીના મુખ પર સ્પષ્ટ આભા અંકિત થઈ હતી: 'પ્રભુ તેના ભક્તોને કદી નિષ્ફળ થવા દેતો નથી.'

તેમની વાણી આચાર ને વ્યવહારમાં પવિત્રતાની પરાકાષ્ઠા રહેતી. ગોળમેજી પરિષદમાં લંડન ગએલા ત્યારે પણ પોતાના ચુસ્ત આચાર-વિચાર અને સંયમી જીવનથી તેઓ લેશમાત્ર ડગ્યા ન હતા.

તેમની ત્યાગવૃત્તિ પણ અજબ હતી. મોટા પુત્રના અવસાનથી આવી પડેલી ઘરની જવાબદારી અને નિર્ધનતાનો સામનો કરવાની સતત ચિંતા તેમને રહેતી. એ પરથી એક મહારાજાએ એમને પચાસ હજાર રૂપિયા મોકલ્યા. પણ એમણે તો એમાંથી કેટલીક રકમ સનાતન ધર્મસભાને તથા બાકીની બનારસ વિશ્વવિદ્યાલયને આપી દીધી.

ગાંધીજીએ એમને 'મહામના'નું જે બિરુદ આપેલું તેને સાર્થ કરતો એક પ્રસંગ માનવતાનો દ્યોતક છે. વિશ્વવિદ્યાલયના એક ચળવળખોર વિદ્યાર્થી કૃષ્ણકાંત અને એના મિત્રો પર વૉરંટ હોવાથી તેઓ ભૂગર્ભમાં જ રહેતા. એ કૃષ્ણકાંતની એક મિત્રપત્નીનો પ્રસવકાળ નજીક હોવાથી તેઓ બનારસ આવતાં હતાં. બાઈ ચાલવા અસમર્થ હતી, એટલે મિત્રોએ કૃષ્ણકાન્તને ગાડી મોકલવા સંદેશો કહેવડાવ્યો અને પોતે ઝાડીમાં સંતાઇ રહ્યા. કૃષ્ણકાંતે માલવીયજીના મંત્રી પાસે મોટરની માગણી કરી તે તેણે નકારી કાઢી. અંતે કૃષ્ણકાંતે માલવીયજી પાસે જઇ ગભરાતાં ગભરાતાં બધી હકીકત કહી. અને માલવીયજીનો ગુસ્સો પ્રજ્જ્વળી ઊઠ્યો: 'ક્રાંતિકારી થઇને ફરો છો, અને પ્રસૂતાને તો ઝાડ નીચે સંતાડી મોટર માગતા ફરો છો તે માટે શરમ નથી આવતી? મોટર આપવાની ના પાડી તો છીનવી કેમ ન ગયા? જાતે મોટર ચલાવીને બાઇને ઑસ્પિટલ કેમ ન લઇ ગયા?' ને પછી બધો બંદોબસ્ત કરી આપ્યો અને દરરોજ પ્રસૂતાની જાતે તપાસ કરતા રહ્યા એટલું જ નહિ પણ એ માટેનો તમામ ખર્ચ પણ પોતે ભોગવ્યો!

આવા, ગંગાજળ જેવા શુચિમધુર અને નગાધિરાજના હિમ સમ સ્નિગ્ધ ધવલ માલવીયજીની આ નાતાલે એકસોએકમી જન્મસંવત્સરી છે. ડૉ. રાધાકૃષ્ણને એમને બિરદાવતાં એકવાર કહેલું કે 'તેઓ તો હિંદુ સંસ્કૃતિની શોભા હતા. તેઓ નમ્ર પણ નિર્બળ નહિ, નિશ્ચયી પણ આક્રમક નહિ, એવા હતા. મલયાનિલ જેવો નિર્મળ એમનો આત્મા હતો. એમનાં ધવલ વસ્ત્રો એમના હૃદયની શુચિતાને પરાવર્તિત કરતાં અને એમની હાજરી સાક્ષાત્ પવિત્રતાને જન્માવતી.'

આ શબ્દો જેટલા કાવ્યમય છે તેટલા જ સત્ય પણ છે.

બૅટિંગ-કલાનો સિદ્ધહસ્ત ને સમર્થ સ્વામી

જૅક હૉબ્ઝ ૮૦ નૉટ આઉટ

લેખક
ચૈતન્યપ્રસાદ દીવાનજી



કવિ કિપ્લિંગે ક્રિકેટ રમનારાઓને 'Flannelled fools' કહ્યા છે. અમેરિકાના એમર્સને લખ્યું છે 'Give an Englishman a bat and a ball, and his cup of happiness is full.'

પરંતુ ક્રિકેટ એ ઇંગ્લંડમાં કાંઇ માત્ર 'બૅટ અને બૉલને ચતુરાઈથી અથડાવવાની' કોઈ વ્યક્તિગત પ્રવૃત્તિ નથી. અંગ્રેજ જીવનનું એ એક આગવું અંગ છે. એ. જી. ગાર્ડિનર એ વિષે યોગ્ય જ કહે છે કે 'Cricket is a frame of mind; it is an attitude to life; it is a discipline, a comradeship, a thing of serene and joyous memories. It embodies Englishman's philosophy of conduct. When he says, 'It is not cricket,' he has passed judgement to which there is no appeal, The humanising spirit of cricket is one of Englishman's priceless possessions.'

આવી ક્રિકેટની રમતે આપણા દેશમાં પણ મૂળ તો નાખ્યાં છે, પરંતુ દુર્ભાગ્યે હજી પેલો 'સ્પિરિટ ઑાવ ક્રિકેટ', ક્રિકેટનું આ અંતઃસત્વ અને એના સવિશેષગુણો આપણે ત્યાં જોઇએ તેટલા ઊતર્યા નથી.

અંગ્રેજ પ્રજાનું આગવું ખમીર બની રહેલી એવી ક્રિકેટના પ્રતીકરૂપ અનેક ખેલાડીઓ પૈકી એક જૅક બૅરી હૅાબ્ઝને આ માસ(ડિસેમ્બર)ની સોળમી તારીખે એંશી વર્ષ પૂરાં થાય છે.

ક્રિકેટની રમતનાં ચાર મહત્ત્વનાં અંગો: ૧) બૅટિંગ ૨) બૉલિંગ ૩) ફીલ્ડિંગ ૪) કૅપ્ટન્સી. આ ચારે અંગોમાં હૅાબ્ઝ નિષ્ણાત રહ્યા છે. કૅપ્ટન્સી તો જ્યારે જ્યારે કરવાની એમને આવેલી ત્યારે બુદ્ધિપૂર્વકની અને ઊંડી સમજવાળી એમણે કરી બતાવેલી. ફીલ્ડિંગ તો એ કવરની જગ્યાએ ઉત્તમ કરનારાઓમાંના એક ગણાયા. બૉલિંગ ઉપર જોકે પૂરું ધ્યાન આપવાનો સમય એમને ન રહ્યો. જાણકારો કહે છે કે એમના ક્રિકેટ-જીવનની શરૂઆતમાં થોડી બૉલિંગ એમણે કરેલી ત્યારે તેમાં એ સારી રીતે સફળ થએલા. પણ બૅટિંગમાં તો એ સિદ્ધહસ્ત ને સમર્થ સ્વામી બન્યા, તેની ઉત્તમોત્તમ કક્ષાએ પહોંચ્યા અને પોતાના લાંબા ક્રિકેટ-જીવન દરમ્યાન ત્યાં જ એ ટકી રહ્યા.

બૅટિંગમાં જગતે ઘણ‌ા શક્તિશાળી ક્રિકેટરો જન્માવ્યા છે. ઇંગ્લંડમાં ડબલ્યુ. જી. ગ્રેઈસ, જામ રણજી, વૂલી, હૅાબ્ઝ વગેરે; ઑસ્ટ્રેલિયામાં ટ્રમ્પર, મૅક્કાર્ટની, બ્રૅડમૅન વગેરે; એ જ રીતે આપણા દેશમાં, વેસ્ટ ઇન્ડીઝમાં, દ૦ આફ્રિકામાં, ન્યૂઝીલૅન્ડમાં બધે ઓછાવત્તા અંશે ઝળકી ઊઠેલા ઉત્તમ કક્ષાના બૅટ્સમેનો થયા છે. પણ એ સૌમાં ઉત્તમોત્તમ સ્થાન મેળવી તેને એકધારું ટકાવી રાખવા ને દીપાવવામાં હૅાબ્ઝ અજોડ છે.

હૅાબ્ઝની ક્રિકેટ-કારકિર્દી ૧૯૦૫થી ૧૯૩૩ સુધી ચાલી. એ ૨૮ વર્ષ દરમિયાન બૅટિંગની પોતાની એકધારી ઉત્કૃષ્ટતાને એણે જરાપણ ઝાંખી પડવા દીધી નથી. એણે નોંધાવેલી સદીઓની યાદી એ સ્પષ્ટ દર્શાવી આપે છે.

ઇંગ્લંડમાં ક્રિકેટની સીઝન મે માસની પહેલી તારીખથી તે સપ્ટેમ્બરની પંદરમી સુધીની હોય છે. આમાં કોઇ વર્ષે ભારે વરસાદથી વિઘ્નો પણ આવે છે. પરંતુ મોટે ભાગે સીઝનમાં between sunshine and showers' ક્રિકેટ રમાયે જાય છે. ત્યાંની ઋતુની આ વિચિત્રતાને લઇને ત્યાંનાં ક્રિકેટ-પિચ બહુ જ વિચિત્રતાઓવાળાં થઇ જાય છે. એક જ પિચમાં અમુક ભાગ થોડા ભેજવાળો હોય, બીજા થોડા ભાગમાં ભેજ સુકાવા માંડયો હોય ને ત્રીજો થોડો તદ્દન સુકો હોય! અને આ દરેક ભાગમાં બૉલ પડયા પછી જુદીજુદી રીતે વર્તે! આવાં પિચ ઉપર એકધારા સાતત્યવાળા 'બૅટિંગ'માં પ્રભુત્વ મેળવવું અને ટકાવી રાખવું એ ખરેખર અદ્દભુત ગણાય. એવું પ્રભુત્વ ધરાવનારા ખેલાડીઓ આંગળીને વેઢે ગણાય તેટલા જ ક્રિકેટ જગતમાં નીપજ્યા છે; અને હૅાબ્ઝનું સ્થાન તેમાં અનોખું છે. ને તે એના શાન્ત, સંયમી ને સ્વસ્થ જીવનને આભારી છે.

હૅાબ્ઝની ૨૮ વર્ષની ઉત્તમ કક્ષાની જ્વલંત કારકીર્દીમાં બે વાર વિઘ્ન આવ્યાં. એક ગાળો ૧૯૧૪ થી ૧૯૧૮ પહેલા વિશ્વયુદ્ધનો, અને બીજો ૧૯૨૧માં તેને 'એપેન્ડિક્સ'નું ઑપરેશન કરાવવું પડ્યું.

૧૯૨૧માં આપરેશનને કારણે એ ન રમી શકયા, તે વર્ષે ઑસ્ટ્રેલિયાની ચક્રવર્તી ગણાએલી ટીમ આર્મસ્ટ્રૉંગના કડક, શક્તિશાળી ને નિર્દય સુકાનીપણા નીચે આવેલી. એમાં ગ્રેગરી ને મૅકડોનેલ્ડ જેવા બે અતિ ફાસ્ટ અને મેઈલી જેવા ગૂગલી બૉલર હતા. આ બૉલરોની ગોલંદાજી સામે ચામડાંમાંથી જેમ તલવાર સોંસરી નીકળી જાય તેમ અંગ્રેજ કાઉન્ટી ટીમો અને ટેસ્ટ ટીમો સરળતાથી ખખડી પડી. ત્યારે 'ઓહ! ફૅાર હૅાબ્ઝ!' એવો નિસાસો એકેએક અંગ્રેજના મોંમાંથી નીકળ્યો. હૅાબ્ઝ હોત તો પોતાની અડંગ ને અડગ બૅટિંગ રૂપી ઢાલથી એ તલવારને તેણે નાકામયાબ બનાવી દીધી હોત.

હૅાબ્ઝની બૅટિંગની ઉત્કૃષ્ટતા એ દરેક જાતનાં, જુદીજુદી વિચિત્રતાઓવાળાં પિચો ઉપર એ પોતાની 'બૅટિંગ'નું જે એકધારું ને ઉત્તમ પ્રભુત્વ બતાવતા તેમાં છે. પછી એ ઇંગ્લંડમાં હો કે ઑસ્ટ્રેલિયામાં, સાઉથ આફ્રિકામાં હો કે વેસ્ટ ઇંડીઝમાં; ગમે તે દેશમાં ગમે તેવી હવામાં ગમે તેવા પિચ પર એ બૅટિંગનું કૌશલ ઝળકાવી રહેતા.

દક્ષિણ આફ્રિકામાં તો એકવાર એકીસાથે ત્રણ અદ્દભુત ગૂગલી બૉલરો સામે આવેલા: ફૉકનર, વૉગલર અને શ્વાર્ત્ઝ. આ ત્રણેએ

અંગ્રેજ બૅટિંગમાં એવો તો ભય અને તરખાટ મચાવ્યો કે એમના સારાસારા બૅટ્સમેનોને નકામાં બનાવી દીધા. એ એક 'બોલિંગ રેવોલ્યુશન' ગણાએલું. પરંતુ તેમને પણ હૉબ્ઝે એવા કૌશલથી રમીને કાબૂમાં લીધા અને પોતાની બૅટિંગની ઉત્તમતા સફળતાથી બતાવી આપી કે એની રમત પણ તે વખતે એક 'બૅટિંગ રેવોલ્યુશન' ગણાઇ।

હૉબ્ઝની બૅટિંગમાં આકર્ષક તત્ત્વ ઘણું છે. એની રમતની ઝમક જોવા, એ જ્યાં પણ રમતો હોય તે દેશના લોકો મહાસાગરની જેમ ઊલટે. ડબ્લ્યુ. જી. ગ્રેઇસ અને આર્મસ્ટ્રૉંગ જેવા પ્રચંડકાયના હાથમાં બૅટ એક નાના પાટિયા જેવું લાગે; નાના કદના એબલ જેવાના હાથમાં એ માથા કરતાં પાઘડી મોટી જેવું લાગે; રણજીના હાથમાં એ એક જાદુઈ લાકડી જેવું લાગે; જ્યારે હૉબ્ઝના હાથમાં એ એના શરીરના એક ભાગ જેવું—અંગ જેવું જ બની રહે છે. જેમ કોઈ અતિ કુશળ ઘોડેસવાર સવારી કરતો હોય ત્યારે એ અને એનો ઘોડો એક જ લાગે છે તેમ.

હૉબ્ઝ બૅટિંગનાં બધાં જ અંગોમાં ઉત્કૃષ્ટ ગણાય છે. એ અંગો

૧ Stance: બૅટિંગ કરતી વખતે ઊભા રહેવાની એમની રીત શાન્ત, સ્વસ્થ ને આસાનીભરી હોય છે.

૨ Defence તો એમનો અભેદ્ય રહ્યો છે.

૩ Offence જબરો ને વ્યવસ્થિત. જરા પણ ઉછાંછળો અથવા આવેશવાળો નહિ.

૪ Foot-work: બૅટિંગ કરતી વખતે દરેક બૉલને અને એના વર્તાવને પરખી કાઢી રમવા માટેની ગતિશીલતા—બહુ જ ત્વરિત ને છતાં આકર્ષક.

૫ Concentration: એકાગ્રતા–અજબની છે; જરા પણ બેધ્યાન થાય નહિ.

૬ Co-ordination (of mind, eyes, muscles, brain and brawn) સંપૂર્ણ અને તાલબદ્ધ.

૭ Wrist-work: કાંડાંનું કૌશલ–ઉત્તમ ને સૂક્ષ્મ, subtle.

૮ સ્વભાવ: શાન્ત અને સ્વસ્થ (cool and collected). રમતની કે આજુબાજુના વાતાવરણ કે સંજોગોની ગમે તેવી પરિસ્થિતિમાં પણ જરા યે અકળામણ કે રુકાવટ અનુભવ્યા વગર શાન્તિથી પોતાની રમત રમ્યે જવાની અજબ સ્વસ્થતા એનામાં છે.

૯ Power with precision: તાકાત–ઉછાંછળી કે ઊભરાઈ આવતી નહિ, પણ દરેક ફટકામાં ભારોભાર ધરબાએલી; ચોક્કસાઈ ધાર્યો ફટકો મારવાની સંપૂર્ણ ગણત્રીવાળી.

૧૦ Art of placing–અપૂર્વ અને પોતાના સંપૂર્ણ કાબૂ વાળી.

૧૧ Running between the wickets—ખૂબ જ સૂઝ ને સમજવાળું, ઘણું જ ચોક્કસ, ભલભલાને પાઠ શીખવે એવું, ને સામા પક્ષના ફીલ્ડિંગના વ્યૂહને અસ્તવ્યસ્ત કરી મૂકનારું.

ક્રિકેટના અગિયાર ખેલાડી જેવાં આ અગિયારે અંગોમાં એની બૅટિંગ, હાલના ક્રિકેટ વિવેચકો જેને organised batting કહે છે તેવી સુવ્યવસ્થિત અને સર્વાંગ સંપૂર્ણ.

ઇ. ૧૯૨૮ના મે થી જુલાઈ સુધી હું ઇંગ્લંડમાં હતો ત્યારે લંડનના 'ઓવલ' (ક્રિકેટ ગ્રાઉન્ડ) ઉપર સરે અને નૉટિંગહામશાયર વચ્ચેની મૅચમાં હૉબ્ઝને બૅટિંગ કરતો જોવાનું સદ્ભાગ્ય મને સાંપડેલું. સરે તરફથી હૉબ્ઝ ને સૅન્ડહામની ઓપનિંગ જોડીએ નૉટિંગહામશાયરના સુવિખ્યાત અને અતિ ફાસ્ટ બૉલર લારવૂડ સામે રમતની શરૂઆત કરી. લારવૂડે તોપના ગોળા જેવા પહેલો ને બીજો બને બૉલ ઑફના નાખ્યા. હૉબ્ઝે તે ઠંડકથી જતા કર્યા. ત્રીજો બૉલ લેગ બાજુનો આવ્યો તે હૉબ્ઝે જરા પણ આયાસ વગર, સ્વસ્થ સરળતાથી લેગના ફીલ્ડરની ઉપર થઈને બાઉન્ડ્રી ઉપર મોકલી આપ્યો, એવી ease and graceથી કે હું મુગ્ધ બની ગયો. આથી સામી ટીમના કૅપ્ટને લેગના ફીલ્ડર છેક બાઉન્ડ્રી ઉપર મૂક્યો.

ચોથો બૉલ સીધો આવ્યો. તે સીધા બૅટથી, બૅટની બરોબર વચમાં ઝીલીને હૉબ્ઝ રમ્યા. પાચમો બૉલ પાછો લેગ ઉપર આવ્યો; હૉબ્ઝે પહેલાં લેગની ફીલ્ડ ઉપર થઈને જેવો ફટકો માર્યો હતો તેવો એ ફરીથી મારવા લલચાય તે માટે. પણ હૉબ્ઝનું 'પ્લેઇસિંગ'નું કૌશલ ને પ્રભુત્વ કાંઈ કમ ન હતું. એમણે જેવો ફટકો પહેલો માર્યો હતો તેવો જ આ વખતે માર્યો, પણ ઓછા જોરથી. પરિણામે, બૉલ લેગ ફીલ્ડરથી ન પહોંચી શકાય તેટલો આગળ પડ્યો અને હૉબ્ઝે બે રન લઈ લીધા।

આ પછી તો હૉબ્ઝે ઝડપપૂર્વકની રમત રમીને ૧૦૦ કે તેથી પણ વધુ રન કર્યા. પણ આ શરૂઆતની ઓવર અને તેમાના હૉબ્ઝના આ બે ફટકા તો હજુ મારા મનમાં અંકાઈ રહ્યા છે. કેવું 'પ્લેઇસિંગ'-નું પ્રભુત્વ! કેવી આયાસ વિનાની 'ગ્રેઈસ'।

હૉબ્ઝ અને સટક્લિફ એ ઇંગ્લંડની ટેસ્ટ ટીમોની ઓપનિંગ જોડી. એ જોડી ક્રિકેટના ઈતિહાસમાં અજોડ ગણાઈ છે–એટલે સુધી ઑસ્ટ્રેલિયન ટીમના એક વખતના સુવિખ્યાત સુકાની એમ. એ. નોબલે આ જોડી માટે લખ્યું કે છે Hobbs and Sutcliffe are not merely an opening pair. They are an old well established firm, an institution in themselves.'

માણસ તરીકે હૉબ્ઝ પૂરા સજ્જન છે. સ્વભાવે શાન્ત, સ્વસ્થ ને ધીર છે. જરા પણ વગર ખપનું બોલતા નથી. વગર પૂછ્યે પોતાનો અભિપ્રાય એ દઈ આપતા નથી; અને પૂછો તો અનુભવજ્ઞાનથી સમૃદ્ધ અને shrewd અભિપ્રાય એમનો હોય.

એક જ ટેસ્ટ સીરીઝમાં ૧૦૦૦ રન કરવાનો રેકર્ડ (એ એકમાત્ર રેકર્ડ) એ ન તોડી શક્યા. એ સિવાયના તમામ રેકર્ડ એમણે તોડયા છે. એમના ક્રિકેટજીવનમાં એમણે ૧૯૫ સદીઓ નોંધાવી છે, અને તે પણ બધી 'ફર્સ્ટક્લાસ' મૅચોમાં. એક જ સીઝનમાં ૧૬ સદીઓ નોંધાવનાર પણ એ ઇંગ્લંડમાં એકલા જ છે.

આવા સુવિખ્યાત અજોડ ક્રિકેટર આજે (૧૬ ડિસેમ્બરે) ૮૦ વર્ષના થયા છે. એમની ક્રિકેટની રીત પ્રમાણે એ જીવનમાં પણ પૂરી સદી નોંધાવે એ પ્રાર્થના.

૨૮ વર્ષના ક્રિકેટજીવનમાં હૉબ્ઝે નોંધાવેલી ૧૯૫ સદીઓ

વર્ષ	સદીઓ	વર્ષ	સદીઓ
૧૯૦૫	૨	૧૯૨૦ ૨૧ (ઑસ્ટ્રેલિયામાં)	૫
૧૯૦૬	૪	૧૯૨૧ (ઑપરેશન કરાવ્યું)	
૧૯૦૭	૪	૧૯૨૨	૧૦
૧૯૦૭ (ઑસ્ટ્રેલિયામાં)	૨	૧૯૨૩	૫
૧૯૦૮	૬	૧૯૨૪	૬
૧૯૦૯	૬	૧૯૨૪-૨૫ (ઑસ્ટ્રેલિયમા)	૩
૧૯૦૯-૧૦ (દ. આફ્રિકામાં)	૨	૧૯૨૫	૧૬
૧૯૧૦	૩	૧૯૨૬	૧૦
૧૯૧૧	૪	૧૯૨૭	૭
૧૯૧૧-૧૨ (ઑસ્ટ્રેલિયામા)	૩	૧૯૨૮	૧૨
૧૯૧૨	૩	૧૯૨૮ ૨૯ (ઑસ્ટ્રેલિયામાં)	૨
૧૯૧૩	૯	૧૯૨૯	૧૦
૧૯૧૩-૧૪ (દ. આફ્રિકામાં)	૫	૧૯૩૦	૫
૧૯૧૪	૧૧	૧૯૩૧	૧૦
૧૯૧૪-૧૮ (પ્રથમ વિશ્વયુદ્ધ)		૧૯૩૨	૫
૧૯૧૯	૮	૧૯૩૩	૬
૧૯૨૦	૧૧		કુલ ૧૯૫

ચન્દ્રકાન્ત બક્ષી

મીરા

મૃગજળની પણ પાર જોઈ શકતી અંધ આંખોની વાર્તા

કૉલેજથી આવીને મેં ચોપડીઓ મૂકી અને નાસ્તો કરવો શરૂ કર્યો ત્યારે બાએ મને કહ્યું, 'જય, કાલે મીરા એનાં બા અને બાપા સાથે આવે છે.'

'તાર આવ્યો?' 'હા.'

મેં વધુ પૂછ્યા વિના નાસ્તો કરવા માંડ્યો, અને મીરાના વિચારોમાં જ નાસ્તો પૂરો થઈ ગયો. મીરા મોટી થઇ ગઈ હશે—અઢાર... વીસ વર્ષની લાગતી હશે, બાવીસ વર્ષ જેવી. પહેલાં પણ એ મારાથી મોટી લાગતી હતી. રમતિયાળ હતી. કૅરમ રમતી, મને હરાવતી. હું હારતો એટલે જ મારી સાથે રોજ રમવા આવતી. એ સામે હોય ત્યારે જીતવાનું બહુ મન ન થતું. કોઈ વાર જીતી જતો તો ભૂલ થઇ ગઈ લાગતી. અમારી ઉમરમાં ખાસ ફરક તો ન હતો પણ મને એણે કદી સાચી ઉમર કહી ન હતી. એ બધા શરમના દિવસો. છોકરીઓની સાથે બેસીને રમતાં પણ થોડી શરમ આવતી. હવે તો એ મોટી થઈ ગઈ હશે...

'કાલે આપણે બન્ને સ્ટેશને જઈશું.'

'હા, બા.'

બાની સાથે, બાને લઈને સ્ટેશને પહોંચ્યો અને હું ગંભીર થઈ ગયો. મીરા મોટી થઈ ગઈ હશે. હું તો ઘણો ઊંચો વધી ગયો હતો. એ જૂની મીરાની કલ્પના; અને આજે... થરથરાટ થયો. બાએ જોયું નહિ; હું સ્વસ્થ બની ગયો. બા પણ ગંભીર લાગતી હતી. બા ગંભીર હોતી નથી. બાને તો રડતાં યે નથી આવડતું. એ જ્યારે મારી પાસે હોય છે ત્યારે સંતોષ ને સુખનું એક વાતાવરણ સાથે લઇ ફરતી હોય છે. એ ક્યાં ય પણ જાય ત્યારે મને કહે છે, 'જય, કાલે આપણે બન્ને...' અને હું બાની સાથે હોઉં ત્યારે હમેશાં આઈસ્ક્રીમ ખાવા હોટેલમાં લઇ જાઉં છું. બા કહે છે, 'મારે ગોતર્યે સાલ્લે આ બધું...' હું કહું છું. 'હું સાથે છું ને!' અમે બન્ને હસીએ છીએ. બાને આઈસ્ક્રીમ ખાતી જોઉં છું ત્યારે મને તૃપ્તિ થાય છે, કંઈક સેવા કરતો હોઉં એવો સંતોષ થઈ જાય છે. હું નાનો હતો ત્યારે અમે બધા સાથે આઇસ્ક્રીમ ખાવા જતા હતા, મીરાને પણ લઇ જતા—

'મીરા શું ભણે છે, જય?' બાએ પૂછ્યું. મેં કહ્યું, 'સ્કૂલ ફાઈનલમાં છે. પાસ થશે એટલે કૉલેજમાં જશે.' બાએ વધુ ન પૂછ્યું; ફક્ત કહ્યું, 'છોકરી હિમ્મતવાળી છે.' મને કંઇ બોલતું સૂઝ્યું નહિ. મીરા ખરેખર હિંમતવાળી હતી.

સ્ટેશન આવ્યું અને ઈન્તજારી કરતાં કરતાં પિસ્તાલિસ મિનિટ મોડી ટ્રેન આવી ત્યારે મને મારી ગંભીરતાનું ભાન થયું. હું મીરાને ઓળખી શકીશ? ભીડમાંથી બાને લઈને હું આગળ ચાલ્યો. શેડ પસાર કર્યા પછી જોયું તો દૂર થોડા સામાન પાસે મીરા એનાં બા-બાપા સાથે ઊભી હતી. અમે પહોંચ્યાં 'કેમ છો?' 'કેમ છો?' 'જય, તું તો સારો ઊંચો વધી ગયો છે. શરીર સરસ થયું છે તારું.' મીરાની બાએ કહ્યું. 'જય, જય...' મીરાએ હાથ લંબાવ્યો. મેં એને મારો હાથ આપ્યો. ધીરેધીરે એની આંગળીઓ મારા હાથ પર અને ચહેરા પર, ચશ્માંની ફ્રેમ પર ફરતી ફરતી, વાળમાં થઇને ઊતરી ગઈ. બધાં ચૂપ થઈ ગયાં. બાની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. મારી સૂકી આંખોથી હું મીરાનાં કાળા ગૉગલ્સના અંધારામાં તાકતો રહ્યો... 'મીરા, તબિયત કેમ છે?' એ મારા અવાજનું દુઃખ સમજી ગઈ અને ક્ષણ પહેલાંનો 'જય, જય...'નો ઉત્સાહ ઓગળી ગયો. 'સારી છે,' એનું મોઢું હસ્યું. ગૉગલ્સનું અંધારું સ્થિર હતું. હસવાથી આંખો પાસે કરચલીઓ પડી અને ધુમાડા જેવું હાસ્ય અદૃશ્ય થઇ ગયું. કૅરમ રમતી વખતે મારી સાથે ઝગડો કરતી મીરા અને મારાં નવાં ચશ્માંની ફ્રેમ પર આંગળીઓ ફેરવીને જૂના 'જય'ને ઓળખવાનો પ્રયત્ન કરતી મીરા!'

'ચાલો.' મીરાંએ એની બાનો હાથ પકડેલો હતો. મેં છાતી ખોલીને કહ્યું, 'મીરા, ચાલ મારો હાથ પકડ!'

ટૅક્સીમાં બેસીને મીરા પણ ઘેર આવી—હમેશ માટે બંધ થઈ ગએલી, બિડાયલી આંખોથી મુંબાઇને 'જોતી જોતી'. ઘણાં વર્ષો પછી યે જૂનું મુંબાઈ એને યાદ હતું. આંખો ગયા પછી સ્મૃતિ વધુ સાફ થઇ ગઈ હતી. અવાજો અને ગંધ વધુ તીવ્ર બની ગયાં હતાં હું ખુલ્લી આંખો અને નવાં ચશ્માંથી જે જોઈ શકતો ન હતો એ મીરા એની દૃષ્ટિહીન આંખોની કીકીઓ ને શિરાઓમાં ભરાઈ ગએલા સફેદ ધુમ્મસની આરપાર જોતી હતી. ટૅક્સી ઊભી રહેતી, વળતી, ધીમી પડી જતી, પોલિસની સીટી વાગતી, ઇલેક્ટ્રિક ટ્રેન પાસે આવતી સંભળાતી અને પૂલ નીચે અટકતી, દરિયાની છોળોના કિનારાના પથ્થરો પર પછડાવાનો ભીનો અવાજ આવતો... વચ્ચેવચ્ચે સ્મૃતિનાં સતેજ વર્ષો ડોકી ઊઠતાં. મીરાની ખૂબ જ મુલાયમ આંગળીઓ રેશમ જેમ હવામાં સરસરતી, કાંપતી, અર્થ ઉકેલવા મથતી અને ફરીથી એના ખોળામાં સ્થિર થઈ જતી. હું ખુલ્લી આંખે એના ગૉગલ્સની પાછળ ઢંકાએલી આંખોનો વિચાર કરતો બેસી રહ્યો. વિચારોના વજનને લીધે શબ્દો ઊઠતા ન હતા. પૂલ નીચે અટકેલી ટ્રેનના અટકવાના અવાજનો લંબાતો, ચીરાતો પડઘો મીરાના કાનથી મેં પહેલીવાર સાંભળ્યો; દરિયાના અવાજોની ભીનાશ, અને ટૅક્સીના તપી ગએલા રેક્ઝિનની વાસ, અને તડકાની ગરમી, અને ઊંચા ઊંચાં મકાનોની નીચેની અંધારી ગલીમાં ધીરેધીરે માર્ગ કાપતી ટૅક્સીના હૉર્નથી ગલીની પહોળાઇનો સમજાતો અંદાજ—બધું પહેલી વાર અનુભવ્યું હું એની સામે જ જોઇ રહ્યો હતો અને એ—એનું સપ્રમાણ જીવતું શરીર, આંગળીઓ સિવાય સ્થિર હતું. કોઈવાર ગર્દન ફરતી, વાળ હાલતા, આંગળીઓ કાંપતી અને ફરીથી આંગળીઓ ખોળામાં સ્થિર થઇ જતી; અને શરીરમાંથી ચેતનાનો કરંટ પસાર થઈ ગયો હોય એમ એની આકૃતિ પૂર્વવત્ થઈ જતી. શાંતિ તોડતાં બાએ પૂછ્યું, 'મીરા, તું શું ભણે છે?'

'ફાઈનલમાં છું. આવતે વર્ષે કૉલેજમાં.'

'ભણવું છે આગળ?' બાએ પ્રશ્ન કર્યો. બા જવાબ આપતી હોય એમ ભાર મૂક્યા વિના કે આશ્ચર્ય પ્રગટ કર્યા વિના પ્રશ્નો કરતી. મને ખબર હતી બાના પ્રશ્નનો અર્થ ન હતો.

'હા.' મીરાએ કહ્યું.

ટૅક્સી ઘેર પહોંચી. એનાં કપડાંમાં પ્રવાસની થકાવટ ને તડકાનો બફારો હતાં. મેં પૈસા ચૂકવ્યા અને બા મીરાનો હાથ પકડીને એને લઈ ગઈ. મીરાનાં બા અને બાપા પણ પાછળ ગયાં. મીરાના બાપા રીટાયર્ડ શિક્ષક હતા અને એમના પગ તો થી થાકેલા લાગતા હતા. એમના પાતળા શરીરનું રહ્યુંસહ્યું લોહી પ્રયત્ન કરીને ચહેરા પર ઊભરાઇ આવ્યું હતું અને ગમગીનીમાં લાલાશ આવી ગઈ હતી. કાળાં ચશ્માં, બા, ગરીબીની લાલાશ, જૂની સીડીનાં ઘસાતા પગથિયાં, ટૅક્સીના ડંકમાંથી બહાર મુકાએલું વર્ફાદાર કમજોર બેડિંગ... મારું માથું અધું ભારે થઇ રહ્યું. મગજના કોઇ ખૂણામાં,

બા સાથે ઉલટે ખાધેલા આઇસ્ક્રીમની વેનીલાની ખૂશ્બૂ ને પીળો રંગ લહેરાયાં ને અદશ્ય થઈ ગયાં. ધાટી સીડી ઉતરીને આવ્યો અને હું બબ્બે પગથિયાં કૂદતો સીડી ચડી ગયો.

સૌ બેઠાં હતાં. મીરાના બાપા છત્રી મૂકીને શ્વાસ ખાતા હતા. બા મારી બા સાથે વાતો કરતી હતી. મીરા આરામખુરશીમાં પગ લંબાવીને બેઠી હતી. એના ચહેરા પર આનંદ, સંતોષ, સ્થિરતા આવવા માંડયાં હતાં. આ ઘરમાં અમે સાથે રંગ્યાં હતાં, ઝગડયાં હતાં. જુદાં પડીને મોટાં થઇ ગયાં અને નાનપણ બહુ દૂર ચાલી ગયું. ધીરેધીરે નાનપણ નજીક આવી રહ્યું હતું, સ્વપ્નમાં આવતા ચોર કે રાક્ષસની જેમ. મીરાને રાતનાં અંધારામાં સ્વપ્ન આવતું હશે, એ ડરીને જાગી જતી હશે. પછી? આંખો ખોલ્યા વિના સ્વપ્નની અસરને કેમ દૂર કરી શકાય? અને દિવસરાત અંધકારમાં એને જાતજાતના ભયો ગૂંગળાવતા હશે, ખસેડવાના પ્રયત્ન કરવા છતાં એ ભયો નહિ ખસતા હોય. મારા વિચારો થીજવા લાગ્યા ને હું ગૂંગળાવા લાગ્યો. અને મેં બીજા વિચારોમાં મન પરોવી નાખ્યું. મીરાની બા હસતી હતી. બા પણ હસતી હતી.

મીરાની આસપાસ નાનપણ ઝૂલતું હશે, દુઃખ આપ્યા વિના ડંખતું હશે. ચારે તરફથી એની આજુબાજુ ફૂંકાતું હશે... હું ખુરશી પર બેસીને બૂટ કાઢવા માંડયો. બૂટ કાઢયા.

'બૂટ નવા લીધા છે?' મીરાએ પૂછ્યું.

'ના'. હું બોલ્યો. મારાથી જૂઠું બોલાઈ ગયું. બે જ મહિના થયા હતા. મારા જૂઠને ટેકો આપવા હું ફરી બોલ્યો, 'ના, ટાઈમ થયો.' પણ ગૉગલ્સની સામે જોતાંજોતાં જૂઠું બોલવું ફાવ્યું નહિ. મેં મોં ફેરવી લીધું. મીરાના બાપા ઊઠયા, એમણે કોટ ટોપી કાઢયાં અને બાએ મૂકેલું પાણી પીધું, પથારીમાં આડા પડયા.

'થાક લાગ્યો?' મીરાએ પૂછ્યું.

'ના, અમસ્તો જ જરા આરામ કરું છું.' ...મીરાના બાપા બોલ્યા. મેં વિચાર કર્યો, મારાથી જૂઠું બોલાઈ ગયું હતું. અમસ્તું જ જરા જૂઠું બોલાઈ ગયું. અમસ્તા જ જૂઠું બોલાઇ જાય છે...

બધાં નાહ્યાં અને સાથે બેસીને જમ્યાં. મેં જોયું મીરાને આગ્રહ કરતાં બા અચકાતી હતી. જમ્યા પછી અમે બધાં આડાં પડયાં. મીરાના બાપા ઊંઘી ગયા.

બાએ પૂછ્યું 'મીરા, તારે સૂઈ જવું છે?'

'ના, હમણાં નહિ. પછી ઊંઘ આવશે તો સૂઈ જઈશ. મને સૂવાની જગ્યા બતાવી દો.'

બાએ જગ્યા બતાવી. સૂવાની જગ્યા બતાવવી પડે એ અમને ખયાલ રહ્યો ન હતો.

બા બાજુના ઓરડામાં ચાલી ગઈ. અમે બન્ને એકલાં પડયાં. એણે શરીર લંબાવ્યું અને તકિયા પર માથું મૂકયું. ગૉગલ્સ કાઢયાં નહિ. મને એની ગૉગલ્સ વિનાની આંખો જોવાની ઇચ્છા થઈ આવી હતી, પણ મારાથી કંઇ બોલાયું નહિ. હું એને જોઇ શકતો હતો, એ મને જોઇ શકતી ન હતી. શું બોલવું?

'તારે સૂવું નથી?' એણે પૂછ્યુ

'સૂઈશ, ઊંઘ આવશે ત્યારે.' મેં કહ્યું.

એ હસી, મારી સામે એના સ્વચ્છ દાંત ખૂલ્યા, આખા ચહેરાનું મધ્યબિંદુ દાંતમાં આવી ગયું હોય એમ. અને ધીરેધીરે હોઠ પહેલાંની જેમ બીડાયા. મેં એનો જ જવાબ એને આપ્યો હતો એટલે એ હસી હતી.

'તું કયાં—ખુરશી પર બેઠો છે?'

'તને ખુરશીની ખબર પડે છે?'

'મેં હાથ ફેરવીને બધું જોઇ લીધું છે. એક વાર જોઉં પછી ખયાલ રહે.'

થોડી વાતો કરીને એ સૂઇ ગઇ. હું જાગતો રહ્યો, વાંચતો રહ્યો. પછી સૌનો ઊઠવાનો સમય થયો ત્યારે હું પણ સૂઈ ગયો.

સાંજના મીરાને લઇને ફરવા નીકળ્યો. બાએ મને ચૂપકીદીથી કહી દીધું કે 'સંભાળીને' લઈ જજે, ગાફેલ નહિ રહેતો. મેં એને 'સંભાળીને' ટેક્સીમાં બેસાડી અને અમે મરીન ડ્રાઈવ પરથી નીકળી ગયાં. નરીમાન પૉઈંટ પાસે આવીને અમે ઊતરી ગયાં. પૈસા ચૂકવીને મેં મીરાને પૂછ્યુ, 'બેસવું છે કે ચાલવું છે?'

'ચાલીએ.' 'તને ફાવશે?'

'તું તો મારી બહુ ફિકર કરવા માંડયો છે, જય!' મીરા હસી. 'ચાલી તો શકું છું. ફક્ત તારે મારો હાથ પકડવો પડશે, જ્યાં ચઢઊતર જેવું હશે ત્યાં...અને જરા ધીરે ધીરે ચાલવું પડશે.' એના અવાજમાં સહાનુભૂતિની આશા રાખતી ભૂખી લાચારી ન હતી, પણ પૂરી સ્વસ્થ નિર્દોષતા હતી.

મેં એનો હાથ પકડયો અને અમે ધીરેધીરે ચાલવા માંડયું. બન્ને તરફ પાણી હતું. સાંજના રંગ આથમી જવા આવ્યા હતા. ટ્રાફિકના અવાજો પાછળના રસ્તાની હવામાં ઓગળતા પસાર થતા હતા. મરીન ડ્રાઈવનાં મકાનો, એક જ સરખાં, કોઈ માઇલો લાંબા વિરાટ રાક્ષસી પ્રાણીની કરોડરજ્જુનાં હાડકાંની જેમ સંધાએલાં ઊભાં હતાં. માનનાં સ્ત્રી પુરુષો: ચિંતાઓ ભૂલી ગએલી એક દુનિયા વહી રહી હતી. ઢળતી સાંજની સ્વચ્છ હવામાં, ભીંજાતા પથ્થરોની, સરસરતાં કપડાંમાંથી ઊઠતી સેન્ટ ને અત્તરોની, માણસોના રંગીન મિલનોની, ૧૯૬૨ના મુંબાઇની ખુશ્બૂ ફેલાતી હતી. અને એ બધું–આ વહેતાં દશ્યોનો ઝિલમિલાટ–મીરાનાં કાળાં ગૉગલ્સની સપાટી પાસે આવીને અટકી જતું હતું. હું જરા ખિન્ન થઈ ગયો.

'કેમ ચૂપ થઈ ગયો? હું જોઇ શકતી નથી તેથી તને દુઃખ થાય છે?' મને સ્વપ્નેય ખયાલ ન હતો કે મીરા મારા મૂડને આમ સમજી જશે. મને જરા ગભરાટ પણ થયો. હું ધારતો હતો એનાથી એ વધુ સમજદાર હતી.

'ના.'

'મને ખોટું નહિ લાગે. શા વિચારમાં હતો?'

'વિચાર એ જ કરતો હતો કે તને દરિયાની કલ્પના આવતી હશે?' મેં સ્વસ્થતાથી કહ્યું.

'દરિયો તો નાનપણમાં જોયો છે એટલે યાદ છે. દરિયો તો બહુ બદલાતો નથી. માણસોના જ ફેરફારો ઝડપી હોય છે. તારી કલ્પના કરી શકતી નથી; કંઈક આકાર સમજી શકું છું. પહેલાં કરતાં તારો ચહેરો પણ બદલાઈ ગયો છે, અવાજ પણ. છતાં તું પહેલાં જેવો જ છે.'

'હું બહુ બદલાયો નથી. બે હાથ, બે પગ, બધું બરાબર છે...' હું હસવા જતો હતો અને રોકાઈ ગયો! ભૂલથી મારી રમૂજ આંખો પર આવી રહી હતી...'પણ હું ઊંચો વધી ગયો છું.'

'હું કેવી લાગું છું, પહેલાં જેવી જ કે કંઈક ફરક લાગે છે?'

'પહેલાં તું બહુ ઝગડતી હતી. હવે શાંત થઈ ગઈ છે...અને સરસ લાગે છે.'

'ઓ હો!' મીરા ખડખડાટ હસી ગઈ. હું પણ હસ્યો. મને ગમ્યું.

થોડું ચાલીને અમે એક બેંચ પર બેસી ગયાં. મીરાનો ઠંડો હાથ હવામાં વધારે ઠંડો થઇ ગયો હતો. એને મજા આવી રહી હતી. કદાચ દેશમાં આ રીતે મુક્ત રીતે ફરવાનું નહિ બની શકતું હોય. અને આજે હવા સરસ હતી.

'તને ફરવું ગમે છે? કે બેસવું વધારે ગમે?'

'બેસવાનું જ વધારે ગમે!' એણે કહ્યુ, 'પણ ફરવું જોઇએ, કસરત મળે.' એની આંગળીઓ ધીરે ધીરે બેંચ પર સરકવા માંડી.

'અચ્છા, આપણે કયાં બેઠાં છીએ?'

'બેંચ પર!'

'એ તો મને પણ ખબર છે. હું કહું છું, આજુબાજુ શું છે?'

'સામે મકાનો છે, વચ્ચે રસ્તો છે. આપણી ડાબી અને જમણી બાજુ સીધી ફૂટપાથ છે, ઝાડો છે–એક પછી એક. બેંચો પર લોકો બેઠાં છે, થોડાં પ્રેમીઓ છે. ગાડીઓ દોડે છે. ઉપર

આકાશ છે, બાજુમાં હું છું પાછળ દરિયો છે...'

'બસ'. 'કેમ?'

'મને આટલું તો જોઈ લેવા દે!' એ હસી. હવામાં એના વાળ કાન પાસેથી ઊડતા હતા. આંગળીઓથી એ વાળ ઠીક કરતી હતી, ને વાળ ફરી છૂટી જતા હતા. એ ફરી ઠીક કરતી હતી.

જમીનમાંથી ફૂટી નીકળી હોય એમ રાત, કિનારેકિનારે અજવાળાનાં નાનાં ટપકાંઓમાં ચમકી ઊઠી અને દરિયો કાળો પડી ગયો... સાંજના અર્ધ-પ્રકાશમાં જલી ગએલી રોશની રાતના અંધારામાં આંખો ફાડીને વધુ સતેજ બની અને પસાર થતી ચકચકિત ગાડીઓનાં શરીરો પર ઝૂમવા લાગી. ફૂટપાથો પર ફરતી આકૃતિઓ રાતના રંગોમાં લપેટાતી ગઈ. અંધારામાં દરિયાની ગર્જનાઓ વધુ સ્પષ્ટ થતી ગઈ અને આકાશના અવાજે શાંત થઈ ગયા. અમે ઊઠયાં. આજનું ફરવાનું થઈ ગયું હતું.

ઘેર પહોંચતાં જ બાએ પૂછયું, 'મીરાં, કયાં ફરી આવી?'

'મરીન ડ્રાઈવ, નરીમાન પૉઈંટ, કફ પરેડ–'

'મજા આવી?'

'હા, બહુ મજા આવી. જય જેવો વાતો કરનારો હોય પછી મજા જ આવે ને?'

હું ખુશ થયો.

ભૂખ વધારી મૂકે એવી સરસ સુગંધ રસોડામાંથી આવતી હતી. મેં કહ્યું, 'બા જલ્દી કર, બહુ ભૂખ લાગી છે.'

બીજે દિવસે મીરાએ એની બેગમાંથી ઊનનો એક દડો કાઢયો અને ગૂંથવા માંડયું. સ્વાભાવિક રીતે જ એની આંગળીઓ સખત દાઝી ગએલી આંગળીઓની જેમ કાંપતી-કાંપતી ફરતી હતી. પણ દડાને અને લાંબા સોયાઓને એ આંગળીઓ ઓળખતી હતી, એટલે થડકાર ઓછો હતો. બૅંચ પર, દીવાલ પર, બારણાંઓ પર ફરતાં એ આંગળીઓ વધુ સતર્ક બની જતી અને ભાગતાં પ્રાણીઓનાં ફફડતા કાનોની જેમ એમાં ચેતન આવી જતું. અનાયાસે કોઇ નવા ભય કે અવરોધની સાથે અથડાઈ પડવાની ચિંતા પણ રહેતી. ફક્ત એ આંગળીઓ હૃદયની જેમ ધબકતી ન હતી અને નિઃશબ્દ રહેતી. એ સ્વચ્છ, રેશમી આંગળીઓ મારી હથેળીમાં આવતી ત્યારે શાંત થઇ જતી, કંપારી અટકી જતી ને નિર્દોષતાથી પડી રહેતી. એ આંગળીઓને મારી હથેળીમાંથી બહાર નીકળવાની ઇચ્છા રહેતી નહિ એમ મને લાગતું. ઊનના દોરા અને સોયાઓની આસપાસ પણ આંગળીઓ સાવચેતી રાખ્યા વિના, નિશ્ચિંતતાથી ફર્યા કરતી અને ઊન ગૂંથાતું જતું. એક નાના છોકરાનું સ્વેટર બની રહ્યું હતું. એની બૅગમાં બીજાં પણ બે સ્વેટર પડયાં હતાં. સ્વેટરોનો રંગ આસમાની હતો અને મને ગમતો ન હતો. એના આસમાની ગૂંથણની વચ્ચે મારી આંખો અટવાઇ ગઇ.

'તું સરસ ગૂંથે છે.' મેં કહ્યું.

મારી સામે કાળાં ગૉગલ્સ તાકી રહ્યાં. મેં કાળા કાચની સપાટી પર જોયું: મારા બે ઝીણા વિકૃત ચહેરા, ચપટાં નાક, પહોળા પહોળા ગાલ; વાળ અને દાઢી વિનાના બે 'જય' મારી સામે જડતાથી જોઇ રહ્યા હતા. મેં બન્ને 'જય'-ની સામે જોઇને નજર હટાવી લીધી. મીરા આસમાની વર્ષો ગૂંથ્યે જતી હતી ....રોજ સવારે, વર્ષોથી.

બૅગમાં પડેલાં બે આસમાની સ્વેટરો મને યાદ આવ્યાં. મીરા કોને માટે, શા માટે ગૂંથી રહી હતી? સ્વેટર ગૂંથતી વખતે એના ચહેરા પરનો ભાવ...ગૉગલ્સથી ઢાંકી દીધેલી આંખોમાંથી બહુ ભાવ દેખાવાની શકયતા ન હતી. ભાવો આંખોમાં જ બદલાયા કરે છે, કારણ કે શરીરમાં આંખો નગ્ન છે, જીવે છે, એના ઉપર ચામડીનું આવરણ નથી. મીરાની આંખો પર આવરણ હતું, સફેદ, ફાટેલા દૂધ જેવું. સાંજે એ આવરણ આસમાની બનતું અને એની ગૂંગળામણમાં અંધારું ઊતરતું. બંધ આંખો અને ઘેરાતી સાંજ, અને એના મગજમાં ચાલતી પ્રક્રિયાઓ જે પર્દાફાશ થઇ શકવાની ન હતી. એને સુખી કરવાનો દુનિયાનો બળાત્કાર અને દસ આંગળીઓથી દુનિયા સમજવાની કોશિશ કરવાનું એનું સાહસ, બેચેની. વીસ વર્ષની છોકરીના તરફડતા, તંદુરસ્ત શરીરનું વેદના વિનાનું દુઃખ. અવાજની સીમા પર ઊભેલાં થાકેલાં માબાપ. એની સમસ્યાઓ કલ્પના કરતાં થાકી જવાય એટલી બધી હતી. એણે વર્ષોથી છાપું વાંચ્યું ન હતું. એને છાપાં વાંચીને સંભળાવવાં પડતાં હતાં. ઘડિયાળના ટકોરાઓ પરથી જ એ સમયને સમજી શકતી હતી. જ્યાંજ્યાં આંગળીઓ પહોંચી શકતી ન હતી અને વિવશતા ઘેરી વળતી હતી ત્યાં ત્યાં કાન અને નાકથી અર્થ કાઢવો પડતો હતો. ફિલ્મો અને ફિલ્મનાં નાયક–નાયિકાઓ, નવાં મકાનો, દૂર તગતગતા સોનાનાં ટપકાં જેવા તારાઓ, ચોપડીઓ, ઋતુની અસરો અને રંગો, રમતગમતો, ચહેરાના ભાવો ને ફેરફારો અને એવું બધું આંગળીઓ ન સમજાવી શકે એવું અસાધ્ય હતું અને મીરાને આઘાત-પ્રત્યાઘાત બહુ ઓછા હતા; અને જે હતા એ ખુલ્લી આંખોવાળા જોઇ ન શકે એવા સૂક્ષ્મ હતા. કાળાં ગૉગલ્સની પાછળ પાંપણો ફરકતી, આંગળીઓ સરસરતી, શરીર શબ્દો પકડવા માટે આગળ ઝૂકી જતું...મીરાના શરીરમાં મીરાઓ જીવતી હતી. જાતજાતના પડછાયાઓ અને વ્યક્તિત્વો, એકબીજાથી અસ્પર્શ્ય, અસહાય... આંખો વિનાના અંધકારમાં ટકરાતી, ચકરાતી જૂના આત્માઓની લાશો ને વારંવાર ગણગણી ઊઠતી સ્મૃતિ વિસ્મૃતિઓની નાજુક ભૂલભૂલામણીઓ. બંધ આંખોની અંદર બધું ભૂતકાળની વ્યાખ્યાઓથી સમજાતું હતું; સામે ઊભેલાં વર્ષો, આવનારાં વર્ષો ભૂતકાળના સહારા વિના સહન થઇ શકવાનાં ન હતાં અને વર્તમાન એ ઉપર કે આગળ જતી કોઇ પરિસ્થિતિનું નામ ન હતું. ખૂબ ઊંચાઇએ પાંખો સંકેલીને નીચે ફેંકાઇ રહેલા પક્ષીની જેમ વર્તમાન ફફડાટ કર્યા વિના વહી રહ્યો હતો–અને એ પાંખો સંકેલીને પડી રહેલા પક્ષીને ગતિ કે પ્રવેગ ન હતાં. ને એ ગતિ કે પ્રવેગ વિનાના વર્તમાનની દિશા ભવિષ્યતરફથી ભૂતતરફ હતી...

તૈયાર થઇને હું કૉલેજમાં ગયો. બસ સ્ટૉપ, કોઈ કોઈ વાર દેખાતો મૂછોવાળો કંડકટર, વચ્ચેના સ્ટૉપ પરથી ચડતી સ્કૂલનો યુનિફૉર્મ પહેરેલી ત્રણ છોકરીઓ, આખું વર્ષ છત્રીઓ લઇને ફરતા માણસો...આંખો બંધ રાખીને પણ હું એ બધાંને જોઇ શકતો હતો. મેં આંખો બંધ કરી. રોજના ચહેરા ચડયા-ઊતર્યા; મકાનો પસાર થયાં; બસો, ખખડાટ, પીળું પડી ગએલું, બીમાર ઘડિયાળ, ટેલીફોનના તારો પર ફરી ફરીને સીધા-ઊંધા બેસતા કાગડાઓ... આંખો બંધ કરવાથી કંઈ ફરક પડતો ન હતો. કૉલેજનો સ્ટૉપ આવ્યો. આંખો ખોલીને હું ઊતર્યો. ડાબી ફૂટપાથ પાસેથી રસ્તો ઓળંગ્યો. હું એ જ ફૂટપાથ પરથી ચાલું છું. આદત પાડું છું, પડે છે. સમાનતામાં એ આદત જામી જાય છે, એ આદતને જીતી લેવાય છે. ગૂમડાના ડાઘની જેમ અથવા દાંત ખોતરી ખોતરીને ભરેલા સીસાની જેમ એ સહ્ય કે સુંવાળી બની જાય છે, ભુલાઇ જાય છે. બુઝાયેલી આંખોની લાચારી પણ કદાચ...

મીરા પગથિયાં ચઢી ને હું કૉલેજમાં પેઠો. ઍનેમિક મોઢાં પર ચોપડેલી ફિક્કી રંગીની, આજુબાજુ ફરતાં ટેરીકોનનાં પૅન્ટો ને ટેરીલીનનાં ખમીસો, અને એમાં ગોઠવાઇ ગએલાં પાતળા શરીરો, નાનામોટા કદનાં શરીરો; ગયા વૅકેશનમાં વ્હાઇટવૉશ કરેલી દીવાલો. રોમૅન્સની વાસ. ભટકી ભટકીને બપોરના તડકામાં ફૂટપાથો પર ખોવાઇ જનારા ચહેરાઓ. હથિયારોની જેમ ધારદાર ડિગ્રીઓ ચમકાવતા પ્રોફેસરો. કૅન્ટીનના બંધ દરવાજામાંથી આવતી કૉફીની ખુશ્બૂ, અને ખેંચાતા

લાપરવા અવાજો. બૅચો, બ્લૅક બોર્ડ પર ઇન્ટરના ટ્રિગોનોમેટ્રીના પ્રોફેસરે કાલે સાંજે લખેલી બે ફૉર્મ્યુલાઓ પર કાચનાં બંધ વેન્ટીલેટરોમાંથી પડતો ઝાંખો તડકો. વર્ગ 'બી', નંબર બસો તેત્રીસ, શાલિની કાળે, બિન્દુ અરોરા કુરેશી, તરલોચન ભલ્લા, શ્યામલ સાહા, સરિતા—સરિતા શેઠ–સરિતા આર. શેઠ–સરિતા રમણિકલાલ શેઠ... મીરા.

રોલકોલ લેવાયો, ક્લાસ ચાલ્યા. વિવિધતા ન હતી. બધું રોજ જેવું જ હતું દરેક પીરિયડમાં થોડાં પાનાં આગળ દોડવાનું હતું. બપોરે કૉલેજ ખતમ થઈ. હું બહાર નીકળ્યો. ઘણાં છોકરા-છોકરીઓને માટે કૉલેજનાં પગથિયાંની નીચેથી જ ઘરની સીમા શરૂ થઇ જતી હતી. અને ઘણાંની કૉલેજની સીમા ઘરનાં પગથિયાં ચડીને ભણવાના ટેબલ સુધી પહોંચતી હતી. અંતરો હતાં, દૃષ્ટિનાં.

સરિતાના કુટુમ્બ સાથે પહેલાં અમે પાડોશમાં રહેતાં હતાં પછી છૂટાં પડ્યા. ઘણાં વર્ષો પસાર થયાં. અમે બને જુદીજુદી સ્કુલોમાં ભણ્યાં, પણ પરીક્ષા વખતે અમારી નોટ્સની હેરફેર ચાલતી. પરિણામ આવતું. એ મારા કરતાં હમેશાં સારા માર્ક લાવતી–બા મારા પર ગુસ્સો કરી શકે એટલા બધા સારા માર્ક. હું જૂનો, સડી ગએલો, મૂર્ખ જેવો, દર વર્ષે આપતો હતો એ જ જવાબ આપતો: 'છોકરીઓને આખો દિવસ કામ શું? વાંચ્યા કરવાનું' બા વધારે ગુસ્સે થતી. મને બહુ અસર ન થતી; પણ હું પ્રયત્ન કરીકરીને થાકવા માંડયો ત્યારે મારે કહેવું પડ્યું; 'બા, સરિતા મારા કરતાં હોશિયાર છે. બધાં કાંઈ સરખાં હોશિયાર ન હોઈ શકે.' અને બાને કંઈક રાહત થઇ. પછી સરિતાને મારી સાથે સરખાવવાનું બંધ કર્યું. મેં પણ સ્વીકાર કરી લીધો કે સરિતા મારા કરતાં હોશિયાર છે. પછી મારું દુ:ખ ને મેં સરિતાથી સ્વેચ્છાએ રાખેલું કંઈક અંતર, બંને ઓછાં થઇ ગયાં.

કૉલેજમાં સરિતા સ્વાભાવિક રીતે જ મારા કરતાં આગળ વધવા માંડી. બા સરિતાને ઘેર જતી ત્યારે કહેતી 'તું અમારા જયને કંઇક શીખવ' સરિતા હસતી એમ બાનું કહેવું હતું. હું સરિતાને કહેતો, જે દિવસથી તું મને શીખવવું શરૂ કરશે, એ દિવસથી આપણે કૉલેજ છોડી જઈશું! એ વખતે પણ એ હસતી. સરિતા હસી લેતી: સુખી, ભવિષ્યની ચિંતા વિનાની છોકરીઓ હસે છે એવું, નાદાની છલકાતી. પણ ગમતું.

કૉલેજનાં પહેલાં બે વર્ષો અમે જુદી જુદી કૉલેજોમાં હતાં. ત્રીજે વર્ષે સાથે થઇ ગયાં: એક જ ક્લાસમાં કૉલેજનાં છોકરા-છોકરીઓને અમારો સંબંધ ઘણી વાર વિચિત્ર લાગતો. તરલોચન ભલ્લાએ મને એકબે વાર પૂછેલું પણ ખરું કે આ મારી કઈ જાતની 'ભેણ' (બહેન) હતી. એ બહેન હતી અને ન હતી. મને ખુદને જ ખબર ન હતી. નાનપણમાં કદાચ એ બહેન હતી. ધીરે ધીરે એ મોટી થતી ગઈ અને બહેન મટી ગઈ.

ત્રીજું વર્ષ અને ચોથું વર્ષ. ડિગ્રીના પડછાયામાં આવતો ગયો એમ હું ગંભીર થતો ગયો. પાસ થવાનું જરૂરી હતું. બાપ-દાદાની વિરાસત ભૂખે ન મરી શકાય એટલી જ હતી. અને ડિગ્રી પર મારી નોકરી નિર્ભર હતી. સરિતાના બાપે પૈસા કમાયા પછી એક મોંઘો ઑનરશિપ ફ્લૅટ ખરીદ્યો હતો, દરિયાની સામે... અને મોંઘા ઑનરશિપ ફ્લૅટો હમેશાં તકદીરવાળા જ હોય છે. ઑનરશિપ ફ્લૅટમાં ગયા પછી એમનું ખૂલેલું તકદીર ફાટી ગયું.

હું એમને ઘેર જતો અને ફ્રિજિડેરનું ઠંડું પાણી પીધા પહેલાં જ ઠંડો થઈ જતો. તબિયત બેકાબૂ બની જાય એવી રોનક પાથરવામાં આવી હતી. પડદા, બત્તીઓ, ચમકતા કાચ અને ફર્નિચરનો પૉલિશ એ બધાંથી ન અંજાવું મુશ્કેલ હતું. મારે માટે તો દુશ્વાર હતું. પણ સરિતા સાદી રહેતી. ઘણી વાર એ બસમાં કે ટ્રેઈનમાં આવતી. સફેદ બ્લાઉઝ પહેરતી. કોઈ મજાક કરતું તો ચિડાયા વિના શાંતિથી એ ચીડવનારને તકલીફમાં મૂકી શકતી. મારી સાથે એ મજાક કરતી નહિ, અને એક વાર મારાથી કહેવાઈ પણ ગયું કે તું મારી સાથે મજાક કરતી નથી એ મને ગમતું નથી. એવું બધું કહેવાનો કંઈ અર્થ કે મતલબ ન હતો, પણ કહેવાઈ જતું હતું.

સરિતાને મૂકવા ગાડી આવતી અને જ્યારે જ્યારે એ ગાડીમાંથી ઊતરતી ત્યારે મારી સામે જોઇને ગુન્નેગાર જેવું મોઢું કરતી. સફેદ બ્લાઉઝને અને બસની પંદર નયા પૈસાની ટિકીટને અન્યાય થતો. પણ એ ગાડીમાં ભાગ્યે જ આવતી. આજે કૉલેજ છૂટી ત્યારે એ મારી તરફ આવી. લૉબીમાં ડેક્રોનનાં પૅન્ટો અને ટેરીલીનનાં શર્ટો પાછળ ગણગણાટ કરતા રહી ગયા. 'કેમ છે?' મેં પૂછ્યું એણે કહ્યું, 'જય આજે મારી સાથે ચાલશે?'

'કેમ?'

'આજે મારે થોડી ખરીદી કરવી છે; તું સાથે ચાલ મજા આવશે.'

પાપાએ મોકલેલી ગાડીમાં હું બેઠો, ડ્રાઈવર પાસે. પાછળ સરિતા ને બિન્દુ અરોરા. બિન્દુને એના ઘર પાસે મૂકીને ગાડી કોલાબા લીધી. ફૂટપાથ પરથી ઘણીવાર જોએલા શોકેસવાળા એક સ્ટોરમાં અમે પેઠાં. હું એકલો હિંમત ન કરી શકત. ખરીદી થઈ ફરી ગાડીમાં-અને આ વખતે સરિતાની પાસે. 'હવે ક્યાં જવું છે?' 'ઘેર મને મારે ઘેર જ મૂકી દે.' 'કેમ?' 'ના હવે ઘેર જ જઇશ' 'ના આજે મારે ઘેર ચાલ.' 'ના, બીજી વાર.' 'કેમ, ઘેર કોઇ રાહ જોનાર છે?' 'ના' 'તો પછી ચાલ. ડ્રાઇવર ગાડી ઘેર જ લઇ લે.–'

ઘેર મારી રાહ જોનાર કોઈ જ ન હતું. બા હતી. પણ બા રાહ જોનારી ન હતી. મોડી સાંજ સુધી હું ગમે ત્યારે પહોંચતો અને બા પૂછતી, 'ક્યાં ગયો હતો, જય? આટલું મોડું?' 'આઈસ્ક્રીમ ખાવા.' બા મારી સામે જુએ એટલીજ વાર. એનાથી હસ્યા વિના રહી શકાતું નથી. અને પછી પ્રશ્નો પતી જતા. હું નાસ્તો કરતો. બાની સાથે રોજ પ્રેમાળ ઝગડા કરતો. મોટા અવાજે ગપ્પાં મારતો. કોઈ વાર એ આંખો કાઢીને ગુસ્સે થતી—એકાદ ક્ષણ માટે; હું નાનો હતો અને આંખો કાઢતી એ રીતે. અને પછી હસી નાખતી. મારી બાએ મને એક જ વસ્તુ શીખવી છે–ખુલ્લા દિલથી હસતાં. જ્યારે બા મરી ગઇ હશે ત્યારે હસતી વખતે મને બા યાદ આવ્યા કરશે...

મીરા પણ ઘેર મારી રાહ જોતી ન હતી. એ તો થોડા જ દિવસો હતી. અને રાહ જોવા માટે માણસે બારી કે દરવાજામાં ઊભા રહેવું જોઇએ, અથવા ઘરમાં કારણ વિના ફર્યા કરવું જોઇએ, અથવા દૂર દૂર જોયા કરવું જોઇએ, અથવા... અને રાહ જોવા માટે આંખો જોઇએ. આંખો વિના પણ રાહ જોવાય, કદાચ આંખો વિના જ ખરી રાહ જોવાય. મને થયું મીરા રાહ જોતી હશે સરિતાનું ઘર આવી ગયું મારાથી કહેવાઈ ગયું, 'હું ઘેર જ જઈશ.' ઘરના વાતાવરણમાં એના અવાજની મીઠાશ ને આગ્રહ વધ્યાં. એણે પ્રેમથી કહ્યું, 'તું જય, મારે ત્યાં આવીને કેમ શરમાય છે? ચાલ ચાલ, ઉપર ચાલ'. ઉપર ફ્રિજિડેર, રેડિયોગ્રામ, ગાલીચા, વૉલપેપર, એર-કન્ડીશન કરેલો દરિયાનો પવન બધું મારી રાહ જોતું હતું.

હું ઘરમાં પેઠો. એક ક્ષણ આખા કમરાનું 'એરકન્ડીશન' મારી ચામડીને બાઝી ગયું હોય એવું લાગ્યું. સરિતા આવી. એણે ચોપડીઓ ટેબલ પર મૂકી, છોકરીઓ મૂકે છે એમ. એ એક ગાયન ગણગણતી હતી. મેં પૂછ્યું, 'મમ્મીની તબિયત કેમ છે?'

'સારી છે.' 'નથી ઘરમાં?'

'ના, અમદાવાદ ગયાં છે.'

'પાપા ઓફિસે?' (અનુસંધાન. પૃ. ૫૦૮)

આત્મકથાનક-૧૨

જીવનપટનાં સ્મૃતિચિત્રો



ચોરટી કાપીને
પીછી બનાવી

લેખક-આલેખક

રવિશંકર રાવળ

૪૭ ફરી મહેસાણા

વેકેશન પૂરું થવા આવ્યું એટલે નિશાળો ઊઘડે તે પહેલાં બાકી-ના અમે સૌ ભાવનગરથી મહેસાણા પહોંચી ગયાં. છમાસિક પરીક્ષાના પરિણામમાં જણાયું કે મણિલાલનો નંબર પહેલો ને મારો બીજો આવ્યો હતો. આથી નિશાળના અભ્યાસમાં મારો રસ વધી ગયો. વળી અંબાલાલ માસ્તરે લેસન વધુ પાકાં કરવા મને તથા મણિ-લાલને રોજ સવારમાં પોતાને ઘેર આવવા કહ્યું. તેમનું ઘર નજીકની બીજી લાટીમાં જ હતું. તે પણ ભોંયતળનું એકઢાળિયું હતું. એક જ ઓરડા ને નાની ઓસરીમાં તેમનો ઘરવાસો હતો, છતાં કેળવાએલા સંસ્કારી ઘરનો એ નમૂનો લાગતો. ઓસરીમાં એક બાજુ ટેબલ-ખુરશી. ત્યાં થોડી ચોપડીઓ ને લખવાનાં સાધનો હતાં. ભીંત પર ફોટોગ્રાફો હતા, ખાસ ચિત્રો કોઇ નહોતાં. અમને તેઓ એક કોથળો પાથરી બેસાડતા અને પાઠોમાંની અઘરી બાબતો સમજાવતા. કોઇ વાર તેમનાં પત્ની તેમના કીકાને સાચવવાને કે બહાર આંટો મારી છાનો રાખવા અમને સોંપતાં. ગુરુનું બાળક અમારા હાથમાં રમે તેમાં અમે ખાસ અધિકાર માનતા. એમની નજીકમાં જ અમારા હેડ માસ્તર મણિભાઈનું ઘર હતું. કદાચ નાગરોથી ભરેલો એ પડોશ હતો, કારણકે બધાં ઘરો વચ્ચે બૈરાંઓનો બહુ સારો મેળ દેખાતો. અમારી લાટીમાં માત્ર અમારું જ ઘર આસપાસનાં બૈરાંઓની રાતદિવસની બેઠક જેવું બની રહ્યું હતું; કારણ કે પિતાશ્રી લાંબી ડિસ્ટ્રિક્ટમાં જાય ત્યારે ઘરમાં મોટા મરદ કોઈ ન મળે. લાલભાઈનાં વહુ મંછાકાકી તો સવારસાંજ ગમે ત્યારે આવે ને ખબર રાખે. એમને ત્યાં મહેમાનો ઘણીવાર આવે ત્યારે કંઇક સારું ખાવાનું કરે તે પણ છોકરાંમાટે મૂકી જાય.

બા વિષે એક ચિંતાકારક માહિતી આ પ્રસંગોમાં મળી. કોઈ કોઇ વાર તે એકાએક ચત્તાપાટ ઊંધમૂંધ સૂઈ જતાં; દાંત સજ્જડ થઇ જતા અને મૂંઝવણભરી ચીસો પાડતાં. તે વખતે મંછાકાકી કે કોઈ તેમને નવસાર સુંઘાડતાં અને ઘણીવારે તે સ્વસ્થ થતાં. મહિનાઓના આંતરે આવું બનતું, પણ અમને એનો ખુલાસો મળતો નહિ. બૈરાંઓ કહેતાં કે કંઈક વળગાડ છે. એ વાત પર મને ઘણાં વર્ષે સમજણ મળેલી. પણ ત્યારે તો અમે ભણવા-રમવામાં ભૂલી જતાં.

નિશાળમાં હું અને મણિલાલ સરખા બાંધાના હતા. એ જૈન કુટુંબનો બાળક હતો, એટલે તેની સાથે હું પહેલી જ વાર મહેસાણાનું જૈન મંદિર જોવા ગયો. તેથી અમારા વર્ગના બીજા એકબે જૈન છોકરા પણ ઓળખીતા થયા. તેમને જૈન પર્વોમાં પાર્શ્વનાથની પ્રતિમા સામે નૃત્ય કરવાનું તથા ગાયન કરવાનું શીખવાતું. ઉત્સવની રાત્રે વાઘા તથા માથે રાજકુમાર જેવી બત્તી પહેરી હારમોનિયમ-તબલાં સાથે છનનન છુમછુમ તે નાચતા એ જોવાનું કરતા કુતૂહલ અમને મળતું. ત્યારે તે દેવ-કુમારો જેવા લાગતા. તેમને શીખવનાર કથ્થક નૃત્યના જાણકાર ભોજક કે ત્રગાળા માસ્તરો હતા. પછી મારા જાણવામાં આવ્યું કે આ માટે તેમને સંઘ તરફથી ચોપડીઓ વગેરેની સહાય મળતી.

૪૮ નગરસંસ્કૃતિ

જૂના અને નવા યુગને સાંધતા એ કાળમાં મને મહેસાણામાં બંનેના સાથે દર્શન થયાં. મહેસાણા ગામ બહુ વિસ્તરેલું નહોતું, પણ રેલવેનું જંકશન બન્યું હોવાથી આસપાસનાં પ્રાચીન સ્થળોની સંસ્કૃતિ ને પરંપરાઓની છાપ ત્યાંની પ્રજામાં હતી. પાટણ, વડનગર, સિદ્ધ-પુર, વીજાપુર ને વીરમગામની વિવિધ વસ્તી મહેસાણામાં ધંધાધાપા માટે આવતી થઇ હતી. વડોદરાના આ મહાલનું મથક મહેસાણા થવાથી ગાયકવાડી રાજ્યના સુધારા અને તેના નિયામક અધિકારી-ઓનો પ્રભાવ પણ અહીં જણાતો. સંસ્કારી અને કેળવાએલા લોકોમાં વડોદરા અને મુંબાઇનાં છાપાં વંચાતાં. 'મુંબાઇ સમાચાર', 'ગુજરાતી' અને 'સયાજી વિજય' પ્રગતિમાન લોકો વાચતા રહેતા. સાહિત્યનાં પ્રકાશનોમાં 'સરસ્વતીચંદ્ર' અને 'ચંદ્રકાન્ત' જેવાં શિષ્ટ પુસ્તકોનાં નામ સાંભળવા મળતા. જૂના રિવાજો અને કર્મકાંડથી કંટાળેલાં અને નવી રીતે આધ્યાત્મિક જ્ઞાનની ઈચ્છાવાળાં કુટુંબોમાં વડોદરાના નૃસિં-હાચાર્યના ઉપદેશ અને સાધના પ્રચાર પામતાં હતાં. તેમનું માસિક 'મહાકાળ' શિષ્ટ જનોમાં વંચાતું. અમારા પડોશમાં એક ગૃહસ્થના ઘરમાંથી તેમના પુસ્તક 'ભામિનીભૂષણ'ના ભાગો મારાં બાને માટે હું લેવા જતો, ત્યાં મને 'મહાકાળ'ના ફાઇલો મળી ગઈ. તેમાંના ગહન વિષયો કે કાવ્યો તો હું સમજી શકતો નહિ પણ 'યોગિનીકુમારી'ની વાર્તા સળંગ વાંચી નાખી. તેમાં પણ બહુ તાત્ત્વિક ફકરા હું મૂકી દેતો, પરંતુ એ વાર્તા વાંચ્યા પછી મનમાં ઉચ્ચ જીવનના ઘણા સંકલ્પો જાગ્યા. તપસ્વી અને પવિત્ર જીવનનું સૌંદર્ય કેવું હોય તેનો ખયાલ મળ્યો. તે સાથે અદૃષ્ટ તત્ત્વો અને સિદ્ધિઓની વાસ્તવિકતા માટે શ્રદ્ધા પ્રકટી ને ચમત્કારો, પ્રેતો તથા પરચાની વાતોમાં રસ પેદા થયો.

૪૯ પિતાશ્રીની ગુરુભક્તિ

ગુજરાતના ગામેગામ અંબાજીમાતાનું માહાત્મ્ય બહુ હતું. તેમના પરચાની વાતો બહુ થતી. હજારો ઘરોમાં અંબાજીમાની બાધા એ રખાતી. નવરાત્રમાં હજારો માણસો વર્ષોવર્ષ અંબાજીની યાત્રાએ જતાં અને ટ્રેનની અગવડોને કારણે ઘણાં યાત્રીઓને મહેસાણા



ઉત્સવની રાત્રે ઝાંઝ વાઘા તથા માથે
રાજકુમાર જેવી બત્તી પહેરી હારમોનિયમ



તે વૃદ્ધનાં ચરણને સ્પર્શ કરીને
વંદન કરતા પિતાજીને અમે જોયા

સ્ટેશનમાં કે નજીકની વીશી કે ધર્મશાળામાં રાતવાસો કરવો પડતો. હું અને મારી નાની બેન અમારા ઘરની પરસાળમાંથી રોજ અનેક યાત્રાળુઓને સામેની મોટી સરકારી ધર્મશાળામાં પોટકાં અને કોથળા સાથે જતાઆવતા જોતાં.

મારા પિતાશ્રી ડિસ્ટ્રિક્ટમાંથી પંદર વીસ દિવસે આવે ત્યારે પરસાળમાં તેમનો રસોઈયો-નોકર ગાદલાનો વીંટો કરી તકિયો બનાવે અને બીજું ગોદડું પાથરી બેસવાની ગાદી કરી તે પર તેમનો ચામડાનો પોટકે લિયો તથા દફતરોનાં પોટલાં ગોઠવી દે. એક દિવસે સાંજને વખતે મારા પિતાશ્રી તેમની ગાદી પર બેસી ટપાલ લખતા હતા. અમે બહારના ભાગમાં રસ્તા તરફ રમતાં હતાં. એવામાં આબુ-અંબાજી તરફની ગાડી આવી અને તેના યાત્રિકોની હાર ધર્મશાળા તરફ ચાલી રહી. તેમાં ખભે ખડિયાવાળા, બાંધી દાડીના એક વૃદ્ધ અને સાથે માથે પોટલાં લીધેલી બેચાર સ્ત્રીઓ ધર્મશાળા તરફ જતાં દેખાયાં.

અચાનક પિતાશ્રીની નજર તેમના તરફ ગઈ અને સફાળા ઊઠયા. અમે તેમને ઝપાટાબંધ ધર્મશાળા તરફ જતા અને પેલા વૃદ્ધ ડોસા સામે જઈ તેમનાં ચરણને સ્પર્શ કરી વંદન કરતા જોયા: 'રામલાલ મહેતાજી તો નહિ?' ડોસા તો આભા બની જોઇ રહ્યા: 'હા ભાઇ; પણ તમે કોણ? ઓળખ્યા નહિ.'

'મહેતાજી, હું ભાવનગરના છગન રાવળનો મહાશંકર. તમારી નિશાળે આંક અને કક્કો ભણેલો. હવે ધર્મશાળામાં જવું નથી. સામે આપણું ઘર છે.' કહી હાથ પકડી તેમને અને પેલી બાઇઓને લાવી અમારા નાનકડા ઘરમાં તેમનાં પોટલાંનો દગલો કરાવ્યો. નહાવાનું પાણી મુકાવ્યું અને બાને કંસાર કરવાનું કહ્યું. બહુ ભાવથી સૌને જમાડયાં અને સવારની ગાડીમાં વિદાય કર્યાં. પિતાશ્રીની ધર્મશ્રદ્ધા ને ગુરુભક્તિ તેમના જીવનનું એક સ્વાભાવિક વલણ હતું. શ્રી નથુરામ શર્માના અનુયાયી થયા પછી તેઓ ઘરમાં કે પ્રવાસમાં નિત્ય સંધ્યાવંદન અને વૈશ્વદેવ કરતા, અને અમને લાગતું કે તેમની સાધનાથી ઘરને દિવ્ય શક્તિનું રક્ષણ મળે છે.

૫૦ યોગીનો મેળાપ

યોગ અને જ્ઞાનની વાતોમાં પિતાશ્રી બહુ રસ ધરાવે છે એવું પડોશીઓ જાણતા હતા એટલે એક વાર બાજુના ઘરમાં ગંછારામ કરીને કોઈ યોગસાધક આવ્યા ત્યારે તે પડોશી તેમને લઇને અમારે ત્યાં આવ્યા. પિતાશ્રીના નમસ્કાર ઝીલીને તે બેઠા કે તરત સૂડીના પાંખિયાથી જરા ચૂનો ઉપાડી મારો નાનો ભાઈ ત્યાં બેઠો હતો તેના હાથમાં 'લે બચ્ચા' કહી ચોપડયો. તે બાળકને કંઈ સમજ પડી નહિ પણ મારા પિતાશ્રીએ તેનો હાથ લઈ સૂંઘ્યો, તો ગુલાબના અત્તરની વાસ આવી! વધારે ચોળ્યું તો તેની મહેક બીજાને પણ આવી!

આ કોઈ યોગીપુરુષ છે એમ સમજીને પિતાશ્રીએ તેમની સાધના વિષે પૂછવા માંડયું ત્યારે તેમણે વાત કરતાં જણાવ્યું કે તેઓ ખેચરી મુદ્રા સુધી પહોંચ્યા હતા. પણ ગોરક્ષાના ફંડ માટે સામાન્ય લોકોને આકર્ષવાને મેસ્મેરિઝમના પ્રયોગો કરી બતાવતા હતા.

પિતાશ્રીએ તરત પૂછયું કે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જેઓ ખેચરી કરી જાણે છે તેમને આકાશગમન સહજ સિદ્ધ થાય છે એ ખરું? ગંછારામજીએ કહ્યું, 'હા એ ખરી વાત છે. મને તે બાબતમાં થોડોઘણો અનુભવ છે. પિતાશ્રીએ હાથ જોડી વિનંતી કરી કે 'તો કૃપા કરી તેનો થોડો પ્રયોગ બતાવો.' શ્રદ્ધાળુ ભાવિક પ્રેક્ષક જોઈ તેમણે કહ્યું', 'સારું પડોશમાંથી બીજા ચારપાંચ માણસોને બોલાવો.'

પડોશના બીજા બે ત્રણ ગૃહસ્થો આવી ગયા, એટલે પોતે શેત્રંજી પર ચત્તા સૂઇ ગયા. પછી હાથ પગ તથા માથા આગળ એકેક જણને એકેક આંગળી લગાડી રાખવા કહ્યું', ને સૂચના કરી કે શરીર અધ્ધર થાય કે સાથેસાથ ઊભા થઇને તે નીચે આવે તે વખતે ટેકવી દેજો.

એમ કહી તેમણે ખેચરી મુદ્રા શરૂ કરી. ગળામાંથી લાંબો 'ઓ...મ' સ્વર નીકળતાં મોં ફાટીને અંદરની જીભ બેવડી થઇ ઊતરી ગઇ લાગી અને મોં ખાલી ગોખલા જેવું જણાયું. ત્યાં તો એકાએક શરીર ઊંચું થયું! બધા પણ સાથેસાથ ઊભા થયા, અને દરેકના માથા સુધી તેમના હાથ પહોંચ્યા એટલે લગી અધ્ધર જઇ પછી શરીર નીચે આવી ગયું. દરેક જણે કહ્યું' કે શરીર ઊંચું થયું ત્યારે તેમને કંઇ જ વજન લાગ્યું નહોતું!

પાછો તેમના ગળામાંથી સ્વર નીકળ્યો અને જીભ યથાસ્થાને દેખાઇ. પછી તેમની વાતથી જાણવા મળ્યું કે ખેચરી સિદ્ધ કરવાને યોગીઓ જીભ નીચેની ચામડી રોજ તીક્ષ્ણ શસ્ત્રથી કાપતા જાય છે અને માખણથી રુઝવતા જાય છે. છેવટે જીભ અંદર વાળીને ઉપરના તાળવાને સ્પર્શે છે ત્યારે ત્યાંથી ચંદ્રામૃત નામનો રસ મળે છે. તેનું પાન કરી તે અસામાન્ય તૃપ્તિ મેળવે છે. પછી તો ખબર પડી કે તેઓ તો સામેની બીજી લાટી (વંડા)માં અમારા હેડમાસ્તર, વીસનગરના મણિભાઇને ત્યાં જ રહ્યા છે અને રોજ રાત્રે ભજનો કરે છે તથા તે પછી ભાવિકોને કંઇકંઇ ચમત્કાર બતાવે છે. ધગતો લાલચોળ પારો દાંતમાં પકડી શકે છે, મૂઠી ખોલીને માગ્યો પ્રસાદ આપે છે અને કોઇકોઇ ભાવિકને માથે વસ્ત્ર ઢાંકી તેના ઇષ્ટદેવનું દર્શન કરાવે છે. એક વૃદ્ધ માસ્તરને એ રીતે શ્રીનાથજીનાં દર્શન થએલાં.

ચમત્કારો પ્રત્યક્ષ બતાવનાર વ્યક્તિ સમીપ છે તો આપણે પણ કંઈક પરચો જોવો એવી મારા મનમાં રઢ લાગી; એટલે પિતાશ્રીને વીનવી એક રાતે તેમની સાથે ત્યાં ગયો. લોકોથી ઓશરી ખીચોખીચ ભરેલી હતી. તેમણે ભજનો ગાયાં. પછી સૌ વિખરાવાનાં થયાં ત્યારે હું પણ તેમની પાસે ગયો અને પિતાશ્રી સામે જોઇને મેં ધીમેથી કહ્યું', 'એમને કહો કે મને કોઇ દેવનું દર્શન કરાવે.'

'છોકરો શું કહે છે?' તેઓ બોલ્યા. પિતાશ્રીએ કહ્યું' કે 'એ કંઇક માગણી કરે છે.' એમણે મને પૂછયું; 'શું છે બોલ?'

'મારે કોઇ દેવ કે દેવીનાં દર્શન કરવાં છે.'

'પણ તેં કોઇ દેવદેવી જોયાં છે?'

ફક્ત અંબાજીમાં પ્રતિમાનાં દર્શન કર્યાં છે, સાક્ષાત્ નથી જોયાં.'

'પણ તું નજરે જોઇને ભય પામીશ નહિ?'

'જરા ય નહિ; ગમે તેમ કરી બતાવો.' મારી તે વખતની કાકલૂદીથી તેમના પર અસર થઇ કે ગમે તેમ, પણ તેમણે તરત કહ્યું', 'મારા માટે સ્નાનની ગોઠવણ કરો; અને અંદરના ખંડમાં બે પાટલા નંખાવો'.

૫૧ પ્રત્યક્ષ પરચો

વિખરાતા લોકો રોકાઇ ગયા. સૌને કુતૂહલ થયું કે કંઈક પ્રયોગ જોવાનો મળશે. એ બધાને તેમણે બહાર રહીને શાંતિથી જે થાય તે જોવા કહ્યું'. મારાં બધાં વસ્ત્રો ઊતરાવી એક અબોટિયું માત્ર ઓઢાડીને પાટલા પર લંગોટીભેર મને બેસાડ્યો. બે બાજુએ ઘીના માત્ર બે દીવા હતા, બીજી બત્તી નહોતી. મારી સામેના પાટલા પર પોતે બેઠા અને ભોંય પર પાણીથી કંઈક યંત્ર દોર્યું. પછી મને કહ્યું', 'જરાય ડરીશ નહિ. લે, તારા રક્ષણ માટે આ ચપ્પુ છે. કહી ચપ્પુ ભોંયમાં ઊભું ખોસી રાખ્યું અને મને અંબાજીનું ધ્યાન કરવા કહ્યું'. થોડી વારે પૂછ્યું 'શું દેખાય છે?' મેં કહ્યું', 'હું વિચાર કરું છું તે પ્રમાણે આકૃતિ દેખાય છે, પણ બહારનું કોઈ સત્ત્વ હાજર હોય એવું લાગતું નથી. મને કંઈક પરચો બતાવો.'

'આ સાંભળી તે ગંભીર બની ગયા: 'તો પછી હવે બીતો નહિ' એમ કહી તેમણે 'અ...ઉ...મ' સ્વરથી શ્વાસ ખેંચી મોં ખુલ્લું કર્યું, તો અંદર જીભ મળે નહિ! ખાલી ઊંડા ગોખલા જેવું પોલાણ હતું. એ દૃશ્ય મને બહુ જ વિસ્મયકારક લાગ્યું અને શું બને છે તેની રાહ જોતો સ્થિર નજરે બેઠો. ઓરડામાં અમે બે જ જણ હતા અને તદ્દન ચૂપકીદી હતી. બહારના લોકોએ અમારી વાત સાંભળી લીધી હશે પણ કોઇએ અવાજ થવા દીધો નહિ.

એકાએક મોટી ત્રાડ પાડી તે પાટલા ઉપર પાછળ ઊછળી પડ્યા અને ચત્તાપાટ પડ્યા. એ વખતે મેં બરાબર જોયું કે તેમના મોંમાંથી



નળના પાણીની જેમ કંકુ છૂટતું હતું. બહારના લોકો અંદર ધસી આવ્યા અને કંઈ સમજ્યા વિના 'જે અંબે! જે અંબે!' બોલી તાળીઓ પાડવા લાગ્યા. કોઇએ તેમના પર પંખો નાખવા માંડ્યો ત્યારે થોડી વારે 'સૂ...ઊ...ઊ...' કરતા અવાજ સાથે તે સ્વસ્થ થયા અને પહેલું જ પૂછ્યું 'છોકરો ભાનમાં છે ને?' હું તો ભાનમાં જ હતો, પણ દિગ્મૂઢ બની ગયો હતો. મારા આખા શરીર પર કંકુનો વરસાદ થયો હતો. મારા પિતાશ્રીએ એક ખોબો ભરી લીધો અને બીજાઓ જોવા આવતા ગયા તેમ જમીન ઉપરથી, આસપાસની ચીજો પરથી, ડામચિયા પરથી જ્યાં નજરે પડ્યું ત્યાંથી કંકુ લેવા માંડ્યા. આખા ખંડમાં જાણે છાપ-રામાંથી કંકુનો વરસાદ થયો હોય એવું લાગ્યું. મારા પર તેમણે હાથ ફેરવ્યો અને મેં વંદન કર્યું. તેમણે મારા પિતાશ્રીને કહ્યું', 'રાત્રે ઊંઘમાં ચમકે અને બોલવા માંડે તો મને ખબર કરજો.'

મારા પિતાશ્રીને પણ આ પ્રસંગથી યોગવિદ્યાની એક પ્રતીતિ મળી હોય એમ લાગ્યું. ઘેર આવી મારાં બાને કહ્યું', 'રવિ નસીબદાર કે તેને યોગીની પ્રસાદી અને પરચો મળી ગયો. માતાજીનું કંકુ તેના પર વરસ્યું.' હું પણ મનમાં અદ્ધર ઘૂમતો હતો, પણ પ્રશ્ન રહી ગયો કે મને કેમ કંઇ થયું નહિ અને પ્રયોગની અસર તેમના ઉપર જ થઇ? પછીથી કોઇએ કહ્યું' કે તેમણે જાણી જોઇને આકરો પ્રયોગ પોતાની ઉપર ખેંચી લીધો હશે. પણ મારી એટલી તો ખાત્રી હતી કે તેમાં કોઈ જાતની બનાવટ, દંભ કે પાખંડ નહોતું. થોડાં વર્ષો પછી મને ખબર મળી કે એ પછી બહુ ટૂંકી મુદતમાં તેમનું દેહાવસાન થયું હતું. મારા પર કરેલા પ્રયોગ જેવા ઘણા આઘાત ખમે એવું તેમનું શરીર નહોતું જ.

* પિતાશ્રીની સેકન્ડ ગ્રેઈડના ઈન્સ્પેક્ટર તરીકે નિમણૂક પ્રોબેશનર (અજમાયશી) તરીકે હતી. તેમાં તેમણે એક મોટા ડિસ્ટ્રિક્ટનું કામ જોખમો અને જહેમત ખેડીને ખંતથી કર્યું હતું. અમદાવાદના ડિસ્ટ્રિક્ટ સુપરિન્ટેન્ડેન્ટ તેમના કામનો સારો રીપોર્ટ કરે તો જ તેઓ કાયમ થાય એમ હતું. પણ સુપરિન્ટેન્ડેન્ટ છોટાભાઇને કોઇએ ભરમાવેલા તેથી તેમના કામ માટે ભળતો રીપોર્ટ કરી મોકલ્યો. પરંતુ પોસ્ટ માસ્તર જનરલ મિ. મૅક્સવેલને પિતાશ્રીનાં આગળનાં કામોની માહિતી હતી એટલે તેના પર ઈતબાર ન મૂકતાં જાતે અમદાવાદ આવી રૂબરૂ પૂછપરછ કરી. એ વખતે પિતાશ્રીએ બધી વાતનો ખુલાસો કરી દીધો, તેમાં છોટાલાલભાઇની પણ આંખ ઊઘડી ગઈ અને વિરુદ્ધ વલણ માટે દિલગીરી બતાવી. મૅક્સવેલ સાહેબે પિતાશ્રીને ઈન્સ્પેક્ટર તરીકે કાયમ કરી દીધા અને તે પછી અમદાવાદ, મહેસાણા ને વીરમગામ સુધીના મંડળમાં તેમની પ્રતિષ્ઠા વધી ગઈ.

૫૨ સાહિત્યસંસ્કાર

વડનગરમાં અમારા કુટુંબના સંબંધી મકનજીભાઈ રાવળ પોસ્ટ માસ્તર હતા, તેથી એ તરફની એક સફરમાં ત્રણેક દિવસ માટે પિતાશ્રી મને તથા નાની બહેનને લઈ ગયા, અને અમને તેમને ત્યાં મૂકી આસપાસનાં ગામો તપાસવા ગયા. મકનજીભાઈ રસિક ઉમંગી અને બાળપ્રેમી હતા. તેમના ઘરમાં મને નારાયણ હેમચંદ્રની બંગાળી પરથી અનુવાદ કરેલી ચોપડીઓ મળી ગઈ. ખિસ્સામાં રહી શકે એવડી ડાયરીના કદની આ ચોપડીઓમાં તેણે 'વિષવૃક્ષ', 'દુર્ગેશનંદિની' અને 'બંકિમની વાતો' પ્રસિદ્ધ કરી હતી. માણસના મનની ઊર્મિઓ તથા હાવભાવનું વર્ણન મેં પહેલી જ વાર રસપૂર્વક એમાં વાંચ્યું અને અનુભવ્યું. વાંચવામાં હું લીન થઇ જતો, રસતરબોળ બનતો, પણ વાંચેલી વાત બીજાઓ પાસે તે વ્યક્ત કરવાની મારામાં શક્તિ નહોતી.

વડનગરમાં બીજો યે એક પ્રેરક પરિચય થયો. પોસ્ટ ઑફિસની નજીકમાં બાલકૃષ્ણ મહારાજનું મંદિર હતું ત્યાં મકનજીભાઇ અમને લઇ ગયા. એ જુવાન મહારાજે મંદિરની ભીંતો ઉપર 'સીતા–ભૂમિપ્રવેશ' અને 'દ્રૌપદી–વસ્ત્રાહરણ'ના પ્રસંગોનાં રાજા રવિવર્માનાં ચિત્રો ફૂલચંદ નામના ચિત્રકાર પાસે ચીતરાવ્યાં હતાં. મેં રામાયણ વાંચેલું એટલે સીતાભૂમિપ્રવેશના ચિત્રની કરુણા અને દ્રૌપદી–વસ્ત્રાહરણમાં અપમાનિત થએલા પાંડવોની મુદ્રાઓએ મને બહુ પ્રભાવિત કર્યો.

એ મહારાજ હારમોનિયમ સરસ વગાડતા. લોકોનાં ફાનાં ગાયનો ગાતા તેથી વિશેષ સંગીતમાં કંઈ મેં જાણેલું નહિ. મહારાજશ્રીને ફોટોગ્રાફીનો પણ શોખ હતો. અને વર્ષો પછી તેમણે ચિત્રો છાપવાના બ્લૉક

જોતાવવાનું પણ શરૂ કરેલું. પાછળથી એક વખત અચાનક મળેલા ત્યારે એ વૃદ્ધ થએલા, પણ આંખ અને મોં પર એક રસિક સંસ્કારી મયોગ-વીરની છાપ હતી. જીવનમાં ઘણા માણસો મોટા સ્થાનમાં ખોટે સમયે મુકાએલા હોય છે તેમાંના એક એ હતા.

પિતાશ્રીના કાયમ થયા પછી વધારે પગારવાળી જગ્યા મળવાની આશા અને ભણકારા ચાલુ થયા હતા; તેથી અંબાજીનાં દર્શન કરી લેવાની બાની તીવ્ર ઈચ્છા પાર પાડવા એમણે દાંતા-અંબાજીની એક સફરમાં આખા ઘરને સાથે લીધું. આબુથી અમે ગાડામા દાંતા ગયા. ત્યા રાજ્ય તરફથી ફૂલવાડીવાળા એક બંગલામાં ઉતારો મળ્યો ત્યાં ત્રિત્રણ દિવસ હરવાફરવાની મઝા માણી. રાજ્ય તરફથી જણ દીઠ પાકાં સીધાં રોજ આવતાં તેમાં ઘી ઘણું વધી પડતું. એટલે દરરોજ અમારા માટે મગજના લાડુ બનાવી રાખતા. ત્યાથી નીકળ્યા ત્યારે રાજ્યે ગાર્ડ અને ઘોડેસવાર અંબાજી સુધી સાથે મોકલ્યાં. સવારથી સાંજ સુધી ડુંગરાળ કાચા રસ્તા પર અથડાતા અમે જતાં હતા. કે-ડાંથી બે બાજુનાં વન બહેકી રહ્યાં હતાં. એટલામાં અચાનક સવારનો ઘોડો બે પગે ઊછળ્યો અને ગાડાના બળદો આડા કૂદતા હતા તેને હાંકનારે મહાપરાણે રાશ ખેંચી થંભાવ્યા. 'શું થયું, શું થયું' એમ પૂછીએ ત્યાં તો ફલાંગ દેતો એક દીપડો રસ્તાની સામે એક બાજુથી નીકળી બાજુની ઝાડીમાં ચાલ્યો ગયો! સવારે બંદૂક સંભાળી લીધી હતી, પણ થોડી વારે બધું શાંત પડી ગયું એટલે તે આગળ ચાલ્યો અને બળદો પણ ચાલ્યા.

અંબાજીમાં આ વખતે અમે તો સરકારી મહેમાન હતાં. ત્યાંના પોસ્ટમાસ્તરે મોટા પૂજારીને ખબર આપેલા એટલે અમારે માટે સ-વારમાં દર્શનની ખાસ ગોઠવણ થઇ હતી. માતાજીને થાળ ધરી મારાં બાએ પ્રસન્નતા અનુભવી.

અમારા ઉતારામાં અંબાજીનું એક છાપખાનું ચાલતું હતું તેમાં માતાજીના ગરબાની ચોપડીઓ છપાતી હતી. નાનકડી ઓરડી જેટલી જગ્યામાં એક જ માણસ બીબાંથી એક જ પાનું ગોઠવતો. પછી છરીથી શાહી એક પથ્થર પર પાથરી દેતો, અને તે પર લુગડાની પોટલી ઘૂંટીને તે પર શાહી લઇ બીબાં ગોઠવેલા ચોકઠા પર દાબતો. ત્યાર બાદ ચો-પડીના માપના કાગળોની થપ્પીમાંથી એકેક કાગળ તે પર મૂકી એક લાકડાનો દાંડો નીચો કરતો એટલે બે પાટિયાં વચ્ચે તેને બીબાં સાથે ભીંસ થતી. દાંડો ઊંચો કરે એટલે કાગળ પર બીબાંથી ગરબાની છાપ છપાએલી દેખાતી. આમ એક એક કાગળ દરેક વખતે મૂકીને બધાં પાનાં છપાઇ રહે ત્યારે ચોપડી તૈયાર થતી. આ હતો મારો છાપખાનાનો પહેલો પ્રત્યક્ષ પરિચય. ત્રિત્રણ કલાકો સુધી ત્યાં બે-સીને મેં ખૂબ કૌતુકથી એ કામ નિહાળ્યું હતું.

મહેસાણાની પોસ્ટ ઑફિસમાં પાછળથી ત્રિભુવનદાસ દવે કરીને લીમડીના અમારી જ્ઞાતિના એક પોસ્ટમાસ્તર આવ્યા. તેનો પુત્ર છોટાલાલ મારો સમવયસ્ક હતો, તેથી પોસ્ટ ઑફિસમાં મારી આવજા વધી. ઉના-ળામાં એક વાર રજાઓમાં દાક્તરીના કૉલેજ-માં ભણતા તેના મોટા ભાઈ કેશવલાલ આવ્યા. તેનામાં મેં નવા સુધારાની રીતભાતો જોઇ. વયમાં મોટા છતાં તે અમારી સાથે સારી રીતે વાતો કરતા. ઘણાં વર્ષો બાદ મેં તેમને લીમડીના ચીફ મેડિકલ ઑફિસર થએલા જોયા.

એક વાર પોસ્ટ ઑફિસની પેટીઓ રંગનાર તથા અક્ષરો લખનાર પેઈન્ટર અમદાવાદથી આવેલા. ગામની અને ડિસ્ટ્રિક્ટની બધી જૂની પેટીઓ ત્યાં આવતી તેને તે સરસ લાલ રંગ કરી અક્ષરો લખતો. તે માટે એક નાના ડબ્બામાં સફેદો રાખતો ને તેમાં ટર્પેન્ટાઇન નાખી જરૂરી પાતળો બનાવી પીંછીથી છાપેલા જેવા અક્ષરો લખતો. ત્યારે પીંછી મેં પહેલી જ વાર જોઈ. કાગળ પર કિત્તાથી આવા અક્ષરો લખતાં તો મને આવડતા, પણ આવા રંગ તો વાળની પીંછીથી જ વાપરી શકાય એ જ્ઞાન થયું તેણે મારી છત્રી ઉપર R. M. R. લખી આપ્યું. એ પીંછીની રચના જોઇ લઇને મેં ઘરમાં એક ખૂણે જઈ મારી ચોટલીની શેડ કાપી લીધી, પછી વાંસની સળી પર દોરાથી તે બાંધી પીંછી બનાવી લીધી અને પેઈન્ટર પાસેથી સફેદો લાવી બીજી છત્રી પર અને પેટીઓ પર નામો લખ્યાં.

મહેસાણામાં જ મેં પહેલી અંગ્રેજી પાસ કરી. તેમાં મણિલાલનો નંબર પહેલો અને મારો બીજો હતો. એ વખતમાં પહેલી અંગ્રેજી સાથે છઠ્ઠી ગુજરાતીનું ભણતર અને બીજી અંગ્રેજીમાં સાતમી ગુજરાતીનું ભણતર જોડેલું રહેતું. હોપ સાહેબના એ વાચનમાળાના પાઠોમાં નીતિચરિત્રના પાઠો સારા હતા. વિશેષ સાહિત્યને પરિચય કરાવવા ગણપતરામ અનુપરામ ત્રિવેદીએ અંગ્રેજીમાંથી અનુવાદ કરેલી 'બાલ-મિત્ર' નામની ચોપડી ચાલતી તેના પાઠોની જીવનપર ભારે અસર થતી.

મારી પાસેની પાડામાળા, નળાખ્યાન, છઠ્ઠી ચોપડી, પ્રાઇમર વગેરે મારા મોટા ભાઇ ભણી ગએલા તે જ ભાવનગરથી હું લેતો આવ્યો હતો. હવે બીજી અંગ્રેજી માટે પણ થોડીક જ નવી ચોપડીઓની ખરીદી કરવાની હતી. પણ એવામાં ઘણા મહિનાથી જેની અટકળ કરતા હતા તે સમાચાર આવ્યા. પિતાશ્રીને ફર્સ્ટ ગ્રેઈડના ઈન્સપેક્ટર તરીકે રૂ. ૧૦૦ના પગારથી ભાવનગર મુકામે નીમતો હુકમ મળ્યો. મારાં બા અને અમે સૌ ખુશખુશ થઇ ગયાં કે હવે મોટાભાઇ, ભાભી, કાકા-કાકી, મોટાં મા, ભાણો વગેરે સૌ સાથે જ રહેવાનાં. (ચાલુ)

અરધી દુનિયાનો આદરપાત્ર છોડવો ચા

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની
લોકપ્રિય લેખમાળા 'આહાર અને આરોગ્ય' હપતો-૩૬



જીવન ટકાવવા માટે ખોરાક ખાવા ઉપરાંત માનવીએ અમુક પથ્ય છોડવાનાં પાન અને બિયાંને પાણીમાં ઉકાળીને ઉત્તેજક પીણાં પીવાનો શૉખ પણ કેળવ્યો છે. આવાં પીણામાં ચા, કૉફી અને કોકો છે, જે દુનિયાભરમાં વ્યાપક બનેલાં છે.

ચાનું માદરેવતન તો ચીન. અને તેનું પીણું પણ દુનિયાને ચીનની જ ભેટ છે. આસામમાં વગડાઉ ચા થાય છે, પણ સદીઓ થયાં સાચી ચાનું વાવેતર તો ચીનમાં જ થતું આવ્યું છે. ચાનો સૌ પ્રથમ ઉલ્લેખ ચીનમાં ઈ.સ. ૩૫૦માં થયાનું હચિન્સન લખે છે. ઈ. ૧૬૧૦ના અરસામાં ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા ચાનો ઈંગ્લંડમાં પ્રવેશ થયો. ત્યાં ૧૮૬૨ સુધી ચીનની જ ચા પીવાતી હતી. ૧૮૮૦ પછી દુનિયાભરમાં હિંદ અને સિલોનની ચાનો વપરાશ વધ્યો છે.

હિંદમાં ચા ઓગણીસમી સદીની અધવચમાં ચીનમાંથી આવી અને એ સદીના અંત સુધીમાં ઉત્તર બંગાળ, આસામ, કાંગડા, કુમાઉં ને છોટા નાગપુરમાં ચાનાં વાવેતર થયાં. આપણે ત્યાં ચા પીવાનો રિવાજ અંગ્રેજો સાથેના સંબંધથી જ શરૂ થયાનું કહી શકાય. ૧૯૦૦ના અરસામાં 'ઇન્ડિયન ટી એસોસીએશને' ચાનો ઉગ્ર પ્રચાર શરૂ કર્યો. ગુજરાતમાં પણ ચાના વપરાશનાં પગરણ એ અરસામાં જ થયાં. ૧૯૦૨ની તત્સંબંધી વિગત જણાવતાં શ્રી રવિશંકર રાવળ આત્મકથાનકમાં લખે છે: 'એ વખતે સવારમાં ચાનું નામ નહોતું. ચા તો કોઈ મહેમાન હોય ત્યારે કે રજાના દિવસે ખાસ થતી. રકાબી-પ્યાલાને બદલે ઘરમાં રોજ વપરાતી વાટકીમાં ચા અપાતી અને ઠારવા માટે બીજી વાટકી કે નાની થારડી મળતી.' શ્રી કનૈયાલાલ મુનશી પણ લખે છે: '૧૯૦૩માં અમે રોજ ચા પીવા માંડી. તે પહેલાં ચા પીવી એ મોટી જાફત કરી ગણાતી.' પણ ગાંધીજીના આગમન પછી રાષ્ટ્રીય આંદોલનની અસરથી થોડા સ્તરમાં ચાનો બહિષ્કાર પુકારાયા સિવાય આજ સુધીમાં મોંઘવારીમાં પણ તેનો વપરાશ એટલો વ્યાપક બની ગયો છે કે તે છેક ગરીબનાં ઝૂંપડાં સુધી પહોંચી ગઈ છે. ઉત્તેજના આણવાના અને ભૂખ મારવાના તેના ગુણોને લીધે આજકાલ ચા ગરીબ લોકોનું રોજિંદું ને વારંવારનું પ્રિય પીણું થઈ પડી છે.

ચાનું ઉત્પાદન

આસામમાં ચાના છોડ કુદરતી વિકાસમા તો ત્રીસ ફૂટની ઊંચાઇએ પહોંચે છે, પણ બગીચાઓમાં ઉછેરવામા આવતા તેના છોડની કૂંપો વારંવાર ચૂંટાતી રહેવાથી તે નાના છોડવાના રૂપમાં હોય છે. કુમળાં અને જાડાં પાનનાં અલગ અલગ ચાળણ પ્રમાણે ચા જુદાંજુદાં નામે ઓળખાય છે. છોડની ટોચનાં રસભરપૂર બે કુમળાં પાનની શ્રેષ્ઠ ચા 'ફ્લાવરી ઑરેન્જ પેકો', તો ત્રણચાર જાડાં પાનની ચા 'ઑરેન્જ પેકો' અને 'પેકો'ને નામે ઓળખાય છે. ચૂંટાએલાંપાંદડાં પર થતી ક્રિયાઓ અનુસાર તે 'કાળી' અને 'લીલી' ચાના નામે ઓળખાય છે.

પાંદડાં ચીમળાઇને પોચાં લોચા જેવાં બન્યા બાદ તેને ખુલ્લામાં સૂકવવામાં આવે છે. સૂકવણી દરમિયાન તેમાં તેલી પદાર્થ અને થોડી કડવાશ પેદા થાય છે. આ પછી તેને ડ્રાઇંગ મશિનનો તાપ આપવાથી કાળી ચા તૈયાર થાય છે. લીલી ચા બનાવવા માટે તાજાં પાંદડાંને ગરમ તાવડામાં ચીમળાવી અગર બાફીને અગ્નિના તાપથી સૂકવવામાં આવે છે. કાળી કરતાં લીલી ચામાં ઘટકો વધારે જળવાઇ રહે છે.

દેશદેશની ચા

દેશ અને પ્રાંત ભેદે ચાની જાતમાં ફેર પડે છે. ચીની ચાની સોડમ નાજુક છે, તો હિંદની ચા કડક હોઈ હળવી જાતો સાથે મિશ્રણ માટે વપરાય છે. સિલોનની ચા વળી વિશિષ્ટ સોડમથી સમૃદ્ધ છે, પણ તે હિંદી ચા જેવી 'તીખી' નથી. દાર્જિલિંગની કાળી ચા આસામી ચા કરતાં ઓછી તૂરી અને બરછટ હોઈ પીવા માટે શ્રેષ્ઠ છે. હચિન્સન લખે છે કે બજારમાં વેચાતી મોટા ભાગની ચા હિંદી, સિલોની અને ચીની ચાનું મિશ્રણ હોય છે. ઉત્તર ચીન અને જાપાનમાંથી લીલી ચા આવે છે. તેમાં જાપાનની ચા ઉત્તમ છે.

સંરચના

ચાની સંરચનામાં શરીર ઉપર અસર કરનારાં ઘટકો ત્રણ છે: કૅફિન, ટૅનિન અને અરધા ટકા પ્રમાણમાં ઊડી જાય એવું તેલ. ચાની સોડમ એ તેલને લીધે, તો તેનું 'કદ' ટૅનિનને આભારી છે. કૅફિન ઉત્તેજક છે, ટૅનિન ગ્રાહ્ય (ઍસ્ટ્રિન્જન્ટ). ચીનની ચા કરતાં હિંદી ચામાં આ ત્રણેની સમૃદ્ધિ છે. કાળી ચા કરતાં લીલી ચામાં ટૅનિનની વિપુલતા છે. ઊંચી જાતની ચામાં ટૅનિન અને કૅફિન બન્ને વધારે હોય છે.

પણ આપણે વસ્તુતઃ તો ચાને સહેજ ઉકાળી તેનો 'ભીંજણ-કાવો' (ઈન્ફ્યુશ્ઝન) પીતા હોવાથી ચાનાં પાંદડાંની સંરચના કરતાં એ કાવાની સંરચના જાણવી જરૂરી છે. હચિન્સન લખે છે: 'સામાન્યરીતે પાંચ મિનિટ સુધી ચાનો કાવો બનાવ્યો હોય તો ચાનાં પાંદડાંનું પચીસ ટકા વજન એ પ્રવાહીમાં ભળે છે. ચાના મોટા પ્યાલામાં પાંચ ગ્રામ જેટલી ચા નંખાય છે. આમાંથી લગભગ એક ગ્રામ જેટલાં આવેલાં ઘન દ્રવ્યોમાં કૅફિન અને ટૅનિન મહત્ત્વનાં છે. ટૅનિન કરતાં કૅફિન સહેલાઈથી દ્રાવ્ય હોઈ ત્રણ મિનિટ જેટલા સમયમાં તો તેના ૭૫ ટકા પાણીમાં આવી જાય છે. પાણીની ગરમીના પ્રમાણ અને ભીંજાવાના સમયના પ્રમાણ ઉપર ટૅનિનના ઓગળવાનો આધાર રહે છે. આમાંયે ટૅનિનના પ્રમાણનું ખાસ મહત્ત્વ છે. તેનું પ્રમાણ મોટું હોય તો ચા ભાવતી નથી; અને વધારે પ્રમાણ શરીર ઉપર માઠી અસરો ઉપજાવનારની વડે છે. એકવાર વાપરેલી ચામાંથી બીજીવાર ચા બનાવવામાં ટૅનિન વધારે આવે છે. હોટેલની ચામાં આવું બનવા સંભવ રહે છે. આ ઉપરથી આટલું સમજવાનું કે વધારે પ્રમાણના કૅફિન સાથે ટૅનિનનું વધારે પ્રમાણ ટાળવા ચાને ત્રણ મિનિટથી ઓછો નહિ અને પાંચ મિનિટથી વધારે નહિ એટલા સમય સુધી ગરમ પાણીમાં રાખવી ને પછી તેને પ્યાલામાં ગાળવી. આવી ચામાં એક ગ્રેઈન કૅફિન અને એના કરતાં દોઢથી ત્રણગણું ટૅનિન આવે છે. જો ઓછા ટૅનિનની ઈચ્છા હોય તો ચાને ત્રણ જ મિનિટ સુધી પાણીમાં રાખવી.'

ચાનો વ્યાપ

પણ ચાનું પીણું આજે ગરીબ ને તવંગર, નાનાં ને મોટાં સૌને અતિ પ્રિય થઈ પડ્યું છે તે તો એમાં રહેલા ઉત્તેજક ગુણવાળા કૅફિનને


શતરંજ

લેખક · સુરેશ મોદી

રાજા અને બે પ્યાદાં વિરુદ્ધ રાજા અને એક પ્યાદું

આ સ્થિતિ વધુ અંશે તો બે પ્યાદાવાળા પક્ષની જીતમાં જ પરિણમે છે. અહીં તે ઘણી વાર પોતાના એક પ્યાદાનો ભોગ દઇને પણ જીતવા જેવી સ્થિતિ મેળવી શકે છે.

દા. ત. બાજુના ચિત્રમાં ડાબી બાજુના ભાગમાં 1 K–B6, K–Q1; 2 P–Q7, K×P. પ્યાદું મારવું જ પડે, નહીં તો તે બે ચાલમાં જ વજીર થાય. 3 K–B7, K–Q1; 4 K–K6, K–B2 (જો 4…KB1, તો સીધું 5 K–Q6, અને પછી હવે પછીની રમતની જેમ જ) 5 K–K7 (આ ચાલથી સફેદે Opposition મેળવ્યું. હવે કાળા રાજાને



પોતાના પ્યાદાના રક્ષણમાંથી ફરજિયાત રીતે દૂર જવું પડે છે.) K–B1; 6 K-Q6, K-N2; 7 K–Q7!, K–N1; 8 K×P અને હવે સફેદ જીતશે.

આ જાતની સ્થિતિમાં એક બીજી યુક્તિ કામ આવે છે જેને Triangulation કહે છે. તેનો એક દાખલો જોઇએ.

ઉપરના ચિત્રમાં જમણીબાજુના ભાગમાં, 1 K–K5, K–B1; 2 K–K4, K–K1; 3 K–B4, K–B1; 4 K–K6!, K–B2; 5 K–B3! (જો 4…, K–K1 તો K–K6 પછી સફેદની જીત તદ્દન સહેલી છે)

હવે સ્થિતિ શરૂઆતમાં હતી તે જ આવી. પણ ચાલ કાળાની છે. હવે તેને પીછેહઠ કરવી જ પડશે.

5 …, K–B1; 6 K–N6, K–N1; 7 K×P, K–B2; 8 K–N5, K–B1; 9 K–N6, K–N1; 10 P–B7ch, K–B1; 11 P–R6, KgK2; 12 K--N7 અને જીતે છે.

આ દાખલામાં સફેદ કાળા રાજાની B2 ઉપર આવવાની રાહ જોઇ શકે છે. તે ત્રણ ખાનાં પરથી B5 ઉપર જઈ શકે તેમ છે. જ્યારે કાળાને B2 ઉપર આવવા માટે બે જ રસ્તા હતા. અને B1 અથવા N1 અને B2. તે K2 કે N2 ઉપર જઇ શકે તેમ ન હતો કારણ કે ત્યાં સફેદ પ્યાદાની શેહ છે. રાજા અને એક પ્યાદાથી રાજા સામે જીતવા

લીધે. તે એટલે સુધી કે આતિથ્યમાં તે પહેલી ધરવામાં આવે છે. સ્વાગતઃશિષ્ટાચારનું તે મુખ્ય અંગ ગણાઈ ગયું હોવાથી ચા નહિ પીનારા કે તેની વિરુદ્ધનો મત ધરાવનારાને પણ મહેમાનને ચા પાયા વિના ચાલતું નથી. ૧૯૫૬માં હિંદમાં દર વરસે માથા દીઠ આઠ ઔંસ ચા વપરાતી તે હવે વધીને અગિયાર ઔંસ થઈ છે. એના રસિયાઓ દિવસમાં પાંચથી દસ વાર–અરે, રાતે સૂતાં અગાઉ પણ તે પીએ છે! અમુક વર્ગના લોકો તો રોટલા સાથે દૂધ કે છાશને બદલે ચા વાપરે છે, બલ્કે અનેક ગરીબોને તો તે કેટલીક વાર ખુદ રોટલાની ગરજ સારે છે.

આમ, ચા લોકોના ગળે અટલી બધી પડી હોવા છતાં ય ખરેખરી સારી ચાનો સ્વાદ તો બહુ જ થોડા માણતા હશે. આમાં દોષ ચાની જાતનો હોવા છતાં વધારે તો તે બનાવવામાં રહેલો છે.

ખરેખર, આપણને સારી ચા બનાવતાં જ નથી આવડતી. તેનો માત્ર 'ભીંજણ–કાવો' (ઈન્ફ્યુઝન) પીવાને બદલે આપણે તેને 'ઉકાળીને' તેનો 'કવાથ' (ડિકૉકશન) પીએ છીએ! કાં તો પાણી, ખાંડ, ચા ને દૂધ બધું એકઠું મેળવીને અગર તો અલગ અલગ નાખીને આપણે ચાને ખૂબ ઉકાળીએ છીએ. કદીક વળી ચા ભેગો ગરમ મસાલો પણ ભેળવીએ છીએ. આમ ચા બનાવવાની આપણી નોખીઅનોખી રીતો છે. પણ જો ચાનો ખરો કસ અને રસ માણવો હોય તો તેનો 'ભીંજણ; કાવો' જ બનાવવો જોઇએ.

ચા કેમ બનાવવી

મધુર સોડમ અને રોચક આસ્વાદ સાથે વધારે પ્રમાણમાં કૅફિન અને ઈષ્ટ પ્રમાણમાં ટૅનિન આવે એ જ ચાની સ–રસ બનાવટ ગણાય. આવી ચા બનાવવા માટે સ્વચ્છ કીટલીમાં જરૂરી પ્રમાણમાં ચા નાખી તેના ઉપર ઊકળતું પાણી રેડીને પાંચ મિનિટ ઢાંકી રાખવી. એથી એની સોડમ જળવાય છે. પાંણી નદી કે કૂવાનું ગમે તેનું ચાલે, પણ આટલું જાળવવું કે તે ઝટઝટ ઉકાળવું નહિ. વળી વધારે સમય સુધી પાણી ઊકળતું રાખવાથી સ્વાદમાં તે ફિક્કું બનતાં ચાનો સ્વાદ બગડે છે.

હવે ચાના પ્રમાણ વિષે. એક પ્યાલા ચા માટે એક ચમચી ચા અને એક ચમચી વધારાની ચાદાનીની કે તપેલીની નાખવી. બીજી રીતે કહીએ તો ચાર ઔંસ ચાના એક પ્યાલા માટે પા તોલો-પાવલીભાર ચા નાખવી. પછી, પાંદડાં ઉપર ગરમ પાણી રેડી ત્રણથી પાંચ મિનિટ સુધી તેને ઢાંકી રાખવાથી ચાનો સાચો 'ભીંજણ–કાવો' બને છે. આ જ ખરી ચા છે. તેનો રંગ રતાશપડતો સોનેરી, સોડમ મધુર, સ્વાદ નહિ બહુ તૂરો કે નહિ બહુ કડવો અને કાવો ન તો પાતળો કે જાડો હોય છે.

પાંચ મિનિટ ઠર્યા બાદ ચામાં ખાંડ ને દૂધ ભેળવવાં. જોકે ચાના ખરા પીનારા તેમાં દૂધ પસંદ નથી કરતા; પણ એક રીતે તો દૂધ ફાયદાકારક છે. હચિન્સન કહે છે કે 'દૂધનાં પ્રોટિન ટૅનિન સાથે ભળવાથી ટૅનિનની માઠી અસરો થતી નથી.'

…ચાને કેમ પીવી?

અમેરિકા અને રશિયામાં ચાનો ઠાર પીવાનો રિવાજ છે. ચાનો ભીંજણ-કાવો તૈયાર થયા બાદ તેમાં દૂધ-ખાંડને બદલે લીંબુ નિચોવી અંદર બરફના ગાગડા નાખે છે. ખાંડ જરૂર લાગે તો જ વાપરે છે. તરસ છિપાવવા માટે આ ચા ઉત્તમ હોઇ આપણા ગરમ દેશ માટે વિશેષ અનુકૂળ નીવડે છે.

ચા એ પરદેશથી આવેલું પીણું હોઈ એ પીવાનો પરદેશી શિષ્ટાચાર પણ જાળવવાનો છે. ચા ગટગટાવી જવાની નથી પણ એના ધીમા ઘૂંટડા ભરવાના છે. આવી રીતે ચા પીવામાં રકાબીનો કોઈ ઉપયોગ નથી. હા, રકાબીમાં ચા કાઢવાથી તે વહેલી ઠંડી પડે છે, પણ રકાબી વતી ચા પીવી અને તે પણ સબડકા બોલાવીને પીવી એ સભ્ય સમાજમાં આઘાતજનક આચાર લેખાય છે.


કેટલાક માણસો ગરમ ફળફળતી ચા પીએ છે. પણ શરીરની ગરમી કરતાં વધુ ગરમ કોઈ પણ ખોરાક કે પીણું ખાનપાનના કુદરતી કાનૂનની વિરુદ્ધ છે. ગરમ ચા પીવાથી અજીર્ણ થતું હોવાનું મનાય છે.

ચાના ગુણ-અવગુણ

ભૂખ્યા પેટે ચા લેવાથી તેની મૂત્રલ અસરો વધે છે. એથી હોજરીનો બગાડો પણ થાય છે. સવારની ચા નાસ્તા સાથે લેવી ઉચિત છે.

કરતાં રાજા અને બે પ્યાદાંથી રાજા અને એક પ્યાદા સામે જીતવું વધુ સહેલું પડે છે. વળી સાધારણ રીતે જેમ બોર્ડ ઉપર પ્યાદાં વધુ તેમ એક વધુ પ્યાદાંથી જીતવું વધુ સહેલું પડે છે. આના ઉપરથી એક સાધારણ નિયમ યાદ રાખવાનો કે જો તમારી પાસે એક પ્યાદું વધુ હોય તો બન્ને પક્ષનાં મ્હોરાંઓને સામસામા ખલાસ થવા દેવાં પણ પ્યાદાને જેમ બને તેમ સાચવી રાખવાં અને જો તમારી પાસે એક પ્યાદું ઓછું હોય તો પ્યાદાં ખલાસ કરવાની કોશિષ કરવી પણ મહોરાંઓને બને ત્યાં સુધી સાચવી રાખવા.

બન્ને પક્ષે સરખાં પ્યાદાં જ હોય પણ એક પક્ષનાં પ્યાદાં બીજાં કરતાં વધુ આગળ વધ્યાં હોય તો એક કે કયારેક બે પ્યાદાંનો ભોગ આપીને પણ એક પ્યાદાનો વહેલો વજીર બનાવીને જીતી શકાય છે. ફક્ત પ્યાદાંવાળી અંતની પરિસ્થિતિમાં છેલ્લે એવો એક દાખલો આપણે જોઈએ.



આ પરિસ્થિતિમાં સફેદે જીતવું હોય તો તેનું પ્યાદું કાળાના પ્યાદા કરતાં બે ચાલ પહેલાં આઠમી પંક્તિએ પહોંચવું જોઇએ (કારણ કે જો તેનું પ્યાદું વજીર થાય ને બીજી જ ચાલમાં કાળાનું પ્યાદું વજીર થાય તો સફેદ મ્હાત થાય તેમ છે) અથવા તો KB પંક્તિ ઉપર જ પ્યાદું આઠમી પંક્તિએ પહોંચવું જોઇએ કે જેથી વજીર થતાંની સાથે જ શેહ આવે અને રાજા શેહમાંથી બચે ત્યાં કાળાના આગળ વધેલા પ્યાદાને મારવાનો સમય તેને મળી રહે. સફેદ કેવી રીતે જીતે છે તે જોઇએ.

1 P–R5, P×P; 2 P–K5, P×KP; 3 P–B5, P×BP; 4 P×P, P–K5 (or P–R5); 5 P–B6, P–K6; 6 P–B7, P–K7; 7 P–B8 (=Q)ch, K–N6; 8 Q–B3ch પછી 7 Q×P અને જીતશે.

હવે આપણે કાળો બીજું શું કરી શકે તે જોઈએ.

1 P–R5, P–N4; 2 P–K5, P–B4; 3 P×BP, NP×P [જો K.P×P તો 4 P–K6, P×P; 5 P–K7, P–B5; 6 P–K8 (=Q) અહીં પ્યાદું બે ચાલ વહેલું આઠમી પંક્તિ ઉપર પહોંચ્યું.] 4 P–B6, P–B6; 5 P–B7, P–B7; 6 P–B8 (=Q)ch અને 7 Q×P કાળા પાસે આ ઉપરાંત બીજા વિકલ્પ પણ છે, પરંતુ એ બધામાં યે સફેદ જીતે જ છે.

ચાનાં મુખ્ય ઘટકો જાણ્યા બાદ ચોક્કસ થાય છે કે ચામાં કોઈ આહારમૂલ્ય નથી, કોઇ પોષણ નથી. હા, જો થોડુંઘણું ખાદ્યમૂલ્ય હોય તો તે ખાંડ ને દૂધનું છે. તો પછી ચાની કિંમત શી? એના ગુણ શા?

ચીનમાં ચા તરશ છિપાવવા માટે પીવાય છે, ત્યારે આપણે ત્યાં મુખ્યત્વે ઉત્તેજક તરીકે અને ગૌણ ભાગે ટૅનિનના વિશિષ્ટ સ્વાદ માટે પીવાય છે. ચાનો મોટામાં મોટો ગુણ થાક, ઉદાસીનતા અને સુસ્તી હઠાવવાનો છે. તે પીધાથી શરીરમાં ઉત્તેજના, સ્ફૂર્તિ અને ઉલ્લાસ પેદા થાય છે. તેના આ ગુણ કૅફિનને આભારી છે.

કૅફિનની અસર મુખ્યત્વે મગજમાં ઉચ્ચ કેન્દ્રો -જ્ઞાનતંત્ર ઉપર છે. પરિણામે થાકની લાગણી અદશ્ય થઈ શારીરિક અને માનસિક કામગીરીની શક્તિ વધે છે, મન ચોખ્ખું બને છે, બુદ્ધિ તેજ થાય છે. શ્રમ શમી જાય છે; પણ હૃદય અને ફેફસાંની કામગીરી વધે છે, પેશાબનું પ્રમાણ વધે છે. પાંચ પ્યાલા ચાના કૅફિનથી પેશાબનું પ્રમાણ ૪૦૦થી ૫૦૦ ટકા વધે છે. આમ હોઇને કૅફિનના અવિવેકી ઉપયોગથી થાકેલા ઘોડાને ચાબુક ફટકારવા જેવી સ્થિતિ આવી પડે છે. બહુ પ્યાલા ચા પીવાથી અનિદ્રા, શિરોવેદના ને મનોદૌર્બલ્ય (નર્વસનેસ) પેદા થાય છે.

ટૅનિનની પાચનમાર્ગ પરની અસર વિષે પરસ્પર વિરોધી મતો છે. કેટલાક એનાથી પાચન મંદ પડવાનું કહે છે તો બીજાના મતે તે વેગીલું બને છે. થોડાક વળી પાચન ઉપર બીલકુલ અસર ન થતી હોવાનું જણાવે છે. ટૅનિનથી અપચો અને બંધકોશ પણ થવાનું કહેવામાં આવે છે. હચિન્સન લખે છે: 'આરોગ્યમાં ચા (અને કૉફી)થી પાચનનો બગાડો નહિવત્ છે. પાચન મંદ હોય યા કોઈ વ્યક્તિ ચા કે કૉફી માટે શીઘ્રગ્રાહી (સેન્સિટિવ) હોય તો એનાથી જાળવવું જરૂરી છે.'

ચાની અસરો

કેટલાક માણસો કૅફિનના એવા તો શીઘ્રગ્રાહી હોય છે કે એક પ્યાલા માત્ર ચાથી તેઓ બેચેન બને છે; જ્યારે બીજાઓ આઠદસ પ્યાલા કોઇ પણ જાતની માઠી અસરો વિના પી શકે છે. ચાની જાત કે તેની બનાવટ વગેરે કરતાં યે વ્યક્તિગત વિશેષતાઓને આધારે ચાની અસરો વરતાય છે. પણ સાધારણ રીતે એમ કહેવાય કે દિવસના ત્રણ કે ચાર પ્યાલા ચા પીવાથી કોઈ ખરાબ પરિણામો નથી આવતાં. ઇંગ્લંડમાં પીવાતી ચાનું વર્ણન કરતાં હચિન્સન લખે છે: 'ગરીબ લોકો સવારે નાસ્તા વખતે, બપોરે, બપોરના ખાણા પછી, સાંજના વાળુ વેળાએ અને ક્વચિત સૂતાં અગાઉ ચા પીએ છે.' વધારે પ્રમાણમા પીવાતી ચાથી કોઇ માઠી અસરો ન દેખાય તોપણ તે બહુ વધ રે



વીછળેલી ચાદાનીમાં ચા નાખી... ઉપર ઉકળતુ પાણી રેડીને... ત્રણથી પાંચ મિનિટ ઢાંકી રાખવી. પ્યાલામાં ગાળીને દૂધખાંડ નાખવાં.

પ્રમાણમાં સારી નથી. કોઈ પણ પદાર્થનો અતિયોગ ખરાબ છે. મનોદૌર્બલ્ય વાળા માણસોને બહુ ચા પીવાથી ભૂખનાશ, અપચો, જ્ઞાનતંત્રની અતિ ઉત્તેજના, ધ્રુજારી, અનિદ્રા, છાતીમાં થડકારા અને કદી દૃષ્ટિમાં વિક્ષેપ તથા શક્તિમંદતા પેદા થાય છે. અજીર્ણથી પીડાતા લોકોએ ચા થોડી પીવાની છે.

કડક ચા પીવી તો ખોટી જ છે. કડક ચામાં ટેનિન વધારે હોવાથી તે વારંવાર પેટમાં જઇને પાચનના બગાડા ઉપજાવે છે. ચા કોઇ ખોરાક નથી. એનું પોષણમૂલ્ય નહિવત્ છે. આ કારણે બાળકોને ચા પીવાની ટેવ પાડવી ખોટી છે. તેમના શરીરના વૃદ્ધિકાળમાં ખરી જરૂર તો દૂધની છે. પણ એક વાર ચાનો સ્વાદ ગળે પડયા પછી તેમને દૂધ ભાવતું નથી. માટે આ બાબતમાં આગ્રહ રાખીને પણ ઇષ્ટ કરવું જોઇએ.

તાવ વખતે ચા ગુણકારી છે. એના ગરમ પીણાથી પસીનો અને પેશાબની છૂટ થઇને શરીરનાં ઝેરનો નિકાલ થાય છે. ગરમ ઋતુમાં ગરમ કે ઠંડી ચાથી તરસ છીપે છે.

હોજરીના સોજા અને ચાંદાંમાં ચા અપથ્ય છે. આ રોગોમાં કૉફીની ખાસ મના છે. પણ ખાધા બાદ હળવી ચા તો પી શકાય. ઊર્મિલ ને મનોદૌર્બલ્યવાળાં માણસોને ચા નકામી છે. હૃદયના થડકારા (પાલ્પિટેશન), અપચો અને અનિદ્રા સામે ચા અવગુણ કરે છે. વળી ચાનો મોટામાં મોટો અવગુણ તો ગળે પડવાનો છે. હચિન્સન તો આ બાબતને નકારતાં લખે છે કે 'ચાનો નથી શરીરમાં સંચય થતો કે નથી ટેવ પડતી, કે નથી ખરાબ અસરો થતી.' પણ ઘણાનો સ્વાનુભવ આથી જુદો પડે છે. યથાસમયે ચા નહિ મળવાથી માથાના દુખાવાથી માંડી બેચેની ને સુસ્તી કોણે નથી અનુભવી?

દુનિયાભરમાં પીવાતાં ઉત્તેજક પીણાંઓમાં ચાનું સ્થાન મોખરે છે. આપણે ત્યાં તો ગરીબ લોકોમા રોટલા કરતાં યે અદકું સ્થાન ધરાવતી એ અનિવાર્ય ચીજ થઇ પડી છે. એની સાથોસાથ ખાંડનો ઉપયોગ પણ ઘણો વધ્યો છે. આની તંદુરસ્તી ઉપર થતી અસરો એ સંશોધનનો વિષય છે. (આવતે મહિને કૉફી અને કોકો)

ગણિત સરળ બનાવો

આ લેખમાળા હેઠળ અમે અત્યાર લગી 'ગુણાકાર'ની સાદી રીતોની વિશદ છણાવટ આપી ગયા. આ છેલ્લા હપ્તામાં એ જ સિદ્ધાંતાનુસાર ભાગાકાર, સરવાળા અને બાદબાકી વિષે એવી જ સાદી રીતોની છણાવટ સાથે એ હવે પૂરી કરીએ છીએ.

ભાગાકાર

ગુણાકારની વિવિધ રીતો જોયા બાદ હવે ભાગાકારની કેટલીક સાદી રીતો તપાસીએ. ગુણાકારનો સાથી ૧૦નો આંક ભાગાકારનો પણ પરમ મિત્ર છે ને એટલે કોઇ પણ રકમને ૧૦, ૧૦૦, ૧૦૦૦ વગેરે વડે ભાગવી હોય તો દશાંશ-ચિહ્ન પદ્ધતિ પ્રમાણે ભાજ્યની રકમના જમણે છેડેથી ભાજકના શૂન્ય અંકો જેટલા એક એક અંક છોડી દશાંશ ચિહ્ન મૂકતાં સાચો ભાગાકાર મળે.

દા. ત. ૪૯૨૧÷૧૦૦ હોય તો ઉપલી રીતે મુજબ ૧૦૦ના શૂન્યના બે અંકો બરાબર ભાજ્યની રકમના જમણે છેડેથી બે અંકો આગળ દશાંશ ચિહ્ન મૂકતાં ૪૯.૨૧ જવાબ આવે જે ખરો ભાગાકાર છે.

તેવી જ રીતે ૧૦ના ગુણકો (૨૦, ૩૦, ૪૦ વગેરે) વડે ભાગાકાર કરવાનો હોય તો પ્રથમ દશાંશ ચિહ્ન પદ્ધતિ પ્રમાણે ને તે બાદ ગુણક પ્રમાણ અંક (દા. ૨૦=૧૦×૨, અહીં ૨ એ ગુણક પ્રમાણ અંક છે.) વડે ભાગતાં સાચો ભાગાકાર મળી રહે.

દા. ૧૬૨÷૨૦ હોય તો
પ્રથમ દશાંશ ચિહ્ન પદ્ધતિ પ્રમાણે ૧૬.૨
બાદ ગુણક પ્રમાણ અંક વડે ભાગતાં ૧૬.૨÷૨=૮.૧

હવે ધારો કે ૧૦ કે તેનો ગુણક ન હોય પરંતુ ૫, ૨૫ એવી કોઇ રકમ હોય તો, એવા કિસ્સાઓમાં પણ ૧૦ તો મદદે જ હોય છે. આવા કિસ્સામાં ભાજ્ય તથા ભાજક રકમને ૧૦ કે એના ગુણકના કોઈ એવા ભાજક વડે ગુણવી જોઇએ જે વડે ભાજક મળે. તે બાદ દશાંશ ચિહ્ન પદ્ધતિ ને ગુણક પદ્ધતિની રીતો વડે સાચો ભાગાકાર મેળવી શકાય.

દા. ૩૬૪૫÷૫ હોય તો અહીં બંને રકમોને '૨' વડે ગુણવી જોઇએ કેમકે '૨' એ ૧૦નો એવો ભાજક છે જે વડે ૧૦ને ભાગતાં ૫ મળી રહે છે. ઉપર મુજબ કરતાં ૩૬૪૫×૨=૭૨૯૦÷૧૦=૭૨૯. આવું જ ૨૫, ૫૦ના કિસ્સામાં પણ કરી શકાય.

અપૂર્ણાંક ભાજકના કિસ્સાઓમાં પૂર્ણાંક ભાજક મેળવવા પ્રથમ તો ભાજકને તેના છેદ વડે ગુણવો જોઇએ. ભાજ્યને પણ એનાથી ગુણવો જોઇએ. તે બાદ ભાગાકાર કરતાં સાચો જવાબ મળી રહેશે.

દા. ૧૩૩÷૨⅓ હોય તો ૧૩૩×૩=૩૯૯, ૨⅓×૩=૭

હવે ૩૯૯÷૭=૫૭ જે જવાબ છે.

ભાજક બે અંકોનો બનેલો હોય તો ભાજ્ય-ભાજકના સંબંધો ખયાલમાં રાખી બંનેને કોઈ ચોક્કસ એક રકમ વડે ગુણવી જોઇએ, જેથી ભાજક એક અંકનો બને. તે બાદ ભાગાકાર કરતાં તુરત જવાબ મળશે.

દા. ત. ૫૬÷૧૪ અહીં બંનેને ૨ વડે ભાગતાં ૨૮÷૭=૪. છેલ્લે જવાબ '૪' આવશે, જે સાચો ભાગાકાર છે. કેટલાક કિસ્સાઓમાં દશાંશ પદ્ધતિનો પણ આશ્રય લઈ શકાય.

દા. ૧૭૫÷૩૫ હોય તો પ્રથમ બંનેને ૨ વડે ગુણતાં
૧૭૫×૨=૩૫૦, ૩૫×૨=૭૦
હવે દશાંશ પદ્ધતિ પ્રમાણે કરતાં ૩૫÷૭=૫

કેટલીક વાર એક અંક ભાજક, પદ પદ્ધતિથી પણ મેળવી શકાય. પદ-પદ્ધતિ (factoring) એ માત્ર કોઈપણ રકમના નાના નાના પદો મેળવવાની રીત છે. દા. ૩૨ના પદો પાડવા હોય તો ૧૬×૨ પણ કરી શકાય ને ૪×૮ પણ કરી શકાય. હવે બને ત્યાં લગી એક અંકી ભાજકો વધુ પસંદ કરવા જોઇએ. હવે ધારો કે, ૬૫૬૦ને ૩૨ વડે ભાગવા છે તો, ૬૫૬૦÷૪=૧૬૪૦÷૮=૨૦૫ જે સાચો જવાબ છે.

સરવાળા ને બાદબાકી

સરવાળો ઝડપી ને સરળ બનાવવા એક કરતાં વધુ રકમોનો સરવાળો એક સાથે કરતાં રાહત રહે છે. હવે ખયાલ એ રાખવો જોઇએ કે ૧૦ કે એથી ઓછો સરવાળો થઈ શકતો હોય એવી બબ્બે-ત્રણત્રણ રકમોના જૂથ પાડી દરેક જૂથનો સરવાળો કરતાં આખરી સરવાળો મળી રહેશે.

બે કે ત્રણ અંકોવાળી રકમો હોય તો આવા કિસ્સામાં 'ડાબેથી જમણે' (left to right) એટલે કે પ્રથમ શતક, પછી દશક ને છેલ્લે એકમ એમ સરવાળો કરતાં જવાથી સરવાળો સાચો ને ઝડપી બનશે. નીચેના ઉદાહરણો પરથી એ સ્પષ્ટ બનશે.

દા. ૧૫+૧૧+૨૨+૬૭=૧૧૫

અહીં ઉપરની રીત મુજબ ૧૫, ૨૫, ૨૬, ૪૬, ૪૮, ૧૦૮ ને ૧૧૫ આવશે.

તેવી જ રીતે ૨૧૬+૧૬૭=૩૮૩ (અનુસંધાન પૃષ્ઠ ૫૦૭)

કલાચર્ચા

નિષ્ઠાસંપન્ન ભારતીય કલાકાર શ્રી નંદલાલ વસુની ૮૦મી જન્મજયંતી



કલાચાર્ય નંદલાલ વસુ (પદ્મવિભૂષણ)

'શાન્તિનિકેતન'ના સંસ્કૃતિધામમાં 'વિશ્વભારતી' કેન્દ્ર સ્થાપીને ગુરુદેવ રવીન્દ્રનાથે ભારતીય સંસ્કૃતિની સુવર્ણપ્રતિમાના શુચિસૌમ્યમુખારવિન્દનું દર્શન વિશ્વને કરાવ્યું તેમાં તેમના નિષ્ઠાવાન પ્રિય સાથી સમૂહમાં કલાકાર શ્રી નંદબાબુનું નામ ને સ્થાન મોખરે રહ્યું છે. એમની કલાસાધના ગુરુભક્તિથી સોજ્જ્વલ બની છે. એમની કલાની ઉપાસનામાંથી પ્રકટેલાં ચિરંતન મૂલ્યોવાળાં પ્રેરક ચિત્રો ભારતને મળેલો મહાપ્રસાદ છે, તો એમના ચિંતનપૂર્ણ શિક્ષાયજ્ઞમાંથી દીક્ષિત થએલા નિષ્ઠાવાન તરુણ શિષ્યસમુદાયે ભારતના પ્રાંતે પ્રાંતે અનેક વિદ્યાલયો, સંસ્થાઓ અને જનસમુદાયમાં કલાનો પ્રકાશ પહોંચાડયો છે. ગુજરાતના પણ કેટલાયે કલાકારો એમનો વત્સલ શિક્ષાપ્રસાદ પામીને જીવન અને કાર્યમાં કલાની સરવાણીઓ ઉતારી શકયા છે અને ઘણાએ એમની પ્રણાલીઓથી ગુજરાતને સમૃદ્ધ કર્યું છે.

શ્રી નંદબાબુએ કદી દ્રવ્ય કે કીર્તિનાં આકર્ષણથી બહારની સ્પર્ધાઓ અને પારિતોષિકો તરફ નજર સરખી નાખી નથી, છતાં વિશ્વના પ્રધાન પુરુષોના તેમના પર આશીર્વાદ વરસ્યા છે. ગુરુદેવ ટાગોરે તો એમને કલાના



અમૃતલાલ વેગડના સંગ્રહમાંથી

આચાર્યપદે સ્થાપ્યા, પણ કલાકુલપતિ શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર, મિ. હૅવેલ, ન્યાયમૂર્તિ વૂડ્રૉફ, સેવાભગિની નિવેદિતા, વિજ્ઞાનાચાર્ય જગદીશચંદ્ર વસુ, પંડિત જવાહરલાલ નેહરુ શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી વગેરે સુપ્રસિદ્ધ પ્રતિભાઓ ને વિવેચકોએ નંદબાબુની કલાને બિરદાવી છે અને પોતાના પ્રીતિપાત્ર કલાકાર માન્યા છે. રાષ્ટ્રીય લલિતકલા અકાદમીએ તેમને સર્વાનુમતે સૌ પહેલા સમ્માન્ય સભ્ય બનાવી બહુમાન કર્યું છે. રાષ્ટ્રપતિએ તેમને પદ્મવિભૂષણ બનાવી ભારતના પ્રમુખ ને સન્નિષ્ઠ કલાચાર્ય તરીકે સમ્માન્યા છે. અને એ સર્વથી સવિશેષ તો રાષ્ટ્રપિતા પૂ૦ ગાંધીજીએ આ શ્રેષ્ઠ માનવવિભૂતિ પ્રતિ જે આત્મીયતા બતાવી તેમનો પ્રેમપૂર્ણ સંપર્ક સાધ્યો તે તેમની અપૂર્વ સંપ્રાપ્તિ છે કલાવિષયક નિર્ણયોમાં ગાંધીજીએ હમેશાં તેમનું વચન પ્રમાણ માન્યું હતું.

તેમનું દીર્ઘાયુ ભારતને ઇશ્વરી વરદાન બન્યું છે. આ માસની ત્રીજી તારીખે તેમની ૮૦મી જયંતી પ્રસંગે ગુજરાત સાથેનો તેમનો સંબંધ અને ગુજરાતના કલાકારોને મળેલી તેમની પ્રસાદીનું નમ્રતાપૂર્વક ઋણસ્મરણ કરી તેમનું શેષજીવન વિશેષ સમૃદ્ધ અને સુખપૂર્ણ બને એવી શુભભાવનાથી તેમને આપણાં વંદન સમર્પિત કરી કૃતાર્થ થઈએ. —ર. મ. રા.

માસ્ટર મશાયનાં સ્મરણો

૧ ચિત્રનાં કાર્ડ

શાન્તિનિકેતનના કલાભવનમાં એક પ્રથા જ થઈ પડેલી છે કે દર વર્ષે આનંદ-અભ્યાસ-પર્યટન થાય, તે વખતે પૂ૦ માસ્ટર મશાય (નંદબાબુ એ નામે ઓળખાય છે) નવાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સ્કેચ કરવા માટે કાર્ડ આપતા, અને તેના પર સ્કેચ કેમ કરવા તે બતાવતા. એમના હાથનું કરેલું આવું કાર્ડ પોતાને મળે એને વિદ્યાર્થીઓ મોંઘી પ્રસાદી ગણતા; અને બીજા કોઈ પ્રસંગે પણ આવાં કાર્ડ મળી જાય તો ધન્યતા અનુભવતા. એમના સૌ શિષ્યો પાસે આ પ્રસાદી હોવાની જ.

એક દિવાળીની રજાઓમાં અમે ઘેર ન જતાં શાન્તિનિકેતનમાં જ રહ્યા. બેસતે વર્ષે તેમની 'ચરણરજ લેવા' (પ્રણામ કરવાની બંગાળી પ્રથા) ગયા. ત્યારે અમારું બેસતું વર્ષ તે દિવસે હતું જાણીને બહુ ખુશ થયા અને ખૂબ વાત્સલ્ય તથા ઊમળકાથી પોતાનાં પુત્રવધૂને બૂમ પાડી: 'અરે બેબી દી! આ છોકરાંઓ આવ્યા છે એમને મિષ્ટી આપો.'



માસ્ટર મશાયનાં કરેલાં બે કાર્ડ - બિહારીલાલ બારભૈયાના સંગ્રહમાંથી

પછી પોતાના પુત્ર બિશુદા'ને બોલાવી કહ્યું, 'મારાં સ્કેચ કરેલાં કાર્ડ છે તે લાવો, એમાંથી એકેક આમને આપીએ.' (નંદબાબુ કયારે ય પણ નવરા બેસતા જ નથી. ચિત્રો ન કરતા હોય ત્યારે કાં તો કાર્ડ ચીતરે; યા ચાકનો ટુકડો, ઠીકરું, ઝાડની ડાંખળી, પથ્થર કે ચીંથરાનો કટકો જે કાંઈ હાથ ચડે તેમાંથી કાંઈ ને કાંઈ કલારૂપ સર્જ્યા કરતા હોય.)

બિશુદા' કાર્ડ લેવા ગયા ત્યાં વિચાર બદલાયો : 'એ રહેવા દો; અને મને તૂલિ (પીંછી) આપો. એમને નવાં જ બનાવી આપું.' એમ કહી કાર્ડ હાથમાં લઈ શું ચીતરવું તેનો વિચાર કરતા હતા ત્યા બહાર કૂકડો બોલ્યો. તરત એમણે તે પર ઝપાટાબંધ મુરઘો-મુરઘી દોર્યા. એવામાં મિષ્ટી (મિઠાઇ) આવી. અમને કહે; 'લો, જલપાન (ઉપાહારને માટેનો શબ્દ) કરો; એટલામાં હું બીજાં કાર્ડ કરી આપું' (પણ એમને કામ કરતા જોવાનો લહાવો છોડીને જલપાન કોણ કરે?) આમ કહી તેમણે બારીમાંથી બહાર નજર કરી તો દૂર થોડાં બગલાં ઊડતાં જોયાં અને થોડી વારમાં તેનું દૃશ્ય કાર્ડ પર આલેખાઈ ગયું; અને અમારા સામે જોઈ કહે 'અરે, તમે બેસી કેમ રહ્યા? મિષ્ટી ખાઓ ને!' અમે ખાવા માંડયું. ત્યાં ફરી બારણા બહાર નજર કરી, ને એક સાંથાલ સ્ત્રીને ઘડામાં પાણી ભરવા જતી જોઈ તે ચીતરવાનું શરૂ કર્યું; અને અમે બિશુદા' સાથે વાતોમાં રહ્યા ત્યાં પૂરું કરીને કહે : 'લો હવે તમારું નસીબ અજમાવો અને આમાંથી એક એક લઈ લો.' એમ કહી અમારી આગળ બધાં ઊંધાં કરીને મૂકી દીધાં. મારા ભાગે આ સાથેનું કૂકડા-કૂકડીનું કાર્ડ આવ્યું જે મને ખૂબ ગમતું હતું. આથી મને બહુ આનંદ થયો.

ત્યાંની અભ્યાસની પદ્ધતિ અનોખી અને વિવિધ હતી. અમને પંદર દિવસનું સામટું કામ મળી જતું અને તે ચાલતું હોય ત્યારે અવારનવાર શિક્ષક આવીને જોઈ જતા ને માર્ગદર્શન આપી જતા. એક વખત મારે પ્રાણીચિત્ર તૈયાર કરવાનું હતું. તે માટે હું સાંથાલ લોકોના પાડામાં જતો અને ત્યાંથી જુદાજુદા સ્કેચ કરી લાવતો. તેમાં હું એક બકરીનો સ્કેચ કરી લાવેલો તેના પર હું વિચાર કરતો બેઠો હતો એવામાં માસ્ટર મશાયને ત્યાંથી જતા જોયા. મેં ઊઠી નજીક જઈ પ્રણામ કર્યા અને કહ્યું 'હું બકરીના સ્કેચ કરી લાવ્યો છું તે આપ તપાસી આપશો?' તે બહુ ઉતાવળમાં હતા છતાં આવ્યા, કાગળ જોયું, થોડાં સૂચનો કર્યાં અને જતાંજતાં કહ્યું 'હું તને બકરીનો સ્કેચ કરી આપીશ.'

ઘણા દિવસો વીતી ગયા. એક દિવસ હું સ્ટૂડિયોમાં બેઠોબેઠો કામ કરતો હતો, ત્યાંથી પસાર થતાં મારી જાળી આગળ રોકાઇને કહ્યું 'બિહારી, શુનો!' મેં ઊંચુ જોયું તો કહે 'મેં તને કહેલું કે તને બકરીનો સ્કેચ આપીશ, તે આ લે. હું ભૂલી ગયો હતો. આજે યાદ આવ્યું એટલે ઘેરથી કરીને જ નીકળેલો.' હું તો આનંદમૂઢ થઈને કાર્ડ જોતો રહ્યો અને તેઓ ચાલ્યા ગયા. —બિહારીલાલ બારભૈયા

૨ ડાયરીનાં પાનાં

ચિત્રો દોરવા માટે નંદબાબુ જ્યારે પીંછી ઉપાડે છે ત્યારે એમનો હાથ સહજભાવે રમવા માંડે છે. લખવા માટે કલમ ઉપાડે છે ત્યારે એ જ હાથ થીજી જાય છે. કેમ જાણે જળમાં વિહાર કરતી માછલીને હવામાં ઊડવાનું કહેવામાં આવ્યું હોય! હજારો ચિત્રોના સર્જકે ઘણાં વરસો સુધી માત્ર એક નાની પુસ્તિકા જ લખી હતી અને; એના આરંભમાં જ એમણે કહ્યું છે, 'ભાષાર શિલ્પ આમાર જાના નેઇ.'

લખવામાં એમને બહુ સંકોચ થાય છે પણ જ્યારે એ એમના વિદ્યાર્થીઓ વચ્ચે હોય છે ને મોજમાં હોય છે ત્યારે એમને સાંભળવાનો લહાવો અનેરો જ છે. કોઈ વાર કંઈ શીખવતી વેળા કે કોઈ વાર એમ જ વાતચિત દરમિયાન એમની પાસેથી જે એમ સાંભળવા મળ્યું એને મોડેથી ટૂંકાણમાં ટપકાવવાના કરેલા પ્રયાસમાંથી :

૧૪-૧૦-'૫૧

આજે ખૂબ વાવાઝોડા સાથે વરસાદ પડયો એટલે માસ્ટર મશાય મોડે સુધી રોકાઈ રહ્યા ને અમને ઘણી વાતો સાંભળવા મળી. ચિત્રનાં 'ફિનિશિંગ' વિષે કહે કે 'ગંદા ઘરને ઢગલા ફૂલથી યે શણગારી ન શકાય, પણ લીંપેલું આંગણું બે જ ફૂલથી શોભી ઊઠે. તેમ જ સફાઇપૂર્વક રંગ આપ્યા હોય તો થોડી રેખાઓથી જ ચિત્રને ફિનિશ કરી શકાય. ઉતાવળે જેમતેમ રંગો લપેડચા પછી પાછળથી ગમે એટલા ઉપાય કરો, ચિત્ર ગંદું જ થવાનું. જેટલું ધીરજથી કરશો એટલું જલ્દી થશે. જલ્દી કરવાની કોશિશ કરશો, એમ વધુ સમય લાગશે.'

'પ્રકૃતિને જોયા વિના માત્ર મનથી જ કરતા રહેવાથી ચિત્રો એક જ જાતનાં થઈ જવાનાં; વૈવિધ્ય નહિ આવે. પ્રકૃતિમાં કેટકેટલી જાતના વૃક્ષો છે! પ્રકૃતિ પાસેથી લીધા વિના માણસની જરાક જેટલી બુદ્ધિ કેટલુંક નિર્માણ કરી શકે? ખાવાનું બંધ કરવાથી જેમ માણસ કમજોર થઇ જાય તેમ પ્રકૃતિને નીરખવાનું બંધ કરવાથી ચિત્રકાર કમજોર થઈ જવાનો. પ્રકૃતિને જોવાથી મનનો સંગ્રહ નિરંતર વધતો રહે છે. આ બારીમાંથી ઘનઘેરું આકાશ ને વામાં ડોલતાં વૃક્ષો ને પાણીની ધારા કેવાં સુંદર દેખાય છે! આ વિષયનું કોઈ પ્રાચીન ચિત્ર જોતાં તરત આ દૃશ્ય યાદ આવે કે 'ઓહો, આવું જ દૃશ્ય તે દિવસે જોએલું!' જ્યારે કોઈ પ્રાચીન ચિત્ર જુઓ ત્યારે નમ્રતાપૂર્વક માથું નમાવીને જોજો. એ લોકોએ પરિશ્રમપૂર્વક કેવડી સાધના કરી છે!'

'ટચ' શૈલીથી ચીતરવા વિષે કહે કે 'હું "ટચ"નું કામ કરું છું, પણ તમને ના પાડું છું; તેનું કારણ એ કે તમને "ફૉર્મ" અને "ડ્રૉઇંગ"નું હજુ બરાબર જ્ઞાન નથી. એથી તમે કરવા જશો તો ગંદું ને ભૂલભરેલું થશે. પાંડવોનું 'હિમાલય-આરોહણ'નું લગભગ પંદર ફૂટ લાંબુ ચિત્ર મેં એક કલાકમાં કરેલું. (આ ચિત્ર અમદાવાદમાં શેઠ અંબાલાલ સારા-

ભાઇના પ્રાસાદના પ્રવેશકક્ષમાં ભીંત પર છે.) મારે એમાં ક્યાંય કશું સુધારવું કે બદલવું ન પડયું. તમારાથી હજુ એમ નહિ થાય.'

જે ચિત્રકારો નવીનવી શૈલીઓમાં કરે છે એમના વિષે કહે કે 'શૈલી તો વાહન છે, ભાષા છે. મૂળ વસ્તુ તો એ દ્વારા મારા મનની જે વાત મારે કહેવી છે એ છે. એ જો હું બંગાળી કે હિંદીમાં કહી શકું તો પછી મારે ફ્રેંચ કે ઇટાલિયન શીખવાની જરૂર નથી. વળી લાંબી કલાસાધના પછી જો કોઈ નવી શૈલી કાઢે તો તે એને શોભે. પણ આ તો જેને ''ડ્રૉઇંગ'', ''ફૉર્મ'' આદિનું યે જ્ઞાન નથી, એ નવીનવી સ્ટાઇલ કરવા મંડયા છે. આ રસ્તો ખોટો છે.'

૧૧-૧૧-'૫૧

વિલાયતી ઢબથી ચિત્રો દોરતા એક ભાઇને કહ્યું કે 'તમારાં ચિત્રોમાંની માનવ-આકૃતિઓ જડ થઈ જાય છે. એમાં હલનચલન નથી, પ્રાણ નથી. ઍકેડેમિક ઢંગ પ્રમાણે સામે મૉડેલ રાખીને ચિત્ર બનાવવાથી આ દોષ આવે છે. એથી ડ્રૉઇંગ ને ઍનૅટમીનું તમારું જ્ઞાન કદાચ વધ રે સારું થતું હશે, પરંતુ તમારામાં સાજો પગ લઇને પણ માણસ ચાલી નથી શકતો, જ્યારે અમારામાં લંગડે પગે પણ માણસ ઠીક ચાલતો હોય છે. કારણ ભારતીય શિલ્પીની નજર હમેશાં પ્રાણ પર મંડાએલી હોય છે. વિલાયતી ઢંગમાં ને આપણા ઢંગમાં અહીં મોટો ભેદ છે. એમના પ્રમાણે દેહ પહેલાં ને પ્રાણ પછી, આપણા પ્રમાણે પ્રાણ પહેલાં ને દેહ પછી. આપણે ત્યાંની જૂની મૂર્તિઓ જુઓ. જડ પથ્થરમાં કેવી ચેતન આકૃતિઓ કરી છે! આનું સાદું રહસ્ય છે; જ્યારે જે કરો ત્યારે તે-મય થઈ જાઓ. કૂદતો ઘોડો કરતી વેળા તમારે–તમારા મને કૂદવું પડશે. નૃત્ય કરતી સ્ત્રી કરતી વેળા તમારે જાતે નાચવું પડશે. આવી તન્મયતા આવશે ત્યારે જ ચિત્ર થશે.'

કોણાર્કના સુપ્રસિદ્ધ ઘોડા વિષે કહે કે 'એથી યે મોટા ઘોડા તમને પ્રકૃતિમાં મળશે. પણ બંનેનો ફોટો લો ને સાચા ઘોડાના ફોટોને ભલે ઍન્લાર્જ કરીને કોણાર્કના ઘોડાના ફોટો પાસે રાખો; તોયે કોણાર્કનો ઘોડો જ મોટો લાગવાનો; કારણ પ્રકૃતિના ઘોડાના ને કોણાર્કના ઘોડાના દેહના અંગોનું પ્રમાણ એક નથી. વિશાળતા કે ભવ્યતા બતાવવા કળાકાર એ પ્રમાણમાં ફેરફાર કરે છે.'

૧૮-૧૧-'૫૧

'મૉડર્ન આર્ટ અને ઇન્ડિયન આર્ટના ઉપાસકો વચ્ચે એક જગ્યાએ મેળ છે. બન્ને કહે છે, અમે પ્રકૃતિની હૂબહૂ નકલ નહિ કરીએ. શું નહિ કરીએ એમાં બન્ને એકમત છે. શું કરીશું એમાં જ મતભેદ છે. જેમ ભારતીય સંગીતમાં તેમ ભારતીય કળામાં, છંદ મધ્યબિંદુની ચારે બાજુ આવર્તમાં ફરે છે. જ્યાંથી શરૂ થાય છે, ફરીને પાછો ત્યાં જ આવી જાય છે. આને 'સમ' કહે છે. ભારતીય કળામાં પણ આ 'સમ' જોશો. પણ મૉડર્ન આર્ટમાં એ નથી દેખાતો. એમાં પણ તાલ છે, પણ એ ચાલે છે સીધી રેખામાં—કંઈક ફોજની પરેડ જેવો.

આજ ૪૦,૦૦૦ વર્ષોથી કળા થતી આવી છે મનની પ્રેરણાથી. આદિમ કળાકારે આ મનને સંતોષવા માટે જ ગુફામાં ચિત્રો દોર્યા હતાં. અમે પણ આ મનને સંતુષ્ટ કરવા ખાતર જ ચિત્રો બનાવીએ છીએ. કળા હમેશાં મનોવ્યાપાર જ રહી છે. પણ આધુનિક કળાકાર આ મનને જ નથી માનતો. એ ચિત્ર બનાવે છે દિમાગથી.'

૪-૧૨-'૫૧

'હું આંક કોઈ દિવસ ગોખી ન શક્યો. કવિતા પણ યાદ ન કરી શક્યો. પણ તમે મને કોઈ સારું ચિત્ર અથવા દૃશ્ય બતાવો, જન્મારો આખો નહિ ભૂલું. વૃદ્ધ થવા આવ્યો છું; સ્મરણશક્તિ ક્ષીણ થવા આવી; છતાં એક વાર જે જોઈ લઇશ એ સદાને માટે મનમાં વસી જશે. આનો મતલબ એ કે આમાં મને ''રસ'' છે, પેલામાં ન હતો. એક છે રસ બીજી છે સ્મરણશક્તિ. એ સ્મરણશક્તિ વધની નથી, જ્યારે રસ વધતો જ રહે છે. એ હોવાથી ચીજ તમને ગમશે, સારી લાગશે. બધાના મૂળમાં આ જ છે–સારું લાગવું, રસ પડવો. જો રસ પડશે તો અનાયાસ યાદ રહી જશે.

સારું લાગવામાં પણ ફરક છે. મને મારો છોકરો તો સારો લાગવાનો જ; પણ જ્યારે બધાના છોકરા સારા લાગે ત્યારે જ એ સારું લાગવું સાચું. સ્વાર્થમૂલક સારું લાગવાથી પર જઇને નિઃસ્વાર્થભાવે સારું લાગવું જોઇએ. ત્યારે જ આ ચરાચર જગત સાથે આત્મીયતા સ્થાપિત થશે અને એ તમારાં ચિત્રોમાં ખીલી ઊઠશે.'

૧-૨-'૫૨

'અવનીબાબુ પેસ્ટલના ઉસ્તાદ હતા એટલે એમનાં વૉશ-પેઈન્ટિંગમાં પેસ્ટલનો ભાવ છે. એમણે તાદૃશ્ય ચિત્રણા ખૂબ સારી કરેલી એટલે વૉશમાં સારું મૉડેલિંગ આવતું. મારાથી એ થઈ ન શક્યું એટલે એ રસ્તો જ મેં છોડી દીધો. મારા વૉશ ટેમ્પેરા જેવા હોય છે. અવનીબાબુ ગયા ને સાથેસાથે એમનો વૉશ પણ ગયો.

આધુનિક ચિત્રકારો ફૉર્મ પાછળ જ રચ્યાપચ્યા રહે છે. કહે છે કે અમે નવાં ફૉર્મ નિર્માણ કરશું. પણ માણસ નવાં ફૉર્મ નિર્માણ નથી કરી શકતો. ફૉર્મ એણે પ્રકૃતિમાંથી જ લેવાં જોઇએ, કારણ એ પોતે પણ પ્રકૃતિનું જ એક અંગ છે. હવે, નવાં ફૉર્મ બનાવવાના બે રસ્તા છે: એક તો જે છે એને મારીમચડી દો એટલે નવું ફૉર્મ થશે; અથવા એને ભૌમિતિક આકૃતિઓના રૂપમાં જેમતેમ પરાણે ગોઠવી દો. આધુનિક ચિત્રકારો આ જ કરી રહ્યા છે. ઘોડાની હલચલ (મૂવમેન્ટ) લઈ લેશે ને ફૉર્મ છોડી દેશે. પણ મૂવમેન્ટ ને ફૉર્મ જુદાં પાડવાં અશક્ય છે, જેમ દૂધથી દૂધનો સફેદ રંગ જુદો પાડવો અશક્ય છે તેમ. મૂવમેન્ટ ત્યાં સુધી જ છે જ્યાં સુધી એ જીવન્ત વસ્તુમાં છે. એને જડ વસ્તુમાં ગોઠવી દેવાથી એ જીવશે નહિ. શેરડીનો રસ શેરડીમાં છ માસથી વધુ વખત રહે છે, પણ એ જ રસ એમાંથી કાઢી ગ્લાસમાં રાખો તો છ કલાકમાં જ આલ્કોહૉલ થઈ જશે.

ફૉર્મ, શૈલી, રંગ એ તો ભાષામાત્ર છે, ભાવ રજૂ કરવાનું વાહન છે. મૂળ વસ્તુ તો ભાવ છે. જે લાગણી તમે વ્યક્ત કરવા માગો છો તે છે. પ્રાચીન કાળમાં ભાવ એ પ્રધાન વસ્તુ હતી, શૈલી ગૌણ. આજકાલ શૈલી પ્રધાન છે, ભાવ ગૌણ. આજકાલ જેટલા ચિત્રકારો એટલી શૈલીઓ બાર ભૈયા ને તેર ચોકા જેવી સ્થિતિ છે.'

૨૦-૩-'૫૨

'ઢીંગલી બનાવનાર પેલા કારીગરની વાત તો તમે જાણતા જ હશો. બહુ સુંદર ઢીંગલી બનાવતો હતો એ. કેટલીક જોડે એને બહુ માયા બંધાઈ ગઈ હતી. વેચવાની કોઈ રીતે મરજી જ ન થાય. એની સ્ત્રી એ સારી ઢીંગલીઓને દુકાનમાં આગળ સજાવીને રાખતી; લાગ મળતાં જ એ એને પાછળ છુપાવી દેતો! આમ ચાલતું જ રહેતું એ બન્ને વચ્ચે. એક વાર એણે સ્વપ્નમાં જોયું કે એની સારી સારી ઢીંગલીઓને કોઈ ખરીદીને લઈ જાય છે. એ ચીસ પાડી ઊઠયો. પણ જાગ્યા પછી એને ઘણી નીરાંત થઈ. ચિત્રકારોનું પણ કંઈક આવું જ થાય છે. એક વાર દિલ્હીથી બે જણ મારાં ચિત્રો ખરીદવા આવેલા ત્યારે મારી પણ આવી જ હાલત થઈ હતી. મારાં સારાં ચિત્રોને ખૂણામાં મૂક્યાં. શું કરું? હું કૈં ચિત્રો ''વેચવા'' બેઠો હતો? ''ચૈતન્ય અને હરિદાસ'' મારું તાજું જ વૉશપેઇન્ટિંગ હતું. એને એવી સિફતથી રાખ્યું કે એ લોકોની એના પર નજર જ ન પડી! એવી જ રીતે થોડાં બીજાં સારાં ચિત્રો પણ બચાવી લીધાં.'

—અમૃતલાલ વેગડ

કંકાવટી

સન્નિષ્ઠ સેવિકા

સાચાં સન્નારી, કુશળ તબીબ ને ઉમદા રાજકીય નેતા તરીકે સમગ્ર દેશમાં બહુમૂલી કીર્તિની કમાઈ કરનાર ડૉ. સુશીલા નય્યર સાચા અર્થમાં સૌના નિકટવર્તી સ્વજન બની રહેલાં સન્નિષ્ઠ સેવિકા છે.

દેશભાવના ને ઉચ્ચ શિક્ષણના આદર્શપૂત ગર્ભશ્રીમંત પંજાબી ક્ષાત્રિય ખાનદાનનાં એ પ્રથિતયશ પુત્રીનું બચપણ પશ્ચિમ પંજાબના ગુજરાત જિલ્લાના કુંઝા ગામની હરિયાળી કુંજોના લાડમાં ઊછરેલું, ને ભણવામાં ચપળ એવાં એમણે ૧૨ વર્ષની કુમળી વયે તો મૅટ્રિકની પરીક્ષા પસાર કરેલી.

જલિયાંવાલા બાગના હત્યાકાંડથી વિક્ષુબ્ધ બની ગાંધીજીના સાથી બનેલા મોટા ભાઇ પ્યારેલાલને ઘેર પાછા લાવવા માતાની સંગાથે ગએલાં સુશીલા ગાંધીજીની વહાલસોઇ પુત્રી બની ગયાં. મૅટ્રિક પછી લાહોરની કૉલેજમાં ને તે બાદ ઇ. ૧૯૪૨માં દિલ્હીની હાર્ડિંજ કૉલેજમાં શિક્ષણ પામી તે એમ. ડી. થઇને તબીબી સ્નાતક થયાં. બહુ મોડેથી અમેરિકાની જૉન હૉપકિન્સ યુનિવર્સિટીમાંથી ઉચ્ચ ગુણવત્તા સાથે મેળવેલું તબીબી પ્રમાણપત્ર એ તેમની ઉજ્જ્વલ કારકિર્દીનું પ્રતીક છે.

નખશિખ રાષ્ટ્રીયતાના રંગે રંગાએલાં સુશીલાએ 'હિન્દ છોડો'ની ચળવળ વેળાએ આપેલો ફાળો નાનોસૂનો નથી; ને ગાંધીજીની ધરપકડ બાદ કસ્તૂરબા સાથે એમને જેલવાસ પણ વેઠવો પડેલો. પંજાબના વ્હા કૅમ્પના પ્રસંગ વેળાએ તથા નિરાશ્રિતોને બચાવવા ગાંધીજીનો સંદેશો ભાવલપુરના નવાબને પહોંચતો કરવામાં તેમણે બજાવેલી સફળ કામગીરી, એ તેમણે ગાંધીજીનો કેટલો વિશ્વાસ સંપાદન કરેલો તેની પ્રતીતિ કરાવી રહે છે.



ગાંધીજીના અપવાસ વેળાના કપરી પરિસ્થિતિમાં તથા કસ્તૂરબાની માંદગીમાં તેમણે કરેલી શુશ્રૂષા તેમની તન્મયતાની સાચી ઝાંખી કરાવે છે. સેવાશ્રમમાં ગ્રામ-ઔષધાલય શરૂ કરીને, નોઆખલીની ચળવળ વેળાએ સેંકડો મુસ્લિમોની શુશ્રૂષા વડે તેમનાં હૃદય જીતી લઇને અને ઈ. ૧૯૫૦માં રક્તપિત્ત જેવા ચેપી દર્દને ખાળવા અવિશ્રાંત જહેમત ઉઠાવીને તે સેવાભાવનાનું બહુમૂલું પ્રતીક બની રહ્યાં છે.

સંયુક્ત રાષ્ટ્રસંસ્થા 'યૂનો'ના સામાજિક પંચના પ્રથમ ઉપનેતા તરીકે, 'સ્ટેટ કાઉન્સિલ ફૉર ચાઈલ્ડ વેલફેર'ના ઉપાધ્યક્ષ તરીકે તથા 'સમાજ સ્વાસ્થ્ય સંઘ'ના પ્રમુખ તરીકે તેમણે સતત કાર્યરતતાથી વિશ્વખ્યાત સંપન્ન કરી છે.

ઈ. ૧૯૫૨માં તેઓ આરોગ્ય ને પુનર્વસવાટ ખાતાનાં પ્રધાન બનેલાં. ઈ. ૧૯૫૫-૫૬માં દિલ્હી ધારાસભાના સ્પીકરનું બહુમાન પણ તેમને પ્રાપ્ત થએલું. ૧૯૫૯થી કેન્દ્રના પ્રધાનમંડળમાં ગાંધીવાદનાં ચુસ્ત પ્રતિનિધિ હોવા ઉપરાંત આરોગ્ય ખાતાના પ્રધાન તરીકે તેમની વર્તમાન સેવાઓ વિસ્તૃત બની છે.

તેમનો વિદ્યાવ્યાસંગ ને ભાષાશોખ પણ એવો જ જાણીતો છે. જેલવાસ દરમિયાન સંસ્કૃતમાં રામાયણ તથા બાઇબલનો અભ્યાસ તેમણે ગાંધીજી પાસે કરેલો, ને માતૃભાષા પંજાબી અને ઉર્દૂ ઉપરાંત તેઓ હિન્દી, અંગ્રેજી, બંગાળી, સંસ્કૃત, મરાઠી ને ગુજરાતી પર પણ પ્રભુત્વ ધરાવે છે. 'અમારાં બા', 'આરોગ્યની ચાવી', 'બાપુ કે કારાવાસ કી કહાની' વગેરે પ્રકાશનો તેમની લેખનકળાના નમૂના છે.

કરકસર

કરકસરથી જ માણસ કપરા કાળમાં ટકી શકે છે. કરકસરિયો જ ઇશ્વરને ઓળખી શકે છે. તે જ સમાજને ટકાવી શકે છે. બતાવોને કે કયો ભક્ત કે તપસ્વી કરકસરિયો નહોતો? તેમણે તો ઇશ્વરે આપેલાં સાધનો યોગ્ય રીતે વાપરીને વધારે વર્ષ એની પાસેથી કામ લીધું. ગાંધીજી દરેક વસ્તુનો—અરે ખુદ પોતાના શરીરના એકેએક અવયવનો પણ કરકસરથી પૂરો ઉપયોગ કરતા. એક વખત એક ભાઈ ટટ્ટી ગયા, ત્યારે લોટો ઘસવા માટે મોટું ઢેફું ઝાલતા આવ્યા. ગાંધીજીએ પૂછ્યું, 'આવડું મોટું ઢેફું શું કામ લાવ્યા?' પેલા ભાઇએ કહ્યું કે લોટો ઘસવા. ગાંધીજીએ પૂછ્યું, 'આટલી બધી માટી લોટો ઘસવા માટે જોઈએ?' પેલા ભાઇએ કહ્યું કે 'માટીનો શું કંઈ કાળ પડચો છે?' ત્યારે ગાંધીજીએ કહ્યું કે 'માટીનો કાળ ન પડચો હોય તેથી ગમે તેટલી વાપરવી? એ જ્યાં પડી હતી ત્યાં જ ઉપયોગી હતી. આ તો ખેતરમાંથી અહીં લાવ્યા અને વધેલી ફેંકી દેવાના, એટલે તે કચરામાં ખપવાની; અને જરૂર કરતાં વધુ વાપરી તેટલો ઇશ્વરનો દ્રોહ કર્યો'

ઇંગ્લંડનો દાખલો લો. તેને ગયા મહાયુદ્ધમાં અનાજની ખૂબ તાણ પડી, એટલે તેણે વિટામિનો શોધી કાઢચાં અને પોતાનો ખોરાક વિટામિનોના ધોરણે ગોઠવ્યો. પણ આપણને વિટામિનોની ક્યાં પડી છે? આપણે તો મસાલા વિના મરી જઇએ.


જે ક્રિયાની પાછળ ગણિત હોય તે કરકસર. કોઇ એક રૂપિયો વાપરે છતાં સવા રૂપિયા જેટલું દેખાય ત્યારે જાણવું કે તેણે કરકસર કરી છે; પણ જો બાર આના દેખાય, તો ઉડાઉપણું કર્યું જાણવું; અને રૂપિયો વાપરવાની જરૂર હોય અને વાપરે બાર આના અને પછી દોઢું નુકસાન કરે ત્યારે જાણવું કે તેણે કંજુસાઈ કરી.

—રવિશંકર મહારાજ



આ બુટ્ટો બ્લાઉઝમાં પીઠે કે અન્ય યોગ્ય સ્થળે, બાળકોના ફ્રૉક પર, સાડીમાં બુટ્ટા બુટ્ટા તરીકે યા ટેબલ ક્લોથ કે પડદા પર સમુચિત ભરતકામમાં વાપરી શકાય. ઉચિત જગ્યાએ રંગોળી તરીકે ચીતરી પણ શકાય.

સફેદ કપડાં કથ્રોણાં પડીને ઝાંખાં થયાં હોય તો છેલ્લા નિખારવાના પાણીમાં થોડો હાઇડ્રોજન પેરૉક્સાઈડ નાખવો.



ઊગતાં ને વધતાં છોકરાંનાં બૂટ–સ્લિપર ખરીદવામાં ખૂબ કાળજી રાખવી. લાંબામાં લાંબી આંગળી અને જોડાના છેડા વચ્ચે ૦ા૯. થી ૦ાા ઇંચની જગ્યા રહે એ જોજો. અને અંગૂઠો કે અમુક જ આંગળી લાંબી હોય છે એવું નથી. 'ફિટ'ના મોહમાં પડીને આંગળાં ભીચડાય નહિ તે ખાસ જોજો. જોડાના છેડા બધાં આંગળાં રમતાં રહે એવા પહોળા પસંદ કરજો. બંને જોડા (એક નહિ) પહેરાવી દુકાનમાં છોકરાંને આમતેમ ચલાવી જોજો અને ખરીદ્યા પછી પણ થોડે મહિને તપાસતાં રહેજો. એક બાળકના જોડા સાંકડા પડ્યે કદી બીજાને પહેરવા આપતાં નહિ; કેમકે બે માણસના પગના આકાર કે પગલાં સરખાં નથી હોતાં.

યુદ્ધકાળમાં વાનગીઓ પણ કરકસરવાળી યોજીએ. ખર્ચ ઝાઝું ન થાય અને નવીનતાથી જીવનનો આનંદ ટકી રહે. એવી દૃષ્ટિવાળી (અને આ નીચે ઉતારી છે એવી) વાનગીઓ વાચકો લખી મોકલશે તો આવકારીશું.

બીબડી

બશેર બાજરીને ડૂબતા પાણીમાં ત્રણ દિવસ પલાળી રાખો. રોજ પાણી બદલવું. ચોથે દિવસે ફૂલેલી બાજરીને સારા પાણીથી ધોઈ, માપસર મૂકેલા આધણમાં ઓરી દેવી અને દડાથી હલાવવું. બરાબર ચડી લચકા જેવું થઈ જાય એટલે તેમાં નવટાંક તલ, નવટાંક કોથમીર, નવટાંક લીલું લસણ, નવટાંક લીલાં મરચાં, અધોળ સૂકું મરચું અને અધોળ આદુ (છીણેલું) નાંખવું, અને બરાબર હલાવી, ઉપરનીચે અંગારા મૂકી, સારી રીતે બફાવા દેવું. ઠંડું થયે નાની થેપલીઓ બનાવી સુકાવા દેવી. જ્યારે ખાવી હોય ત્યારે તળીને ખવાય. આ ચીજ એક વર્ષ સુધી બગડતી નથી.

(ગુ. સ.) —મૃણાલિની હ. મહંત

લીંબુના રસમાં ઓગાળેલા મીઠાથી ચાના ડાઘ સાફ થઈ જાય છે.

પતાસાને દેવતા પર નાખી તેનો ધુમાડો દુખતી બાજુના નસકોરામાં લેવાથી આધાશીશીને આરામ થાય છે.

ઘરગથ્થુ ઔષધ ……………… ૧૨] દિવેલ

પ્રાચીન કાળથી એરણ્ડ અને એરણ્ડતેલના ઔષધીય ઉપયોગ થતો આવ્યો છે. એરંડતેલ (દિવેલ) મધુર, અનુરસમાં તીખું અને તૂરું, વિપાકમાં મધુર, ઉષ્ણવીર્ય, તીક્ષ્ણ, સૂક્ષ્મ, સ્રોતોને વિશુદ્ધ કરનાર, ચામડી માટે હિતકર, વાજીકર, વયઃસ્થાપન, મેધા-આરોગ્ય–કાન્તિ, ને બળની વૃદ્ધિ કરનાર, ગર્ભાશય તથા શુક્રની વિશુદ્ધિ કરનાર, ભારે, કફવર્ધક, અધોભાગ (નાભિ નીચેના)ના દોષને દૂર કરનાર તથા વાતરક્ત, ગુલ્મ, હૃદ્રોગ તેમજ જ્વરને દૂર કરનાર છે.

ડૉ. વા૦ ગ૦ દેસાઇના મતાનુસાર 'દિવેલ સૌમ્ય, સ્રંસન, ધાવણ ઉત્પન્ન કરનાર, દાહશામક તથા વાતહર છે. બે થી ચાર ડ્રામ દિવેલ રાત્રે સૂતી વખતે આપવાથી સવારમાં સાધારણ પાતળા પીળા રંગના એકબે દસ્ત થાય છે. દિવેલથી આંતરડાંની શ્લેષ્મલ ત્વચા મૃદુ બને છે અને એથી મળની ગાંઠો નીચે આવે છે. આ રીતે મળને નીચે સરકાવનાર દ્રવ્યોને સ્રંસન કહે છે. એક ડ્રામ માત્રામાં દિવેલ રોજ રાતે સૂતી વખતે લેવાથી જૂની કબજિયાત દૂર થાય છે તથા અર્શમાં પડેલા ચીરામાં લાભ થાય છે. કટિશૂળ, રાંઝણ, પડખાંની શૂળ, હૃદયશૂળ, આમવાત તથા સંધિશોથમાં એરંડમૂળ ને સૂંઠનો ક્વાથ સવારસાંજ તથા રાતે સૂતી વખતે દિવેલ તથા થોડું શિલાજીત મેળવીને અપાય છે તથા દુખતી જગ્યાએ દિવેલનું માલિશ થાય છે. સ્તન પર દિવેલ લગાવી એરંડાનું પાંદડું બાંધવાથી સ્તનનો સોજો ઓછો થાય છે તથા દૂધનું પ્રમાણ વધે છે.

વાયુના રોગો

દિવેલ વાતારિ છે, વાતગજ-કેસરી છે—વાયુરૂપી હાથીનો નાશ કરનાર સિંહ છે. રાંઝણ ને લકવા જેવા વાતરોગોમાં દર્દી શરૂથી જ જો દિવેલના આશ્રયે જાય તો ચમત્કારિક લાભ મેળવે છે. ઘણીવાર કોષ્ઠબદ્ધતાથી અપાન વાયુની ગતિ અવરોધ પામે છે; અપાન ઊર્ધ્વગતિનો થાય છે. આ એની અસ્વાભાવિક ગતિ છે. એને પરિણામે ઉદરશૂળ, હૃદયશૂળ, મસ્તકશૂળ વગેરે વેદનાઓ અને શરદી-ઉધરસ જેવા ઉપદ્રવો શરૂ થાય છે. આવે વખતે દિવેલના રેચ અથવા બને તો બે તોલા માત્રામાં દિવેલની બસ્તિ લેવામાં આવે તો બંધાઈ ગએલા મળનો નિકાલ થાય છે, અપાનનું અનુલોમન થાય છે અને ઉપદ્રવ ચમત્કારિક રીતે શાંત થઇ જાય છે. આને અમે શાસ્ત્રમાં 'સંપ્રાપ્તિભંગ' કહીએ છીએ. રોગને ઉત્પન્ન કરનાર અવાન્તર શૃંખલાને તોડી નાખવી એનું નામ સંપ્રાપ્તિભંગ. બાળકોની ઉધરસમાં મહદ્ અંશે કબજિયાત કારણભૂત હોય છે અને ચતુર માતા દિવેલના એક રેચથી બાળકને રોગમુક્ત કરે છે.

મરડો

મરડામાં દોષોને અટકાવવાને બદલે દિવેલનું વિરેચન આપી દેવામાં આવે તો મળ અને આમ સહેલાઇથી બહાર નીકળી જાય છે. ઉદરશુદ્ધિ થયા પછી ઈસબગુલ આપવું. ઈસબગુલ આંતરડાંની આળી દિવાલોને સ્નિગ્ધ કરવાનું કામ કરે છે અને રક્તસ્રાવ અટકાવે છે.

રોપણ ગુણ

દિવેલમાં રૂઝ લાવવાનો ઉત્તમ ગુણ છે. વાયુની રુક્ષતાને કારણે શરીરના કોઈ ભાગમાં ચીરા કે હાથપગમાં વાઢિયા પડ્યા હોય તો દિવેલ લગાવવાથી ફાયદો થાય છે. સ્ત્રીઓને સ્તનની દીંટીમાં ચીરા પડ્યા હોય તો દિવેલ ચોપડવાથી ફાયદો થશે.

પ્રસવકષ્ટ

પ્રસવ સમયે ઓછું કષ્ટ પડે એ માટે સગર્ભા સ્ત્રીએ મહિનામાં એક બે વખતે મળશુદ્ધિ માટે દિવેલનો ઉપયોગ કરવો. પ્રસિદ્ધ ચિકિત્સક અને આયુર્વેદવિદ્વાન શ્રી બાપાલાલભાઈ લખે છે: 'જે સ્ત્રીઓને કોઠે રતવા હોય, કબજિયાત હોય, કમર દુખવાની જેને ફરિયાદ હોય તેને દિવેલ ઘણું માફક આવે છે. સુવાવડ થતાં પહેલાં પણ લઈ લેવાથી સુખેથી પ્રસવ થાય છે. સુવાવડમાં પણ કમરનો દુખાવો, કબજિયાત, અપચો વગેરે રહેતું હોય તો દિવેલ આપવામાં આવે છે.'

ગર્ભને ગર્ભાશયમાં યોગ્ય સમય સુધી ધારણ કરી રાખવાનું અને યોગ્યકાળે એને બહાર મૂકવાનું પ્રાકૃત કર્મ વાયુનું છે. દિવેલનું સેવન આ વાયુની વિકૃતિને દૂર કરનાર છે. **લાભશંકર ઠાકર**

શબ્દકથા : 'ઑડ–હવડ'

ઓચી કે ગરદન માટેના શબ્દ 'ઑડ'ના મૂળમાં છે પ્રાકૃત શબ્દ, 'અવડુ' ને સંસ્કૃત 'અવટુ'. સંસ્કૃતમાં 'અવટ'નો મૂળ અર્થ 'બાકોરું', 'ખાડો', પોલાણ એવો હતો. પછીથી 'કૂવો', કે નવાણ જેવો અર્થ થયો.

'ઑડ' આમ તો એક ખાડો જ છે, એટલે તેને 'અવટુ' કહેવાનું ઔચિત્ય કળાઈ છે. 'અવટ' ઉપરથી પ્રાકૃતમાં 'અવડ' અને તે પરથી થયા આપણા 'અવડ' કે 'હવડ'. અવાવરુ કૂવો 'હવડ કૂવો' કહેવાય છે. ખાંડણિયાને માટે એક દેશ્ય શબ્દ છે 'અવહુઅ'. એ પણ 'અવટ'-માંથી જ છે. આમ, મૂળ 'ખાડો' અર્થ ધરાવતો શબ્દ ક્રમેક્રમે 'ઑડ,' 'કૂવો'ને 'ખાંડણિયો' એમ સ્થાનફેરે જુદાજુદા 'ખાડા' માટે વપરાતો થયો.

'અવડ'ને કાંઠે એટલે કે ધરાને કાંઠે ઊગેલા લાંબા ઘાસની એક સુંદર અન્યોક્તિ હેમચંદ્રાચાર્યે અપભ્રંશ સાહિત્યમાંથી ટાંકી છે:

> તણહં તઈજ્જી ભંગિ નવિ તે અવડયડિ વસંતિ,
> અહ જણુ લગ્ગિવિ ઉત્તરઇ અહ સહ સઇં મજ્જંતિ.

દૂહાનો અર્થ એવો છે કે અવડને—ધરાને કાંઠે ઊગનારા તૃણની બે જ ગતિ હોય છે: કાં તો માણસ તેનો આધાર લઇને સામે પાર પહોંચે, અથવા તો તે આધાર લેનારની સાથે જ ડૂબી જાય. એટલેકે સ્વામીભક્ત સુભટને આધારે કાં તો સ્વામી સંગ્રામમાં વિજય મેળવે, ને કાં તો તે સ્વામી સાથે જ સંગ્રામમાં ખપી જાય.

'નવાણ'ના મૂળમાં સંસ્કૃત 'નિપાન' ને પ્રાકૃત 'નિવાણ' છે; જ્યારે 'ધરો' મૂળે સંસ્કૃત 'હ્રદ' ને પ્રાકૃત 'દ્રહ' છે. 'ગોધરા'નું મૂળ 'ગોહ્રદ,' 'ગોદ્રહ'. **હરિવલ્લભ ભાયાણી**

સાહિત્યસંપર્ક

બહુપ્રતિભ કવિ-લેખક હરમાન હેસ

આ સૃષ્ટિ પરત્વે અપાર મુગ્ધતા ને નિષ્ઠા પ્રકટ કરનાર અને જીવનનું સમાધાન શોધનાર કવિ, તથા પરંપરાગત જીવનપ્રવાહોને કૌતુકરાગી બંડખોર તરીકે નિહાળીને ઉન્નત જીવનદૃષ્ટિનું પ્રતિબિંબ પાડનાર બહુપ્રતિભ જર્મન સાહિત્યકાર હરમાન હેસનું ગયા ઑગસ્ટની ૯મીએ સ્વિટ્ઝર્લૅન્ડના મોન્ટાનોલા ખાતે ૮૫ વર્ષની વયે અવસાન થયું. એક વિરલ કવિનક્ષત્ર જીવનની પ્રગલ્ભ ચારુતાને ઝબકાવી ખરી પડ્યું.

દક્ષિણ જર્મનીની રમણીય નાગોલ્ડના કિનારે સ્વાબિયાના કાલ્વ શહેરના પ્રૉટેસ્ટન્ટ પાદરીને ત્યાં ઈ. ૧૮૭૭ની બીજી જુલાઇએ જન્મેલા હેસનું બાળપણ પ્રકૃતિની ગોદમાં જ પાંગર્યું. બાસેલ, કાલ્વ, ટુબિન્ઝેન ને કાન્નાસ્ટાટની શાળાઓમાં શિક્ષણ પામતા પદ્યલયતાના એ પ્રેમીને શાળાજીવનનું ગદ્યાળ વાતાવરણ કુદરતની ચારુતાની સમૃદ્ધિ આગળ કંગાળ લાગ્યું, એટલે શાળાને આખરી નમસ્કાર કર્યા અને મુક્ત મને પોતાની પ્રેરણાદાત્રી કલ્પનાની ને રંગદર્શિતાને પામવા કોઈ વેપારીની પેઢીમાં શિખાઉ તરીકે રહ્યા પછી હુન્નરીકળાની તાલીમ મેળવી ઘડિયાળો બનાવવાની કારીગરી શીખ્યાં; અને છેવટે એ પ્રકાશકની દુકાનનાં પગથિયાં ચડ્યા ત્યારે તેમને પોતાની ભાવના અંશતઃ સાર્થક થતી લાગી.

મોતના સોદાગર હિટ્લરના (હિટલરને હેસે એ નામ આપેલું) નાત્સીવાદની જ્વાળામાં સપડાય તે પહેલાં તેણે જર્મની છોડી સ્વિટ્ઝર્લૅન્ડ વસાવ્યું. માતૃભૂમિના ત્યાગનો સોદો કરી તેણે સર્જનાત્મક સાહિત્યની ચિનગારી અક્ષુણ્ણ રાખી જેણે એક વિશ્વપ્રતિભ કવિ, નવલકથાકાર ને નિબંધકારનું સર્જન કર્યું.



હરમાન હેસ

યુવાવસ્થામાં તેઓ ભારતીય દર્શન અને પૂર્વીય જનજીવનના ખૂબ સંપર્કમાં આવેલા. પરિણામે તેમની ઘણી ખરી રચનાઓમાં બૌદ્ધધર્મના પ્રભાવ તળે પ્રકૃતિનાં જીવન્ત તત્ત્વોનું નિરૂપણ, ઉદાર માનવતાવાદી દૃષ્ટિકોણ તથા સાંસારિક વૈભવ પ્રતિની અનાસક્તિ નજરે પડે છે. બુદ્ધ વિષે એમણે ઘણી કવિતાઓ લખી છે ને ૧૯૨૨માં પ્રસિદ્ધ થએલી એમની 'સિદ્ધાર્થ' નામની નવલમાં નિર્વાણમાર્ગી છાયા જણાય છે. પૂર્વના દેશોની પોતાની સફરની સ્મરણિકા જેવી 'ધ જર્ની ટુ ધી ઈસ્ટ' તથા 'આઉસ ઈન્ડીએન' ('આઉટ ઑવ ઈન્ડીઆ')માં ભારતીય વાતાવરણ છે તો 'દાસ ગ્લેસપ્લૅન્સ્પિલ' નામનું તેમની સર્વોચ્ચ સર્જન બંને રીતિઓના સમન્વય રૂપ નૂતન માનવ સંસ્કૃતિનું દ્યોતક બની રહ્યું છે.

ઈ. ૧૯૪૬માં તેમને સાહિત્યનું 'નોબેલ પારિતોષિક' મળ્યું; અને ગએટે પારિતોષિક તો તેમના કર્મઠ વ્યક્તિત્વ અને સર્જન-પ્રતિભા પર સાચી મહોર છે. નાત્સીઓએ એમની રચનાઓને બાળી નાખીને પોતાના હીન અહમનું પ્રદર્શન કર્યું હતું; તો તેમને ડૉક્ટરેટની પદવી આપીને સ્વિસોએ પોતાનું ગૌરવ વધાર્યું છે.

એમની પ્રારંભિક રચનાઓ 'અનટેમ રાડ,' 'હરમન લાશર' વગેરે વૈયક્તિક બાહુલ્યનું દર્શન કરાવે છે, તો એમની 'ફૅબ્યુલાયર બક,' 'ડેથ ઍન્ડ લવર,' 'બિટ્રાક્ટ્યુન્ગેન' વગેરે નવલો યુદ્ધની ભયાનકતા તથા મોતના સોદાગરોની નિર્લજ્જતા આલેખે છે. એમની 'પીટર કામેનઝિન્ડ' ઉપરાંત યુદ્ધોત્તર નવલો 'ડાઈ ગેટિફ્ટે', 'માજિસ્ટર લ્યુડી,' 'સ્પાએટે પ્રોઝા', 'ગ્રીફે' રચનાઓમાં તેમણે કારુણ્ય ને ઊર્મિશીલતામાં રાચતો માનવી નહિ પરંતુ અંતર્મુખ પ્રતિભા દાખવી આત્મશોધનમાં રાચતો ઉન્નત પુરુષ ચીતર્યો છે, જેના જીવનમાં લશ્કરી કે રાજકીય શાંતિ નહિ પરંતુ હેતુપૂર્ણ ને મર્દાનગીભરી જિંદગીની રસસભરતા છે. પ્રથમ વિશ્વયુદ્ધના કાળ દરમિયાન લખેલી 'ડેમીઅન'માં તેમણે નિરંતર અનુસંધાનરત ને સંઘર્ષશીલ માનવીના પ્રતીક ડેમાઇને ચીતર્યો છે. એવી જ ઢબની 'કિન્ડરશીલ'માં એક બાળકના મનોવિશ્વનું વાતાવરણ સર્જી એમણે સાંપ્રતકાળની આચરણહીનતા પ્રતિ પ્રબળ આક્રોશ વ્યક્ત કરી માનવતાનાં સ્વસ્થ મૂલ્યોનું પ્રતિસ્થાપન કરવા પ્રયાસ કર્યો છે.

સાચા અર્થમાં જાગરૂક કલાકાર ને વીસમી સદીના આ કવિનક્ષત્રની આંતરદૃષ્ટિમાં જે નિર્વ્યાજ મૌગ્ધ્ય હતું તે જીવનના અંત લગી એવું ને એવું જ છલકાતું રહેલું. મૃત્યુના આગલે જ દહાડે લખેલું તેમનું 'ટ્રાન્ઝીશન' કાવ્ય એમની પ્રાંજલ પ્રકૃતિનિષ્ઠાનું હૃદયંગમ ગીત છે.

નવા કાવ્યસંગ્રહો

મ્હારાં સૉનેટ (કર્તા સ્વ. બલવંતરાય ક. ઠાકોર, સંપાદક ઉમાશંકર જોશી) ગુજરાતી કાવ્યસાહિત્યમાં સૉનેટના કાવ્યપ્રકારને રોપનાર ને દૃઢમૂલ કરનાર સદ્‌ગત કવિશ્રી બ. ક. ઠાકોરનાં ૧૬૬ સૉનેટોનું આ સંપાદન આપણા પ્રથિતયશને અધિકારી કવિ દ્વારા થયું છે એ હકીકત એને વધુ મૂલ્યવાન બનાવે છે. તેની બીજી આવૃત્તિનું આ પુનર્મુદ્રણ છે. સંપાદકે શક્ય તેટલે સ્થળેથી કવિની કૃતિઓ મેળવીને એની પાછળ ઝીણવટભરી કવિદૃષ્ટિથી મહેનત કરી છે. કવિને અન્યાય ન થાય એ. વિચારે કાવ્યોને તેમની વિશિષ્ટ જોડણીના મૂળ સ્વરૂપમાં જ રાખ્યાં છે—એકાદ બે અપવાદ સિવાય. ઉપરાંત આ આવૃત્તિમાં કવિના આખરી સુધારાવધારા, બે નોંધ, મિતાક્ષરી વિવરણ વગેરે પણ ઉમેરાયાં છે. છેલ્લી આવૃત્તિમાં ન આવ્યાં હોય તેવાં કેટલાંક સૉનેટ પણ અહીં સ્થાન પામ્યાં છે—જેવાં કે 'સ્ટાલિનગ્રાડ' અને 'ચર્ચિલની ૬૯મી વરસગાંઠે.'

સૉનેટની સૂક્ષ્મ સમજ અને બુદ્ધિખમીર એ કવિશ્રીની લાક્ષણિકતા છે. 'મ્હારાં સૉનેટ'માં એમનું હૃદય સર્વસ્વ લગભગ સાકાર થયું છે. એમાંનાં સૉનેટ મુખ્યત્વે કવિતા, પ્રેમ, ઇતિહાસદૃષ્ટિ, સમાજદર્શન, પ્રકૃતિચિંતન અને સંસારની સુખદુઃખમયતા પર છે. એમના જીવનદર્શનમાં બુદ્ધિપૂત, યથાર્થતાપ્રિય, અજ્ઞેયવાદી વલણ હોવા છતાં શ્રદ્ધાતત્ત્વ પણ જાગૃત છે. કવિની આ વિચારસરણી રચનાકૌશલ સાથે અહીં પ્રકટ થઈ છે. (મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરા, પૃ. ૨૨૦+૩૨; રૂ. ૩).

કવિની સાધના (ઉમાશંકર જોશી) આજના ગુજરાતી સાહિત્યક્ષેત્રે અગ્રગણ્ય આ કવિની સાધકવૃત્તિનું આ પરિપક્વ ફળ છે. કવિમાનસની આંતરપ્રક્રિયાઓનું ગહન દર્શન અહીં ગાંભીર્યપૂર્વક રજૂ થયું છે. એમાં કાવ્ય અને સાહિત્યની તત્ત્વચર્ચા તથા વિવેચન-પ્રકારની અભ્યાસપૂર્ણ છણાવટ છે. તદુપરાંત કવિવર ટાગોરની કાવ્યભાવનાનો તત્ત્વસ્પર્શી આસ્વાદ પણ કરાવવામાં આવ્યો છે. સાથે સાથે અર્નેસ્ટ હેમિંગ્વે અને ગોવર્ધનરામ જેવા મહાન કથાલેખકોની સર્જનપ્રવૃત્તિનો પણ વિદ્વત્તાભર્યો પરિચય આપ્યો છે. સાધકને પોતાનું યોગ્ય દૃષ્ટિબિંદુ ઘડવામાં આ લેખસમૂહ ઘણો મદદ રૂપ થઈ પડે એવો છે.

મીરાંનાં પદો (સંપાદક ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી) ભક્ત કવિ મીરાંનાં ૪૧૩ પદોને અહીં છ વિભાગોમાં વ્યવસ્થિત રીતે સંગ્રહિત કરવામાં આવ્યાં છે. પહેલા વિભાગમાં મીરાંના જીવન અને હૃદયના ભાવો જોવા મળે છે, બીજામાં કૃષ્ણજીવનના વિવિધ પ્રસંગો નિરૂપાયા છે, ત્રીજામાં કૃષ્ણમહિમાનું ગાન છે, ચોથામાં ચિંતન અને બોધનાં પદો છે. આટલાં ગુજરાતી પદો બાદ એક વિભાગમાં દેવનાગરી મિશ્રિત ગુજરાતી હસ્તપ્રતોને આધારે મેળવેલાં રાજસ્થાની પદો છે, અને છેલ્લા વિભાગમાં મીરાંનાં કેટલાંક સુપ્રસિદ્ધ હિંદી પદો મૂક્યાં છે. જોકે આ વિભાગીકરણ તદ્દન ચુસ્ત નથી. વળી આમાંનાં કોઇકોઇ પદ મીરાંનાં ન પણ હોઇ શકે. સંપાદક એ બાબતમાં સંપૂર્ણ ચોકસાઇના આગ્રહી નથી. સંગ્રહની શરૂઆતમાં મીરાં અને એની કવિતા પર સંશોધનાત્મક નિબંધ અને અંતમાં જરૂરી ટિપ્પણ આપીને સંપાદક વાચક અને મીરાં વચ્ચે સાચ કડી સાધે છે. દયારામ રચિત 'મીરાંબાઇનો પરચો' એમાં ઉમેરો કરે છે. આ દળદાર સંગ્રહ મળ્યા પછી મીરાંનાં પદો માટે બીજે શોધ કરવાની જરૂર ભાગ્યે જ પડે.

મીરાંબાઈ (એક મનનઃ ડૉ. મંજુલાલ ર. મજમુદારઃ મીરાંબાઇના જીવન, કવન અને ભક્તિની તલાવગાહી અને શાસ્ત્રિય આલોચના કરતા આ મનનીય પુસ્તકમાં ડૉ. મજમુદારે મીરાંને ઓળખવા માટે ખૂબ ખંત ને ઝીણવટથી તૈયાર કરેલી આધારભૂત ને મૂલ્યવાન માહિતી આપી છે. એમાં મીરાંની જીવનરેખા, એની ભક્તિની ભૂમિકા એની કવિતાનો સંદેશ તથા એના કવનનો અભ્યાસપૂર્ણ આસ્વાદ મળી રહે છે. 'મીરાં-માધુરી' નામક ખંડમાં મીરાંનાં ગુજરાતી તેમજ રાજસ્થાની પદો એના ભાવને અનુકૂળ વિભાગોમાં આપ્યાં છે. સંશોધન અને અભ્યાસની દૃષ્ટિએ આ પુસ્તક એ વિષય પરની શ્રેષ્ઠ કૃતિઓમાં સ્થાન પામે એવું છે. —ગીતા પરીખ

ઈંગિત (હેમન્ત દેસાઇ) મુખ્યત્વે પ્રથમ પ્રણયની મોહક સુરભિ મહેકાવતા 'ઈંગિત'-ની કવિતામાં નિરાડંબર નિખાલસરીતે કવિએ પ્રણયની અનુભૂતિઓને મનોહર વાણીમાં ગાઇ છે. 'મિલનદોરી' અને 'સંમિલન' જેવાં કાવ્યોમાં એ ક્યારેક મિલનના આનંદથી છલકાઇ ઊઠે છે, તો ક્યારેક 'વિયોગ' 'પુનર્મિલન' અને 'વિપર્યય' જેવાં કાવ્યોમાં વિયોગની ઘેરી વ્યથાને વેધકતાથી વ્યક્ત કરે છે.

કવિએ પ્રકૃતિકાવ્યો લખ્યાં છે જૂજ, પણ તે નવીન કલ્પનાથી સભર અને સુરેખ છે. ગઝલમાં સાહજિક અને ચોટદાર અભિવ્યક્તિ કવિને કેટલી આસાન છે તેનાં ઉદાહરણોમાં 'શું કરું?' 'થઇ બેઠાં' વગેરેનો સહેજે ઉલ્લેખ કરી શકાય. પરંપરિત હરિગીતની પણ કવિને ફાવટ છે. 'સમાધાન' તથા 'એક સવાર'ને સંગ્રહનાં ઉત્તમ કાવ્યો પૈકી ગણાવી શકાય.

પ્રણયની જોશીલી ઊર્મિથી આ કવિનાં કેટલાંક કાવ્યો ખૂબ હૃદયસ્પર્શી બન્યાં છે, તો ક્યારેક એ જોસ્સાએ રચનાની ક્ષતિઓ તરફ એમનું ધ્યાન દોરાવા દીધું નથી. ભાવપુનરાવર્તન અને ભાવ-અનુરણનમાં ઊતરતી કક્ષાની કૃતિઓ પણ જોવા મળે છે. 'જાણી હોત હું' જેવાં કાવ્યોમાં સાતઆઠ લીટી સુધી જાણે ગદ્યખંડ લંબાય છે. 'માફ કરજે'માં કવિ હરિગીતમાં લપસ્યા છે. 'નવું ભજન'નો છેલ્લો આંતરો છાપાળવો થઈ ગયો છે.

'ઈંગિત'માં એક સાચા કવિની આરતનાં દર્શન થાય છે. ઊર્મિ અને કલ્પનાના પાથેય સાથેની આ કવિની યાત્રાને ચિંતન પણ સાંપડો, એવી શુભેચ્છા સાથે એમને આવકારીએ. (મુખ્ય વિક્રેતા વોરા ઍન્ડ કંપની લિ. મુંબાઇ ૨ પૃ. ૧૨૦+૧૨, રૂ. ૩).

પ્રત્યંચા (સુરેશ હ. જોષી) કવિતાનું પ્રયોજન જો આહ્‌લાદિત કરવાનું હોય તો, દેખાવ તેમજ કાવ્યસામગ્રી બંને દૃષ્ટિએ નવીન આ સંગ્રહનાં કેટલાંક કાવ્યો તે સિદ્ધ કરે છે. 'પ્રાર્થના', 'પાંખડી', 'સૂર્ય', 'શી રીતે?' 'પ્રલય' વગેરેને આમાં ગણાવી શકાય. 'ચૈત્ર રાતે'માં કવિ ચૈત્રલહરીનો સુખદ સાક્ષાત્કાર કરાવે છે, તો 'લાગટ હેલી પછીનો તડકો'—એ કૃતિને અભિનવ કલ્પનાથી રસી દે છે. કેટલાંક કાવ્યોમાં કવિ માનવજીવનની વિચ્છિન્નતાના પ્રતિનિધિ રૂપે રજૂ થાય છે. એમાં 'સંક્ષિપ્ત રામાયણ'માં કવિ કરુણગર્ભ લાગણીને કટાક્ષયુક્ત વાણીમાં વણે છે. 'ત્રિજ્યા' અને 'અમારું ઘર' પણ આવી વિચ્છિન્નતાનાં જ કાવ્યો છે અને આસ્વાદ્ય છે. કવિની વિશાળ સહાનુભૂતિનાં એ દ્યોતક છે.

આમ છતાં ક્યારેક આ પ્રકારની કૃતિઓમાં કવિ આયાસપૂર્વક ઘેરા રંગ પૂરવા મથતા હોય એવું અનુભવાય છે. 'રોજ રાતે' અને 'હું સાંભળું છું' ને આ પ્રકારમાં મૂકી શકાય. અહીં શબ્દાળુતા અને અલંકારોથી અતિચિત્રણનો દોષ કવિ વહોરી લે છે. 'થોડાંક ફૂલ'માં ફૂલજગત પ્રત્યે કવિની મુગ્ધતા પ્રતીતિકર નથી લાગતી. કેટલાંકમાં માત્ર તરંગો છે, જે કાવ્યકક્ષાએ પહોંચતા નથી. છંદોમાં કેટલીક જગ્યાએ કવિએ અસહ્ય છૂટ લીધી છે. દા. ત. 'બિન્દુ'માં બે જગ્યાએ 'કર' શબ્દના 'ઉ'નું દીર્ઘ

ઉચ્ચારણ કરવું પડે છે. એ જ કૃતિમાં 'સુત્રાસ'-માં 'સ' વધારાનો થઈ પડે છે. આવા તો ઘણા દાખલા આપી શકાય.

કવિતામાં ભાવ અને અભિવ્યક્તિને ચાલુ ચીલામાંથી બહાર કાઢવાના આ કવિના પ્રયોગને આવકારીએ. જોકે પોતાના ભાવચિત્રોને ઉપસાવવાને જે અવનવાં પ્રતીકોને તીવ્ર આલેખનશક્તિ તે દાખવે છે તે. ક્યારેક અતિ ઉગ્ર અને અતિભૌતિક થતાં કવિતાનો પ્રસાદ હણાતો લાગે છે અને કાવ્ય પોતાની ઋજુ સરલતામાંથી ભારેખમ દુર્બોધતામાં સરી પડે છે. પરિણામે 'પ્રત્યગ્રા' એના વાચકોમાં પ્રતિકૂળ પ્રત્યાઘાતો પણ જગાડે છે. આજના યુગના ધૂંધળા સંઘર્ષમય જીવનદર્શનનું આ પરિણામ તો નહિ હોય? (પ્રકાશકઃ ઉષા જોષી, અધ્યાપક કુટીર, વડોદરા-૨, પૃ. ૪૪ રૂ. ૧-૨૫)

હરિચંદન (જગદીશ ત્રિવેદી) આમ તો આ કવિના હૃદયની એક વિશિષ્ટ લાગણી (એકલતાની) સંગ્રહનાં ઘણાં કાવ્યોમાં સચ્ચાઇપૂર્વક વ્યક્ત થઇ છે, પણ તેને સરસ અભિવ્યક્તિ 'ઝંખના'માં સાંપડી છે. સંગ્રહની બીજી વિશિષ્ટતા છે કવિનો પ્રકૃતિપ્રેમ. 'પ્રભુ જાણે કાલે'માં વાચક કવિની યાત્રામાં સાથી બની જાય એટલી સઘનતાથી તે આલેખાએલો જોવા મળે છે. 'ભાગ્યગાથા' પણ સંગ્રહનું એક ઉત્તમ કાવ્ય છે. કવિજીવનની ધન્યતા કવિએ એક વિશાળ કલ્પનાને બળે મૂર્ત કરી છે. અભિવ્યક્તિની કુમાશ સાથે ચિંતનની ઝલક પણ સંગ્રહનાં કેટલાંક કાવ્યોમાં જોવા મળે છે.

રચનાકૌશલની દૃષ્ટિએ જોતાં કેટલીક કૃતિઓમાં ક્યાંક સ્પષ્ટ દેખાય છે. 'શહેરનું પ્રભાત'અને 'ગામડાનું પ્રભાત'-બંનેમાં અંત લથડે છે. શહેર અને ગામડાનું વાસ્તવિક સુરેખ ચિત્ર દોરી અંતમાં કવિ અકાવ્યાત્મક તારવણી તરફ ઢળી જાય છે તે કઠે છે. મુક્તકોમાં 'આગિયા' જ ચોટદાર છે. 'પોપટ'માં કવિ છેક સામાન્યતામાં સરી પડે છે. 'રખડુ હૃદય'માં છંદની લાકડીના બળે કવિ પણ સીધો રાહ છોડી રખડુ થઇ ફરતા દેખાય છે! (મુખ્ય વિક્રેતા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૫૦; રૂ. ૧-૨૫.

—જ. લ. દે.

હિંડોલ(રતિલાલછાયા)'સોહિણી'ગાયા પછી કવિનો સ્વર આ 'હિંડોલ'મા વધુ ઘૂંટાઇને બહાર આવ્યો છે. એમની સાધના વધુ રસસિદ્ધ થતાં અહીં વાચકને ઘણાં સુઘટ્ટ છંદોબદ્ધ કાવ્યો તથા લલિત લયકારી ગીતો મળે છે. કવિનું વલણ મુગ્ધઉન્મત્ત પ્રેમ કરતાં સ્વસ્થ સ્થિર પ્રેમ તરફ ઝોક ધરાવે છે. સંગ્રહમાં એમનાં સાગરકાવ્યો ખાસ ધ્યાન ખેંચે છે, તો આફ્રિકા-પ્રવાસનાં કાવ્યો વિશેષતાનું દર્શન કરાવે છે. કવિનું સૌન્દર્યપાન રમણીય હોવા છતાં શ્રી સુન્દરમ્‌ના કહેવા મુજબ સૂર અને શબ્દના પ્રવાહમાં તણાઈ જતાં તેમની વાણી ક્યારેક અ-કાવ્યમાં લપસી પડે છે, તેમજ કાવ્યના આંતરિક મર્મ સુધી પૂરેપૂરી પહોંચી શકતી નથી. (મુખ્ય વિક્રેતા ઉપર મુજબ. પૃ. ૨૧૬+૩૨ રૂ. ૫)

વૈજયંતી (પૂજાલાલ) આપણા એક જૂના કવિના આ નવા કાવ્યસંગ્રહમાં અભિવ્યક્તિની સરલતા મુખ્ય ધ્યાન ખેંચે છે. જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણીસંગમમાં રાચતાં એમનાં કાવ્યોમાં આધ્યાત્મિક વલણ અને એમાંથી જાગતી પ્રસન્નતા મુખ્યત્વે છે. તદુપરાંત દેશપ્રેમ, પ્રકૃતિવર્ણન આદિનાં કાવ્યો પણ છે. પરંતુ આજના વાચકને સંતોષકર વિષયનાવિન્ય ઓછું પડે છે. ક્યારેક 'પ્હાડ! ઊંચો થા, ઊંચો થા ઊંચો, હજુ ય થા ઊંચો' ને 'થે ડું બાકી, થોડું બાકી, છે થોડુંક જ બાકી રે વીરા મારા!'-જેવા ગદ્યાળ કૃપાડ કાનને ખૂંચે છે. કાવ્યોની પસંદગી હજી વધુ વિવેકપૂર્ણ થઈ હોય તો? (પ્રકાશક વોરા ઍન્ડ કં. લિ. મુંબાઇ-૨, પૃ. ૧૯૨, રૂ. ૩-૫૦.).

ગોપગુંજન (ગોપાલન) ઘણાંખરાં આકાશવાણી-મુંબઈ પર ગવાએલાં આમાંનાં બાળગીતોમા કવિએ બાળજીવનની મસ્તી અને પ્રકૃતિપ્રેમ ગ યા છે. બાળકની તોફાની વૃત્તિ સાથે કવિનું તાદાત્મ્ય સારું છે. 'ચોપાટીનું (કે 'નો?') ભેળ' જેવા ગીતમાં હળવો કટાક્ષ પણ છે, જ્યારે 'કાકા-કાકી' જેવા કેટલાંક ગીતો ખાલી જોડકણાનો અનુભવ કરાવે છે. કવિનો બાલજગત સાથેનો વર્ષોજૂનો સંબંધ સંગ્રહના વિષયવૈવિધ્યમાં અંકિત થાય છે, છતા એમના પ્રાસ્તાવિકમા કરેલા દાવાને મુકાબલે અહીં કાવ્યધોરણ માટેની અપેક્ષા અધૂરી રહે છે. (પ્રકાશક ગોપાલભાઈ પટેલ, ૪ કોલભાટ ક્રૉસ લેઈન, મુંબાઇ-૨, પૃ. ૬૪, રૂ. ૦-૭૧).

હૃદય-ઊર્મિ (વિદ્યુતરાય દેસાઈ) એક કવિતાપ્રેમી સજ્જનના આ કાવ્યો મુખ્યત્વે બુદ્ધિપ્રધાન છે. વિચારનો ભાર ને શબ્દચમત્કૃતિનો મોહ ઘણી વાર કાવ્યને 'કાવ્ય' બનવા નથી દેતા. દાયકાઓ જૂની શૈલીમાં લખાએલી આ કૃતિઓમાં કાવ્યતત્ત્વ શોધવા ફાંફાં મારવાં પડે એવું છે. કાવ્યરચનાના પાયારૂપ છંદોની તથા માત્રાની સમજ, કાવ્યતત્ત્વની અનુભૂતિ કે સમકાલીન કાવ્યપ્રવાહોનો ખયાલ કવિને જણાતો નથી. (પ્રકાશક જયકાન્તા વી. દેસાઇ, હરિભવન દીવાનપરા, ભાવનગર. પૃ. ૬+૨૪, રૂ. ૧-૫૦).

વન્દનિકા (જેહાંગીર દેસાઇ) સંગીતનો આધાર લઇને રચેલાં આમાંનાં ભજનો-કાવ્યોનું દૈવત મોળુ છે. કવિ પાસે સરળ અભિવ્યક્તિ ને ભાવભર્યું હૃદય છે, આધ્યાત્મિક ચિંતન પણ છે, પરંતુ શૈલી તેમજ ભ ષા દાયકાઓ જૂની છે. રજૂઆતમાં મૌલિકતાનો અભાવ અને વિષયનું પુનરાવર્તન સંગ્રહને રસમય નથી કરી શકતાં. શરૂઆતમાં આપેલા 'પ્રભુપદને પંથે' નામના લાંબા નિબંધમાંના ચમત્કાર વિષેના એમના ખયાલો ને તાત્ત્વિક ચિંતન પણ ચર્ચાસ્પદ છે. દેશપ્રેમનાં કાવ્યોમાં પણ વિચાર કે વિષયની જમાવટ નથી થતી. કટાક્ષકાવ્યો ધ્યાન ખેંચે તેવાં છે. ધર્મ-સમન્વયનો એમનો આગ્રહ આનંદદાયક છે, પણ એ કાવ્યસ્વરૂપે કેટલો ન્યાય મેળવી શકે તે પ્રશ્ન છે. કાવ્યતત્ત્વ માત્ર સંગીતની સમજ અને આધ્યાત્મિક વલણથી નથી જાગતું. તેમજ છંદના નિયમોને પ્રયત્નપૂર્વક જાળવતી ને પ્રાસ સહેલાઈથી મેળવતી પંક્તિઓથી પણ કાવ્ય નથી સર્જાતું. કાવ્યની સ્વયંભૂ અનુભૂતિ આ બધાથી કૈંક અનોખી છે. (પ્રકાશક જેહાંગીર માણેકજી દેસાઇ, કાતરકવાડ. નવસારી, પૃ. ૧૬૨+૫૮, રૂ. ૩).

પિપાસા (ગોવિન્દભાઈ પટેલ) 'સૌંદર્યનો શાંતમના પિપાસુ હું' કહીને પોતાને ઓળખાવતા આ કવિની 'સત્યમ્, શિવમ્ સુંદરમ્'ની આરાધના એમનાં કાવ્યોનું પ્રેરકબળ છે. કવિ પાસે સૌંદર્યદૃષ્ટિ તેમજ આધ્યાત્મિક ચિંતનનું ભાથું છે. એમની પિપાસામા પાર્થિવ અને અપાર્થિવ વૃત્તિઓનો સુભગ સમન્વય છે શૈલી અર્થઘન અને અલંકારમય છે. જોકે એમનાં ગીતોમાં પ્રાસરચના ક્યાંક મોળી પડે છે. લાંબાં કાવ્યો પ્રત્યે કવિનો વિશેષ ઝોક છે. કૃષ્ણભક્તિનાં એમનાં ગીતોમાં નાવિન્યનો અનુભવ ઓછો થાય છે. આ સંગ્રહને સરકારે પારિતોષકથી નવાજ્યો છે. (પ્રકાશક વોરા ઍન્ડ કં. લિ. મુંબાઈ-૨, પૃ. ૨૧૬+૮, રૂ. ૩-૫૦).

આપણાં સ્ત્રી-કવિઓ (કલિન વોરા) ગુજરાતી સાહિત્યના આ વણખેડાએલા પ્રદેશમાં લેખકે મીરાંથી માંડીને એની બહેન સરૈયા સુધીનાં સ્ત્રી-કવિઓનાં જીવન તેમજ કવનને ઘણી રોચક શૈલીમાં આલેખ્યાં છે. બાળકો માટે લખાએલા આ લેખોમાંથી મોટેરાંઓ પણ કંઈક નવું જાણી શકે એવી રીતે તે કવિઓના કાવ્યવિષયો અને શૈલીની વિશેષતાઓ બતાવવામાં આવ્યાં છે. આવા ટૂંકા અને વાર્તા જેવા રસમય પરિચયો બાલમાનસને જરૂર કાવ્યાભિમુખ કરી શકે—જોકે કેટલાક મુદ્રણદોષ કવિતાને અન્યાય કરે છે તે નિવારી લેવા જોઇએ. (પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૫૮+૮, રૂ. ૦-૭૫).

—ગી. પ.

અવિસ્મરણીય વ્યક્તિઓની
સત્યકથામાળા-૭

ઝન્ડુ ભટ્ટજી

લેખક - મુકુન્દરાય વિ. પારાશર્ય



જામ વિભાજી





શાસ્ત્રી પ્રાણશંકર પટ્ટણી

न कामयेऽहं गतिमीश्वरात् परामष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।
आर्तिं प्रपद्येऽखिलदेहभाजामन्तःस्थितो येन भवन्त्यदुःखाः ॥

(નિયંતા પાસેથી હું અષ્ટસિદ્ધિવાળી પરમ ગતિની કામના કરતો નથી તેમ મોક્ષ પણ યાચતો નથી. મારી માત્ર એક જ કામના છે કે પ્રાણી-માત્રના હૃદયમાં હું વાસ કરું ને તેના દુ:ખમાં સહભાગી થાઉં, જેથી કોઈ પણ જીવને કદી કંઈ દુ:ખ ન રહે. શ્રીમદ્ ભાગવત ૯-૨૧, ૧૨.)

આવી ભાવનાથી પોતાનું જીવન જીવનાર ઝંડુ ભટ્ટજીનો જન્મ જામનગરમાં ઇ.સ. ૧૮૩૧માં પ્રશ્નોરા જ્ઞાતિના વૈદ્ય વિઠ્ઠલ ભટ્ટને ત્યાં થયો હતો. 'ઝંડુ' એ તો એમનું હુલામણું નામ હતું; ખરું નામ હતું કરુણાશંકર. બાળપણમાં એમના વાળ ઝુંડ જેવા હતા તેથી એમનાં માતા એમને ઝંડુ કહેતાં. ને એ નામથી જ તે પ્રખ્યાત થયા.

એ સમયમાં શાળાઓ ન હતી; પણ પ્રત્યેક પ્રસંગ કે પરિચય એ જ્ઞાન મેળવવા માટે જ છે એમ સમજી એ તકનો બને તેટલો લાભ લેનાર ઝંડુ ભટ્ટમાં જિજ્ઞાસાવૃત્તિ અને ધારણાશક્તિ એટલાં પ્રબલ હતાં કે જ્ઞાનની ઘણી શાખામાં ભટ્ટજી પારંગત હતા. અને એમના જ્ઞાનનું પ્રયોજન આયુર્વેદનો ઉત્કર્ષ સાધી, તે દ્વારા રોગીને સાજા કરી, પ્રજામાં સ્વાસ્થ્ય નિર્માણ કરવાનું હતું. ભટ્ટજીમાં નિદાનશક્તિ, શુદ્ધ શાસ્ત્રોક્ત દવાઓ નિર્માણ કરવાનું કૌશલ્ય તથા ચિકિત્સાશક્તિ એટલાં પ્રબલ હતાં કે જીવિતાશા છોડી દીધેલાં હજારો રોગીઓને તેમણે બેઠાં કરી સશક્ત કરેલાં. રસો, ભસ્મો, અવલેહો વગેરે દવાઓનો ઉપયોગ બંધ પડી ગયો હતો એ ભટ્ટજીએ ફરી ચાલુ કર્યો.

વૈદ્ય પિતા વિઠ્ઠલ ભટ્ટજી પાસે વૈદું ભણી સોળ વર્ષની વયે જામનગર રાજ્યમાં જામ વિભાજીના વૈદ્ય તરીકે ઝંડુ ભટ્ટજી નોકરીએ રહ્યા હતા. એમનું વય એકવીશ વર્ષનું હતું તે વખતે એક વાર જામ વિભાજીને સખત તાવ ચડયો. બીજે દિવસે તો શહેરમાં હાથી પર સવારીએ નીકળવાનું હતું ને જામસાહેબને એની ઈચ્છા પણ ઘણી હતી; પણ તાવ સખત હતો. એ વખતે ભટ્ટજીએ જે રત્નાગિરિરસ નામે તે કાળે નહિ વપરાતી દવા નવી તૈયાર કરેલી તે જામસાહેબને આપીને તાવ ઉતાર્યો ને બીજે દિવસે જામસાહેબ સ્વસ્થ થઈ સવારીએ ચડી શકયા. વય ને અનુભવ વધતાં નવી બનાવેલી શાસ્ત્રોક્ત દવાઓનો ભટ્ટજી છૂટથી ઉપયોગ કરતા.

દવાઓ તૈયાર કરવા ભટ્ટજીએ જામનગરમાં ઇ.સ. ૧૮૬૪માં રસશાળા સ્થાપી. સમર્થ વૈદ્યો ઊભા કરવા પોતાને ખર્ચે ત્યાં વિદ્યાર્થીઓને રાખી તેમણે પ્રત્યક્ષ વૈદું ભણાવ્યું. અધ્યાપનના એ કાર્યમાં પછીથી પોતે તૈયાર કરેલા વૈદ્યોમાંથી કેટલાકને રોકેલા, જેમાં શાસ્ત્રી પ્રાણશંકર પ્રેમશંકર પટ્ટણી (સં. ૧૯૧૭થી ૧૯૭૨) પણ હતા, જેમણે 'અષ્ટાંગ હૃદય'નું ગુજરાતીમાં પ્રમાણભૂત ભાષાંતર આપ્યું છે.

ભટ્ટજી ધર્માર્થે વૈદું કરતા, આજીવિકાર્થે નહિ. એમની ભૂતદયાવૃત્તિ એટલી ઉદાત્ત હતી કે દરદીના વર્ણ, વય, સ્વભાવ કે સ્થિતિનો વિચાર ન કરતા, તેમ પોતાના સમયનો કે શારીરિક મુશ્કેલીનો વિચાર પણ ન કરતા. દરદીને જોઈ એ દયાર્દ્ર થઈ જતા. તત્કાલીન ધાર્મિક માન્યતાને કારણે અસ્પૃશ્યોને જોઈ આવીને એ વસ્ત્રો બોળી સ્નાન કરતા, પરંતુ પોતાની તબિયત ઠીક ન હોય ત્યારે પણ પોતાને નહાવું પડશે એવા ખયાલે શિયાળાની રાતે પણ દરદીને જોવા જવાનું ટાળતા નહિ. પોતે પાટલા પર જમવા બેસતા હોય તેવે વખતે પણ જો દરદીને જોવા જવું પડે તો તે જ વખતે ચાલી નીકળતા. આવા એક પ્રસંગે એક વડીલે તેમને કહ્યું 'ભટ્ટજી, જમવામાં આમે ય મોડું થયું હતું. વળી જવાનું તો એક ગાઉ દૂર હતું, તમે પાટલે બેઠા હતા એટલે જો જમીને ગયા હોત તો શું થાત? તમે આમ કરશો તો શરીર લથડશે.'

ઉત્તરમાં ભટ્ટજીએ કહ્યું, 'હું અહીં જમવા માટે ખોટી થાઉં તેથી મોડો થાઉં ને ત્યાં દરદીની હાલત બગડે કે મરે તો મારે કારણે એ મર્યો ગણાય. ગાડી આવતાં વાર થશે એમ ધારી હું પગે ચાલતો ગયો એ પણ એ જ કારણથી. ધારોકે આપણા જ પુત્રને કૉલેરા થયો હોય ને દાકતર કે વૈદ્ય આવતાં વાર લગાડે તો આપણને કેવું લાગે?'

જામસાહેબની નોકરી ભટ્ટજી ઘણા સ્વમાનથી કરતા. પોતાના વૈદાના કામમાં જામસાહેબની કૃપા-અવકૃપાની પરવા ન કરતા, ને ખરી વાત હોય તે નીડરપણે સ્પષ્ટતાથી કહી દેતા. ઈ.સ. ૧૮૬૬માં ભાયાતોને જામનગરમાંથી નીકળી જવાનો જામ સાહેબે હુકમ કાઢેલો. ભાયાતો પર જામસાહેબને એટલી નફરત થએલી કે કોઇ પ્રજાજન જો ભાયાતને ત્યાં જાય તો તેની માલમત્તા જપ્ત કરવામાં આવતી. આવા વખતમાં ભાયાત ભાવસિંહજીને જામનગર છોડવાનું ફરમાન થયું હતું. એના કુંવર ફલજીભાને ક્ષય રોગ થયો હતો. ભટ્ટજી તેની દવા કરતા ને રોજ બે વખત જોવા જતા. પુત્રના વિચારથી ભાવસિંહજી ઉદાસ હતા ત્યારે ભટ્ટજીએ કહ્યું હું સાથે આવીશ, નહિ તો મારો નાનો ભાઇ મણિશંકર આવશે. મૂંઝાઓ નહિ.'

ભાવસિંહજીએ કહ્યું, 'ભટ્ટજી, આ તમે શું બોલો છો? સાથે આવવાની વાત તો દૂર રહી પણ જો તમે અમારે ત્યાં આવો છો એ વાત જામ સાહેબ જાણશે તો ગુસ્સે થશે ને તમારું બૂરું કરશે.'

'રાજા તો ઈશ્વર છે, એ કોઇનું બૂરું ન કરે.' એમ કહી ભટ્ટજી જામસાહેબને બંગલે ગયા ને તેમને મળીને કહ્યું: 'ભાવસિંહજીના કુમાર ફલજીભાને ક્ષય થયો છે, તેની દવા હું કરું છું. હાલ તે સહકુટુંબ ધ્રાંગધ્રે જવાના છે, તો તેની ચિકિત્સા માટે, આપની રજા હોય તો, હું સાથે જાઉં અથવા મણિશંકરને મોકલું. પછી જેવી આપની મરજી.'

આ વાકયો સાંભળતાં સહુને લાગ્યું કે ભટ્ટજીને હમણાં ચોવીસ કલાકમાં ગામ છોડવાનો હુકમ થશે. પણ ત્યાં તો જામસાહેબે હસીને કહ્યું: 'ભટ્ટ, ભટ્ટ, તમે એક ખરા છો! માણસની ચડતીમાં તેનાથી દૂર

રહો છો ને પડતીમાં પાસે જાઓ છો. ખરા દયાળુ છો! પણ કુલભાને દરદ લાંબુ છે. તમે લાંબો વખત બહાર રહો તે ન ચાલે; માટે મણિશંકરને મોકલો. તમારું ઘર કોઈ જાતની રાજ્યની ખટપટમાં ન પડે એવી મને ખાત્રી છે.'

આવો જ એક બીજો પ્રસંગ છે. જામનગરના મુખ્ય દીવાન ભગવાનજી શેઠ પર જામસાહેબની અકૃપા થઈ ને ગામ છોડી જવાનો હુકમ થયો. ત્યારે એ માંદા હતા, તેથી ભટ્ટજીએ જામસાહેબની મંજૂરી લઈ પોતાના સૌથી નાના ભાઇ વિશ્વનાથ વૈદ્યને દીવાન સાથે મોકલ્યા હતા.

એ ભગવાનજીભાઇની દીકરી બાપીબાઈ ઘેર જામનગરમાં હતી. તેને તાવ આવવા માંડયો. એને ઘેર કોઈ ખબર કાઢવા પણ ન જતું. એક ભટ્ટજી હમેશાં તેને જોવા જતા ને દવા કરતા. મંદવાડમાં બાઇને દાડમ ખાવાની બહુ ઈચ્છા થઈ ને તે ખાવાથી તબિયત સુધરશે એવી ખાત્રી હોવાથી ભટ્ટજીએ ગામમાં તપાસ કરાવી. એક દાડમની દશ કોરી આપવા છતાં દાડમ ન મળ્યું. એટલામાં પરગામથી જામસાહેબ પાસે દાડમનો કરંડિયો આવ્યો.

ભટ્ટજી પોતાનું સર્વસ્વ બીજાને આપી દે પણ પોતે કદી કંઈ ન માગે એવા છે એમ જામસાહેબ જાણતા હતા. એ કહેતા પણ ખરા કે 'એક ભટ્ટજી ખરા; બાકી બધાને તો હું જાણું છું.' જામસાહેબ પાસે જઈ ભટ્ટજીએ વિનંતિ કરી: 'મને આમાંથી એક દાડમ આપો.'

'આપો' એ શબ્દ ભટ્ટજીના મુખેથી જામસાહેબે કદી સાંભળ્યો ન હતો. તે જોઈ રહ્યા ને કહ્યું, 'ભટ્ટ, આ શું?'

ભટ્ટજીએ કહ્યું: 'આપ જાણો છો કે ભગવાનજી શેઠ બહારગામ છે. એની દીકરી બાપીબેન ઘેર એકલી છે ને એને સખત તાવ આવે છે. ત્રણ દિ'થી કંઇ ખાધું નથી. એને ફક્ત દાડમની ઈચ્છા છે ને તે પથ્ય છે. ગામમાં દાડમ કયાંય મળતું નથી. મુંબાઈ મારા ભાઇ પર તાર કર્યો છે પણ એ આવે ત્યાં સુધી આ બાઇની સ્થિતિ મારાથી જોવાતી નથી. એ બાઈ માટે મારે એક દાડમની જરૂર છે. પછી જેવી આપની મરજી.'

જામસાહેબે રાજી થઇને આખો કરંડિયો લઈ જવા કહ્યું!

દરદી પાસેથી ભટ્ટજી કંઈ ફી ન માગતા. રંક કે રાયનો એમને ભેદ ન હતો. દરેક આતુર રાંક–ગરીબ–છે તેમ એ કહેતા. દરદી સાજો થઇ જે આપે તે લેતા. પણ જો રોગી બચે નહિ તો કશું યે ન સ્વીકારતા.

વઢવાણનરેશ દાજીરાજ ઇ. ૧૮૮૩માં સખત બીમાર પડયા. રોગ વધતાં ભટ્ટજીને બોલાવેલા. મુંબાઇથી ખાસ ડૉકટરો પણ આવેલા. પણ રોગ અસાધ્ય જણાતાં એ સૌ તો પોતપોતાની ફી લઇ ચાલતા થયા. ભટ્ટજીને કોઇએ પૂછયું: 'તમે કેમ નકામા અહીં બેસી રહ્યા છો?'

ભટ્ટજીએ કહ્યું: 'રોગ અસાધ્ય છે તે જાણું છું, પણ અંતકાળે દરદીના મનના આશ્વાસન માટે બેઠો છું.' અને આ રીતે ભટ્ટજી દરબારની પાસે ત્રણ મહીના રોકાયા! દાજીરાજ ઘણા સુજ્ઞ હતા. પોતાનો અંતકાળ નજીક જોઇએ કૃતજ્ઞ રાજાએ ભટ્ટજીને પોતાને હાથે રૂપિયા દશ હજાર દેવા માંડયા, પણ ભટ્ટજીએ કહ્યું: 'આજ નહિ. આપ સાજા થયા પછી જે આપશો તે લઇશ.'

રાજાએ કહ્યું, 'મને સાજો કરવા માટે એક લાખ રૂપિયા તો હું બીજા આપીશ.' પણ ભટ્ટજીએ માન્યું નહિ. સતત હાજર રહી રોગીની સેવા કરી. દરબાર દેવ થયા. સ્મશાનેથી આવીને તરત, કોઇને કહ્યા વગર, ભટ્ટજી જામનગર ચાલ્યા ગયા. એ વઢવાણ નરેશ તરફથી રૂપિયા બે હજારની હૂંડી ભટ્ટજી પર આવી. તેને પાછી મોકલતાં ભટ્ટજીએ લખ્યું: 'જો હજુરને સારુ થયું હોત તો લાખ રૂપિયા આપત તો યે હું લેત. પણ પરિણામ આવું આવ્યું છે તો હવે મારે એક પાઇ ન જોઇએ. આ પરિણામ આવશે એમ મારા ધારવામાં હતું, છતાં દરદીના સંતોષ ખાતર જ હું આટલા દિવસ ત્યાં રોકાયો હતો.'

ઈ.સ. ૧૮૯૬માં જસદણ નરેશ આલા ખાચરના કુટુંબની એક યુવાન પુત્રીની દવા કરવા ભટ્ટજી જસદણમાં અઢી માસ રોકાયા હતા. ભટ્ટજીને ખબર હતી કે રોગ અસાધ્ય છે, ને તે તેમણે આલા ખાચરને જણાવ્યું પણ હતું. પરંતુ દરદીના સંતોષને ખાતર ભટ્ટજી રોકાયા હતા. એ છોકરીના અવસાનને વળતે દિવસે આલા ખાચરે રૂપિયા દોઢ હજાર દેવા માંડયા, પણ ભટ્ટજીએ ના કહી. દરબારનું મન દુભાતું હતું કે ભટ્ટજી જેવા માણસ અઢી માસ અહીં રહીને સેવા કરે ને તે જો કંઈ ન લે તો તેમાં પોતાનું ખરાબ લાગે. દરબાર વતી એક સ્વામીએ ભટ્ટજીને સમજાવવા બહુ યત્ન કર્યો ત્યારે ભટ્ટજીને કહ્યું: 'સ્વામી! તમે તે મને શું કસાઇ સમજો છો? એક તો એના ઘરમાંથી માણસ ગયું ને ઉપરથી હું પૈસા લઉં? હા, એ બચી હોત તો લેત. બાકી ઈશ્વરને જ એની પાસેથી મને કંઇ નહિ અપાવવું હોય. નહિ તો આ અઢી માસમાં અહીંનાં સત્તરસો ગરીબ દરદીઓ સાજાં થયાં ત્યારે આ એક છોકરી જ શા માટે સાજી ન થઇ? માટે મને શરમાવો મા. હું વૃદ્ધ છું. હવે હું કેટલા દિ'? જે ટેક આજ સુધી પ્રભુકૃપાથી ટકી છે તે ટેક છોડાવો મા.' અને કશું જ લીધા વગર ભટ્ટજી જામનગર પાછા ગયા.

વય જેમ વધતું ગયું તેમ દરદી પ્રત્યેનાં ભટ્ટજીનાં દયા તથા કાળજી વધતાં ગયાં. ગંભીર દરદીને આપમેળે જોઇ આવતા. ઘણાં દરદીને દૂધ પર રાખતા ને એ દૂધનો ખર્ચ પોતે દેતા. ગરીબ દરદીની દવા ઉપરાંત ખાવાપીવાની વ્યવસ્થા પોતાને ખર્ચે કરતા. પોતાને ત્યાં તેડી લાવી જાતદેખરેખ તળે દરદીની ચિકિત્સા કરતા, સારવાર કરતા અને પ્રસંગે પોતાને હાથે તેને જમાડતા પણ ખરા. એક જ્ઞાતિબન્ધુ ભટ્ટજીને ત્યાં રહેતા તે બીમાર પડયા. ભટ્ટજી તેની સારવાર કરતા. મૂળથી ક્રોધી એ ભાઇનો સ્વભાવ મંદવાડથી ચીડિયો થએલો એટલે ઘણીવાર તપી જતા. છતાં એ કશું ન ગણકારતાં ભટ્ટજી વધુ કાળજીથી જાતે સેવા કરતા. ક્રોધ એ રોગનું ચિહ્ન છે એમ તે કહેતા. એક વખત એ દરદીની હજામત કરાવવાની હતી ત્યારે તેણે હઠ કરી કે 'ભટ્ટજીના ખોળામાં બેસીને જ હજામત કરાવું!' દરદીના સંતોષ માટે ભટ્ટજીએ તેને ખોળે બેસાડી હજામત કરાવડાવી.

કોઈ પણ રોગી, દીન કે દુ:ખીને સંતોષવો એ ઈશ્વરપૂજન છે એમ ગણીને ભટ્ટજી પોતાના મંદવાડમાં પણ દરદીને જોવા જતા. સાવરકુંડલામાં એક વખત ભટ્ટજીને છાતીનો દુખાવો ઊપડેલો. તે વખતે સામે ગામથી એક ભરવાડ પોતાની બહુ બીમાર થઇ ગએલી સ્ત્રીને જોવા ભટ્ટજીને તેડી જવા આવ્યો. ભટ્ટજીએ ના ન કહી, સંબંધીઓ ના કહેતા રહ્યા ને ભટ્ટજી ગયા; વાહન વગર ચાલતા ગયા. એક માણસના ખભાનો ટેકો લઈ બીજા ગામ સુધીની ખેપ મારી તે દરદીને જોઈ આવ્યા. રોગીને રાહત મળે તે રાહત પોતે પણ અનુભવતા.

ઇ.સ. ૧૮૯૮માં પ્રભાશંકર પટ્ટણી બીમાર હતા તેથી ભાવનગર મહારાજા સાહેબે ભટ્ટજીને તેડાવેલા. તે વખતે ભટ્ટજી બંગલાની બહાર તંબૂ નંખાવી તેમાં રહેતા. એ માટે, કે અન્ય દરદીઓ વિનાસંકોચે પોતાની પાસે આવી શકે. એ તંબૂમાં રાતદિવસ રહી અસંખ્ય દરદીઓને તપાસી ભટ્ટજી દવા આપતા. ભટ્ટજીની પોતાની તબિયત તો ઠીક ન જ રહેતી. હૃદયરોગ હતો દરમિયાનમાં દેસાઈ વિહારીદાસના કુટુંબમાં કોઇ વધુ બીમાર હોવાથી ભટ્ટજીને તારથી તેડાવ્યા. ભાઈઓ તથા સંબંધીઓએ ઘણી ના કહી, છતાં 'ધર્મ ન છોડાય' એમ કહી એ નડિયાદ ગયા. એમની દવાથી મુખ્ય દરદી તો સાજા થયા, પણ નડિયાદમાં એક સવારે દરદીઓને દવા આપતા હતા ત્યાં જ છાતીમાં સખ્ત દુખાવો ઊપડયો ને થોડી વારમાં જ એમણે દેહ છોડી દીધો!

બે ડોકાં ને બે 'સાથીદારો'

નવે. ૧૯૬૦ · ૨૯

ચન્દ્રવદન મહેતા



'સાથીદારો' એફ્સક્રૉઇસેટ (જમણી બાજુ)

હવે આપણે ક્લબની એ નાનકડી ઓરડીમાંથી બહાર નીકળીએ. પહેલે માળે ભોજનખંડ અને બાજુમાં બે નાનાં ચર્ચાઘર. અહીં ગમ્મત એ કે જે કોઇ નટટોળી, યા નાચનાર જૂથ, કે માદામ કાલાસ જેવી વિશ્વવિખ્યાત ઓપેરા-ગાયક યા ફ્રાન્સના પ્રખ્યાત પ્રોડ્યુસર ઝ્યાં વિલાર્સ જેવા કોઈ આવ્યાં હોય, તે નાટક-જલસા થઈ ગયા પછી સીધા અહીં આવીને જ જમે. સાત કે સાડાસાતનો શરૂ થએલો નાટક યા કાર્યક્રમ અગિયારે પતે કે સાડા અગિયાર સુધીમાં તો અહીં ભોજનમેળો જામી જ પડચો સમજો. જમતા જાય, એકબીજાને અભિનંદન આપતા રહે, અને મન ફાવે તો કોઈ ખૂણામાં બેસી ચર્ચા કરવા ઉપર પણ ચડે. એકબીજાની ઓળખાણ કરાવવાની કોઈ રાહ ન જૂએ. 'હલ્લો' કર્યું કે વાત આગળ હેંડી. બધું જ અવિધિસર; શિરસ્તા મુજબ કંઈ જ નહિ. બાજુના ડાન્સિંગ હૉલમાં બૉલરૂમ-ડાન્સ કરવો હોય અને ત્યાં સરકો તો યે વાંધો નહિ. કોઇ નટી, પોટ્ટી, એકલી પડી જુઓ અને એને સાથે નાચવા કહો તો એ ના પાડે નહિ. એકબે વાગ્યા સુધી આવી જ્યાફત-રંગત ચાલે. ખાવાનામાં યે વાનીઓ સારી. એકલી હૉલૅન્ડની બનાવટની જ નહિ; તમે કહો તે રીતે રાંધી આપે. ખાનાર શૉખીન જોઇએ.

બહારનાં થોડાં રેસ્ટોરાંમાં પણ મેં ખાધું, કારણ એનાં નામો આકર્ષક હતાં. બેત્રણ ઠેકાણે બાલી, રાદ્જા, જાવા એવાં પાટિયાં વાંચ્યાં. અંદર ગયો ત્યારે મેનુમાં ખરેખર ઈન્ડોનેશિયા-જાવા-બાલીની તળપદી વાનીઓ—અને ખાસ કરીને ચોખાની બનાવટ ખાવા મળી. જાવાના એક રસોયાએ અંદરથી જોયો એટલે એણે મને ભારતનો જાણી કઢી પણ બનાવી આપી! એ 'ઇન્ડિયન કરી' તે ગુજરાતની હતી કે દક્ષિણની, કે પશ્ચિમ-પૂર્વ ભારતની હતી એનો નિર્ણય હું હજી કરી શકચો નથી; પરંતુ એમાં નંખાએલાં લાલચટક મરચાંનો સ્વાદ હજી જીભને ટેરવે ઝમઝમે છે. ઈંગ્લંડમાં જેમ ભારતવાસીઓ ઠેરઠેર મળે, એમ અહીં જાવા-સુમાત્રાના વતની ભટકાય. જેમ લંડનનાં મ્યૂઝિયમોમાં હિન્દની બેનમૂન વસ્તુઓ જોવા મળે એમ અહીંનાં સંગ્રહસ્થાનોમાં જાવા-સુમાત્રાની અવનવીન બુદ્ધથી માંડી દેવદેવીઓની સુવર્ણપ્રતિમાઓ જોવા મળે. એવું બધું ઘણું આ બાજુથી એ લોકો લઈ ગયા છે. પણ દૂધમાંથી ઘટ્ટ દહીં બનાવી, એમાં માફકસરનું પાણી નાખી, વલોવીને ઘોળવો બનાવી, એમાં મિજાનસરનો ચણાનો લોટ ભેળવી, જીરું રાઇ કે મેથી, અને ઉમેરવી હોય તો હીંગનો મઘમઘતો વઘાર કરી, કાળજીપૂર્વક ઉકાળી કઢી બનાવવાની કળા એમને હજી નથી આવડી. કઢી તે કઢી જ. એની ભલેને જાતજાતની 'કરી' બનાવો, પણ એ કઢીની બરોબરી તો કદી નહિ જ કરી શકે.

આ ક્લબ ઈન્ટરનૅશનલ લિટરરી ક્લબ તરીકે પ્રખ્યાત છે, અને એમાં સભાસદ થવું જરા અઘરું પણ છે. અમે તો મહેમાન, એટલે અમને તરત ઑનરરી સભ્ય બનાવી દીધા હતા. અને હોટેલની તદ્દન નજીક હોઇ મન ફાવે ત્યારે અમારી સવારી ત્યાં જઈ ચડતી. ચોથે કે પાંચમે દિવસે સાંજે રમણીય એવા બાગના સાપોલિયા જેવા માદક રસ્તાનો નશો મગજમાં ઘોળતો, વીતેલી વસંતના પાછલા હપતામાં ખીલેલાં ફૂલોના વિવિધ રંગોને આંખોમાં ભરતો, આહિસ્તે આહિસ્તે ક્લબ તરફ કદમ ઉપાડતો હતો, ત્યાં તો નીચે બહાર આંગણામાં એક ટોળું જોયું, અને મેં ઝડપ વધારી.

એમાં મોખરે હતા એક વિક્ટર ફૉન ઉઇટ્રેચ. મોટી છબીઓ લઇ આસપાસનાંને હોંશભેર કૈંક સમજાવી રહ્યા હતા. એ પરથી એ કોઈ પ્રખ્યાત નટ હશે એમ પહેલાં તો લાગ્યું; પણ એ સાહેબ તો નીકળ્યા જૂની કલા-કારીગરીની વસ્તુઓની લે-વેચ કરનારા એક મશહૂર ધંધાદારી. ને તાજેતરમાં પડોશના દેશ બેલ્જિયમના પાટનગર બ્રસેલ્સમાં થએલા એક લિલામમાંથી એમણે અઢારમી સદીનાં બે કાંસાનાં પૂતળાં ખરીદ્યાં હતાં એની છબીઓ બતાવતા હતા. છબીઓ જાતજાતની હતી. છબીનાં પૂતળાં અરધિયાં-માથું અને છાતી; અને દેખાવમાં રોમન સૈનિકો જેવાં લાગે. ચહેરેમહોરે દેખાવડાં. ને પછી એમનાં ડોકાં જુદી કરેલી છબીઓનો ઢગલો રજૂ કરી વિગતથી સમજાવતા હતા.

વાત રોમાંચક ને રસિક હતી. ફ્રાન્સમાંથી બેલ્જિયમ થઈ હૉલૅન્ડમાં હ્રાઇન નદી સાથે સહિયારું કરતી માસ નદીને કાંઠે નામુર એમનું શહેર. અરધિયાં ખરીદી એમને ઘેર લઈ ગયા ત્યાં એકનું ડોકું જરા ઢીલું જણાયું, અને કળપૂર્વક હાથ અજમાવે તો એ છૂટું પડી જાય એવું પણ લાગ્યું; એટલે એમણે એમના ભાગીદારને સામે રાખી ડોકું છૂટું પાડચું. તો છાતીના ભાગમાં એક લાકડાની પેટી જણાઈ! નીચેથી બહાર કાઢી તો એ વળી સરસ રેશમી કકડે બાંધેલી, અને ઉપર જાતજાતની સીલો મારેલી, ને ભરતમાં સંત ફેલિક્સ માર્ટિર એવા અક્ષરો પણ જોયા! પડોશમાંના દેવળના પાદરીસાહેબને જઇને આ વાત કહી એટલે એ પણ પોતાના બેત્રણ નિષ્ણાતોને લઈ ત્યાં પધાર્યા, અને બધાના દેખતાં પેટી ખોલી. બીજા અડધિયાને પણ પછી તપાસ્યું, અને એની ડોક પણ મચકોડી જોઈ, તો એમાંથી પણ એ જ પ્રમાણે બીજી પેટી નીકળી, અને એ પણ ત્યાં જ ખોલી જોઈ. એ બંને પેટીઓમાંથી બે ખોપરીઓ જડી આવી!

વિક્ટર સાહેબ આ ઘટના સમજાવતા હતા. પાદરી સાહેબોએ પેટીને બાંધેલી પટી, રેશમી કકડો, બધી વસ્તુઓની વૈજ્ઞાનિક તપાસ કરી વાત બરાબર બેસાડી આપી. ચોથી સદીમાં ધર્મને માટે પ્રાણ આપનાર એ બે જણા શાહાનશાહ ડાયોકલેશિયનના લશ્કરમાં સૈનિકો હતા. બંને મૂર પ્રજાજનો. ઈસુની ૩૦૩ની સાલમાં અત્યારે જ્યાં મિલાન છે ત્યાં એ બે લશ્કરમાં નોકરી કરે. ઈસુનો ધર્મ ત્યજી દેવા માટે એમના ઉપર જાતજાતના જુલમો ગુજારવામાં આવ્યા ને એમણે ન જ માન્યું ત્યારે એમનાં ડોકાં કાપી નાખવામાં આવ્યાં હતાં, એવી હકીકત નોંધાયાની વાત જાણમાં છે. મિલાનના જૂનામાં જૂના કબ્ર-

સ્તાનમાં એમનાં શરીરને દાટવામાં આવ્યાં હતાં, પણ એમનાં ડોકાં આ પ્રકારના રોમન સૈનિકોનાં પૂતળાંમાં કઈ રીતે ને ક્યારે ગોઠવ- વામાં આવ્યાં, એ વિષે કોઈ કંઈ જ કહી શકતું નથી. વળી આ સત્તરસો વર્ષમાં એ પૂતળાં મિલાનથી બેલ્જિયમ સુધી કઈ રીતે પ- હોંચ્યાં, એની પણ કંઈ હકીકત મળી શકતી નથી. મિલાનના કાર્ડિનલ મૉન્ટીનીએ એ પૂતળાં અને ખોપરી મગાવી લીધાં છે, અને પૂરતા ઠાઠમાઠ તથા માનમરતબા સાથે એ બે સંતો, નેબોર અને ફેલિક્સના સ્મરણમાં બંધાએલા દેવળમાં સુરક્ષિતરીતે રાખવામાં આવશે એવી યોજના છે. થોડા જ દિવસોમાં મિલાન શહેરમાં એમના માનમાં સરઘસ નીકળશે, ને ત્યાર બાદ એમને દેવળમાં પધરાવવામાં આવશે, એમાં મિ. વિક્ટર ફૉન ઉઇટ્રેચને જવાનું ખાસ નિમંત્રણ આવ્યું હતું એથી એમના મોઢા ઉપર ઉત્સાહની સ્પષ્ટ છાપ તરવરતી હતી.

એ છબીઓ જોઈ મને પણ જરા અચંબા જેવું થયું. ધરમ જ એક એવી વસ્તુ છે કે જેને નામે એક નહિ પણ અસંખ્ય ડોકાં કપાયાં હશે, ઘરબારનાં નિકંદન નીકળ્યાં હશે, અમૂલ્ય એવાં અસંખ્ય જ્ઞાનનાં પુસ્તકો બળાયાં હશે. આ કંઈ નવી વિચારધારા નથી; પણ મગજ એમાં ઘૂમવા માંડ્યું. ત્યાં માદામ મૉનાસ એક કદાવર વ્યક્તિને લઈ નજીક આવી ને મારી મૂઢાવસ્થાને ખંખેરી ઓળખાણ કરાવતી ઊભી.

'આ મૅક્સ ક્રોઈસેટ, અમારા અહીંના નાટકકાર. કુશળ નટ પણ છે, વિદ્વાન લેખક પણ છે. એકાએક એમની નામના વધારનારું તાજે- તરમાં બહુ ભજવાએલું 'એકોમ્પ્લિસિસ' (સાથીદારો) એમનું નાટક.'

અમે ત્રણે રેસ્ટોરાંમાં વાતો કરતાં બેઠાં, અને થોડીવારે માદામ મૉનાસ તો અધવચ્ચે જ એને એકલો મૂકી ક્યાંક સરકી ગઈ. પેલી ઉપરની કોટડીમાં એક બાઈ અને ભાઇ સતત દફતર ચલાવે એમાંની એ બાઈ. ભારે કામનો ઢગલો, માથે એનો બોજો, પણ જોતજોતાંમાં બધું જ પાર ઉતારે! ક્રૉઇસ્ટે આમ્સ્ટર્ડામમાની અભિનય શીખવ- નારી શાળામાં ત્રણ વર્ષ અભ્યાસ કરી, હેગ અને રૉટર્ડામની નાટક- મંડળીઓમાં જાતજાતનું કામ કર્યું હતું. નટ તરીકે જાતજાતનું નહિ, પણ રંગભૂમિ ઉપર હોય તે—ભૂમિની સાફસૂફીથી માંડી એ રંગભૂમિને સજાવવામાં આવે ત્યાં સુધીનું, એને માટે ભૂમિકા તૈયાર કરવાનું, તૈયાર કરાવવાનું. એટલે જ તો નટ, નાટકકાર અને નાટકની રજૂઆત કરનારા તરીકે એની આટલી સારી ખ્યાતિ બંધાઈ હતી.

અમે બેઠાં બેઠાં બહુ વાતો કરી. હૉલૅન્ડ જેવા નાના દેશમાં પણ ત્રણ સારી અભિનયકલા શીખવનારી શાળાઓ ઉપરાંત બાલે નૃત્ય શીખવાની શાહી નિશાળ, અને એમાં ચાલતા અભ્યાસક્રમ વગેરે વિષે ઘણું જાણવાનું મળ્યું. વાતોનો રંગ જ એવો છે કે ક્યાંથી ક્યાં લઈ જાય. મૂળ તો અમે ધરમને કાજે ડોકાં કપાવાની વાતથી જ શરૂઆત કરી હતી, એમાંથી ક્યાંના ક્યાં ફંટાયા, અને આખરે પાછા આવ્યા ત્યારે ઓરેસ્ટિસ અને પાઇલેડિસ બે મિત્રો, ટૉરિસના કેદ- ખાનામાં સડે છે એ નાટક એના 'સાથીદારો' ઉપર!

ગ્રીક કથા ઉપરથી ઊભા કરેલા એ નાટકમાંની પાત્રસૃષ્ટિ ગૂંચવ- નારી છે; એટલે ટૂંકમાં કહું: બે ગ્રીક દોસ્ત. જંગલી રાજ કરનારા- ઓના રાજ્યમાં કેદ. ત્યાં એક દેવળ. ત્યાં ત્રણ ગ્રીક કુમારિકાઓ દેવ- ળની પૂજારિણીની સેવાચાકરી કરે. પરંતુ એ ચારે બાઈઓ પણ ગ્રીક હોવાથી ટૉરિસમાં નજરકેદ. હવે આ બે મિત્રોને છૂટવું. પૂજારિણી પાસે એમનાં ડોકાં કપાવી નાંખવાનો પેચ. પણ પૂજારિણીને જોતાં જ એક જણ એના પ્રેમમાં. નાસવાનો પેંતરો. એ માટે તૈયારી. ત્યાં ખબર પડે કે પૂજારિણી અને એની સાથે નાસવાનો પેંતરો કરનાર બે પ્રેમમાં તો પડ્યાં, પણ મૂળ વાતે છે ભાઈબહેન! ભાઈએ માતાનું ખૂન કર્યું છે, બહેને પિતાનું ખૂન કર્યું છે! એમ બંને ખૂની. આવાં પાપનાં કરનારાં નાસીને ગ્રીસનો ઉદ્ધાર શી રીતે કરે? અને આ બધો ઝગડો સંસ્કારી ધર્મ અને અસંસ્કારી ધર્મ વચ્ચેનો. ઇસુના અવતાર પહેલાંની ડોકાં-કાપણી. ત્યાર બાદ પણ ડોકાંકાપણી હતી. એશિયામાં પણ એવી જ ડોકાંકાપણી. એમ વાતપ્રવાહ વમળાતો જતો હતો. એમાં ક્રૉઈસ્ટે એક ટકોર કરી, કે 'વારુ'; ધર્મને ખસેડી લ્યો, તો આજે શું છે? હિટલરે પણ ડોકાંકાપણી શરૂ કરી, અલબત્ત યહૂદીઓને નિર્મૂળ કરવાને બહાને. અને ધર્મ તદ્દન કાઢી નાખો તો યે બે નાસ્તિકો ડોકાંકાપણી નહિ કરે એની ખાત્રી આપી શકે, એવું આજે કોઈ છે?'

આમ દલીલો કરી એણે આખરે પોતાનાં નાટકનું રહસ્ય સમ- જાવ્યું. વાત ગ્રીકની, પણ આજના બીબામાં નાખી શકાય એવું પ્રે- ક્ષકોને લાગે એવો લખાણમાં ઇશારો હોવાથી નાટક ખૂબ ચાલ્યું. 'આપણા વિકટર સાહેબ લિલાઉમાથી અરધિયાં પૂતળાંમાં સંતોની બે ખોપરી ઉઠાવી લાવ્યા, એની પાછળની ઘટનામાં નાટકનાં તત્ત્વો કેટલાં છે, એ જ આપણે તારવવાં રહ્યાં. મારા 'સાથીદાર' નાટકમાંના સાથીદારો અને આ બે સંત સાથીદારો આખરે તો ડોકાં કપાવવાને જ તૈયાર થયા છે ને? મુદ્દો એક જ છે, કે એકબીજાને આપણે કેટલો ક્યાં સુધી સાથ આપી શકીએ એમ છે, અને બધા જ એકબીજાને સાથ આપતાં થઈ જાય તો એકબીજાની ડોકાંકાપણી પણ નાબૂદ થઈ જાય એવો જમાનો આવશે ખરો?'

એ જ સાંજે પ્રો. વાન્ડનબર્ગ જેમ્સ જૉઈસના આપણે લંડનમાં જોએલા 'યુલાઇસિસ ઈન ધ નાઈટ ટાઉન' નાટક ઉપર ભાષણ કરવાના હતા, અને એની પછી (લંડનમાં એ નાટક મેં બે વાર જોયું હતું એની માદામ મૉનાસને જાણ હોવાથી) મારે માથે પણ વીસ મિનિટ ચોં- ટાડી દીધી હતી. એટલે અમે બંને હાથમાં હાથ મેળવી ઉપડ્યા.

(આવતા વર્ષે પણ આ રસમય લેખમાળા
યુરોપના દેશોમાં ઘુમાવતી ચાલુ રહેશે.)

અનુસંધાન] **ગણિત સરળ બનાવો** [પૃ. ૪૯૫થી

અહીં ૨૧૬, ૩૧૬, ૩૭૬, ૩૮૩ આવશે. ૩૮૩ આખરી જવાબ.

બાદબાકી પણ સરવાળાની જેમ 'ડાબેથી જમણે' પદ્ધતિ મુજબ સરળ બનાવી શકાય. દા. ત. ૫૪૮–૨૩૬=૩૧૨ મેળવવા હોય તો ૫૪૮, ૩૪૮, ૩૧૮, ૩૧૨.

અહીં એ યાદ રાખવું જોઇએ કે બાદબાકી કરતાં સરવાળો વધુ સરળ હોય છે. ઉપરોક્ત 'ડાબેથી જમણે' પદ્ધતિ કેટલાક કિસ્સાઓમાં કામ ન પણ આવે ત્યારે આવા દાખલાઓમાં તેને દશક શતકનો પૂરો ગુણક બનાવવો જોઇએ. આવા કિસ્સાઓમાં જે રકમ બાદ કરવાની હોય તેમાં એવી રકમ ઉમેરવી જોઇએ જેથી તે રકમનો નજીકનો દશક કે શતકનો પૂરો ગુણક મળે. હવે ઉમેરેલ રકમ મૂળ રકમ (જેમાંથી બાદ- બાકી કરવાની હોય તે)માં પણ ઉમેરવી. બાદ બંનેની બાદબાકી કરવી.

દા. ૬૨૪–૩૪૮ અહીં ૩૪૮થી નજીકનો શતકનો ગુણક ૪૦૦ છે જે મેળવવા ૩૪૮માં '૫૨' ઉમેરવા જોઇએ. હવે ૬૨૪માં '૫૨' ઉમેરતાં ૬૭૬ આવે જેમાંથી ૪૦૦ બાદ કરતાં ૨૭૬ જવાબ આવે.

૬૨૪+૫૨=૬૭૬
૩૪૮+૫૨=૪૦૦
———
૨૭૬

આમ; સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર કરતાં સૌ પ્રથમ તો તેની ટૂંકી રીતો જ ઉપયોગમાં લેવી જોઈએ ને એ રીતો તથા તેનો ઉપયોગ કરવાની ફાવટ આવી જતાં કોઈપણ ગણતરી ઝડપી ને સાચી બનશે એ પણ નિશ્ચિત છે.

અનુસંધાન] મીરા [પૃ. ૪૮૭થી

'હા, એ તો રાતે મોડા-નને આવશે.'

બીજું કોઈ ન હતું. એક બે નોકરો રસોડામાં હતા. 'કાકી કેમ છે?' એણે મને પૂછ્યું.

'લ્હેરમાં. મારી બા હમેશા લ્હેરમાં જ હોય છે!' હું હસ્યો.

'હમણાં ઘણા દિવસથી જોયાં નથી.'

'ઘેર આવે તો ને? હમણાં ઘણા દિવસથી તું ઘેર પણ આવી નથી.'

'હા એ બાજુ અવાયું નથી.' એણે રૂમનો દરવાજો ખોલીને નોકરને બૂમ પાડી અને મને પૂછ્યું. 'શું લેશે જય, ચા કે કોફી?'

'તું શું લેશે?' મેં પૂછ્યું

'લે, તું ય છે કંઈ! હું ચા લઈશ.' 'હું, કૉફી.'

નોકરને કહીને દરવાજો બંધ કરી એ મારા સોફા પર બેસી ગઇ. સામેના આયનામાં અમારું પ્રતિબિંબ પડતું હતું, કોઈ છૂપી વાત બહાર પડી જતી હોય એ રીતે. એને ખુશી અને મને બેચેની થતી હોય એવું લાગતું હતું.

બંધ દરવાજાની અંદર મેં કોફી પીધી અને એણે ચા પીધી. નોકર આવીને ખાલી કપ રકાબી લઇ ગયો. દોઢેક કલાક અમે વાતો કરી, કૉલેજના છોકરાઓની, છોકરીઓની, ફિલ્મોની, રમતોની, એક છોકરો અને છોકરી બંધ દરવાજાની અંદર સજ્જનતાથી કરી શકે એવી સ્વચ્છ વાતો. એને મારી સાથે વાતો કરવાની મજા આવતી હતી, મને પણ મજા આવતી હતી.

દોઢ કલાક દરમિયાન એણે કપડાં બદલ્યાં નહિ, બંધ બારણાંની અંદર અમારી મિત્રતા વધારવાનો પ્રયત્ન કર્યો નહિ, કે મારી નિકટતાને ચકાસવાની કોશિશ પણ કરી નહિ. સરિતા હતી એવી જ રહી. અમે ઊભાં થયાં, ડ્રાઈવરને હુકમ થયો મને ઘેર મૂકી આવવાનો. મેં કહ્યું કે હું બસમાં જઈશ; એણે કહ્યું કે ના ગાડી છે. દુનિયાના શિષ્ટાચાર. પણ સરિતા શિષ્ટાચાર કરતી ન હતી. એની આંખોમાં મને તકલીફ ઓછી પડે એવી ઈચ્છાવાળો ભાવ હતો. એમાં ગાડીની ક્રોમિયમની ચમક ન હતી. હું ગાડીમાં બેઠો. ગાડી ઊપડી.

દરિયાને કિનારે ઠંડી હવા ફૂંકાઈ ત્યારે મને વિચાર આવ્યા: સરિતા પૂછશે, 'જય તું મને પરણશે?' હું શું કહીશ? આ જાહોજલાલી, ફ્લૅટ, સેફ ડીપોઝીટના વૉલ્ટમાં ભરી રાખેલી બાદાયદા લૂંટ, બધું મારું બની શકે, એક 'હા' કહેતાં...સરિતા છોકરી સરસ હતી; પૈસાને શોભાવે એવી, નમ્ર, સ્વચ્છ, અંજાયા વિના પ્રેમ કરી શકાય એવી. 'મને પરણશે, જય?' હું શું જવાબ આપીશ? ખુશ થઈ શકાશે તો થઈશ. ખુશ કેમ ન થવાય? હું કહીશ 'હા.' એ ખુશખુશ થઇ જશે. મને ભેટી પડશે. કહેશે, 'આપણે સુખી થવાનાં.' અને દુનિયા એક મોટું ખ્વાબગાહ બની જશે. હું પૈસાદાર ન હતો. અને એ તો એક સારું લક્ષણ હતું. એને મારે માટે લાગણી હતી. પરણીને હું એને મારા ઘરમાં જ લઈ આવીશ. બાને અમે પગે પડીશું. બા રડશે. બા રડશે! કેટલી મજૂરી કરીને મને મોટો કર્યો છે... સરિતા પત્ની તરીકે કેવી લાગશે? હિંદુ પત્ની પતિને પરણે છે, સાસુને પરણે છે, નાના ભાઇઓને પરણે છે, બુઝુર્ગોનાં જૂનાં ચિત્રો અને વંશવારસાગત વાસણોને, સમાજ, જ્ઞાતિ, સંસ્કાર, વાતાવરણને પરણે છે...

...પણ સરિતા ને હું બે દુનિયાઓ હતી. એક દિવસ સરિતા રસ્તામાં મળી જશે; કહેશે, 'જય, તને ઓળખાણ કરાવું. આ મારો ફીઆંસે.' અમે હાથ મિલાવીશું એ લોકો ચાલ્યાં જશે. એક કંકોત્રી, એક લગ્નની ચોરી, એક મોડી રાતની પાર્ટી. હું મંગળસૂત્ર જોઇશ. આંખો શરમાશે. ધીરેથી કહેશે, 'જય ઘેર કેમ આવતો નથી?' 'આવીશ.' 'આવજે' આવતાં આવતાં વર્ષો નીકળી જશે... 'કેમ છો?' 'કેમ છો?' 'આ કોણ?' 'મારી બેબી છે.' 'ઓહો, ઘણી મોટી થઈ ગઈ!' સરિતા કોઇ કન્વેન્ટનું નામ લેશે જે મને યાદ નહિ રહે. 'આ જય મામા છે!'...બે, ત્રણ, ચાર બાળકો; અને સામે દેખાતું ક્રૂર ઓગણચાલીસમું વર્ષ; અને બાળકો સૂઈ ગયા પછી ઘટ્ટ મેક-અપ કરવામાં પસાર થતા રાતના પાછલા પ્રહરો...

ઘર આવ્યું. હું ધીરેધીરે ઉપર ચડયો. ઘસાતા બૂટ ને બારણાંનો કચડાટ ઓળખતો મીરાનો અવાજ આવ્યો 'જય, આવી ગયો?'

'હા'

'આજે તો બહુ રખડપટ્ટી કરી લાગે છે.'

'ના રે, ગપ્પાં મારવામાં કંઇ ટાઈમની ખબર જ પડી નહિ.' મીરા હસી. સફેદ દાંત, કાળાં ગૉગલ્સ, નાચતા વાળ અને એ બધાની વચ્ચે ઝૂકી રહેલા પશ્નો. 'તું પણ જ્યાં જાય છે ત્યાંથી ઊઠતો નથી.'

બાએ કહ્યું, 'અમારો જય, વાતો કરવા બેસાડો એટલે ઊઠવાનું નામ નહિ લેવાનો. ક્યાં ગયો હતો આજે?'

'કૉલેજથી સરિતા એને ઘેર લઈ ગઇ.'

'કેમ છે એનાં બા-બાપા?'

'એની બા અમદાવાદ ગઈ છે, બે દિવસ પછી આવશે. અને બાપા મજામાં છે.'

'હમણાં ઘણા દિવસથી—' બાએ કહ્યું, '—એની બા બજારમાં પણ દેખાઈ નથી.'

મીરાએ પૂછ્યું પણ નહિ કે સરિતા કોણ છે. પણ મેં કહી દીધું કે અમારે એના કુટુંબ સાથે જૂની ઓળખાણ છે, એ મારી સાથે કૉલેજમાં છે, પૈસાદારની છોકરી છે, ભણવામાં બહુ હોશિયાર છે, સાદી છે, સરસ છે.

મીરા કંઇ બોલી નહિ એની જીવલેણ લાચારીથી એ બીજી છોકરીઓની જેમ ઈર્ષ્યા પણ કરી શકતી ન હતી. ચહેરા પર માત્ર શૂન્યતા હતી. ને એ શૂન્યતાનો રંગ સફેદ હતો.

મને દુઃખ થયું.

આસ્માની સ્વેટરોમાં દિવસો ગૂંથાતા ગયા, મીરાના અને મારા. મેં પૂછ્યું, 'મીરા, આ બધાં સ્વેટરો કોને માટે ગૂંથે છે?'

'અનાથાશ્રમનાં બાળકો માટે.'

'દાન કરી દે છે?'

'ના, ઊનના ભાવ ઘણા વધી ગયા છે. હું અનાથાશ્રમોમાંથી ફક્ત ઊનની કિંમત લઇ લઉં છું. બીજાં વેચાય છે એના પૈસા મળે છે. મોટા સ્વેટરોના પૈસા સારા મળી રહે છે.'

ખીંટી પર લટકતા એના બાપાના કૉલર પરથી ફાટેલા લૉંગકોટ પર મારી નજર પડી. એણે મારી નજરને તો નહિ જ જોઈ હોય પણ કહ્યું, 'બાપા પણ હવે રીટાયર્ડ છે. એમનું દુઃખ જોઉં છું ત્યારે ઉદાસ થઈ જાઉં છું.'

કુટુંબને નિભાવી શકે એટલા મજબૂત મીરાના હાથ ન હતા.

દિવસો પસાર થયા. અમે સાથે ફર્યાં; હોટેલોમાં, હૅંગિંગ ગાર્ડનમાં, મરીનડ્રાઈવની સ્વચ્છ પાળ પાસે. શું જોવાનું હતું? હજારો વખત એ બધું જોયું હતું. મીરાની જેમ આઘાતોની ભાષામાં સમજવા કોશિશ કરતો હતો, અને બેવફા આંખો કંઈ સમજવા દેતી ન હતી. મીરા બહાદુર ન હતી અને હમદર્દી માગતી ન હતી. અને એ હમદર્દી ન માગવામાં રહેલી બહાદુરી દુઃખદ હતી.

ગાર્ડનનાં ફૂલો-પત્તીઓ પર ગુલાબીછંટકાવવાળાં પીળાં, વાયોલેટમાં ઊભી સફેદશિરાઓ વાળાં, વચ્ચેથી ઘેરાં ને ખુલ્લાં, કિનારીઓ પાસેથી વાદળી થઈ ગએલાં બ્લુ ફૂલો, પર્પલ, મરુન...મીરાને બતાવવાની અસહ્ય ઇચ્છા રોકીને મેં ચાલ્યે રાખ્યું. આદતનો જુવાળ ઊઠતો બોલવા માટે, અને શબ્દો ગળામાંથી ઘૂમરીઓ ખાઇને પાછા ચાલ્યા જતા. બંધ આંખોને લીધે નકામું પડી રહેલું મગજ. પણ મીરા એ મગજને કામમાં રાખતી. 'ફૂલો છે?' 'હા.' 'ઘણાં ફૂલો છે?' 'હા, જાતજાતના રંગો...' હું જવાબ આપવા ગયો. અને એ બોલી, 'એ જ રંગો; જૂના, વર્ષોથી ઊપડતા એ એકના એકજ રંગો.' 'હા, એ જ રંગો વર્ષોથી ઊપડતા એ એકના એક જ રંગો.' થોડો સમય

હું ચૂપચાપ ચાલ્યો. વર્ષોથી જન્મતી, જાગતી, ઊઘડતી એ એકની એક જ જિંદગી. માથું ચકરાયું. મીરા કેવા વિચારો કરી શકતી હતી?

ફૂટપાથને છેડે હું એને કહેવું ભૂલી ગયો કે ઊતરવાનું આવે છે. એનો પગ લપસ્યો. એક ઠોકર, ધક્કો, થડકાર... સ્વપ્નમાં એકાદ પગથિયું ચૂકી ગયા જેવું લાગે, અને એક ક્ષણ શરીર કંપી જાય, પછી યાદ આવે કે સ્વપ્નમાં પગથિયું ચૂકાઇ ગયું હતું. એક નિશ્વાસ મૂકાય. પાણીમાં એકાએક ભાગી ગએલી માછલીઓ જેવી ઊંઘ પાછી આવે, એવું... 'મીરા, હું તને કહેવું ભૂલી ગયો.' મીરાની એ રોજની ઠોકરો, રોજનો કમકમાટ, ખરબચડી દુનિયાના આંચકા એ બધું રોજિંદું હતું. સફેદ શૂન્યતામાં એક ક્ષણ ગભરાટ ફેલાયો, પછી હાસ્ય. એ હાસ્યમાં આનંદ ન હતો, જૂનું સાંત્વન હતું.

એક ભૂરા–ભૂખરા, ડહોળાએલા, ધૂમિલ દિવસે જોરથી વરસાદ પડ્યો અને દરિયાને કિનારે કિનારે સાંજ વરસાદમાં પલળી ગઈ. ફૂટપાથો પર સંભાળીને ઊભા રહેવા છતાં ફૂંકાતા પવનમાં ખેંચાઈ જતા માણસોએ અમને ભીંજાવી નાખ્યાં. મીરાના વાળ—સંભાળી સંભાળીને સજાવી આપેલા વાળ અસ્તવ્યસ્ત થઇ ગયા, ને એનો ચહેરો વરસતી ભિનાશમાં ચમકતો થઇ ગયો. મીરાએ ધીરેથી ગૉગલ્સ કાઢ્યાં અને મોં નીચું કરીને કાચ સાફ કર્યા, ફરી પહેર્યા. શી જરૂર હતી? મેં પ્રશ્ન પૂછવાની હિંમત ન કરી. ભીના કાચથી કંઈ ફરક પડવાનો ન હતો. પાછળ ઊભેલા લોકોમાંથી કોઈએ કહેલું મારાથી સંભળાઇ ગયું; 'આજકાલની છોકરીઓ... વરસાદમાંય ગૉગલ્સ મૂકતી નથી!' મેં પાછળ જોયું, ઘણા ચહેરા હતા જેમાંથી બોલનારને શોધવો મુશ્કેલ હતો. લોકોએ મારી સામે જોયું. બે છોકરાઓ પાછળ હસતા હતા, ચિમ્પાન્ઝીની જેમ. મેં મોં ફેરવી લીધું, મીરાનો હાથ પકડ્યો, કહ્યું, 'ચાલ.'

'ક્યાં?'

'બાજુની ફૂટપાથ પર. મારો હાથ બરાબર પકડી રાખજે, જમીન ચીકણી થઈ ગઈ છે.'

અમે બીજી ફૂટપાથ પર જઇને લોકોના ટોળાની કિનારી પર લગભગ પલળતાં ઊભાં રહ્યાં.

સ્વસ્થ થયા પછી એણે કહ્યું, 'જય, કોઇ કંઈ કહે તો ખોટું નહિ લગાડવાનું.'

મીરાએ પણ સાંભળ્યું હતું એ હું સમજ્યો. હું કંઈ બોલ્યો નહિ. હું બોલ્યો નહિ એ એણે સાંભળ્યું... વરસતા વરસાદમાં, પલળતાં, ચૂપચાપ અમે ઘેર પહોંચ્યાં.

રવિવારની સવાર, અને છાપું વાંચ્યા પછીનો ચડતો તડકો, અને આખા શરીરમાં ફેલાઇ ગએલી આળસ—એ બધું અઠવાડિયામાં એક જ વાર આવે છે. ખાલી ખુરશીઓ પર, ચાનાં ધોયા વિનાનાં વાસણો પર, રેડિયોમાં આવતા ખખડાટ પર, બાના ઊંડી થતી રેખાઓવાળા પ્રૌઢ ચહેરા પર રવિવાર પથરાતો જાય છે અને હું કંઇક અન્યમનસ્ક થતો જાઉં છું રવિવારે સવારે વર્તમાન જેટલો જીવંત લાગે છે એટલો કોઈ દિવસ લાગતો નથી. એક એક ક્ષણ કામ કર્યા વિના, પડ્યા પડ્યા નિઃચિંત રીતે જીવી શકાય છે.

સવારો ગાવા માટે નથી હોતી. સવારના સંગીતમાં મને ભજનોની ફિક્કાશ ને નિષ્પ્રાણતા દેખાયા કરે છે. રાતે હું પણ ગાઉં છું; ગાતા નથી આવડતું પણ મનને ખુશ કરવા. હું કોઇને સંભળાવતો નથી.

રવિવારે સવારે બા ને મીરાનાં બા-બાપા દર્શને ગયાં હતાં, ક્યાંક થાણાની પાસે. ટ્રેનમાં જવાનું હતું. એમના ગયા પછી અમે એકલાં પડ્યાં. મીરાને મેં ન જવાનો આગ્રહ કર્યો. એ ન ગઇ. બા મારા પર જરા ગુસ્સે પણ થઈ. બા જરા ગુસ્સે થઈ શકે છે છેવટે. મીરાની બાએ સમાધાન કર્યું, 'કંઈ નહિ મીરા, તું અહીં જ રહે.' મીરા મારી પાસે જ રહી. એ સવારે મેં જ મીરાને કહ્યું, 'તું કંઈક ગા.'

મીરા શરમાઈ, હસી. દરેક સ્થિતિનો હસવાથી અંત આવી જતો હોય એવું એ સમજતી હતી. એણે કહ્યું, 'મને આવડતું નથી.'

'તને આવડે છે.' મારાથી કહેવાઈ ગયું, 'તને ગાતાં આવડે જ.'

'તું પણ કેવી વાત કરે છે? ગાતાં આવડે જ એવું કંઈ થોડું છે!'

મને કહેવાનું મન થયું કે દરેક આંખ વગરના માણસને ગાતાં આવડતું હોય છે. શા માટે? કદાચ આંધળાં માણસો ગાતાં હોય છે ત્યારે ઇશ્વરને જોતાં હોય છે. પણ આંધળાં માણસોને ને સંગીતને કંઈક સંબંધ હતો, જરૂર.

'તું કંઈ વાદ્ય શીખી છે?'

'ના.' 'કેમ?'

'કેમ શું? શીખી જ નથી.'

'પૈસા ન હતા...?' મેં જરા ડરતાં પૂછ્યું.

'એવું પણ ખરું.' એણે મોઢા પર કોઈ જ ફેરફાર લાવ્યા વિના કહ્યું, 'જોકે પૈસાની તો વ્યવસ્થા થઈ શકત; પણ શીખવાનો પ્રસંગ જ મળ્યો નહિ.'

'ગાતાં આવડે છે?'

એ બોલી નહિ, હમેશાની જેમ હસી. એ આરામ ખુરશીમાં પગ સંકેલીને બેઠી હતી. અને હું કેનના જૂના સોફા પર લંબાવીને પડ્યો હતો. 'અહીં તને શરમ આવવાનું કારણ નથી. સાંભળનાર હું એકલો જ છું.'

ધીરેધીરે મને ખબર પડી કે એને ગાતાં આવડે છે. પહેલું મેં ગાયન ગાયું: એક સહેલું ફિલ્મી ગીત. એણે કહ્યું, 'તું સરસ ગાય છે!'

'હા, હું તો સરસ ગાઉં છું જ. પણ તું મારાં વખાણ કરશે એટલે હું કંઈ વખાણ નથી કરવાનો!'

અને પછી એણે એક ગીત શરુ કર્યું, ધીમા લયમાં. એમાં સાદગી હતી; સીધા, ટૂંકાટૂંકા શબ્દો અને સહેલાઈથી સમજાઈ જાય એવો અર્થ હતો. વાજિંત્ર વગાડતાં ઊકલતી સ્વરલિપિ બોલવા માંડે એમ મીરાની વર્ષોથી ઘૂંટીઘૂંટીને ભરી રાખેલી ગૂંગળાવતી એકલતા, લોહી વિનાનું લોહીલુહાણ થઇ ગએલું વ્યક્તિત્વ, મોંઘી અમાનતની જેમ સાચવી રાખેલો વિષાદ બધું ખૂલતું ગયું. મને થોડાં વર્ષો પર મેં સાંભળેલાં ઇજિપ્શીઅન ગીતો યાદ આવ્યાં, જેના શબ્દો અર્થ કંઇ સમજાતું ન હતું, ફક્ત લય મગજમાં ચકરાતો હતો, અને એવું લાગ્યા કરતું હતું કે સપાટ, બેકિનારા ધૂળના દરિયાઓમાં ઊંટોના કાફલા હલકા હલકા, દબાતા પગે પસાર થઇ રહ્યા છે અને ઝાકળથી ભિંજાએલા તંબૂની અંદર સાંઢના તેલથી જલતા ચિરાગોની વચ્ચે કોઈ નીમબાઝ આંખોવાળી ગુલામ નાઝનીન તંબૂરીનમાંથી સદીઓનો અવસાદ રેલાવી રહી છે. સદીઓથી એ તંબૂરીનોનું તીણું ખેંચાતું રુદન શયતાનના જિગર જેવી રેગિસ્તાની રાતોમાં કાંપતું કાંપતું ઓગળી જાય છે, અને ઊઠે છે, અને ઓગળતું જાય છે. સમયનાં બંધનોની પાર, એક જ લયમાં ધબકતાં રુદનોની એ એક જ જીવલેણ મીઠાશ...

મીરાનું ગીત પૂરું થયું. મારી આંખો સદીઓ ઓળંગીને પાછી આવી. ગળા પર પસીનો થયો, અને થોડો તફરાટ... ચક્કર આવતાં હોય એમ એના ગીતની એકબે લીટીઓનો અર્થ મગજમાં ઝૂમ્યો... 'મારું આખું શરીર ખાઈ જજે, હાથ, પગ, છાતી, હૃદય પણ... પણ આંખો ખાતો નહિ. એ રહેવા દેજે. હજી પ્રિયતમાના મિલનની આશા રહી ગઈ છે...'

'ગમ્યું?'

'હું સોફામાં બેઠો થઈ ગયો. 'આટલા દિવસ તેં મને કેમ કહ્યું નહિ, મીરા? તું કમાલ ગાય છે. ખરેખર સરસ...' મને શબ્દો સૂઝ્યા નહિ. અને એણે કહેવા માંડ્યું, 'મેં તારાં વખાણ કર્યાં, એટલે તારે કરવાં જ એવું નહિ.'

'તું ખરેખર સરસ ગાય છે!'

મીરા શરમાઈ. હસી નહિ. એણે બીજાં બે ગાયાં. હું સોફામાં જડાઇને સાંભળી રહ્યો. પારદર્શક, ટપકતું દુઃખ. એ દુઃખ ન હતું, એક

એવી સ્થિતિ હતી જેમાં આશાઓ મરી ગઈ હતી ને મોહતાજીને નિભાવી લેવાની હતી.

આખો દિવસ મને મીરાના ગીતના શબ્દો, અને જ્યાં શબ્દો યાદ રહ્યા ન હતા ત્યાં સૂરો યાદ આવતા રહ્યા. હવામાં એ સૂરો ઝૂલતા હતા અને વારંવાર મારા મગજ પર પકડ જમાવી બેસતા હતા, અને હું બેહોશીમાં ગણગણ્યા કરતો. પછી યાદ આવતું, હોશમાં આવતો, અને હોશમાં આવીને ગણગણતો. એકાદવાર મીરા સાંભળી ગઇ હોય એવું લાગ્યું; પણ બોલી નહિ.

મોડી સાંજે બા અને મીરાનાં બા-બાપા આવ્યાં. મીરાના બાપા પૂરેપૂરા થાકી ગયા હતા. મેં એમનો લૉંગકોટ લઇને ખીંટી પર લટકાવ્યો અને પાથરેલી પથારીમાં એમણે લંબાવ્યું. મીરા એમને માટે પાણી લઈ આવી. બા થાકેલી લાગતી ન હતી. મેં પૂછ્યું, 'ક્યાં જઈ આવ્યાં?' 'દર્શને.'

મેં મીરાની બાને પૂછ્યુ, 'કેવું લાગ્યું મંદિર?'

બા વચ્ચે જ બોલી, 'થાક તો ખાવા દે. એકદમ સવાલો કરવા મંડી જાય છે તે.'

બધાએ થાક ખાઈ લીધો. પછી મારે સવાલો રહ્યા ન હતા.

ફરવાનું, મંદિરનું દર્શન, ટેક્સીઓ, બસો, એક સીનેમા...અમારી નિકટતા વધી. મેં એને સીનેમા બતાવ્યો—ઘણાં વર્ષ. એણે 'જોયો.' રસ્તામાં એક અકસ્માત 'જોયો.' મેં સિગારેટ પીધી એ 'જોયું.' 'જય, તું સિગારેટ નહિ પી.' 'કેમ?' 'બસ, એ સારું નથી.' 'મારી ઉમર અઢાર ઉપર છે,' હું હસ્યો. મારા હસવાની અસર ન થઈ. એને ન ગમ્યું પણ એ ચૂપ રહી. થોડીવારે એણે કહ્યું, 'તને ના પાડી શકું એટલી નિકટ હું ક્યાં છું? મેં ભૂલ કરી.' 'ના, તું મને કહી શકે છે—'

ધીરેધીરે અમે એકબીજાને ઘણું કહી શકવા માંડયાં. એ મને પૂછતી, 'કોઇ નથી આજુબાજુમાં?' 'ના.' એ ધીરેથી મારા વાળમાં હાથ ફેરવતી અને એની આંગળીઓ કંપી ઊઠતી. હું એના મોઢ પર અને આખા શરીરમાં ફેલાતો થરથરાટ જોઇ શકતો. હાથ ફેરવીને એ પાછો ખેંચી લેતી. પછી ચૂપ થઈ જતી. એનું ચૂપ થવું અને હસવું બે વસ્તુઓ હું સમજી શકતો—આટલા દિવસોના સંપર્ક પછી.

અને એ લોકોના પાછા ફરવાનો દિવસ નક્કી થયો. હું ટિકિટો રીઝર્વ કરાવી આવ્યો. આવ્યાં હતાં એમ જ એ લોકો પાછાં ફરવાનાં હતાં. મીરાની બાએ કહ્યું, 'હવે તમે અને જય એકવખત અમારે ત્યાં આવવાનો વિચાર કરો.'

'ઇચ્છા પ્રમાણે થોડું જ નીકળાય છે? અને જયની કૉલેજ ચાલતી હોય ત્યારે તો નીકળાય જ નહિ.' બાએ કહ્યું.

'નક્કી કરો તો ચોક્કસ નીકળાય. શું જય? આ વખતે તારી બાને લઇને આવ '

'હા; બા આજે નક્કી કરશે પછી પાંચમે વર્ષે મુહૂર્ત આવશે. મારી બાને ચર્ચગેટ જવું હોય તો પણ ત્રણ દિવસ સુધી ટાઈમ મળતો નથી.'

'ચર્ચગેટ જવાનો ટાઈમ નહિ મળે, પણ અમારે ત્યાં આવવાનો ટાઈમ મળશે!'

'તમારે ત્યાં આઇસક્રીમ ખવડાવશો? બોલો! તો બા તરત વિચાર કરશે!'

મારી બાએ વચ્ચે કહ્યું, 'અમારો જય આઈસક્રીમ ખાતો નથી, હોં કે.' મીરાના બાપા શાંત રહેતા; બહુ ઓછું બોલતા. એમણે કહ્યું, 'સારું, જયને નહિ ખવડાવીએ!'

આઈસક્રીમમાંથી વાતો આગળ વધી. જુદાઈ પાસે આવી એટલે નિકટતામાં વ્યવહાર ફૂગી ગયો. બધાએ છૂટથી વાતો કરી. છૂટા પડતાં પહેલાંનું વજન દરેકના માથા પર ઘેરાઈ રહ્યું હતું.

એ લોકો જવાનાં હતાં એના એક દિવસ આગળ હું મીરાને ફરવા લઈ ગયો, અને અમે ગાર્ડનના એક બેંચ પર બેસી ગયાં. મારે ઘણું કહેવું હતું પણ શબ્દો કેમ ગોઠવવા એ સૂઝતું ન હતું. એ પણ કંઇક વિચારમાં ચૂપ હતી.

'જય, તું શું કરવાનો છે?'

'શું કરવાનો છું? ભણું છું. આ વર્ષે ડિગ્રી મળશે. પછી નોકરી શોધીશ. ફેઈલ થઈશ તો એક વર્ષ ફરી ભણીશ.'

'ના, તું ફેઈલ નહિ થાય.'

'મને પણ લાગે છે હું પાસ થઈ જઈશ.'

'પાસ થયા પછી?'

'પછી નોકરી. પૈસા કમાઈશ. ખૂબ મહેનત કરીશ, બને એટલા પૈસા કમાઈશ અને પછી બાને આપીશ.'

'પછી?'

'બા ખુશ થશે. એણે બહુ મજૂરી કરી છે. એને આરામ આપવો જોઇએ.'

મીરાનાં ગૉગલ્સ મારી સામે તાકી રહ્યાં.

'પછી?...' મેં વિચાર કરીને ગોઠવેલા શબ્દો કડકડાટ બોલી નાખ્યા: 'મીરા, મારી સાથે લગ્ન કરશે?'

મીરા ચમકી ગઇ. મને થયું મીરાને શું અસર થઈ હશે? મેં એની સામે જોયા કર્યું. ધીરેથી એણે કહ્યુ, 'આંધળી છોકરીને પરણીને તું સુખી નહિ થઈ શકે.'

'એવું નહિ બોલ.' મને કંઈ બોલવું સૂઝયું નહિ, 'આપણે બે પરણશું તો બહુ સુખી થઈશું. તારા પર ઉપકાર કરવા મારે પરણવું નથી, પણ આપણે બન્ને સુખી થઈ જ શકીશું.'

મીરામાં ભયંકર ગાંભીર્ય આવી ગયું. 'જય, તને અત્યારે એવું લાગે છે; પણ હું તને સુખી ન કરી શકું. અને તને દુઃખી તો નહિ જ કરું. હું ઈચ્છું છું તું કોઈ સરસ, મજાની છોકરીને પરણજે. હું આંખો વગર જોઇને ખુશ થઈશ.'

'ના, મારે મજાની સરસ છોકરીને નથી પરણવું. હું તને જ પરણીશ.'

'સુખી થવું એટલું સહેલું નથી, જય. આખી જિંદગી તારા પર ભારરૂપ થઇ રહેવું... અને દરેકને પોતાની જિંદગીનાં સ્વપ્નો જોવાનાં હોય. અપંગની સાથે કેમ ફાવે? થોડા દિવસ બહાદુરીને જોરે જીવી શકાય, પછી તો દુઃખ જ રહે. અને મારે લીધે તું દુઃખી થાય એ હું મારા ચાલતાં કોઈ દિવસ થવા ન દઉં.'

'તને પરણવાથી હું દુઃખી જ થઈશ એમ તું શા માટે ધારી લે છે?'

'હું દૂર ભવિષ્યમાં જોઈ શકું છું, અને મારે તને સુખી જોવો છે!' એણે કહ્યું.

'ના, મીરા. હું પાસ થઇશ, નોકરી કરીશ, મારા પગ પર ઊભો રહેતાં શીખીશ, પછી પરણીશ, અને તને જ. મેં વિચાર કરી લીધો છે. એમાં ફેરફાર થવાનો નથી.'

મેં નક્કી કર્યું કે હું મીરાને જ પરણીશ: બે વર્ષે, ચાર કે છ વર્ષે, પણ મીરાને જ.

કેટલી ય વાર સુધી શાંત બેસી રહ્યા પછી અમે ઊભાં થયાં. પ્રયત્ન કરવા છતાં વાતો ન કરી શક્યાં. બસમાં ઘેર આવ્યાં.

બીજે દિવસે મીરા અને એનાં બા-બાપા દેશ પાછાં ફર્યાં.

થોડા કાગળો લખાયા: 'પ્રિય મીરા.' થોડા કાગળો આવ્યા: 'પ્રિય જય.' કાગળો પર એની આંગળીઓ ફરી હશે. એક અંદાજથી યાદ રાખીરાખીને એણે લખ્યું હશે. અને લખી લીધા પછી એ વાંચી નહિ શકી હોય. અને ભૂલ થઈ હોય તો... ક્યાં છેકવું? લીટીઓ આશ્ચર્યકારક રીતે સમાંતર રહી હતી. અક્ષરો ક્યાંક ક્યાંક નાનામોટા થઇ જતા હતા, અને એ પ્રયત્ન કરીને લખતી. હું જવાબ આપવામાં અનિયમિત થઇ જતો... અને દરેક પત્ર લખતી વખતે પહેલો વિચાર, પાસામાં છૂરીની જેમ ભોંકાતો અને મારી પેન અટકી જતી: મારો દરેક પત્ર એને કોઈ વાંચીને સંભળાવવાનું હતું... અને વાંચનાર જેટલું અને જે રીતે વાંચે એટલું જ એણે સાંભળવાનું હતું.

એ રીતે પત્રવ્યવહાર ચાલી શકવાનો ન હતો. અમારા કાગળો વચ્ચે દિવસો વધતા

ગયા. પત્રો ધીરે ધીરે અટકી ગયા. મારી પરીક્ષા પાસે આવી. બા પથારીવશ થઇ. સરિતાની નોટ્સનો ઉપયોગ કરીને હું માંડમાંડ બીજા વર્ગમાં પાસ થયો. બાની બીમારીનું બહાનું કામ આવી ગયું. સરિતા પણ બીજા વર્ગમાં જ આવી, પણ ઘણા સારા માર્કે. રમણિકકાકાની ઓળખાણથી નોકરી શરૂ થઈ. સફેદ શર્ટ અને સફેદ પૅન્ટ પહેરીને ઑફિસ ટાઈમની 'ક્યૂ'ઓમાં હું ઊભો રહેવા માંડયો. મહિનાના પગારનું કવર બાને પથારીમાં આપ્યું ત્યારે બાએ માથે હાથ ફેરવ્યો. અરધી રાતે સ્વપ્નમાં સો સોની નોટો પૅન્ટનાં બન્ને ખિસાંમાં દાબીદાબીને ભરી... સો સોની નોટો કાળા રંગની હતી!

સરિતાને ત્યાં મારું જવાનું વધી ગયું, રમણિકકાકાને મળવા. મારી ઑફિસ સાથે એમના કામનો સંબંધ હતો. એ કોઇવાર ઑફિસમાં આવતા. મૅનેજરની કૅબિનમાં સીધા ચાલ્યા જતા. એમના ગયા પછી મૅનેજર મને કહેતો કે શેઠ તમારા વિષે પૂછતા હતા. શેઠ પૂછતા હતા... એક ક્ષણ મને એમની શેઠ અટક યાદ આવીને ઝબકી ગઇ, ખરાબ વિચારની જેમ. અને મેં ગુમાવેલું સમતોલપણું પાછું મેળવ્યું. શેઠ એટલે શેઠ સાહેબ, માલિક; સરિતા શેઠના 'પાપા' નહિ. 'શું પૂછતા હતા?' 'જયને ફાવે છે કે નહિ? કામ બરાબર કરે છે કે? બહુ મહેનતુ અને હોશિયાર છોકરો છે. ત્રણ વર્ષમાં તૈયાર થઇ જશે...' રમણિકલાલ શેઠને રેસના ઘોડાઓની નસ્લનું સારું જ્ઞાન હતું. ત્રણ વર્ષમાં હું પણ હણહણતો થઇ જવાનો હતો... મેં શેઠની કદરદાની બદલ મૅનેજર પાસે આભાર માન્યો, એની સેવા કરતો હોઉં એમ. મૅનેજરના ચહેરા પર ખુશી ચમકી, દાન આપ્યું હોય એવી. મારો અને મૅનેજરનો સંબંધ ખરાબ થઈ શકવાનો ન હતો ને એને સુધરવાનો પણ બહુ અવકાશ ન હતો.

બા રસોઈ કરતી, શાક લેવા જતી, વરસાદમાં પણ જૂની છત્રી લઇને સામે દર્શન કરી આવતી, મોડી રાત સુધી ખાંસી ખાતી, બીમાર પડતી, અને બીમાર પડતી ત્યારે મને કહેતી, 'જય, હવે તું છોકરી પસંદ કર; લગ્ન કર. હું કેટલા દિવસ આ બધું કરી શકીશ.'

'હું હજી પરણવા જેટલું કમાતો નથી.'

આવા જવાબથી બા છંછેડાતી અને આડુંઅવળું બોલતી. હું હસ્યા કરતો. આજુબાજુવાળાં, બા પથારીમાં હોય ત્યારે મને પરણવાની આગ્રહપૂર્વક સલાહ આપતાં. હું સાંભળ્યા કરતો, ને એ લોકો એમની સલાહ ઊંડે સુધી પહોંચી છે એમ સમજીને જુલમ કરતાં હોય એવા મૂડમાં આવી જતાં. મને મજા પડતી.

બા મને છોકરીઓ ધ્યાનમાં રાખવા કહેતી. એ મારા શોખની વસ્તુ ન હતી. પણ હું છોકરીઓ જોવા માંડયો. છોકરીઓ મને જોવા માંડી. મારું ઊંચું શરીર, સફેદ ખમીસ-પેન્ટ, નાનું બહેનો વિનાનું કુટુંબ, ને મારો સરસ સ્વભાવ—બધાંની કિંમત ઉપજાવવાની હતી.

મારી નોકરી બે વર્ષ જૂની થઈ. પગાર વધ્યો. અભિમાની તરીકે મારી નામના થવા માંડી. મીરાનો એક કાગળ આવ્યો—એના બાપાના અવસાનનો. રમણિકલાલ શેઠે એક નવી ઑફિસ ખોલી અને મને લેવાની વાતો કરવા માંડયા. બા વાતો કરતી વખતે ખાંસી ખાઇને પોતાની 'જૂની' ખાંસીની વાતો કરતી. સરિતા, ભણવાનો છેડો આવી ગયો હોવાથી એના દરિયાકિનારાના ઍર-કન્ડીશન્ડ વાતાવરણમાં થાક ખાતી હતી. મીરા? મીરાના સમાચારમાં એણે ભણવું છોડી દીધું હતું...

એકવાર મારે એ જ અરસામાં મીરાને ગામ જવાનું થયું. પાસેના શહેરમાં કામ હતું એટલે હું મીરાને ગામ ઊતરી ગયો. સ્ટેશન પર બાજુનાં ગામડાંઓ તરફ જનારી બસો ઊભી હતી. દેશી હોટલોની બહાર ફાળિયાં વીંટેલા પટેલો બેંચો પર બેસીને રકાબીમાં કાઢીને ચા પીતા હતા. મુંબાઈના તડકાથી જુદો એવો સુસ્ત તડકો, ધૂળમાં પડેલી બકરીઓની સૂકી લીંડીઓ, મહારાજાના બાપે હુકમ કરીને વાવેલાં જૂનાં ઝાડો, 'ચાર સવારી' લઈ જતી ઘોડાગાડીઓ, તંદુરસ્તી પ્રામાણિકતા અને મૂર્ખાઇથી ઝલકતા ચહેરાઓવાળા સીધા માણસો જોતો જોતો હું મીરાને ઘેર પહોંચ્યો, અને ખાલી ખીંટીઓવાળા ઓરડામાં બેઠો. ટોપી અને લૉંગકોટ વિનાની ખાલી ખીંટીઓવાળા ઓરડામાં મીરાની બા ખુશ હતી. હું બહુ ખુશ થઇ શક્યો નહિ. કબાટના ખૂણામાં ઊભેલી વપરાયા વિનાની છત્રી મારાથી જોવાઈ ગઈ અને મારી ખુશી ઓસરી ગઈ.

'બા કેમ છે?' મીરાની બાએ પૂછ્યું.

'મજામાં. તમારી તબિયત કેમ છે?' મેં પૂછ્યું.

'ચાલ્યા કરે છે. હવે તો એવું જ ચાલવાનું. તારી બાની ખાંસી કેમ છે?'

'આવે છે. એ પણ કંટાળી ગઈ છે. અસ્થમાની અસર છે.'

'બાને હવે તું આરામ આપ, જય. પરણી નાખ. ક્યાં સુધી તારી બા તને રસોઈ કરીને ખવડાવ્યા કરશે?'

'હું પરણીશ તો એ પથારીમાંથી ઊભી જ નહિ થાય!' હું હસ્યો.

'હવે આરામ નહિ કરે તો ક્યારે કરશે?' મીરાની બાએ કહ્યું. મારા ઉત્તરો અટકી ગયા. મીરાની બાની જિંદગીમાં આરામ ન હતો. એ પણ મજૂરી કરી રહી હતી, અને પ્રૌઢાવસ્થામાં બુઢાપો બે ચાર વર્ષમાં જ આવી જવાનો હતો. પછી? આંધળી જવાની અને શ્વાસ ખાતો બુઢાપો આ ઘરની ચાર દીવાલો વચ્ચે અટકી જવાનાં હતાં...

મીરાને મળ્યો અને વાતો કરી. 'જય, ઑફિસ કેમ ચાલે છે?' 'સારી.' 'ફાવી ગયું?' 'હવે તો હું જૂનો થયો.' થોડું થોડું હસવું, થોડું થોડું અટકવું. 'તું કેમ છે?' 'મજામાં.' 'ભણવું કેમ છોડી દીધું?' 'બાપાના ગયા પછી ફાવ્યું નહિ.' જવાબનું બહાનું હું સમજ્યો. વધુ પૂછવું મેં અનુચિત ધાર્યું. 'બા કેમ છે?' 'હવે થાકી ગઈ છે.' 'તું પરણી જા, જય. બાને આરામ આપ.' 'હા, હજી વાર છે.' 'હવે મોડું ન કહેવાય, તારે પરણી જવું જોઇએ.' 'મારે નહિ, આપણે. મીરા, આપણે પરણવાનું છે. મેં તને પરણવાનો જે નિશ્ચય કર્યો છે એ હજી કાયમ છે.' એ જરા અટકી. 'એ બધા વિચારો તું છોડી દે અને કોઈ સરસ છોકરી પસંદ કરીને સુખી થા.' એ ધીરેથી બોલી, એના ગળામાં ભરાતા ડૂમામાંથી શબ્દો ઊઠયા, 'મને પરણવાનો વિચાર નહિ કર. એ ખોટો રસ્તો છે.' યાદના ભાર નીચે વિચારો કચરાઈ ગયા, મારા.

દીવાલોમાંથી ઝરતી ગરીબી જોતો જોતો હું જમ્યો, ધીરે ધીરે. 'રસોઈ બરાબર થઈ છે ને?' 'સરસ થઈ છે', 'મીરાએ બનાવી છે,' મીરાની બાએ કહ્યું. 'એ બનાવી શકે છે?' 'મારે બતાવવું પડે છે.' હું સમજ્યો, પાણી પીધું, શાંતિ થઈ.

ફરીથી મીરાને હું એકલો મળ્યો; નાના ગામમાં, નાની દુનિયામાં જુદા પડવું, ભેગા થવું, એક ચક્રના ધીમી રફતારની જેમ, રોમાંચ વિના, સરળતાથી, બધું સ્વાભાવિક હતું.

'મીરા, આજની રસોઇ સારી બની હતી.'

'બાએ બનાવી હતી.' મીરાએ કહ્યું.

'મને ખબર છે.'

અમે બન્ને ચૂપ થઈ ગયાં. વહેતી સેકંડો અવાજ કર્યા વિના જતી ગઈ અને અમારી બન્નેની વચ્ચે સમયનો એક પડદો પડી ગયો હોય એવું લાગ્યું. ધીરેધીરે જામતો, જામેલો સમય અમારી બન્નેની આસપાસ ઘટ્ટ થઇને ફેલાતો ગયો અને નિઃશબ્દતાનું વજન વધતું ગયું. અટકેલા સમયમાં ગોથાં ખાતા બે જીવો.

'કેમ ચૂપ થઈ ગઈ?'

'ખબર નથી. ચૂપ થવાનું કારણ શોધું છું.'

'તારા ચૂપ થવાનું કારણ મારી પાસે છે.'

'શું?' મેં થોડી વારે જવાબ આપ્યો. પછી પૂછ્યું, 'મને પરણવું છે?'

'જય, તું મને ગભરાવી મૂકે છે.'

'કહી દે, મને પરણવું છે?'

'તેં પરણવાનો વિચાર કરી લીધો?'

'હા, હવે હું પરણી જઈશ.'

'મને કંકોત્રી મોકલજે.' એ હસી.

મને ગુસ્સો આવ્યો.

મીરા મને પરણવા માગતી ન હતી. એ મને સુખી કરવા માગતી હતી એ મને પરણવા માગતી ન હતી. એ મને સુખી...

ટ્રેનના હાલતા ડબ્બા અને સામાનનું ખટખટ મારા આખા શરીરમાં પ્રસરી ગયું હતું. બહાર નાના પ્લૅટફૉર્મના અવાજો બધ બારીઓ પર અથડાઈ અથડાઈને રાતના અંધકારમાં ઓગળી જતા હતા. મેં પડખું ફેરવ્યું.

પડખું ફેરવ્યું અને ઊંઘ અને સભાનતાની કશ્મકશ ચાલુ થઈ. મીરા પ્રેમ કરતી હતી અને પરણવા માગતી ન હતી. પણ પ્રેમ શા માટે કરતી હતી? માન હોવું, લાગણી હોવી એનું નામ જ પ્રેમ નહિ. પણ પ્રેમ જેવું હોય જ છે ક્યાં દુનિયામાં? બહાદુરીમાં તરબોળ અભિનય એનું નામ પ્રેમ? મીરા પાસે બહાદુરી ન હતી, અભિનય પણ ન હતો.

મીરાએ ના પાડી હતી, સ્પષ્ટતાથી. મીરાને પરણવાથી સવાલો વધવાના હતા. બા અને મીરા. મીરા રસોઈ કરી શકવાની ન હતી, ઘર સાચવી શકવાની ન હતી. મારો હાથ પકડ્યા વિના મારા ઘરની જિંદગી જીવી શકવાની ન હતી.

સરિતા. બાને સરિતા ગમતી હતી.

સરિતા મને પણ ગમતી હતી. સરસ છોકરી હતી. સાથે જીવી શકાય એવી, જે મને જીવાડી શકે એવી. પૈસાદાર, ભણેલી.

વિચારો આવતા રહ્યા ન અર્ધી રાતે દોડતા ડબ્બા પર જોરથી વરસતા વરસાદના અવાજોમાં ઠંઠવાઈ ગયા. મને ઊંઘ આવી ગઈ.

'તારે મીરાને પરણવું છે?' 'હા.'

'એ ઘર ચલાવશે? હાથે કરીને આફત વહોરે છે?'

'ઘર ચલાવવા માટે હું નથી પરણતો. આફત સહન કરી લેવાની તૈયારી રાખું છું.'

'જય, વિચાર કર. અત્યારે મારી વાત નહિ ગમે. એનામાં એવું શું છે કે તને એના વિના બીજી કોઈ છોકરી નથી ગમતી.'

'ગમે છે બધી, પણ પરણવું છે એને જ.'

'એ શું કહે છે?'

'ના પાડે છે.'

'ના પાડે છે? મીરા ના પાડે છે? કેમ?'

'એ કહે છે કે મને પરણવાથી તું દુ:ખી થઈ જશે. અને મારે તને સુખી જોવો છે.'

'મીરાની વાત ખરી છે. આખી જિંદગી એની સાથે કાઢવાની છે. લગ્નની બાબતમાં નાદાની કર્યે ન ચાલે.'

'આ નાદાની છે?'

'ચોક્કસ. આંધળી છોકરીને પરણવાનું મન થાય એ નાદાની જ ને? આટલી બધી બીજી છોકરીઓમાંથી કોઈ દેખાતી નથી, જય?'

હું બોલ્યો નહિ.

'સરિતા ગમતી નથી?'

'ગમે છે.'

'ઘર સારું છે, માણસો સારાં છે, વખત આવ્યે કામ લાગે એવાં છે...'

'હા, પૈસાદાર છે, સંસ્કારી છે. બીજો કોઈ ગુણ બાકી રહી ગયો છે?' મેં કહ્યું.

'સારાને સારું કહેવું જ પડે.'

મને ગુસ્સો આવ્યો પણ ચૂપ રહ્યો. લાંબા સમય સુધી હું ચૂપ બેસી રહ્યો.

'ભલે, તારી મરજી. પણ મારા મરી ગયા પછી એને પરણજે.'

'એવું કેમ બોલે છે બા?'

'તું બોલાવે છે. તું મોંમાં આંગળાં નાખીને બોલાવે છે.' બા દુ:ખી થઈ ગઈ. કેટલીય વાર સુધી હસી નહિ 'હવે હું વધારે વખત જીવવાની નથી.' બા અભિનય કરતી ન હતી. એના શ્વાસમાં કમરનો થાક હતો.

આંખો વિના મીરા મારું ભવિષ્ય જોઈ શકતી હતી, હું જોઈ શકતો ન હતો.

બાનું શરીર કથળ્યું. બાને પથારીમાં મૂકીને ઑફિસ જતી વખતે મારા પગ જરા અટકતા. બહાર આવતો અને બસ સ્ટૉપ પર આવતાં જ મગજમાં નવા વિચારો ભરાઈ જતા. ઑફિસની ફાઈલો, ઈન્કમટૅક્સના વકીલને આપેલું બૅલેન્સ શીટ, હું બોલાવતો ત્યારે ડરીડરીને મારી પાસે આવતો નવો મદ્રાસી ટાઈપિસ્ટ, રમણિકલાલ શેઠના દરવાજાની બહારથી ગર્વભર્યો અવાજ કરીને આવતા નવાં બૂટ...

સરિતાને ઘેર મને ફ્રિજમાંથી સ્ક્વૉશ અપાતો... 'તેં નવું ગાયન સાંભળ્યું છે?'

'હા.' સાંભળ્યું જ હોય ને? દુનિયામાં જીવવું છે, ન સાંભળ્યે કેમ ચાલે?

'આજે જ હું રેકર્ડ લઈ આવી.'

'બગાડ'.

'કેવી લાગી?'

'ટૉપ્સ!' ઇંગ્લંડથી આવતાં રવિવારનાં છાપાંનિયાં વાંચ્યા પછી મારું અંગ્રેજી સરસ થઈ ગયું હતું. સરિતાનાં સફેદ કપડાંમાં હવે મને સાતે સાત રંગો દેખાઈ રહ્યા હતા.

રાત્રે હું ઘેર આવ્યો ત્યારે બા સૂઈ ગઈ હતી. પાડોશીએ કહ્યું, 'જયભાઈ, આજે બહુ મોડું કર્યું?'

'કેમ?'

'આજે તમારી બા ખૂબ રડી. કહેતી હતી કે છોકરો સમજતો નથી. મારા મરી ગયા પછી સમજશે...'

મેં બાના રડીરડીને થાકી ગએલા ચહેરા સામે જોયું પાડોશીએ ઊઠીને વિદાય લીધી. એ રાત્રે મારી ઊંઘ વારંવાર તૂટી ગઈ. બાનો રડતો ચહેરો આંખો સામેથી ખસ્યો નહિ. બા રાતે ઊઠી નહિ સામાન્ય રીતે બાને રાતે બહુ ઊંઘ આવતી નથી. મેં જગાડી નહિ. સૂતેલી બાને જોઈને મને બહુ ડર લાગ્યો. વિચાર કરતો ગયો એમએમ હું ગભરાતો ગયો.

સવારે બા ઊઠી. મને એની છાતીમાં માથું મૂકીને રડવાનું મન થઈ ગયું. ઘણાં વર્ષોથી રડ્યો ન હતો. વિચાર કરતાં જ એકાએક ડૂમો ભરાઈ આવ્યો. રાતના વિચારો, બાનું સૂતેલું શરીર, ટેબલ લૅમ્પ, બધું આંખોમાં ભડકી ગયું. બાએ મને છાતી સાથે દબાવી દીધો, 'જય, બેટા, રડે છે?'

'બા, હું સરિતાને પરણીશ—'

અને હું સરિતાને પરણી ગયો. રમણિકભાઈએ ક્લબમાં મોટી પાર્ટી આપી. બા મારા લગ્નમાં ખૂબ રડી. એને બધું યાદ આવ્યું: એનું લગ્ન, એનાં જવાનીનાં વર્ષો, સાથે ફર્યા હતા એ દિવસો, હું જન્મ્યો હતો એ દિવસો, મારી જીવલેણ બીમારીઓ, એનું વૈધવ્ય, મજૂરી, વર્ષોથી સાચવી રાખેલી નાની નાની આશાઓ. હું સરસ છોકરી લાવ્યો હતો; સરસ, સંસ્કારી. મારા નાના ઘરમાં ભેટ-સોગાદોની એક દુનિયા વસી ગઈ. લાલ સાડીઓ, અને ઝવેરાત, અને મેંદી, અને જૂઈ... અને મોડી રાતે નવા ડ્રેસિંગ ટેબલની સામે આંખોમાં કાજળ લગાવતી સરિતા...

અને ટેબલ પર પડેલો રાતનાં ફૂલોનો મહેકતો ઢગલો... અને પાસે મીરાનો તાર.

કાજળ લગાવીને સરિતા મારી પાસે આવી અને હસી: 'જાગી ગયો? સૂઈ જા...'

હું સૂઈ ગયો, પરોઢિયે.

સરિતાના આવવાથી અથવા ગમે તેમ પણ બાની તબિયત સુધરતી ગઈ અને બા હરતીફરતી થઈ ગઈ. પાડોશીઓએ મશ્કરી કરવા માંડી કે તમારી સરિતાએ બાને પથારીમાંથી ઊભાં કરી દીધાં.

બા જવાબ આપતી નહિ, પણ પહેલાં જેવું સંતોષથી ભરેલું હસતી. સરિતાને આ-

નહ થતો. મને પણ થતો.

લગ્ન પછીના દિવસો. સરિતાની ઝાંખી પડી ગએલી મહેંદીવાળા હાથ મારા હાથમાં લઇને હું વાતો કરતો. એની વીંટી જરાજરા ફેરવતો. બાજુમાંથી બાએ દબાવીને ખાધેલી ખાંસી સંભળાતી. સરિતા બંધ મોઢે હસતી. હું ખોટી આંખો કાઢતો. ઑફિસમાંથી વહેલાં પાછા ફરતાં ફરતાં કૉલેજનો કોઈ દોસ્ત મળી જતો: 'અરે જય, અભિનંદન. સરિતા સાથે તેં લગ્ન કર્યું? કંકોત્રી તો મોકલાવવી હતી, યાર. કંઈ નહિ, કંઈ નહિ.' હું પાછો ફરતો.

એ દોસ્ત બીજાને જઇને કહેશે, 'તને ખબર છે? આપણી સાથે પેલો જય હતોને એણે સરિતા સાથે લગ્ન કર્યું...લવ મૅરેજ.' કેવી સરસ બહાદુરીની ભાવના હતી એ 'લવ મૅરેજ' શબ્દમાં! હું આવે વિચારે ચડીને ઘેર પાછો ફરતો. સરિતાની આંખો બધું ભુલાવી દેતી. ઘરમાં આવેલી નવી વ્યવસ્થા અને સફાઇને અનુરૂપ મારે થઈ જવાનું હતું, ખુશીથી.

રાત્રે સૂવું, સવારે બા સાથે વાતો કરવી, બપોરે ઑફિસ, સાંજ અને ફરીથી રાત, સરિતા, ડ્રેસિંગ ટેબલથી પથારી સુધી ફરતું ઘરનું, મારી વાસનાનું મધ્યબિંદુ–અને એની પાછળ પાછળ ભટકતી મારી આંખો. સડકો પર લહેરાતા સુલાયમ સૌંદર્યથી ઘસાઈ ઘસાઈને ધારદાર બની ગએલી આંખો. આવેગમાં, વેગમાં, અંધારામાં ધબકતા શ્વાસોમા, રાત ઝપાટાબંધ ઓગળી જતી. સવાર પડી જતી અને ઊગતો દિવસ રાત સુધી લંબાતો...

દિવસો અને અઠવાડિયાંઓ. અને રવિવારથી રવિવાર સુધીની ઝડપથી કપાઇ ગએલા મહિનાઓ. એક દિવસ સાંજે આવીને મેં સરિતાને પૂછ્યું, 'કેમ?' એણે માથું હલાવ્યું. એના ચહેરા પર સહેજ ગભરાટ હતો.

બાને ખબર પડી. બા એને ડૉક્ટર પાસે લઈ ગઈ. સાંજે આવ્યો ત્યારે બાએ મને સમાચાર આપી દીધા.

એક ધ્રુજારી મારા શરીરમાં આવી ગઈ.

સરિતાના શરૂના મહિનાઓ ઝપાટાબંધ ચાલ્યા. ઊલટી, દુ:ખાવો, નાનાં ઇન્જેક્શનો. પછી મહિનાઓ લંબાતા ગયા. બાએ નિમક બંધ કરાવી દીધું. થોડીક વિધિઓ કરી. કંઇક માનતા માની લીધી. સાતમે મહિને મારાં સાસુ-સસરા એને લઈ ગયાં. બાએ છોકરાની ઇચ્છા કરી. પણ મારે મન બધું સરખું હતું. નવ મહિના પછી ત્રીજે દિવસે એને બેબી આવી. બેબી લાલલાલ લાગતી હતી પણ જોવા આવનારી બુઢ્ઢી સ્ત્રીઓએ જ્યારે કહ્યું કે બેબી બહુ ગોરી નહિ થાય ત્યારે મને સમજાયું કે બેબી કાળી થશે. મને કાળા-ધોળાનું દુ:ખ ન હતું. સરિતાને હતું. બાને પણ હતું, છોકરો ન આવવાનું. કાળી બેબી આવવાનું સરિતાને એટલું બધું દુ:ખ થયું કે એક દિવસ એ હૉસ્પિટલમાં જ મારી પાસે રડી પડી. મને ગમ્યું નહિ. એ બાળકનું અપમાન હતું. સારા પતિની જેમ મેં એને સાંત્વન આપ્યું.

૫૧૩ ('કુમાર' અંક ૪૯૮)

બેબી બહુ રડતી ન હતી. મારા હાથમાં આવતી ત્યારે ચૂપ થઈ જતી. રાત્રે રમવા ઊઠતી, દિવસે જાગતી. મને લાગતું કે એને દિવસ કરતાં રાતે રમવું વધારે ફાવતું હતું.

બેબી, સરિતા, બા. ઑફિસ, સાસુ સસરા શોધીશોધીને ફરી શરૂ કરેલા જૂના દોસ્તો... ધીરેધીરે હું ઑફિસના ગાડીમાં ઘેર આવતો થયો, બા બુઢ્ઢી થતી ગઈ, બેબી મોટી થતી ગઈ, સરિતા દૂર થતી ગઈ. સરિતાને થતું હતું કે હું એનું ધ્યાન રાખતો ન હતો, મને થતું હતું એની નજર પિયર પર જ રહેતી હતી. રમણિકલાલ શેઠની ગાડી હૉર્ન વગાડતી ત્યારે હું વાત કરતો અટકી જતો. મેં ઑફિસની ગાડીમાં ઘેર આવવું ઓછું કરી નાખ્યું. બા સરિતા વિષે બહુ શિકાયત કરી શકતી નહિ, પણ હું એના મનને સમજી શકતો હતો. બેબી રમતી હતી, ઘરની દુનિયા અને ત્રણ વ્યક્તિત્વોની ટક્કરોથી દૂર, પોતાની દુનિયામાં. અને હું એનો સૌથી નિકટનો દોસ્ત હતો...

વર્ષોની ઝડપ ઓછી થઈ ગઈ અને થોડાં વર્ષો પણ ઘણાં જેવાં લાગવા માંડ્યાં. ફક્ત બેબીનું શરીર, એની વાતો, રમતો, નાદાનિયત અને વર્તનથી દેખાતું હતું કે બેબીના દિવસો ઝડપથી જઈ રહ્યા હતા. એ 'પપ્પા' સાથે વાતો કરતી ત્યારે વાતો ખૂટતી નહિ. હું કોઇ કોઈ વાર એને બસમાં લઈ જતો અને પાછા ફરતાં એ રસ્તામાં જ વાતો કરતી કરતી સૂઈ જતી. મારા ખોળામાં એનું નાનું શરીર સમાઇ જતું. પગ ઝૂલતા. હાથથી એ મારું પેન્ટ પકડી રાખતી અને ઊંઘ આવી ગયા પછી હાથ ઢીલો પડી જતો અને પૅન્ટ છૂટી જતું. એના એક તરફ નમેલા માથાના વાળ ફૂંકાતી હવામાં ફરફરતા. હું હાથ ફેરવીને સમા કરતો. એના નીચે સરકતા શરીરને ખેંચીને, ઊંચકીને બરાબર ગોઠવતો. છાતી પર હળવેથી હાથ દબાવતો. બેબી નિશ્ચિંત થઇને સૂઈ જતી. બેબીને જ્યારે હું સૂતી જોતો ત્યારે મને એના ભવિષ્યનો વિચાર આવી જતો.

અને બેબીના ભવિષ્યમાંથી સરિતાનું ભવિષ્ય, મારું ભવિષ્ય, અમારું સૌનું ભવિષ્ય. દોડતી બસની બારીમાંથી પસાર થતાં દશ્યો જોતાંજોતાં બહુ સ્વસ્થતાથી વિચારી શકાતું.

વર્ષો પહેલાં એક વખત સરિતાની ગાડીમાં હું વિચાર કરતો હતો કે સરિતા કોઇને પરણી ગઈ હશે. એના ગળામાં મંગળસૂત્ર હશે. એ કહેશે જય, મારે ઘેર કેમ આવતો નથી. કોઈ દિવસ રસ્તામાં એની બેબી સાથે દેખાશે હું કહીશ બેબી ઘણી મોટી થઈ ગઈ. એ એની બેબી પાસે વંદન કરાવડાવશે અને કહેશે, 'આ જયમામા છે!' મારા નસીબમાં જયમામા થવાનું લખાયું ન હતું. સરિતાને પરણવાનાં મને સ્વપ્ન આવતાં હતાં, પરણ્યા પછી પણ એ સ્વપ્નો સ્વપ્નો જ રહ્યાં. હું બધા વિચારો બંધ કરી દેતો.

ઘેર આવીને હું ને સરિતા થોડી વાતો કરતાં. 'આજે પપ્પાએ ડ્રાઈવરને મોકલ્યો હતો.'

'કેમ?'

'કાલે પાર્ટી છે, આપણે જવાનું છે.'

'સરસ. તું જજે.'

'ના,' એ કહેતી, 'આપણે બન્નેએ જવાનું છે. મારે તો વહેલાં જવું પડશે.'

'તું વહેલી જજે.'

રમણિકલાલ શેઠ ડ્રાઇવરને મોકલતા અને હું ચાલ્યો જતો. ઑફિસની ગાડીમાં હું આવતો...એ બધું જેમ શરૂ થયું હતું એમ જ ઓછું થઈ ગયું. બા પહેલાં કરતાં શાંત થઈ ગઇ હતી. બેબી સાથે રમવામાં અથવા પૂજાપાઠમાં એ સમય વ્યય કરતી. સરિતા સાથે હું ઝગડતો ન હતો. શા માટે ઝગડવું? હું સુખી હતો—ફક્ત...

હું સુખી હતો. હું, બા, બેબી, સરિતા કોઈ કોઇથી ઝગડતું નહિ. બધાં શાંત રહેતાં. બેબી ફક્ત રમતી, રડતી, ગુસ્સો કરતી, એનાં તોફાનોથી ઘરની હવા કંઈક જીવતી લાગતી. એ સૂતી અથવા બહાર જતી ત્યારે ઘર શાંત થતું અને વ્યવસ્થાના વજન નીચે દબાઈ જતું.

એ જ અરસામાં એ બન્યું. હું ગાર્ડનથી બસમાં આવતો હતો અને મેં રસ્તામા એક મકાન આગળ મીરાને ઊભેલી જોઇ! એક ક્ષણ હું વિચારમાં પડી ગયો: મીરા અહીં શી રીતે હોઈ શકે? મીરાની સાથે એક સ્ત્રી હતી. હું સપાટામાં જોઈ શક્યો કે બીજી સ્ત્રીએ ગૉગલ્સ પહેર્યાં ન હતા. પણ ચશ્માં પહેર્યાં હતાં. બસ ચાલી ગઇ. એક સ્ટૉપ પછી મારાથી ન રહેવાયું અને હું ઊતરી ગયો. પાછા જઇને મેં જોયું. મને જ્યાં મીરાને જોયાનો આભાસ થયો હતો ત્યાં કોઇ ન હતું. એક મકાન હતું, દરવાજો હતો, અપરિચિત માણસ હતા, બે જડ મોટરો પડી હતી, અને પસાર થઈ ગએલી એક બસે ઊડાડેલી ધૂળ મારા તરફ પાછી

આવી રહી હતી.

મેં ત્યાં ઊભેલા એક ઘાટી જેવા માણસને પૂછ્યું. 'અહીં હમણાં થોડી વાર પહેલાં બે બાઇઓ ઊભી હતી, જોઈ?'

'કેવી હતી?'

'એક કાળાં ચશ્માં પહેર્યાં હતાં, એક નંબરવાળાં પહેર્યાં હતા.'

'ના.'

હું પાછો ફર્યો. આટલા મોટા શહેરમાં મીરા જ દેખાઇ જાય એ માનસિક ભ્રમણા હતી. મુંબાઈમાં ગૉગલ્સ વાળી સ્ત્રીઓનો પાર ન હતો. મીરા ન હોઈ શકે. પણ મીરાની યાદ, એક ભારેલા અંગારાથી દાઝી ગયો હોઉં એમ બાળી ગઇ. મીરા અહીં હોય જ શી રીતે? હોય તો મને જરૂર જણાવે. પણ હોય જ શા માટે? હશે, આટલા મોટા શહેરમાં કેમ તપાસ કરવી? નહિ હોય. ન હોઈ શકે. મીરા નહિ હોય.

ત્રણચાર દિવસ હું મીરાના વિચાર કરતો રહ્યો. એને ગામ એને ઍડ્રેસે લખેલો એક કાગળ પાછો આવ્યો એટલે મીરાને મળવા હું ઉત્સુક બની ગયો. એ યોગ્ય ન હતું. મીરામાં આટલી બધી દિલચસ્પી શા માટે? અને હવે શું? એક જૂની, થોડાં વર્ષો પહેલાંની થોડી નાદાન વાતોનું આટલું બધું મહત્ત્વ?

'સરિતા, હમણાં એક દિવસ બસમાંથી મેં મીરાને જોઈ હોય એવો આભાસ થયો.'

'તું મીરાને હજી ભૂલ્યો નથી?'

'મીરાને યાદ કરવા જેવું શું છે? આ તો મને એવો આભાસ થયો.' હું હસ્યો અને ચૂપ રહી ગયો. સરિતાએ મારી સામે જોયાકર્યું.

સરિતા હસી નહિ, ચૂપ પણ ન રહી. 'એ તો તને યાદ પણ કરતી નથી. લગ્નમાં તાર કરેલો; પછી યાદ પણ કર્યો છે?'

બેબી દોડતી આવી ને મારા ખોળામાં કૂદી પડી અને વાત અટકી ગઈ.

બીજે દિવસે, મને આભાસ થએલો એ જગ્યાએ ઊતરીને મેં આજુબાજુ જોયું. મને સ્પષ્ટતા થાય એવું કંઈ ન હતું. ખીસામાં મીરા પર લખેલો ઑફિસને ઍડ્રેસે પાછો ફરેલો મારો જ કાગળ હતો. હું આજુબાજુનાં મકાનો જોતો જોતો ફરવા માંડ્યો. મને લાગ્યું મારી ઘેલછા હદ વટાવી રહી હતી. પણ મીરાને શોધવાની હતી. પાછો આવેલો કાગળ પણ પ્રશ્નો ઊભા કરી ગયો હતો.

પણ પૂછવું કોને? દાણાની દુકાનમાં બેઠેલા પ્રૌઢ સજ્જનને મેં પૂછ્યું. 'અહીં આટલામાં કોઇ સ્ત્રી રહે છે? એ આંધળી છે અને એ કાળાં ગૉગલ્સ હમેશાં પહેરી રાખે છે, અને—'

'ના', ના પાડી લીધા પછી એણે મારી સામે ધ્યાનથી જોઇને કહ્યું, 'હું અહીં આંધળી સ્ત્રીઓની રખેવાળી કરવા બેઠો છું?'

સજ્જન અને એમના જવાબને બંનેને પાછળ મૂકીને હું આગળ ચાલ્યો અને આસપાસ જોવા માંડ્યો. ઊંચાં, અપરિચિત, અભિમાની મકાનો અને એમના અરધી ફૂટપાથને ઢાંકી દેતા પડછાયામાં મીરાની તલાશમાં ઊભેલો હું. મીરાને લખેલો કાગળ પાછો આવ્યો હતો, અને મેં એને અહીં જ જોઇ હતી અહીં જ જોઈ હતી. અહીં કદાચ કોઈ કામે આવી હોય. એ જ દિવસે વહેલા ન ઊતરવા માટે મને દુઃખ થયું. મોટી ભૂલ થઈ ગઈ હતી.

સામે ગલીમાં બીજા મકાન પર એક પાટિયું લગાવેલું હતું. એ આંધળી છોકરીઓની સ્કૂલ હતી. મેં પગ ઉપાડ્યા અને દરવાજામાં જ ઑફિસ હતી એમાં બેઠેલી ચશ્માંવાળી એક છોકરીને પૂછ્યું, 'અહીં મીરા દલાલ કરીને કોઈ બહેન રહે છે?'

એણે મારી સામે જોયું ને મને યાદ આવ્યું, આ સ્કૂલ હતી; અહીં કોઇ રહી કેમ શકે?

'હા, મીરા દલાલ અહીં રહે છે. ઉપર જ છે. તમારું નામ શું?'

'જય. જય મળવા આવ્યો છે એમ કહેવાથી સમજી જશે.'

હું શ્વાસ ખાઇને બતાવેલી એક ખુરશી પર બેઠો. એણે કહ્યું, 'એક મિનિટ. હું જરા મારું કામ પતાવી લઉં. સામાન્યરીતે છોકરીઓની સ્કૂલમાં તમને ઉપર જવાની છૂટ નથી હોતી. પણ આજે રજા છે અને કોઇ નથી.'

એક મિનિટ ઘણી લાંબી ચાલી. મને યાદ આવ્યું, આ જ છોકરીને મેં મીરા સાથે જોઇ હતી. છોકરીએ રજિસ્ટર બંધ કરીને ટેબલનું ખાનું બંધ કર્યું. મને પાછળ આવવાનું સૂચવીને એ આગળ ચાલી. એક સીડી ચડીને અમે ઉપર એક કમરામાં પ્રવેશ્યાં. 'તમે અહીં બેસો, હું બોલાવી લાવું છું ' એ પાછી આવી. પાછળ મીરા હતી. ચશ્માવાળી છોકરી મારા વિષે કહીને સીડી ઊતરી ગઈ.'

મીરા ખુરશી પર બેઠી, 'કેમ છે મીરાં?'

'જય?' 'હા.'

'તું અહીં ક્યાંથી?' એણે સ્વસ્થતાથી પૂછ્યું.

'તને શોધતો.'

મીરા સમજી નહિ. ચૂપ રહી. એ પહેલાંની જેમ હસતી ન હતી. 'પણ હું અહીં છું એની તને શી રીતે ખબર પડી?'

'એક દિવસ મેં તને બસમાંથી જોએલી. પછી અહીં ઊતરી ગયો. આ સ્કૂલ દેખાઈ એટલે અનુમાન કર્યું કે તું અહીં હશે...તને ઘેર કાગળ લખેલો એ પાછો આવ્યો.'

'હા દોઢેક વર્ષથી મેં ઘર છોડી દીધું છે. અહીં જ છું.'

'દોઢ વર્ષથી તું અહીં છે! અને મળવાનો પ્રયત્ન તેં કર્યો નહિ?' 'ના.'

'અહીં શું કરે છે?'

'ભણાવું છું. બ્રેઈલ, સંગીત, ગૂંથવાનું...'

'તું પણ ઘણું બધું ભણાવી નાંખે છે!' હું હસ્યો. મીરા હસી નહિ. એના કાળા કાચ પરનું અંધારું સ્થિર હતું.

'બા કેમ છે?' મેં પૂછ્યું.

'બા ગુજરી ગઈ. બે વર્ષ થયાં.'

બા ગુજરી ગઈ, બે વર્ષ થયાં! બે વર્ષ થઇ ગયાં! 'જય, તું તો સારો ઊંચો વધી ગયો છે! શરીર સરસ થયું છે તારું-'.. 'શું જય? આ વખતે તારી બાને લઇને આવ!'... 'રસોઇ બરાબર થઈ છે ને? સરસ થઇ છે. મીરાએ બનાવી છે. એ બનાવી શકે છે. મારે બતાવવું પડે છે'... હું કંઈ બોલી શક્યો નહિ. બે વર્ષનો ભાર...

મીરાએ લાગણીવશ થયા વિના પૂછ્યું, 'તારી બા કેમ છે?' 'જીવે છે.'

'સરિતા આરામ આપે છે.' મીરાના વાક્યમાં પ્રશ્ન અને ઉત્તર બન્ને હતાં.

'હા.' મેં સમજ્યા વિના હા પાડી.

'સરિતા કેમ છે?' 'મજામાં છે.'

'બાળકો છે?' 'બેબી છે. અઢી વર્ષની.'

'સરસ. પછી?' 'કંઇ નથી.'

'બેબીનું નામ શું પાડ્યું?'

'એને રીના કહીએ છીએ. હજી નામ પાડ્યું નથી.' થોડી શાંતિ રહી. મેં પૂછ્યું, 'તું અહીં રહે છે?' 'હા.'

'કેટલા વખતથી?'

'અહીં આવી છું ત્યારથી.'

'ફાવે છે?' મેં પૂછ્યું. 'હા.'

'એકલી રહે છે?'

'હા.' ધુમાડાની જેમ એની 'હા' મારી સામે ઝૂલીને અદૃશ્ય થઈ ગઈ. ને એ 'હા'માં રહેલી મરેલા પ્રેમની વાસમાં હું ગૂંગળાઈ ગયો.

'કેમ છે તારો ધંધો?' એણે પૂછ્યું.

'હું ધંધો નથી કરતો, નોકરી કરું છું!'

'સસરાની?' 'હા.'

'સુખી નોકરી છે.' મીરાએ કહ્યું.

'હા થકવી નાખે એવી સુખી. નિરાશ કરી નાખે એવી સુખી...'

'સરસ નિરાશા.' એણે કહ્યું. હું ન બોલ્યો.

'ગમે એવી નિરાશા.' થોડી વાર રહીને એ બોલી, 'સરિતાએ તને સુખી કરી નાખ્યો.'

'અદેખાઇ આવે છે?'

'અદેખાઈ લાવવા જેટલી મારામાં લાયકાત નથી.'

'તું આ બધું શું બોલી રહી છે, મીરા?'

એણે ચાલુ રાખ્યું, 'પણ મને અદેખાઇ આવે એટલું સુખ તને મળે એવું ચોક્કસ ઇચ્છું છું.'

'હું ઈચ્છતો નથી.'

ઘણા વખતે એ હસી, 'પ્રાયશ્ચિત્ત.'

'ના.' મારાથી આગળ બોલી શકાયું નહિ. 'ના' ને 'હા' ને 'ના'ની સીમા સુધી ઝૂલતા ટૂંકાટૂંકા સવાલો–જવાબો ચાલતા ગયા.

હું બોલવા જતો હતો ત્યાં એણે પૂછ્યુ, 'બેબીની શું ઉંમર કહી? અઢી વર્ષ?'

'કેમ?'

'અઢી વર્ષને?...એક મિનિટ.' એ ઊભી થઇ અને દીવાલો પર સરકતી આંગળીઓને સહારે એના કમરામાં ગઈ અને થોડી વારે પાછી આવી. 'આ તારી રીના માટે.' કહી એણે સાથે લાવેલું સ્વેટર ટેબલ પર મૂક્યું.

'ના આપણા બન્નેના સંબંધમાં આવો વ્યવહાર ન થવો જોઈએ. હું સ્વેટર લઇશ નહિ.'

'તારે લેવાનું પણ નથી. હું આપું છું. રીનાની મીરા ફઈ...'

મેં સ્વેટર હાથમાં લીધું. 'અચ્છા. આભાર માનતો નથી. સરસ છે.' ધીરેથી મેં કહ્યું, 'મારે અને સરિતાને ઝગડવા માટે સરસ છે.'

'મારા સ્વેટર નિમિત્તે તમારે ઝગડવું પડશે?'

'નિમિત્તની જરૂર પડતી નથી; પણ નિમિત્ત હોય તો ઝગડવું ફાવે છે.'

'તું ઝગડી શકે છે?' એણે પૂછ્યું.

'શરૂમાં થોડો ટાઈમ, બસ. પછી હાર કબૂલ કરવાનો ટાઈમ પણ સરિતા આપતી નથી.'

મીરા હસી. હું પણ હસ્યો—ખડખડાટ. વર્ષોની ગૂંગળામણ ખુલી જાય એટલા જોરથી.

ગાર્ડનના બેંચ પર જઇને અમે બેઠાં.

'તને યાદ છે મીરા, મેં તને અહીં પૂછ્યું હતું કે મારી સાથે લગ્ન કરીશ?'

'મેં કહ્યું હતું કે આંધળી છોકરી તને સુખી નહિ કરી શકે. અથવા એવું જ કંઈક કહ્યું હતું.'

'તને યાદ છે?' 'યાદ છે.'

'આજે હું પરણી ગયો છું, મારે બેબી છે ને આપણે એ જ બેંચ પર બેઠા છીએ.' મેં કહ્યું.

મીરાનો ચહેરો મારા શબ્દો તરફ તાકી રહ્યો.

'અને...' મેં એની આંધળી આંખો સામેથી મોઢું ફેરવીને કહ્યું, 'અને આજે મને લાગે છે મીરા, હું એ જ સ્થિતિમાં, એ જ દિવસોમાં બેઠો છું...જાણે સમય પસાર થયો જ નથી.'

'એટલે?'

'હજી પણ એ જ સુખની અપેક્ષા છે. આપણે સુખી થવું પડશે, આપણે બન્નેએ...'

'હા.' મીરા હાલ્યા વિના, સ્થિર ઠંડકથી બોલી : 'અપેક્ષા છે તો માર્ગો મળી રહેશે.'

'હું તને મારી સાથે લઈ જવા માગું છું. તું ન આવે તો પણ તને તારી આંખો વગરની એકલતામાં દુઃખી થવા દેવા માગતો નથી. હું તને સુખી કરવા માગું છું...અને એ જ આપણા બન્નેનાં સુખનો માર્ગ છે.'

'જય, મારા બાપા મરી ગયા છે, મા મરી ગઈ છે, ઘર નથી, આંખો નથી, બાળક નથી. ઘણાં વર્ષ ભટકતો ભટકતો તું આજે આવી ચડયો છે. અસહ્ય બની જાય એટલું બધું સુખ આવી ગયું છે. પણ...સુખમાં આંધળા થઈ શકવાની શકયતા રહી નથી; આંખો નથી કદાચ એટલે જ. તું જે સુંવાળી અપેક્ષાઓ કરી રહ્યો છે એ સુખ નથી. અને જય, આંખો વિના મૃગજળ પણ જોઈ શકાતાં નથી.'

'પાપનો ભય લાગે છે?'

'પાપને સહારે જિંદગીને સહ્ય બનાવીને જીવતા રહેવું!' મીરા હસી, મને ધ્રુજારી છૂટી જાય એટલી નિર્દોષતાથી મીરા હસી પડી. 'જય,' એણે મારા માથા પર હાથ ફેરવતાં કહ્યું, 'તું એ જ સ્થિતિમાં અને એ જ દિવસોમાં બેઠો છે અને વચ્ચેથી સમય પસાર થઈ ગયો છે...અને એ જ નાદાનિયતમાં. તારી સાથે પ્રેમમાં પડી જવાય એટલી આકર્ષક તારી નાદાનિયત છે. મને એટલે જ તું હમેશાં ગમ્યો છે અને ગમે છે. માટે જ હું તને સુખી જોવા માગું છું. તારા સુખથી વધીને મારે માટે બીજું કોઈ સુખ નથી...' અને-મીરાએ સ્વસ્થ થઇને કહ્યું, 'જે માર્ગ તું જોઈ શકતો નથી અને હું જોઈ શકું છું, એ હું તને બતાવ્યા કરીશ.' મીરાએ મારો હાથ પકડયો અને બ્રેઈલ વાંચી વાંચીને સજીવ થઈ ગએલી આંગળીઓ મુલાયમતાથી ફેરવી.

'કેમ બોલતો નથી, જય? મને તો બધું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.' 'શું?'

'સુખ. તને દેખાય છે?'

'મીરા...!' મારી આંખોની સામે બધા આકારો ઓગળીને એકબીજામાં મળી ગયા અને પ્રકાશના ફેલાએલા ધબ્બાઓની જેમ ઝબકી ગયા. આંખો સાફ થઈ, બધું સ્પષ્ટ થઈ ગયું. ટ્રામો, બસો, મકાનો, ખારા પવનમાં હાલતાં પાંદડાં, દરિયા પારથી આવનારો વરસાદ, મીરાની આંગળીઓની મુલાયમતા, સ્વચ્છતાની વાસ, અમારા હાથો વચ્ચે કચડાઈ ગયેલી મારી નાની નાની અપેક્ષાઓ...

મીરાએ ગોગલ્સ કાઢયાં અને સફેદ આંખોથી મારું ભવિષ્ય જોયા કર્યું.



પચ્ચીસ વર્ષ પહેલાં

માગશર ૧૯૯૪ અંક ૧૬૮

કલાવિવેચક કનૈયાલાલ વકીલ

આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર જેમની અવસાનનોંધ(નીચે મુજબ)લીધેલી એ આપણા પ્રથમ કલાવિવેચકના સ્મારક માટે આજે, યોગાનુયોગ પા સદી પછી પ્રયત્ન થઈ રહ્યા છે. રસ હોય તેમણે શ્રી વૈકુંઠભાઈ લ. મહેતા, ખાદી-ગ્રામોદ્યોગ કમિશન, ઈરલા રોડ, વિલેપારલે વેસ્ટ, મુંબઈ-૫૬ એ સરનામે લખવું.


કે. એચ. વકીલની સહીથી દર બુધવાર ને રવિવારનાં 'બૉમ્બે ક્રૉનિકલ'માં કળાનાં પાનાં આપનાર શ્રી કનૈયાલાલ હરદેવરામ વકીલ ગઈ તા. ૨૬ નવેંબરના રોજ માત્ર ૪૮ વર્ષની ઉમરે ગુજરી જતાં, મુંબાઈ તેમજ ગુજરાતે એક ઉમદા મર્મજ્ઞ કળાવિવેચક ખોયો છે, એટલું જ નહિ પણ આજની તરુણ ચિત્રકારોની પેઢીએ તો એક કદરદાન મુરબ્બી ગુમાવ્યો છે; કેમકે એ પેઢીને જે સામાજિક પ્રતિષ્ઠા અને આદર મળ્યાં છે તેમાં સ્વર્ગસ્થની કલમ અને જહેમત પાયા રૂપ બન્યાં છે.

એ ભાઈ તરુણાવસ્થામાં બૅરિસ્ટરી મેળવવા ઇંગ્લંડ ગએલા, પણ કલાનો નાદ લાગતાં લંડન અને પારીસની આર્ટ સ્કૂલોનો સહવાસ માણીને કળાના એક અનોખા પરીક્ષક તથા વિવેચક બની ગયા. તે સાથે તેમનામાં સ્વદેશ-



ભક્તિ પણ પૂરી હતી. ‌હિંદી ચિત્રકારો અને કળાના આશ્રયદાતાઓને હિંદી કળાતત્ત્વ અપનાવવા તે ખૂબ જોરદાર ભાષામાં સૂચનો આપ્યા જ કરતા. પૂ. ગાંધીજીએ આશ્રમ તરફથી 'નવજીવન' પત્ર ચલાવવાનું ઠરાવ્યું ત્યારે તે ભાઇ વહેલી તકે તેના તંત્રીમંડળમાં સાથ આપવા આવી પહોંચ્યા હતા. તેમની ભાષા અને વિચારો બધાથી અલગ અને વૈયક્તિક હતાં; એથી જ ઘણી વાર એમને ઘણા જોડે મતભેદ ઊભો થતો. છતાં એમણે નવા દિલ્હીના રાજમહેલોનું ચિત્રકામ મુંબાઇના ચિત્રકારોને અપાવવામાં મુંબાઇ ચિત્રશાળાના ડિરેક્ટર કૅપ્ટન ગ્લૅડસ્ટન સૉલૉમનને ઘણો જ મહત્ત્વનો સાથ આપેલો અને છેવટ સુધી એ સંબંધ સાચવ્યો હતો. મુંબાઇના મ્યૂઝિયમમાં હિંદી ચિત્રકારોનાં ચિત્રો ખરીદાવીને ઘણાને તેમણે પ્રોત્સાહન અને ઉત્સાહ પ્રેર્યા હતાં. ચોપડીઓ ખડકેલા તેમના ખંડમાં તો ઊછરતા તરુણ ચિત્રકારોનાં સદા જૂથ જામતાં અને એ બધા ઉપર તેમની અજબ અસર જામી હતી. કુમારી માદ્રી દેસાઇને શિલ્પકામમાં પ્રેરણા આપનાર પણ તેઓ જ હતા. એમણે કળા ઉપર અંગ્રેજીમાં ઘણું લખ્યું છે અને બેત્રણ પુસ્તકો પણ પ્રકટ કર્યાં છે. એમની કલાવિવેચના તલસ્પર્શી ને અંગ્રેજી ભાષા જોરદાર તથા ભભકવાળી હતી, એટલે હિંદુસ્તાનના ઇતર પ્રાંતોમાં પણ તેઓ એક સુપ્રસિદ્ધ કળાવિવેચક તરીકે અમરરહેશે.

ઊગતી પ્રજામાં ફોટોગ્રાફીનો શોખ જગાડવા તથા વિકસાવવા માટે 'કુમાર' પ્રથમથી જ પ્રયત્ન કરતું રહ્યું છે. ફોટોગ્રાફીની હરીફાઇઓ ને કલાત્મક કૃતિઓનાં વિવેચનો ઉપરાંત ફોટોગ્રાફીનું સામાન્ય જ્ઞાન આપતા લેખો લેખમાળાઓ પણ અવારનવાર 'કુમારે' આપ્યા કર્યા છે. પચ્ચીસ વર્ષ પર કરેલા એવા એક પ્રયત્નનો પરિચય આપતો નાનો સચિત્ર લેખ તો આજે પણ ઘણા અનભિજ્ઞોને રસ જગાડે એવો હોઈ આ નીચે ઉતારીએ છીએ:



↑ ચિત્ર ૧

છબિ પાડવા કૅમેરા હાથમાં લઇએ ત્યાંથી, તે એની મદદથી એક ફોટોચિત્ર ઉપજાવીએ ત્યાં સુધીની તમામ ક્રિયાઓને ત્રણ વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે: (૧) વિષયને ગોઠવી, કૅમેરાના લેન્સ મારફત ફિલ્મને એક્સ્પોઝ કરી, ફિલ્મ પર પ્રકાશનાં કિરણોથી અંતર્ભૂત પ્રતિમા (Latent Image) ઊપજાવવી. (જુઓ ચિત્ર ૧) ફિલ્મને એક્સ્પોઝ કર્યા બાદ કુતૂહલ વૃત્તિથી કોઈ અંધારા ઓરડામાં કૅમેરાને ખોલી ફિલ્મને લાલ દીવાના અજવાળામાં જુઓ તો પણ કાંઈ દેખાવાનું નહિ. (જુઓ ચિત્ર ૨) કારણ કે ફિલ્મ પરના રસાયણમાં એક્સ્પોઝરથી થએલા ફેરફાર અદૃશ્ય સ્થિતિમા જ રહે છે. ફિલ્મને ત્યાર પછીની જરૂરી ક્રિયાઓમાંથી પસાર કરીએ ત્યારે જ આકૃતિનું અવળું સ્વરૂપ આપણને મળે.



← ચિત્ર ૨


(૨) એક્સ્પોઝ કરેલી ફિલ્મને જુદાંજુદાં રસાયણોના મિશ્રણમાં નિયત વખત સુધી રાખીને ડેવલપમેન્ટ અને ફિક્સિંગની ક્રિયાઓ કરીએ ત્યારે જ અદૃશ્ય આકૃતિ મૂર્ત રૂપ ધારણ કરે છે અને ચિત્રવિષયને આપણે ફિલ્મ પર ઊલટા સ્વરૂપમાં જોઈ શકીએ છીએ. પ્રકાશથી બદલાએલો ભાગ કાળો બને છે અને પ્રકાશથી બચેલો ભાગ પ્રમાણમાં ધોળો–પારદર્શક રહે છે. આથી જ ફિલ્મ પર મેળવેલી આકૃતિ 'નેગેટિવ' નામથી ઓળખાય છે, જેમાં ચિત્રનાં ધોળાં અંગ કાળાં અને કાળાં અંગ ધોળાં–પારદર્શક હોય છે. (જુઓ ચિત્ર ૩)

ચિત્ર ૩




(૩) પરંતુ આપણે સૌ તો ફોટોગ્રાફને કાગળ પર ઉતારેલો જોવાને ટેવાએલા છીએ. ક્રિયાનું આ ત્રીજું રૂપાંતર છે. કાગળ પર આપણે વિષયને તેના (રંગ વગરના) અસલ સ્વરૂપમાં —monotoneમાં—જોઇએ છીએ. નેગેટિવમાંથી વિષય તેના મૂળ સ્વરૂપમાં બીજા કાચ, ફિલ્મ કે કાગળ પર ઊતરે છે ત્યારે ચિત્રનાં ટોન–વર્ણભેદ–અસલ જેવા જ કુદરતી રૂપમાં દેખાય છે અને આકૃતિ પાકી બને છે. તેને 'પૉઝિટિવ' પણ કહે છે. નેગેટિવમાંથી પૉઝિટિવ ઉતારવા માટે પણ અમુક ચોક્કસ ક્રિયાઓ કરવાની હોય છે.

ચિત્ર ૪



લેટન્ટ ઇમેઈજમાંથી નેગેટિવ મેળવવા શું શું કરવું પડે છે અને તે તમામ ક્રિયાઓ માટે શાં શાં સાધનો અને જરૂરિયાતો હોય છે તે વિષે હવે થોડુંક જાણીએ. સાધનોમાં અંધારો ઓરડો ને કેટલાંક રસાયણોની જરૂર છે. બીજા વિભાગની તમામ ક્રિયાઓ અંધારા ઓરડામાં કરવાની હોય છે, તે કારણે ફોટોગ્રાફીના નિષ્ણાતો પોતપોતાની જરૂરિયાતો અને સંજોગોની અનુકૂળતા પ્રમાણે ખાસ વિચારપૂર્વક અલાયદો ઓરડો તૈયાર કરે છે; તે ડાર્ક રૂમના નામે ઓળખાય છે. પરંતુ દરેક શિખાઉએ ડાર્ક રૂમ મેળવવી જ જોઈએ એવું નથી. હવે તો ડેવલપમેન્ટ માટે ડેવલપિંગ ટૅન્ક પણ બજારમાં મળે છે, તેથી અંધારા ઓરડાની આવશ્યકતા અમુક અંશે નષ્ટ થઇ છે. બહારનો પ્રકાશ સીધો અંદર ન આવી શકે તેવી રચનાવાળા કોઈ પણ ઓરડાનો રાત્રે ડાર્ક રૂમ તરીકે ઉપયોગ થઈ શકે. પછી તે બાથરૂમ, અભ્યાસગૃહ કે રસોડું ગમે તે હોય.



આ લાલ રંગ નભમાં કંઇ નવ્ય ભાવે
રેલ્યો, અને રુધિર-જંગ કસુંબ જાગ્યો;
ભેરૂ ચઢો! અભય યજ્ઞબલિ બનીને
માભોમની પુનિત લાજની પાજ કાજે. —'સુધાંશુ'

અણુવિજ્ઞાનના પિતા ડૉ. નીલ્સ બોહ્ર

અર્વાચીન અણુશાસ્ત્રના પિતા ને શ્રદ્ધેય સંશોધક ડૉ. નીલ્સ હેન્રિક ડેવિડ બોહ્રનું ગયા મહિનાની ૧૮મીએ અવસાન થયું. ઉમદા ને વિજ્ઞાનવ્યાસંગી ખાનદાનમાં જન્મ લેવાના કારણે જ નહિ પરંતુ પોતાની વિલક્ષણ કલ્પનાશક્તિ, સતત ને અતૃપ્ત કાર્યરતતા તથા બહુમુખી સિદ્ધિસંપન્નતાએ ફેલાવેલી તેમની સુવાસે તેમના અવસાનથી અર્વાચીન વિજ્ઞાનનો એક અમર સિતારો છેવટનું ઝબકી ગયાની વિશ્વે ગ્લાનિ અનુભવી.


ઈ. ૧૮૮૫ના ઑક્ટોબરની ૭મીએ ડેન્માર્કના કોપનહેગન ખાતે તેમનો જન્મ થએલો. યુનિવર્સિટીમાં શરીરશાસ્ત્રના પ્રાધ્યાપક પિતા પાસેથી વિજ્ઞાનનો વારસો લઈ ઈ. ૧૯૧૧માં ડૉક્ટરેટ લીધા સુધીનું શિક્ષણ એમણે કોપનહેગનમાં જ લીધેલું ને વિજ્ઞાનના એ પ્રાજ્ઞ જીવે, પ્રથમ ઈ. ૧૯૧૩માં કેમ્બ્રિજ ખાતે કેથોડ કિરણોની વિદ્યુતચાલકતાના શોધક સર જોસેફ જે. ટૉમ્સન સાથે, ને તે બાદ ઈ. ૧૯૧૪માં માંચેસ્ટરમાં અણુના કેન્દ્રમાં ફેરફાર કરવાનો પ્રયોગ કરી રહેલા લૉર્ડ રધરફોર્ડ સાથે રહીને પોતાની આગવી કારકિર્દી આરંભી રધરફોર્ડના અણુના કેન્દ્રના સિદ્ધાંત તથા મૅક્સ પ્લૅંકના અણુની ગતિશીલતાના સિદ્ધાંત પર અવનવા પ્રયોગો યોજી એમણે તારવેલા અર્વાચીન અણુશાસ્ત્રના સિદ્ધાંતે એમને વિશ્વના અગ્રિમ વિજ્ઞાની બનાવી દીધા ઈ ૧૯૧૬માં કોપનહેગન યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રાધ્યાપક થયા બાદ ચાર વર્ષે તે યુનિવર્સિટીની ઇન્સ્ટીટ્યુટ ઑવ થીઅરેટિકલ ફિઝિક્સના વડા નિમાયા. ઈ. ૧૯૧૨માં તેમણે માર્ગ્રેથ નાર્લુન્ડ સાથે લગ્ન કર્યું.

ઈ ૧૯૨૨માં ભૌતિકશાસ્ત્રનું તેમને મળેલું નૉબેલ પારિતોષિક આ તજ્જ્ઞ વિજ્ઞાનીની પ્રતિભાનું સાચું મૂલ્યાંકન ને તેમના અભિજાત પુરુષાર્થની નિજી કમાઇ હતી ઈ. ૧૯૩૮-૩૯માં અર્વાચીન વિજ્ઞાનના પિતા ગણાતા આલ્બર્ટ આઇન્સ્ટાઇન સાથે અમેરિકામાં ન્યૂ જર્સીના પ્રિન્સ્ટન ખાતે પ્રયોગો યોજી 'કૉરસ્પોન્ડન્સ પ્રિન્સિપલ', 'પ્રિન્સિપલ ઑવ કૉમ્પ્લીમેન્ટરી' તથા 'ડ્રોપ્લેટ થીઅરી'ના તેમના તારવેલા સિદ્ધાંતો આજે અણુશાસ્ત્રનાં બહુમૂલાં પદો બની રહ્યાં છે. ૩૯માં જર્મન વિજ્ઞાનીઓ ઑટો હાન તથા ફ્રિટ્ઝસ્ટ્રાસમાને યુરેનિયમના અણુના કરેલા વિભાજનનું મૂળ કારણ યુ-૨૩૫ નામના આઇસોટોપ હોવાનું જાહેર કરી અણુશક્તિનાં દ્વાર ખોલ્યાં. જગતને સૌ પ્રથમ અણુવિભાજનના સમાચાર તેમણે જ આપેલા.



ઈ. ૧૯૪૦માં કોપનહેગન પર છાપો કર્યા બાદ તેમણે આદરેલા પ્રયોગોમાં નાઝીઓએ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન રુકાવટ ઊભી કરતાં ૧૯૪૩માં ઑસ્ટ્રિયન મહિલા વિજ્ઞાની ડૉ. લીઝે માઇ-

જગતનાં પ્રાણીઓ-૫૩



ઊડતી ખિસકોલી

ઘણીખરી રીતે સામાન્ય ખિસકોલી જેવી જ આ ખિસકોલી એક ઝાડ પરથી બીજા ઝાડ પર જવા ૮૦ થી ૯૦ વાર જેટલે લાંબે સુધી હવામાં કૂદી શકે છે! એનાં બંને પડખાંમાં આગલા અને પાછલા પગને જોડતી ચામડી હોય છે. એ ફેલાવીને એ કૂદે ત્યારે પાંખ જેવી એ ચામડીને લીધે એ ગ્લાઇડરની પેઠે લાંબે સુધી હવામાં સરકતી જાય છે. ત્યારે એની ચપટી ને રૂંછાદાર લાંબી પૂછડી સુકાનનું કામ કરે છે. ઉપરથી નીચેની તરફ જવા માટે જ એ આમ કૂદી શકે છે.

હિંદમાં હિમાલય, ગંગા અને આસામ તથા ત્રાવણકોર ને નીલગિરિનાં જંગલોમાં એ વસે છે. મુખ્યત્વે એની બે જાત: મોટી દોઢેક ફૂટના શરીર ને બેએક ફૂટની પૂછડીવાળી, અને નાની એકાદ ફૂટના શરીર વાળી. તદ્દન રતૂમડા વાન વાળી તથા શરીરે પીળા પટ્ટાવાળી બદામી વાનની એની બીજી જાતો પણ થાય છે. આપણે ત્યાં ડાંગનાં જંગલમાં એ થતી હોવાનો લિટલડેલનો ઉલ્લેખ મળે છે. નિશાચર હોઇ દિવસે તો એ ટૂંટિયું વાળી ઉપર પૂછડી ઢાંકી દઇ દડા પેઠે પડીને ઊંઘે છે. સાંજે એ બહાર નીકળે. રાત આખી ફરે ને ફળ, ઝાડની છાલ ને સાથે એના પરનો ગુંદર તથા નાનાં જીવડાં ને ઇયળો વગેરે ખાય. ક્યારેક રમતે ચડે ત્યારે મોટી સંખ્યામા ચારે તરફ કૂદાકૂદ કરી મૂકે. સતત અને એકસરખો આવતો એનો અવાજ ક્યાંથી આવે છે તે જણાય નહિ.

પ્રજનનકાળની એની ખાસિયતોની બહુ માહિતી નથી મળતી. મોટેભાગે ઝાડની બખોલમાં નર માદા કૂમળી પથારીવાળો માળો કરી રહે છે. બચ્ચાના જન્મ પછી નર છૂટો પડી જાય છે. બચ્ચાંને ઊડવા જેટલી શક્તિ મેળવતાં વખત લાગે છે. પકડીને પાળ્યાં હોય તો આ બચ્ચાં સરળતાથી હળી જાય છે, પણ પાલતુ સ્થિતિમાં એ બહુ લાંબો સમય જીવતાં નથી.

તનેર સાથે નાસી જઇને તે પહેલાં સ્વીડનના સ્ટૉકહોમ ખાતે, ને ત્યાંથી ઇંગ્લૅંડ ગયા. અને છેવટે ફરી અમેરિકા પહોંચી, લૉસ આલમોસ ખાતે વિખ્યાત 'મૅનહટ્ટન યોજના'ના અંચળા હેઠળ વિશ્વનો સૌ પ્રથમ અણુબૉંબ બનાવવામાં એ પ્રયોગશાળાના ડિરેક્ટર રાબર્ટ ઓપેનહાઇમરના વડા સહાયક તરીકે તેમણે મદદ કરી.

ઈ. ૧૯૪૫માં કોપનહેગન પાછા ફરેલા આ સાદા, નમ્ર, સરળ ને મૃદુભાષી વિજ્ઞાની, અણુશક્તિએ સર્જેલા વિનાશથી વિક્ષુબ્ધ બની ગયા અને યુદ્ધોત્તર સમય બાદ અણુનો શાંતિમય ઉપયોગ શોધવામાં મચી પડયા. ઈ. ૧૯૫૭માં તેમને મળેલો 'ઍટમ ફૉર પીસ'નો ઍવૉર્ડ એ અનેક અણુવિજ્ઞાનીઓના નક્ષત્રનું તેજસ હતું. એમના એક શિષ્ય ડૉ. પૌલી વોલ્ફગૅંગને તો ઈ. ૧૯૪૫માં તેમના સિદ્ધાંતને મઠારવાના કાર્ય માટે ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક પણ મળ્યું છે.

ઈ. ૧૯૬૦માં તેમણે ભારતની મુલાકાત પણ લીધેલી ને ભારતના શાંતિ માટેના અણુશક્તિના પ્રયાસોમાં મદદ પણ કરેલી.

પ્રો. ફિરોઝ દાવરની સપ્તતિપૂર્તિ

લગભગ અર્ધી સદી સુધી હજારો શિષ્યોને જ્ઞાનરસનું પાન પ્રેમથી કરાવનાર અમદાવાદના પ્રોફેસર ફિરોઝ કાવસજી દાવર આજે ૭૧મા વર્ષે પણ પરીક્ષાના છેલ્લા પાંચ દિવસમાં જે ધૂનથી વિદ્યાર્થી વાંચે તેથી પણ વધુ તમન્ના અને એકાગ્રતાથી હજી જ્ઞાનોપાસના કર્યા કરે છે.

એક જમાનામાં ઑક્સફર્ડ–કેમ્બ્રિજથી આવેલા અનેક અનુભવી અંગ્રેજ પ્રાધ્યાપકોની વચ્ચે પણ આ નવયુવાન પ્રોફેસરે પોતાની વિદ્વત્તાભરી વાગ્ધારા અને રસપૂર્ણ શૈલીથી વિદ્યાર્થીસમૂહમાં અજબ આકર્ષણ જમાવ્યું હતું. ઘણા પીરિયડોમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ તેમના વર્ગમાં તો ચુપચાપ ગોઠવાઈ જતા. મહાકવિ નાનાલાલ અનેકને કહેતા: 'ભાષણ સાંભળવું હોય તો જાવ પ્રો. દાવર પાસે; વિદ્વત્તાની ઝડીઓ વરસાવે છે.' અંગ્રેજી સાહિત્યના આ પ્રખર વિદ્વાનમાં જે નમ્રતા, સાદાઈ, નિરાભિમાન ને નિરાડંબર છે તે આપણને નરસૈંયાના સાચા વૈષ્ણવજનની ઝાંખી કરાવે છે.

અહમદનગરમાં એમના પિતા સ્વ. કાવસજી દાવર જ્યારે સરકારી બાંધકામખાતાના હિસાબનીશની નોકરીમાં હતા ત્યારે તા. ૧૬મી નવેમ્બર ૧૮૯૨માં તેમનો જન્મ થએલો. થોડાં વર્ષો બાદ કુટુંબ અમદાવાદ આવી વસ્યું ને ગુજરાત કૉલેજમાંથી ઈ. ૧૯૧૨માં અંગ્રેજી-ફારસી સાથે બી.એ. થઈ દક્ષિણા ફેલો નિમાયા; અને પછીના જ વર્ષે તે જ વિષયો સાથે એમ.એ. થઈ જઇને ૧૯૧૬માં એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી 'નેટિવ ઈન્સ્ટીટયૂશન'માં હેડમાસ્તરતરીકે જોડાયા.

ઈ. ૧૯૧૮માં પ્રખ્યાત પ્રો. બ્રિઈનની મ્હેર પામી પૂના કૉલેજમાં અધ્યાપક તરીકે રહી બે વર્ષે તે ગુજરાત કૉલેજમાં આવ્યા, જ્યાં લાગટ ૨૭ વર્ષ સુધી ગાળેલી તેમની કારકિર્દી અતિ જ્વલંત અને ચિરસ્મરણીય છે. તેમની અખંડ જ્ઞાનોપાસના કોઇ જોગીના તપને પણ ભુલાવે તેવી છે, ને વિદ્યાર્થીઓ પ્રત્યેની વત્સલ ભાવના સાંદીપનિ મુનિનું સ્મૃતિચિત્ર ખડું કરાવે છે. ગુજરાત કૉલેજ પ્રત્યેનો તેમનો પ્રેમ માતાથી જરા ય ઓછો ન હતો. કૉલેજની દીવાલોમાં આજે પણ તેમની વાણીના પડઘા જાણે ગાજતા સંભળાય છે.

ગુજરાત કૉલેજની સરકારી નોકરીમાંથી ૧૯૪૭માં નિવૃત્ત થઇ તેમણે શેઠ લાલભાઇ દલપતભાઇ આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે બીજાં તેર વર્ષ સુધી સેવાઓ આપી. આજે પણ ત્યાં માનાર્હ અધ્યાપક તરીકે સેવા આપતા તેઓ એ કૉલેજને પોતાની માશી ગણે છે.

આ ઉમરે પણ ટકી રહેલા એમના સ્વાસ્થ્યની ચાવી એ છે કે ગમે



તેવું કામ હોય તો પણ રોજ નિયમ પ્રમાણે ફરવાનું ચૂકવાના નહિ. અંધારાનો લાભ મળે તો દોડવાનું પણ જવા ન દે!

તેમણે લખેલા ગ્રંથોમાં 'આર્ટ ઍન્ડ મોરાલિટી એન્ડ અધર એસેઝ', 'ઇરાન ઍન્ડ ઇટસ કલ્ચર' તથા 'ઇરાન ઍન્ડ ઇન્ડીઆ થ્રુ એઇજિસ' મુખ્ય છે. વચલા પુસ્તકથી પ્રભાવિત બની ઇરાનની સરકારે તેમને પોતાને ત્યાં વ્યાખ્યાનો આપવા બોલાવ્યા ત્યારે ઈ. ૧૯૫૬માં સાત અઠવાડિયાં ઇરાનમાં ગાળી ત્યાંના શ્રોતાજનોને તેમણે મંત્રમુગ્ધ કરી દીધેલ. તેમનું 'મોત પર મનન' મૃત્યુના ડરને ઠીકઠીક હળવો કરી શકે તેવું પ્રાણવાન પુસ્તક ગણાય છે. આ ઉપરાંત 'જરથોસ્તી અને બહાઈધર્મ', 'ઇરાનનો ચેરાગ' વગેરે ગ્રંથો તથા તેમનાં અનેક વ્યાખ્યાનો અને લેખો તેમના ઊંડા અભ્યાસનું દર્શન કરાવે છે.

ત્રીસ વર્ષ પર શ્રી સુનાબહેન સાથે તેમનાં લગ્ન થયાં. પતિની આ પ્રગતિમાં એ બહેનનો ફાળો પણ નાનોસૂનો નથી. આ દંપતીનાં દર્શન સદા પ્રેરણાદાયી બને છે. એક જ પુત્રી ધરાવનાર કુટુંબોના પંડિત જવાહરલાલના નેતૃત્વવાળા નહિ નોંધાએલા મંડળના પ્રો. દાવર મારી જેમ સભ્ય છે. તેમની ત્રેવીસ વર્ષની પુત્રી કુ. આરમઇતી આજે પિતાને પગલે અમદાવાદની બાલાભાઇ દામોદરદાસ મહિલા કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક છે.

—પ્રભુદાસ બા. પટવારી

મૅકમૅહન-રેખા

ચીને ભારત સાથે કરેલા પંચશીલના કરારોનો ભંગ કરીને અને આંખમાં ધૂળ નાખીને આપણી વાયવ્ય, ઉત્તર અને ઇશાન સરહદો ઉપર ધીરેધીરે પગપેસારો કરી વારંવાર થોડોથોડો પ્રદેશ દબાવ્યા કર્યો, અને ત્યાં લશ્કરી માર્ગ તથા થાણાં જમાવ્યા કર્યાં એ વાત સૌ જાણે છે. તેમાં વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) સરહદે કાશ્મીરને પડખે તો લદાખનો જંગી વિસ્તાર અને ઈશાન (ઉત્તર-પૂર્વ) સરહદે 'નીફા' (નૉર્થ ઇસ્ટ ફ્રન્ટીઅર એજન્સી એ અંગ્રેજી નામના પ્રથમાક્ષરોથી બનેલો શબ્દ)નો થોડો પ્રદેશ એ મુખ્ય છે.

એ ઇશાન ખૂણાના નીફા પ્રદેશ અને તિબેટ વચ્ચે, બંને દેશોની સરહદ નક્કી કરતી એક સીમા-રેખા છેક પુરાણકાળથી નક્કી રહેલી છે. ભારત-ચીનનાં પુસ્તકોમાં તેનો ઉલ્લેખ છે, અને છેલ્લે આજથી લગભગ અરધી સદી પર ઈ. ૧૯૧૪માં ત્રણ દેશોના પ્રતિનિધિઓએ સાથે મળીને ઠરાવ પર સહીસિક્કા કરીને તેને માન્ય રાખી છે. ભારત તરફથી તે વખતની બ્રિટિશ સરકારના પ્રતિનિધિ જનરલ સર હેનરી મૅકમૅહને વાટાઘાટોમાં આગેવાનીભર્યો ભાગ લઈને સર્વને સંમત એવી સીમા-રેખા નક્કી કરી આપી હોવાથી, એ રેખા તેના નામ પરથી મૅકમૅહન-રેખાના નામથી ઓળખાય છે.



એ રેખા પશ્ચિમે છેક ભૂતાન-ભારત-તિબેટના ત્રિભેટાથી શરૂ થઈને, પૂર્વે છેક બ્રહ્મદેશ-ભારત-તિબેટના ત્રિભેટા સુધી ૬૫૦ માઇલની કમાનના આકારે હિમાલયના શિખરોની માળા પર રચાએલી છે (જુઓ નકશો); અને તે પ્રાચીન પરંપરા ઉપરાંત ભૌગોલિક સ્થિતિ અને જનજાતિની દૃષ્ટિના સ્પષ્ટ આધારે પણ નક્કી થએલી છે. ભૌગોલિક દૃષ્ટિએ જોતાં રેખાની દક્ષિણનો—ભારત તરફનો ભાગ ગિરિકંદરા જેવો છે, જ્યારે ઉત્તરનો તિબેટનો ભાગ સપાટ ઉચ્ચ-પ્રદેશ છે. વળી એ રેખા પરથી જ ત્રણ મોટી નદીઓનો પ્રવાહ કુદરતી રીતે ભારત તરફ ઢળે છે. જનજાતિની દૃષ્ટિએ જોતાં ભારત તરફના દક્ષિણ ભાગમાં અકા, ડફળા, મીરી, અબોર અને મિશમી નામની આદિમ જાતિઓ વસે છે, જે લોકો ઉત્તરના તિબેટીઓ કરતાં તદ્દન નિરાળા છે.

અને ભારતની પ્રણાલિકાગત સીમા હિમાલયની શિરોરેખા પર હોવાના પુરાવા તો છેક પુરાણકાળથી મળી આવે છે. વિષ્ણુપુરાણમાં કામરૂપ રાજ્યના વર્ણનમાં તે રાજ્યની ઉત્તર સીમા તરીકે હિમાલયનાં શિખરોનો ઉલ્લેખ છે; આઠમી સદીના 'યોગિની પુરાણ'માં પણ તેનો વિસ્તાર કંજ પર્વત (હિમાલય) સુધી ફેલાએલો હોવાનું જણાવ્યું છે. તેરમા સૈકામાં હિમાલયની દક્ષિણના એ જનજાતિના પ્રદેશ પર આહોમ જાતિનું આધિપત્ય વધ્યું. સત્તરમા સૈકામાં લખાએલા 'પોલિટિકલ જીઓગ્રાફી ઑવ ધી આસામ વૅલી' નામના પુસ્તકમાં ત્યાંની અકા, ડફળા, ભોટિયા આદિ જાતિઓને આહોમની ખંડિયા જાતિ તરીકે દર્શાવવામાં આવી છે. અઢારમા સૈકામાં ૧૭૧૬ થી ૧૭૨૯ સુધી તિબેટનો પ્રવાસ કરી ગએલાં ઈટાલિયન પ્રવાસી દેશીદેરી તથા હૉરેસ દેલા પેન્નાએ લખ્યું છે કે ભારતની એ આદિમ જાતિના લોકોને તિબેટના લોકો સાથે કશો જ સંબંધ નથી. અરે ખુદ ચીનના પોતાના પ્રસિદ્ધ ઇતિહાસકાર વેત્સાંગ તુ ચિહે લખ્યું છે કે તિબેટની દક્ષિણે 'લો-યુ એટલે આદિમ જાતિનો પ્રદેશ આવેલો છે. બીજું ચીની પુસ્તક હસી ત્સાંગ તુ કાઓ (૧૮૮૬) કહે છે કે લો-યુ બ્રિટિશ લોકોનું છે.

એ તો ઉઘાડું છે કે મૂળ તો આ સરહદ તિબેટ અને ભારત વચ્ચેની છે. ચીન તો એમાં પાછળથી પેસી ગયું એમ બન્યું કે અઢારમી સદીની શરૂઆતમાં મૉંગોલ સરદાર લત્સંગખાને શાંત અને ધર્મનિષ્ઠ લામાઓના પ્રદેશમાં દખલગીરી કરવા માંડી. આથી એમણે સિકયાંગના જુંગારોની મદદ લીધી. પણ પરિણામે તો ખુદ એ જુંગારોએ જ લામાઓના મઠો લૂંટવા માંડયા. ત્યારે ચીનના બૌદ્ધધર્મી મંચુ રાજાઓ બૌદ્ધધર્મી લામાઓની મદદે આવ્યા અને લશ્કરના બળે જુંગારોને હાંકી કાઢી એક છોકરાને સાતમા દલાઇ લામા તરીકે સ્થાપી આપ્યો, અને તેના રક્ષણ માટે પોતાના પોલિટિકલ એજન્ટની નિમણૂક કરી—ભારતમાં જેમ અંગ્રેજ સત્તા પેઠેલી તેમ. આ રીતે તિબેટમાં ચીનનો પગપેસારો થયો. આથી ૧૭૫૦માં તિબેટીઓએ બળવો કર્યો પણ હાર્યા, ને ચીનનો દોર વધ્યો.

વચ્ચે નેપાળના ગોરખાઓએ પણ ઈ. ૧૭૮૮માં તિબેટની થોડી સરહદ દબાવી; પરંતુ તેમાં તો એ હાર્યા ને ૧૭૯૨માં સુલેહ કરવી પડી. ફરી પાછું ૧૮૮૫માં નેપાળે તિબેટ કબજે કરેલું. આ દરમ્યાન ભારતમાં પગદંડો જમાવી ચૂકેલા અંગ્રેજોની નજર તિબેટ પર ચોંટી અને ઈ. ૧૭૭૪માં વૉરન હેસ્ટિંગ્સે એક પ્રતિનિધિમંડળ ત્યાં મોકલીને ચોખા મૂકવાની શરૂઆત કરી. એક દાયકા પછી ૧૭૮૩માં સૅમ્યુઅલ ટર્નરે તિબેટ સાથે વેપારી કરાર કર્યા; ને તે પછી, ભારતમાં બન્યું હતું તેમ, ધીમેધીમે પગપેસારો કરતાં કરતાં વીસમી સદીના પ્રારંભકાળે–ઈ. ૧૯૦૪માં કર્નલ સર ફ્રાન્સિસ યંગહસ્બન્ડે તિબેટનું પાટનગર લ્હાસા કબજે કર્યું. આ વખતે ચીનાઓ દાવો કરતા આવ્યા એટલે તેમની સાથે વાટાઘાટો કરી ઈ. ૧૯૦૬ની ૨૭મી એપ્રિલે ચીન-ભારત વચ્ચે તિબેટ વિષે કરારો થયા. ૧૯૦૭માં રશિયા સાથે પણ આવા કરાર થયા. તેઓ સૌએ તિબેટ પર ચીનનું આધિપત્ય હોવાનું તો સ્વીકાર્યું પણ વેપારી હક્કો જાળવી રાખતા કરારો કર્યા અને બંને દેશોની સરહદ નક્કી કરવાની પણ કબૂલાત કરી.

દરમ્યાન ચીનમાં ક્રાંતિની શરૂઆત થઇ, ને ઈ. ૧૯૧૧માં મંચુ રાજવંશનો અસ્ત થયો, એટલે ફરી પાછું તિબેટ માથું ઊંચકીને ૧૯૧૨માં સ્વતંત્ર થયું. આ વખતે ફરી પછી સીમારેખા નક્કી કરવા માટે વાટાઘાટો શરૂ થઈ અને ઈ. ૧૯૧૪ના માર્ચની ૨૪-૨૫ તારીખોએ સીમલામાં ત્રણે દેશોની પરિષદ ભરાઈ, જેમાં ભારત તરફથી મૅકમૅહન હતા.

એ જનરલ આર્થર હેન્રી મૅકમૅહનનો પણ પરિચય સાથોસાથ કરી લઇએ. મૂળ સ્કૉટલૅન્ડના વતની એના પિતા જનરલ ચાર્લ્સ મૅકમૅહન પંજાબની બ્રિટિશ હકૂમતમાં એક કમિશનર હતા, અને ભૂગર્ભવિદ્યાના એ ખાસ અભ્યાસી હોવાથી ભારતના સીમાપ્રદેશોની એમની જાણકારી સારી હતી. તેમને ત્યાં, આજથી બરાબર ૧૦૦ વર્ષ પહેલાં, ઈ. ૧૮૬૨ના નવેમ્બરની ૨૮મીએ સીમલામાં એમનો જન્મ થએલો. ઈંગ્લંડના હેઈલબરીની પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરી ૧૮૮૨માં ત્યાંની વિખ્યાત લશ્કરી શાળા સૅન્ડહર્સ્ટમાં એ દાખલ થયા; અને એ શિક્ષણ પૂરું કરી હિંદમાંની બ્રિટિશ સરકારની નોકરીમાં ચડતા ચડતા ૧૯૧૦માં સચિવના અધિકારે પહોંચ્યા, જે દરજ્જે એમણે હિંદના પ્રતિનિધિ તરીકે આગળપડતો ભાગ ભજવી રેખાઓ નક્કી કરેલી. ઈ. ૧૯૪૯માં ૮૭ વર્ષની વયે ઇંગ્લંડમાં એમનું અવસાન થએલું.

ઉપર્યુક્ત સીમલા-પરિષદમાં આઠ માઇલે એક ઇંચના પ્રમાણવાળા બે મોટા નકશાઓ ઉપર લાલ 'મૅકમૅહન રેખા' નક્કી કરવામાં આવી. ૧૯૧૪ની ૨૭મી એપ્રિલે ભારત-ચીન-તિબેટ ત્રણેના પ્રતિનિધિઓએ એ રેખા અનુસારના કરારો કરી તે પર સહીઓ કરી, તેની સાથે જ એ નકશાની રેખા ઉપર પણ પોતપોતાની ટૂંકી સહીઓ કરી; અને એ જ વર્ષના જુલાઇની ત્રીજીએ પાકા સહીસિક્કા સાથે અમલમાં આવી.

એ કરારની કેટલીક મહત્ત્વની કલમો પ્રમાણે તિબેટના બે ભાગ પાડી નાખવામાં આવ્યા; જેમાનો 'ઈનર ડિવિઝન' (આંતર વિભાગ) ચીનને સોંપાયો ને 'આઉટર ડિવિઝન' (બાહ્યવિભાગ) દલાઇ લામાની

આ અંકના પાછલા પૂઠામાં આપના લાભની એક વાત આપી છે તે જરા વાંચી જોજો

સ્વાયત્ત સત્તા નીચે સોંપી તેની આંતરિક બાબતોમાં દરમ્યાનગીરી નહિ કરવાનું, લશ્કર નહિ મોકલવાનું અને ત્યાં કદી સત્તા નહિ જમાવવાનું ચીને કબૂલ કર્યું. છતાં ચીનમાં સામ્યવાદી સત્તા સ્થપાયા પછી તેણે ધીમેધીમે સરહદોનો ઝગડો શરૂ કર્યો, પછી દાદાગીરી શરૂ કરી. પરિણામે દલાઈ લામાને લ્હાસા છોડી ભારતમાં નાસી આવવું પડ્યું અને પાછળથી તિબેટીઓએ કરેલા બળવાને કચડી નાખી ચીનાઓએ તિબેટને પાદાક્રાંત કરી કબજે કર્યું હવે તિબેટના માલિક તરીકે તેમણે ભારત-તિબેટની સરહદનો ઝગડો શરૂ કર્યો છે.

એમાં પણ એણે, ઉપર જોયું તેમ, ત્રણે સરહદો પર વાંધાની શરૂઆત કરી ધીમેધીમે થોડો થોડો પ્રવેશ કરવા માંડ્યો, અને દરેક વખતે આગલા બોલને ફોક કરતા જઇને વધુ ને વધુ વિસ્તારો પર કબજો જમાવવા માંડ્યો. હવે કામેન્ગ, સુબાન્સીરી, સીઆંગ એ વિભાગો, લોહિત પ્રદેશનો મોટો ભાગ તથા ખુદ આસામની પણ નાની પટ્ટીની માગણી કરી છે! સામ્યવાદ તરફ વધારે ઢળતા બ્રહ્મદેશને શેહમાં રાખીને તેની સાથેની સરહદનો મૅકમૅહન રેખાનો ભાગ તેણે કબૂલ રાખ્યો છે પણ ભારત સાથેની એ રેખાને નહિવત્ ગણી છે!

ભારત-પ્રવેશનો માર્ગ

આજથી સાડા ત્રણ વર્ષ પહેલાં ચીનાઓના ત્રાસથી નાસીને ભારતમાં આશ્રય શોધતા દલાઈ લામા તિબેટથી ભારતમાં પ્રવેશ્યા તે જ રસ્તે ચીનાઓએ—જાણે તેમને પગલેપગલે ભારતમાં પેશકદમી કરી.

ઈ. ૧૯૫૯ના માર્ચની ૧૯મી એ, નીફાપ્રદેશના નાકા પર આવેલા ચુથાંગ્મુ ઘાટ (પર્વતમાળાઓમાંથી પેશવાનો સાંકડો રસ્તો) પરના ભારતીય થાણાના અધિકારી પાસે દલાઇ લામાએ બે પ્રતિનિધિઓને મોકલીને ભારતમાં આશ્રય મેળવવા પ્રવેશવાની રીતસરની અનુમતિ માગી, અને માર્ચની ૩૧મી એ ખિન્ઝમાને પાસેના તાવાંગ સબ-ડિવિઝનના આસિસ્ટન્ટ પોલિટિકલ અફસરે દલાઈ લામા ને તેમના સંઘનું સ્વાગત કર્યું. ત્યાંથી તેમણે ભારતની સરહદમાં પ્રવેશ કર્યો. ત્યાંથી થૅાંગલેંગ થઈ આગળ વધી, તેઓ વસંતનાં પુષ્પોથી પૂર બહારમાં ભભકતો સે લા (ઘાટ) પાર કરી પાંચમી એપ્રિલે દસ હજાર ફૂટ ઊંચે ગિરિશિખર પર આવેલા તાવાંગના મઠ પર પહોંચ્યા. એ નોંધપાત્ર છે કે ચીનાઓ પણ થીજાવી નાખતા શિયાળાની ટાઢ ને ભારતીય જવાનોનો કપરો સામનો કરીને એ જ રસ્તે એટલા જ દિવસમાં (ઑક્ટોબરની ૨૦મી એ આક્રમણ કરી પાંચમે દિવસે) ભારતમાં પેઠા છે.

તાવાંગમાં થોડા દિવસ ગાળીને, દલાઈ લામાનો સંઘ ૮મી એપ્રિલે ત્યાંથી નીકળી જંગ અને સેંગીત્ઝોંગમાં વિસામો લેતો ૧૫મી એપ્રિલે કામેંગના ફ્રન્ટીઅર ડિવિઝનના વડા મથક બૉમડીલા પહોંચ્યો. તાવાંગથી ૯૦ માઈલ દૂર, ઊંડી ખીણો ને આકરા ગિરિમાર્ગો દ્વારા પહોંચાતું, ને સમુદ્ર સપાટીથી ૯૦૦૦ ફૂટ ઊંચે આવેલું એ ભારતનું ઊંચામાં ઊંચું વહીવટી મથક છે. ત્યાં બે દિવસ આરામ લઇને તેઓ ૭૦ માઈલના જીપ રસ્તે ગિરિતળેટીના મથક ફૂટહિલ્સ આવ્યા જે આસામ-નીફા સરહદ પરનું આસામ રાઈફલ્સનું લશ્કરી મથક છે. ત્યાંથી મોટર રસ્તો શરૂ થાય છે, તે પર થઇ ૧૮મી એપ્રિલે તેઓ તેજપુર પહોંચ્યા.

કૉમનવેલ્થ ઇન્સ્ટીટ્યૂટ

ગઈ તા. છઠ્ઠી નવેમ્બરે લંડનમાં રાણી ઇલીઝાબેથે ખુલ્લા મૂકેલા 'કૉમનવેલ્થ ઈન્સ્ટીટ્યૂટના (ઉપર દર્શાવેલા) નવા મકાનમાં દુનિયાભરમાં પથરાએલા રાષ્ટ્રકુટુંબના એકેએક દેશનો ફાળો તથા પ્રતિનિધિત્વ છે. આસમાની કાચની દીવાલો અને ત્રાંબાના હાઈપરબોલિક પૅરૅબોલૉઈડ છાપરાવાળા ને આધુનિક સ્થાપત્ય-રચના ધરાવતા એ મહાલયના આંગણામાં રાષ્ટ્ર કુટુંબના એકેએક દેશનો ધ્વજ ફરકે છે



અને વચ્ચેના ચોકટ ઘાટના પ્રદર્શનખંડમાં તે તે દેશોનું વ્યક્તિત્વ રજૂ કરતી સજાવટો સાથેની મુગ્ધકર માહિતીઓનો જાણે ભંડાર છે. તેને અડીને આવેલા બે વિભાગોના મકાનો પૈકી એકમાં વહીવટી કચેરીઓ તથા વિપુલ પુસ્તકાલય છે, અને બીજામાં સીનેમા-નાટ્ય-પ્રદર્શન-ગૃહ છે. ૧,૩૩,૦૦,૦૦૦ રૂપિયાને ખર્ચે બંધાએલા એ મકાનના કેન્દ્રસ્થાને આવેલા વિશાળ પ્રદર્શનમહાલયને ભોંયતળિએ જે પાંચ અગ્રણી દેશોના વિભાગો છે તે પૈકી ભારતના વિભાગનું આ નીચે આપેલું પ્રવેશદ્વાર તેનાં પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના સમગ્રવ્યાપી ફોટોગ્રાફીથી રચેલું છે, અને અંદર, એવા જ ફોટોગ્રાફીથી વ્યાપ્ત ભીંતોની પશ્ચાદ્ભૂમિ રાખીને ભારતનાં વિવિધ કલા-ઉદ્યોગ તથા જીવનપ્રવૃત્તિઓનું નિરૂપણ કર્યું છે. વહીવટી વિભાગનો મુખ્ય, સ્વાગત તથા વ્યાખ્યાન માટેનો 'જહાંગીર હૉલ' મુંબાઈના સ્વ. ઉદ્યોગપતિ સર કાવસજી જહાંગીરની દેણગીથી થયો છે; અને એવી જ એક પ્રદર્શનખંડમાં જવા માટેની 'ભાવનગરી કૉરીડૉર' (પરસાળ) ઇંગ્લંડની પાર્લમેન્ટના એક કાળના સભ્ય મંચેરજી ભાવનગરીનું નામ ધરાવે છે. નીચેના ચિત્રમાં ભારતીય વિભાગના પ્રવેશદ્વારમાં ઊભેલાં રાણી ઇલિઝાબેથ સાથે બ્રિટન ખાતેના ભારતીય એલચી શ્રી એમ. સી. (મહમ્મદ કરીમ) ચાગલા છે.



ભારતમાં ઊંચામાં ઊંચું રાજાબાઈ ટાવર


લંડનના બિગબેન જેવું મુંબાઈનું રાજાબાઈ ટાવર એ ભારતની ઊંચામાં ઊંચી મિનારત છે એ ઘણા કદાચ નહિ જાણતા હોય. સામાન્યત: દિલ્હીનો કુતુબમિનાર જ સૌથી વધુ ઊંચો મનાય છે પણ તેની ઊંચાઈ ૨૩૮ ફૂટની છે જ્યારે રાજાબાઈ ટાવર ૨૮૦ ફૂટ ઊંચું છે. આ બંને પછી આવે કલકત્તાનું ઑક્ટરલોનું સ્મારક (ઊંચાઈ ૧૫૨ ફૂટ) અને તે પછી ચિતોડનો જયસ્તંભ (૧૨૨ ફૂટ)'. મુંબાઈનું રાજાબાઈ ટાવર એ મુંબાઈ યુનિવર્સિટીની લાયબ્રેરીનું એક અંગ જ છે.

સુરતથી મુંબાઈ આવી વસેલા વિખ્યાત પ્રેમચંદ રાયચંદે (૧૮૩૧-૧૯૦૬) આપેલા દાનમાંથી આ ટાવરનું સર્જન થયું. શેરદલાલી, રૂ અને જમીનના સટ્ટામાંથી મબલખ નાણું મેળવનાર એમણે, અમેરિકન આંતરવિગ્રહ વખતે ત્યાંની રૂની આયાત બંધ થતાં લૅંકેશાયરમાં ભારતીય રૂની પુષ્કળ માંગ ઊભી થએલી ત્યારે, એટલી મોટી કમાણી કરેલી કે 'મુંબાઈના નાણાંના નેપોલિયન' તરીકે ઓળખાવા માંડેલા. વિગ્રહ શમી જતાં નહિ ધારેલી એવી જબ્બર ખોટ પણ એમને સહન કરવી પડેલી. એ મંદીમાં મુંબાઈના ચૌદ કરોડ રૂપિયા તણાઈ ગએલા!

નાણાંના એ નેપોલિયને જુદેજુદે સ્થળે સાઠેક લાખ રૂપિયાનું દાન કરેલું. ઈ. ૧૮૬૪માં કલકત્તા યુનિવર્સિટીને બે લાખ રૂપિયા આપેલા. દર વર્ષે તેના વ્યાજમાંથી પાંચ શિષ્યવૃત્તિઓ અપાતી રહી છે. મુંબાઈ વિદ્યાપીઠને લાયબ્રેરી માટે એમણે બે લાખ રૂપિયા આપ્યા. આ જ મકાન સાથે ટાવર પણ જોડવા એમણે પાછળથી બીજા બે લાખનું દાન કર્યું. યુનિવર્સિટી સેનેટે એ ટાવરને દાતાનાં માતા રાજાબાઈનું નામ આપ્યું.

ગૉથિક અને પંદરમી સદીના સ્થાપત્યની મિશ્રિત બાંધણીવાળો આ રાજાબાઈ ટાવર દસ વર્ષે પૂરો થએલો. લાયબ્રેરીના મુખ્ય પ્રવેશદ્વાર પર આ ટાવરના ભોંતળમાં ૨૯ ફૂટની ચોરસ 'પોર્ચ' આવેલી છે. તળથી ૬૮ ફૂટની ઊંચાઈ સુધીનું બાંધકામ આ રીતે ચોરસ જ રહી ત્યાંથી આગળ બાંધકામનો બીજો વિભાગ શરૂ થઈ ૧૧૮ ફૂટ ઊંચે સુધીનું બાંધકામ અષ્ટકોણ આકારે કરેલું છે. એથી આગળનો ત્રીજો વિભાગ ૯૪ ફૂટ ઊંચો જાય છે. આમ સમગ્ર ટાવરની કુલ ઊંચાઈ ૨૮૦ ફૂટની થાય છે.

પહેલી ગૅલેરી, જ્યાંથી અષ્ટકોણ બાંધણી શરૂ થાય છે ત્યાં સ્તંભો પર પશ્ચિમ ભારતની એ કાળની વિવિધ જાતિઓ દર્શાવતી પથ્થરની મોટી માનવાકૃતિઓ કોરેલી છે. તેની ઉપર પણ આ જ રીતે મુંબાઈમાં વસતી જાતિઓના વિધવિધ પોષાકોવાળી શિલ્પકૃતિઓ છે. ટાવરમાં મૂળની યાંત્રિક રચનાને સ્થાને ૧૯૩૨માં તેના ઘડિયાળમાં વીજળિક રચના મુકાઈ છે. ઘડિયાળનો ચંદો અંદરથી સાડા બાર ફૂટના વ્યાસનો હોઈ, દિવસે ટાવરના ભૂખરા પથ્થરો વચ્ચે ને તેની યે પાછળના ભૂરા આકાશની પશ્ચાદભૂમિ પર ઊડીને આંખે વળગે છે. એ જ રીતે રાતે પણ માઈલો દૂરથી દેખાય છે. આમ, રાજાબાઈ ટાવર જાણે મુંબાઈનું જ એક પ્રતીક ગણાઈ તેના દાતાની ઈચ્છા પ્રમાણે 'ભૂતકાળમાં જ નહિ પણ આવતી અનેક પેઢીઓ માટે પણ એ મહાન શહેરના શણગારરૂપ અને વિદ્યાસભર ગ્રંથોના અલ્ય ભંડાર સમું' બની રહ્યું છે.



ચીની સૈનિકો

ગરીબીની રિબામણી અને કાળી મજૂરી વચ્ચે ઊછરેલા ચીની સૈનિકની મુશ્કેલીઓ વેઠવાની શક્તિ કદાચ જાપાનીઝ સૈનિકથી જ બીજે નંબરે દુનિયામાં આવતી હશે. ગમે ત્યારે ભાગી નીકળવાનું હોય, ટાંટિયા તોડી ગમે તેટલા માઈલ કાપી નાંખવાના હોય, ગાડા જેટલો સામાન માથે ને ખભે ઊંચકી જવાનો હોય અને સાચેસાચ લોટ ફાકીને અને પાણીમાં ચોખા પલાળીને ગમે તેટલા દહાડા ગુજારવા હોય તો પણ ચીની સૈનિક થાકચો નથી. ટાંચાં સાધનો ને ઊતરતી કક્ષાના વાહનો છતાં જડ ઝનૂન ને ગમે તેટલો ત્રાસ સહન કરવાની શક્તિથી તે જેટલી મક્કમતાથી ધસારો લઈ જઈ શકે છે તેટલી જ નિપુણતાથી છાપા મારીને ગેરીલા યુદ્ધ ખેલી શકે છે અને સંજોગો મુજબ ચબરખી પણ પાછળ છોડયા વગર પીછેહઠ કરીને જાણે કે હવામાં પીગળી જઇ શકે છે.

ભારતના 'જવાનો'

આ તાજા ઝનૂનવાળા ચીની સૈનિકો સામે ભારતની ફોજોના જવાનો પાસે કેટલીય બાબતમાં સરસાઈ છે. ચીનો સિપાઈ સસલા જેવો ચંચળ છે પરંતુ ભારતના જવાનના જેવો ચપળ નહિ. યંત્રવિદ્યામાં ચીનો આપણા જવાનને ટક્કર ન મારી શકે. આપણા જવાનમાં હિંમત કે બહાદુરીની જરાયે કમીના નથી અને મોરચા પર બંગાળી કે મદ્રાસીના કોઇ ભેદ રહેતા નથી. આપણી પરંપરાગત સુંવાળપ અને કામમાં ઊંચનીચના ભેદ આપણે હવે ઝડપથી છોડવા લાગ્યા છીએ. ચીનો સૈનિક ગેરિલા યુદ્ધના છાપામાં માનનારો છે ને બંધો છે તે યાદ રાખીને આપણા લશ્કરી વ્યૂહો પણ ગોઠવાય તો આપણું કામ ઓછું મુશ્કેલ બની શકે. એ જ રીતે આપણાં લશ્કરી હિતો અને રાજદ્વારી નેતાગીરીનું પણ સંગીન સંકલન હોય તો આપણા જવાનો ચીની ફોજોને વીલે મોઢે વિદાય કરી શકે તેમ છે.

હરિનભાઈ શાહ

અનુસંધાન] **આજની ઘડીનું પરમ કર્તવ્ય** [પૃ. ૪૭૭થી

પાઉડર, અત્તર વગેરે ત્યાગી નાણાં બચાવો. એ ભલે સિંધુમાં બિન્દુ સમાન હશે, પરંતુ આખરે તો બિંદુઓથી જ સિંધુ બને છે.

તમે કચેરીમાં હો કે કારખાનામાં, તમને જે કાંઇ કામ સોંપવામાં આવ્યું હોય તે બનતી ત્વરાએ અને કાર્યક્ષમ રીતે પૂરું કરો. આપણા સ્વાતંત્ર્યની રક્ષા માટે, આ બધું જ આપણે સહુએ કરી છૂટવાનું છે.

ભારત તમારું છે તેને મુક્ત ને સ્વતંત્ર રાખવામાં કશી જ વાતની કમીના ન રાખતા.

નેતાજી સુભાષ બોઝના ત્રણ શબ્દો સહુ યાદ રાખજો: એકતા, શ્રદ્ધા અને સમર્પણ.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: શ્રી રમણ મહર્ષિ

ભારતના ઉત્તમ કોટિના સંત અને અધ્યાત્મવાદી તરીકે દુનિયાભરમાં ખ્યાત, આ યુગના પ્રત્યક્ષ તત્ત્વજ્ઞ તથા દિવ્યદ્રષ્ટા સાધુપુરુષ શ્રી રમણ મહર્ષિ (મૂળ નામ વ્યંકટરામન)નો જન્મ ઈ.સ. ૧૮૭૯ની ૩૦મી ડિસેમ્બરે દક્ષિણ હિંદમાં મંદુરામાં થએલો.



સત્તર વર્ષ સુધી સાધારણ જીવન ગાળ્યા બાદ એકદા પોતે મરણાસન્ન છે એવી જાગેલી બીક સાથે જ એમનામાં મોતનો સામનો કરવાની અદમ્ય ઈચ્છા જાગી. અનંતના એ પોકારના દોર્યા માતા તથા ભાઈને કહ્યાકારવ્યા વિના ઘેરથી ત્રણ રૂપિયાની મૂડી લઇ ચાલી નીકળ્યા ને ઇ. ૧૮૯૬ની ૧લી સપ્ટેમ્બરે તિરુવણ્ણમલાઈના અરુણાચળ મહાપ્રભુને આશ્રયે જઇ બેઠા. ત્યાં સુધીમાં એમની પાસે છેલ્લે હજામતનો દામ ચૂકવ્યા બાદ એક કૌપિન વસ્ત્ર જ શેષ રહેલું.

મંદિરમાં કે તેની આસપાસના વસવાટમાં ધ્યાનસ્થ પડયા રહેતા આ તરુણ યોગીની આસપાસ જામવા માંડેલી લોકમંડળીને એમના મૌનવ્રતને કારણે એમની જાગ્રતાવસ્થાનો લાભ જવલ્લે જ મળતો. અઢી વરસ બાદ તેઓ ટેકરી પર જઈ વસ્યા ને એક પછી એક ગુફામાં વીસ વર્ષ ગાળ્યાં.

શંકરાચાર્યના 'વિવેકચૂડામણિ' તથા 'દષ્ટાદશ્યવિવેક'નું એમણે સરળ ભાષાંતર કર્યું છે. સાચા જિજ્ઞાસુ માટે તેઓ હિંદુધર્મના કોઇ એક જ તત્ત્વપંથને પર્યાપ્ત ન માનતા. એમની 'રમણગીતા' તથા અનુવાદિત થએલી 'ઉપદેશસારમ્' પણ ઘણાં ઉપકારક નીવડયાં છે.

ઈ. ૧૯૧૬માં એમની સાથે એમનાં માતા ને થોડા સમયે એમના નાના ભાઈ પણ જોડાયા. ઈ.૧૯૨૨ની ૧૯મી મે એ માતાનું અવસાન થયું.

એમનો દેહ તો અનંતમાં વિલીન થઇ ગયો છે પરંતુ તામિલનાડના એ તપસ્વીની આધ્યાત્મિક પ્રભા અમર બનીને કશા પણ ભેદભાવ વિના એનો આશ્રય લેનાર બધાને નવડાવે છે. અરુણાચળની ટેકરીની તળેટીમાં, તરુવણ્ણમલાઈથી એકાદ માઈલ દૂર તેમનો આશ્રમ ભારતની ઋષિસૃષ્ટિના એ અનુવંશજના ઉદાત્ત હૃદયનું ચિરંજીવ બારું છે.

પ્રસંગવિશેષ: ઈસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના: ૩૧ ડિસેમ્બર ઈ. ૧૬૦૦

રોમનોના સમયમાં જેની કિંમત ભારોભાર સોના જેટલી થતી એવા દક્ષિણ હિંદ અને સિલોનના તજ મરી આદિ તેજાનાની ઊપજના વેપારમાંથી યુરોપમાં ધૂમ નફો ઉઠાવતા તથા એના વેપારનો એકહથ્થુ દોર સંભાળતા પૂર્વના મલેશિયા પ્રદેશના મલાક્કા રાજ્યના આરબોને ઈ. ૧૫૧૧માં હરાવી ફિરંગી સરદાર અલ્બુકર્કે એ નફો લિસ્બન તરફ વાળ્યો. એ જોઇને ઈર્ષાથી સળગી ઊઠેલા અંગ્રેજો ને ડચોએ પણ એ સ્પર્ધામાં ઝંપલાવ્યું; ને છેવટે અંગ્રેજોએ એ પ્રયાસમાં ડચોને પણ શિકસ્ત આપી. ઈ. સ. ૧૫૮૮માં અંગ્રેજોએ સ્પૅનિશ દળોને જે ભારે પરાભવ આપ્યો તેને પરિણામે પૂર્વના દરિયાઇ વેપારનો તેમનો માર્ગ મોકળો થઇ ગયો ને તેમણે ભારે કમાણી કરવા માંડી. એથી આકર્ષાઇને ઇસ્ટ ઇંડીઝમાં વેપાર ખેડતી લંડનની કંપનીએ પૂર્વના આ જાહોજલાલીભર્યા દરિયાઇ વેપારમાં પોતાને પણ હિસ્સો મળે તેવી માગણી સાથે એક ચોક્કસ યોજના ઊભી કરી જેને ઈ. સ. ૧૬૦૦ના ડિસેમ્બરની એકત્રીસમીએ ત્યારની રાણી ઇલિઝાબેથે અનુમતિ સાથેનો ખરીતો (ચાર્ટર) લખી આપ્યો; અને 'રાજવહીવટ એ અધિકાંશે વેપાર, અને વેપાર એ અધિકાંશે લૂંટ' એવા સૂત્ર સાથે ઇતિહાસમાં પ્રસિદ્ધ થએલી એ "કંપની ઑવ મર્ચન્ટ્સ ઑવ લંડન ટ્રેડિંગ ઇન ઇસ્ટ ઇંડીઝ" યા 'ઇસ્ટ ઇંડિયા કંપની'નો જન્મ થયો.







નવી ટિકિટો





મથાળાની ત્રણ તથા નીચેની ફર્સ્ટ-ડે કવરની આકૃતિ ઇંગ્લંડે આ નવેમ્બર માસથી રાષ્ટ્રીય ઉત્પાદન વધારવાની શરૂ કરેલી ઝુંબેશ પ્રસંગે બહાર પાડયાં છે (મોકલનાર: રામુભાઈ આર. પટેલ, બર્મિંગહામ, ઇંગ્લંડ). તેની નીચે: પાકિસ્તાને ગયા માસમાં લઘુઉદ્યોગ ઉત્તેજન પ્રયાસો નિમિત્તે બહાર પાડેલી પાંચ ટિકિટો પૈકીની બે. (મોકલનાર નૂરુદ્દીન લુત્ફ, કરાંચી). જમણી બાજુ મથાળે; આ માસની ત્રીજી તારીખે ભારતમાં ભરાએલી ૧૯મી આંતરરાષ્ટ્રીય નેત્રવિદ્યા કૉંગ્રેસ પ્રસંગે પ્રકટ થએલી આપણી કલાત્મક ટિકિટ (મોકલનાર: કુ. હેમાંગિની કૃ. દેસાઇ, વિલેપારલે). આ માસ (ડિસેમ્બર)ની વીસમી તારીખે ગોવા મુક્તિદિનની પહેલી વર્ષગાંઠ પ્રસંગે અને બાવીસમીએ જગત્ખ્યાત ગણિતી પ્રતિભા રામાનુજનની ૭૫મી જન્મજયન્તી નિમિત્તે ભારત ખાસ ટિકિટો બહાર પાડનાર છે, તે પૈકી બીજી ટિકિટ પણ છેલ્લે ઉપર આપી છે.


વૃદ્ધિથી હરખે નહિ, હાનિથી નહિ શોક;
સમ બુદ્ધિ જેની રહે, એવા વિરલા કોક.

કોઇની સામે તિરસ્કારથી આંગળી ચીંધો ત્યારે યાદ રાખજો કે આંગળીનો બીજો છેડો તમારી તરફ હોય છે.


મિસરના સંત જુન્નરને ત્યાં બે વરસ સુધી જ્ઞાનપ્રાપ્તિ માટે રહેવા છતાં પોતા પર કશું ધ્યાન અપાતું ન લાગતાં યુસુફ હુસેન કંટાળ્યો; એવામાં સંતે તેને એક પેટી પોતાના મિત્રને પહોંચાડવા આપી. રસ્તે કુતૂહલથી એ ઉઘાડતાં તેમાંથી એક ઊંદર કૂદીને છટકી ગયો. સંતના મિત્રે પેટી ખાલી જોતાં જ તેણે યુસુફને કહ્યું હવે જુન્નર તને વિદ્યા નહિ ભણાવે. અને ખરે જ સંતે યુસુફને કહ્યું કે 'તું હવે ઘેર જા. સંયમ કેળવીને વિદ્યા લેવા આવજે.'

ઘેર પાછો ફરેલો યુસુફ હુસેન નાનીમોટી ઈચ્છાઓ પર સંયમ કેળવી દ્રઢમન થઈ ફરી ગયો ત્યારે જુન્નરે તેને ઘણી વિદ્યા શીખવી, ને તે પણ વિદ્વાન સંત તરીકે ખ્યાતિ પામ્યો.

કહેવતોના અર્થ: 'તલ તારા ને મગ મારા'–વેપારનો ભાગ પાડતાં એક વેપારીએ સારી ઊપજવાળો માલ પોતે રાખી ઓછી કિંમતનો ભાગીદારને આપવાનો પ્રસ્તાવ મૂક્યો, એવું ઉદાહરણ ધરાવતી આ કહેવત સ્વાર્થ સાધવા સારુ અન્યાય આચરતા માણસ માટે વપરાય છે. એને મળતી બીજી ચોટદાર કહેવત: 'તારી આંગળી મારા મોંમાં, ને મારી આંગળી તારી આંખમાં.'



કલાકણિકા: ઈટાલીનું બારણું ખખડાવવાનું એક કડું, જેમાં દૈત્ય ગૉલીઆથને સંહારીને તેના શિર પર ઊભેલા વીર ડેવિડ ને બંને બાજુએ વીરતાનાં પ્રતીક સિંહોનાં સુશોભન છે.



માનવીના જીવન પર્યંત સતત ધબકતું રહેતું એનું હ્રદય ચોવીસ કલાકમાં જેટલો શ્રમ ઉઠાવે છે એટલા શ્રમથી રેલ્વેની એક ટાંકી ઊંચકી શકે. ૧૨૦ ટન (૬૭૨૦ મણ) વજન જમીનથી એક ફૂટ ઊંચું કરવામાં જેટલું જોર જોઈએ એટલું જોર, હ્રદય એમાં ઉઠાવતું હોય છે.

ગણિતગમ્મત

પશ્ચિમમાં ૧૩નો આંકડો અપશુકનિયાળ (હ્રાસમાન) ગણાયો છે. ૨૬નો આંકડો પણ એક રીતે હ્રાસમાન જણાશે. તેના બધા ગુણાકારોના અંકનો સરવાળો એક પછી એક અંક ઊતરતો જ આવશે. જુઓ:


૨૬×૧= ૨૬ ૨+૬=૮
૨૬×૨= ૫૨ ૫+૨=૭
૨૬×૩= ૭૮ ૭+૮=૧૫ ૧+૫=૬
૨૬×૪=૧૦૪ ૧+૪=૫
૨૬×૫=૧૩૦ ૧+૩=૪

અને એમ આગળ.

તમારું ભાષાજ્ઞાન કેટલું?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: ઈંટાળી, ઇસોટો, ઈંદડું, ઇલ્કો, ઉકમાઇ, ઉખરાંટું, ઉગટણું, ઉટાંકો, ઉબાન, ઉભારી, ઊકન, ઊખદ, ઊનડ, ઊબળ.

(જવાબ) ઠઠ્ઠાબાજી, લાકડાની નીસરણીનું પડખાનું લાકડું, ઢોકળું, અફસોસ, ઉત્સાહ, ઉઘાડું, પીઠી, અડસટ્ટો, બહાદુર, પોલી ઘૂઘરી, તૈયાર, નવાઇ, કામચોર, ઊલટો વળ.





વાણ

ગઢવાલ હિમાલયનું એક ગામ, જ્યાંથી રૂપકુંડ ત્રણ દિવસનો રસ્તો છે



છાયાછબિ

તરત ઓળખાઈ આવશે કે આ છબિ કોની છે. તમારા અંકમાંથી આ પાનું કાપીને એક જાડા કાર્ડ ઉપર ચોડી, ચિત્રમાં જેટલો જેટલો કાળો ભાગ દેખાય છે તે બધો, કોઈ ધારદાર ચપ્પુ, નરેણી અથવા સેફ્ટી રેઝરના પાના વડે સાવચેતીથી સફાઈબંધ કાપી નાખો. તેમ કરવા જતાં સફેદ ગાળા ન તૂટી જાય તેની કાળજી રાખજો. બધું સંપૂર્ણપણે કપાઇ ગયા પછી એ કોરેલી છબિને વીજળીની હાથબત્તી કે મીણબત્તી જેવા નાના દીવાના પ્રકાશ સામે ધરશો એટલે ઓરડામાં ભીંત પર એક મોટી માનવ આકૃતિ પડશે. અત્યારે ચિત્ર પરથી નહિ ઓળખી શકતા હો તો એ પડશે એવી જ તમે ઓળખી જવાના કે એ કોની છે.

આ અંકની કોથળી ઉપર આપના સરનામા સાથે આપેલા આપના ગ્રાહક નંબરને છેડે જો '૧૨' નો અંક આપેલો હોય તો

આ અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે

આજથી બરાબર પચ્ચીસ વર્ષ ઉપર ૧૪મા વર્ષની વાર્ષિક અનુક્રમણિકાની શરૂઆતમાં 'સ્મરણોનો રોમાંચ' એ નામથી અમે એક પુરોવચન મૂકયું હતું. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ 'કુમાર'ને બિરદાવતાં પોતાની સાહિત્યિક કટારોમાં તે ઉતાર્યું હતું.

આજે પણ તે એટલું જ સત્ય છે એમ માનીને આ સામે તે ઉતારીએ છીએ.

એ વાંચ્યા પછી આપે આવતા વર્ષ માટે જે કાંઈ નિર્ણય કર્યો હોય તે આ નીચે આપેલા કાર્ડમાં ભરી મોકલવાની વિનતિ છે.

લવાજમ વધે તે પહેલાંનો ખાસ લાભ

'કુમાર'ના આદ્ય તંત્રી કલાગુરુ શ્રી રવિશંકર રાવળની આ વર્ષે આવતી સપ્તતિ–પૂર્તિ પ્રસંગે નીકળનારા અભિનન્દન ગ્રન્થનું કામ પ્રવર્તમાન પરિસ્થિતિને લીધે ધીમી ગતિએ ચાલતું હોઈ આ વર્ષે તત્સમય પૂરતો 'કુમાર'નો અભિનન્દન-અંક પ્રકટ કરવાની યોજના છે. શ્રી રાવળ તથા તેમના શિષ્યસમુદાયનાં પચાસેક પૂર્ણરંગી–વિવિધરંગી ચિત્રોથી સમૃદ્ધ દોઢસોએક પાનાંનો એ મોટો ખાસ અંક અત્યારથી ગ્રાહક થઈ ગએલાઓને

ચાલુ લવાજમમાં જ ભેટ મળશે.

યુદ્ધકાલીન સંયોગોને લીધે વધતી જતી કાગળની અને અન્ય સાધનસામગ્રીની અછત તથા મોંઘવારી આદિને લીધે 'કુમાર'નું લવાજમ આવતે વર્ષે રૂ. ૧૦થી વધીને રૂ. ૧૨ થાય તે પહેલાં ગ્રાહક થઇ જવાનો આ લાભ સ્વાભાવિકરીતે જ આપ નહિ ગુમાવો.

આશા છે કે આ દષ્ટિએ પણ આપ ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ, અને આ નીચેનું કાર્ડ ભરી મોકલશો. ચાલુ ન રહેવું હોય તો પણ કાર્ડમાં અમને તેવા ખબર આપશો.

લવાજમ કઇ રીતે મોકલવું

લવાજમ રૂ. ૧૦ (પરદેશમાં રૂ. ૧૪ કે શિ. ૨૧) છે. તે મોકલવાની પદ્ધતિઓમાં મનીઑર્ડર કરવાની રીત સૌથી વધુ સલામત ને સૌથી ઓછી ખર્ચાળ છે. જુઓ:

(૧) મની ઑર્ડર ૧૫ પૈસામાં થશે;
(૨) ચેક પણ પંદર પૈસામાં બીડી શકશો, પરંતુ બીજી બૅંકનો હશે તો બૅંક-કમિશન સાથે બીડવું પડશે; (ચેક 'કુમાર કાર્યાલય લિમિટેડ'-ના નામનો લખશો)
(૩) પોસ્ટલ ઑર્ડરના ૨૧ પૈસા થશે;
(૪) વી.પી.થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ થશે—૭૫ નયા પૈસા.

આમાંથી જે રીતે મોકલવાનું ઠરાવો તે કાર્ડમાં રાખીને બાકીનું છેકી નાખશો.

ગ્રાહક ન રહેવું હોય તો પણ તે મુદ્દો તો કાર્ડમાં અમને ભરી મોકલશો.

તો જ વી.પી. કરીશું

છતાં કોઈ સંજોગોમાં તા. ૧૫મી જાન્યુ-

સ્મરણોનો રોમાંચ

વીતી ગએલાં વર્ષો ઉપર પાછળ નજર ફેંકીને જીવનનું પુનરાવલોકન કરતાં, સ્મરણોનો જેવો રોમાંચ અનુભવીએ છીએ તેવો જ રોમાંચ આ અંકનાં છેવટનાં પાનાંઓ પર પથરાઇ રહેલા ગયા વરસભરના પરિપાક (વાર્ષિક સાંકળિયા) પર નજર નાખતાં તમે અનુભવશો. તમને પ્રિય થઈ પડેલાં ચિત્રો, તમારાં માનીતાં જીવનચરિત્રો, તમને ઉન્નત રસમાં ખેંચી ગએલાં કાવ્યો, તમને પ્રોત્સાહિત કરી ગએલી વાર્તાઓ, પ્રવાસો, લેખો, ગમ્મતો–એ સૌ, તમારાં એક વખતનાં પરિચિત ગોઠિયાંઓ જેવાં, એ હારોમાંથી ડોકિયાં કરી તમને મળતાં દેખાશે.

અને, એ સ્મરણોથી, આ માસિક જોડેની દોસ્તીનો નિષ્કર્ષ તમે કાઢશો તો જણાશે કે કુમાર-જીવનની મહત્ત્વાકાંક્ષાનું એ એક વધુ સોપાન બની રહ્યું છે. જીવનને માત્ર રોચક જ નહિ, પણ પ્રેરક સાહિત્ય પીરસવાની પોતાની નેમને એણે લેશમાત્ર શિથિલ થવા નથી દીધી.

એનાં જીવનચરિત્રોનો મોખરો સદા વિકાસકૂચના મશાલચીઓ સાચવે છે. તેની વાર્તાઓ વિશિષ્ટ જ રહી છે. વિજ્ઞાન અને સંસ્કૃતિ, ખગોળ ને ભૂગોળ, પ્રવાસ ને ઇતિહાસ — જીવનવિકાસના ભાગીદાર કોઈપણ અંગને એણે અસ્પૃશ્ય નથી રહેવા દીધું.

કાવ્યો દ્વારા એણે કલ્પનાને, ચિત્રો ને ફોટોગ્રાફો દ્વારા વિશુદ્ધ રસવૃત્તિને, સંસ્કૃતિઓની ચડતીપડતી અને બીજી વિપુલ લેખસામગ્રી દ્વારા તમારા જીવનની વિધવિધ દિશાઓને વેગ આપવામાં 'કુમારે' ગયા વર્ષમાં જે ફાળો આપ્યો છે તેનો નિષ્કર્ષ તો કાઢી જોજો. સુખનો એક રોમાંચ અનુભવશો.

નીચેના કાર્ડમાં આપનો ગ્રાહકનંબર જરૂર ભરી મોકલશો!
ગ્રાહક ન રહેવું હોય તોપણ આ કાર્ડ જરૂર ભરી મોકલશો.

વ્યવસ્થાપક 'કુમાર'· અમદાવાદ તા. ____________


વિ. ઈ. ૧૯૬૩ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. મારું લવાજમ નીચેની રીતે મોકલું છું:

☐ મની ઑર્ડરથી ☐ ચેકથી ☐ પોસ્ટલ ઑર્ડરથી ☐ એજન્ટ દ્વારા
☐ જાન્યુઆરીનો અંક વી.પી. કરશો ☐ મારું નામ કમી કરશો.

જે રીતે લવાજમ મોકલતા હો ત્યાં ✓ આવી નિશાની કરશો.


ગ્રા. નં. ____________ નામ ____________

પૂરું સરનામું ____________



બંગાળનું ગ્રામજીવન

બિહારીલાલ બારભૈયા





ઉપર: અહલ્યા-ઉદ્ધાર જમણીબાજુ: ધનુષભંગ અને લગ્ન



. પરશુરામ પરાજય







ઉપર : ગંગાપાર માટે ગુહની પ્રાર્થના
વચ્ચે : ગોદાવરીતીરે   છેડે : મારીચ-મૃગની પાછળ








↑ જટાયુનો દેહાંત   વચ્ચે: શબરીનાં બોર   છેડે: સુગ્રીવની મૈત્રી


સીતા-સ્મરણ


ઇન્દ્રજિતવધ


યુદ્ધાન્તે સીતાસહ લંકાપ્રવેશ



આશાતંતુનો કેદી — સ્વ. કાન્તિલાલ દવે

(શ્રી જિતેન્દ્ર મહેતાના સંગ્રહમાં · તેમના સૌજન્યથી)



મંજીરાં-નૃત્ય કલાકાર: પદ્મવિભૂષણ નંદલાલ વસુ

જાન્યુ	ફેબ્રુ	માર્ચ	એપ્રિલ	મે	જૂન	૧૯૬૩					જુલાઇ	ઑગ	સપ્ટે	ઑક્ટો	નવે	ડિસે
રવિ	બુધ	બુધ	શનિ	સોમ	ગુરુ	૦	૬	૧૩	૨૦	૨૭	શનિ	મંગળ	શુક્ર	રવિ	બુધ	શુક્ર
સોમ	ગુરુ	ગુરુ	રવિ	મંગળ	શુક્ર	૦	૭	૧૪	૨૧	૨૮	રવિ	બુધ	શનિ	સોમ	ગુરુ	શનિ
મંગળ	શુક્ર	શુક્ર	સોમ	બુધ	શનિ	૧	૮	૧૫	૨૨	૨૯	સોમ	ગુરુ	રવિ	મંગળ	શુક્ર	રવિ
બુધ	શનિ	શનિ	મંગળ	ગુરુ	રવિ	૨	૯	૧૬	૨૩	૩૦	મંગળ	શુક્ર	સોમ	બુધ	શનિ	સોમ
ગુરુ	રવિ	રવિ	બુધ	શુક્ર	સોમ	૩	૧૦	૧૭	૨૪	૩૧	બુધ	શનિ	મંગળ	ગુરુ	રવિ	મંગળ
શુક્ર	સોમ	સોમ	ગુરુ	શનિ	મંગળ	૪	૧૧	૧૮	૨૫	૦	ગુરુ	રવિ	બુધ	શુક્ર	સોમ	બુધ
શનિ	મંગળ	મંગળ	શુક્ર	રવિ	બુધ	૫	૧૨	૧૯	૨૬	૦	શુક્ર	સોમ	ગુરુ	શનિ	મંગળ	ગુરુ

કુમાર કાર્યાલય લિમિ૰

૧૪૫૪ રાયપુર

AHMEDABAD-1

'કુમાર' ડિસેમ્બર ૧૯૬૨

સળંગ અંક ૪૬૮

છૂટક નકલની કિં. રૂ. ૧-૨૫

KUMAR Regd. No. G. 55